- અનુચ્છેદ 28 (2) : એવી શૈક્ષણિક સંસ્થા જેનો વહીવટ રાજ્ય દ્વારા કરવામાં આવતો હોય પરંતુ તેની સ્થાપના ધાર્મિક શિક્ષણ આપવાનું ફરજીયાત બનાવતા કોઈ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી હોય તો આવી શિક્ષણ સંસ્થામાં ધાર્મિક શિક્ષણ આપી શકાય છે.

- અનુચ્છેદ 28(3) : કોઈ પણ વ્યક્તિને રાજ્ય દ્વારા માન્યતા પ્રાપ્ત અથવા રાજ્યનિધિ માંથી સહાય મેળવતી કોઈ પણ શિક્ષણ સંસ્થામાં આપવામાં આવતા ધાર્મિક શિક્ષણમાં ભાગ લેવા અથવા ધાર્મિક ઉપાસનામાં હાજર રહેવા માટે ફરજ પાડી શકાય નહિ.
  (સગીરને કોઈ ધર્મ જોડાવવા માટે વાલીની સંમતિ જરૂરી છે.)

TEACHING KISHAN

- અનુચ્છેદ 28 અંતર્ગત ચાર પ્રકારની શૈક્ષણિક સંસ્થાનો સમાવેશ કરી શકાય.
  1. એવી સંસ્થાઓ જેમનુ પૂર્ણતઃ દેખરેખ રાજ્ય સરકાર કરે છે.
  2. એવી સંસ્થા જેનું સંચાલન રાજ્ય સરકારે કરે પણ સ્થાપના કોઈ ધાર્મિક ટ્રસ્ટ કે સંસ્થા દ્વારા થયું હોય.
  3. રાજ્ય દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થાઓ
  4. સરકાર દ્વારા નાણાકીય સહાય પ્રાપ્ત કરતી સંસ્થાઓ

- જોગવાઈ 1 માં ધાર્મિક શિક્ષણ પૂર્ણ રીતે પ્રતિબંધ છે
- જોગવાઈ 2 માં ધાર્મિક શિક્ષણ ની અનુમતિ છે.
- જોગવાઈ 3 અને 4 માં સ્વૈચ્છીક આધાર પર ધાર્મિક શિક્ષણને અનુમતિ છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર (અનુચ્છેદ 29 થી 30)

અનુચ્છેદ 29 : લઘુમતીઓના હિતોનું રક્ષણ

- આ અધિકાર માત્ર ભારતના નાગરિકોને પ્રાપ્ત છે
- ભારતમાં કોઈ પણ ભાગમાં રહેતા ભારતના નાગરિકને પોતાની બોલી , ભાષા , લિપિ , સંસ્કુતિ સુરક્ષિત રાખવાનો અધિકાર છે.
- ભારતમાં અંતરાલ વિસ્તારોમાં વસતા આદિવાસી જનજાતિના લોકો પોતાની વિશેષ બોલી , લિપિ , સંસ્કૃતિ જાળવવાનો અધિકાર છે
- અનુચ્છેદ 29(2) કોઈ પણ નાગરિકને રાજ્ય દ્વારા સંચાલિત કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાં અથવા રાજ્ય ભંડોળમાંથી સહાય પ્રાપ્ત શૈક્ષણિક સંસ્થામાં ફક્ત ધર્મ , જાતી ,વંશ , અથવા ભાષાના આધારે પ્રવેશ થી વંચિત રાખી શકાય નહિ.

TEACHING KISHAN

- પ્રથમ બાબત એ આખા જૂથ કે સમૂહ ના અધિકારોનું રક્ષણ કરે છે જયારે બીજી વ્યવસ્થા એ નાગરિકના વ્યક્તિગત સન્માન નું રક્ષણ કરે છે.અનુચ્છેદ 29 એ ધાર્મિક અને ભાષાકીય રીતે અલ્પસંખ્યકોને સુરક્ષા પ્રદાન કરે છે.

ધાર્મિક લઘુમતી : શીખ , મુશ્લીમ , જૈન , બૌદ્ધ , પારસી , ખ્રીષ્ટિ

- કોઈ પણ વર્ગ અલ્પસંખ્યક છે કે નહિ નિર્ધારણ "દેશના આધારે નહિ પરંતુ "રાજ્ય વિશેષ ની જનસંખ્યા સ્થિતિ પર આધાર રાખે છે.
- રાજ્યની કુલ જનસંખ્યાના ૫૦% થી ઓછી જન સંખ્યાવાળા તમામ સમુદાય ને અલ્પસંખ્યક માનવામાં આવશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 30 : શૈક્ષણિક સંસ્થા સ્થાપવાનો અને વહીવટ કરવાનો લઘુમતિઓનો અધિકાર

- આ અધિકાર માત્ર ભારતના નાગરિકોને પ્રાપ્ત છે
- અનુચ્છેદ 30 (1) ભારતના બધાજ અલ્પસંખ્યકોને (લઘુમતીઓને) પોતાની ઈચ્છા મુજબની શૈક્ષણિક સંસ્થા સ્થાપવાનો અને વહીવટનો અધિકાર રહેશે.
- અધિકાર અલ્પસંખ્યકોને પોતાના બાળકને પોતાની ભાષામાં શિક્ષણ આપવાનો અધિકાર છે.
- અનુચ્છેદ 30(1)(a) : જો કોઈ પણ અલ્પસંખ્યક શૈક્ષણિક સંસ્થાનું સંપાદન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ હોય તો તે સંસ્થાને બજારના ભાવે યોગ્ય રકમ ચુકવણી કરવાની ફરજીયાત રહેશે. (44 બંધારણીય સુધારા દ્વારા ઉમેરાઈ) જો એવું ના કરવા પર લગુમતી સુપ્રીમ કોર્ટ માં જઈ શકે છે.

TEACHING KISHAN

લઘુમતી શૈક્ષણિક સંસ્થા ત્રણ પ્રકારની હોય છે.

1. રાજ્યની આર્થિક સહાયતા અને માન્યતા પ્રાપ્ત કરેલ સંસ્થા.
2. રાજ્યની માન્યતા પ્રાપ્ત છે પણ આર્થિક સહાય મળતી ના હોય.
3. રાજ્યની માન્યતા કે સહાય લેતી ના હોય

- પ્રથમ અને બીજા પ્રકારની સંસ્થામાં રાજ્યને આધીન શિક્ષણ , સ્ટાફ , પાઠ્યક્રમ , સાફ-સફાઈ ની વ્યવસ્થા થશે.
- ત્રીજા પ્રકારની પ્રશાસનિક મામલે સ્વતંત્ર રહેશે. પરંતુ આર્થિક નિયમો , કરાર કાયદા , અદ્યોગિક કાયદા પર નિયમન કરવું પડશે.

- અનુચ્છેદ 30(2) : અલ્પસંખ્યક શૈક્ષણિક સંસ્થાને અનુદાન આપવાના આધારે ભેદભાવ નહિ કરવામાં આવે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

બંધારણીય ઈલાજનો અધિકાર (અનુચ્છેદ 32)

અનુચ્છેદ 32 : બંધારણીય ઈલાજનો અધિકાર

- ભારતીય બંધારણ માં નાગરિકોને મૂળભૂત અધિકાર આપવામાં આવેલા છે પરંતુ તે અધિકારોને લાગુ કરાવવા માટે "બંધારણીય ઈલાજનો અધિકાર" પણ આપવામાં આવ્યો છે.
- મતલબ કે મૂળભૂત અધિકારના સંરક્ષણ નો અધિકાર પોતે જ એક મૂળભૂત અધિકાર છે.
- બાબાસાહેબ આંબેડકરે અનુચ્છેદ 32 ને બંધારણ નો આત્મા અને હૃદય કહ્યો છે. તેમને અનુચ્છેદ 32 ને સૌથી મહત્વનો અનુચ્છેદ ગણાવ્યો છે આ અનુચ્છેદ જેના વિના બંધારણ અર્થહીન છે.
- જો કોઈ વ્યક્તિના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન થાય તો તે આ અનુચ્છેદ અંતર્ગત સર્વોચ્ચ અદાલતમાં જઈ શકે છે આ ઉપરાંત અનુચ્છેદ 226 પ્રમાણે ઉચ્ચ અદાલતમાં પણ જઈ શકે છે.
- સર્વોચ્ચ ન્યયાલયે ચુકાદો આપેલો છે કે અનુચ્છેદ ૩૨ માં સુધારો કરીને ટૂંકું કરી શકાશે નહિ અથવા રદ પણ નહિ કરી શકાય

TEACHING KISHAN

- અનુચ્છેદ 32 (a) : મૂળભૂત અધિકારોના અમલીકરણ માટે સુપ્રીમ કોર્ટ માં અરજી કરવાની ખાતરી આપવામાં આવેલ છે.
- અનુચ્છેદ 32 (b) : સર્વોચ્ચ અદાલત કોઈ પણ મૂળભૂત અધિકારોના અમલ માટે નિર્દેશો અથવા ઓર્ડર અથવા રીટ જાહેર કરી શકે છે. સુપ્રીમ કોર્ટ પાંચ પ્રકારની રીટ જાહેર કરી શકે છે.

    1. બંદી પ્રત્યક્ષીકરણ (Habeas corpus)
    2. પ્રતિષેધ (Prohibition)
    3. ઉત્પ્રેષણ (Certiorari)
    4. પરમાદેશ (Mandamus)
    5. અધિકાર પુચ્છા (Quo- warranto)

- અનુચ્છેદ 32 (c) : સંસદ અન્ય કોઈ પણ અદાલતને તમામ પ્રકારના આદેશો અને રીટ જારી કરવાની સત્તા આપી શકે છે.
- અનુચ્છેદ 32 (d) : બંધારણીય ઈલાજનો અધિકાર બંધારણમાં કરવામાં આવેલી જોગવાઈ ના આધારે જ સ્થગિત કરી શકાય છે અન્ય કોઈ રીતે નહિ.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

- ભારતીય બંધારણ ના અનુચ્છેદ 359 માં જોગવાઈ કરવામાં આવી છે કે જયારે રાષ્ટ્રીય કટોકટી લાગુ થાય ત્યારે રાષ્ટ્રપતિના આદેશ અનુસાર (અનુચ્છેદ 20 અને અનુચ્છેદ 21 સિવાયના) મૂળભૂત અધિકારોને લઈ સુપ્રીમ કોર્ટ માં જઈ શકો નહિ.
- તેથી આ સ્પષ્ટ છે કે "સર્વોચ્ચ અદાલત નાગરિકોના તેમના મૂળભૂત અધિકારોનું રક્ષણ અને ગેરંટી પ્રદાન કરે છે"
- અનુચ્છેદ 32 નો મૂળ હેતુ મૂળભૂત અધિકારોનું રક્ષણ , અસરકારક , ઝડપી , સસ્તી અને સારાંશ ઉપાય પ્રદાન કરવાનું છે.

- “અનુચ્છેદ 32 અંતર્ગત સુપ્રીમ કોર્ટ માત્ર ને માત્ર મૂળભૂત અધિકારોના ઉલ્લંઘન વિરુદ્ધ જો અરજી થાય તો જ રીટ બહાર પડી શકે છે એના સિવાય નહિ.”

- જયારે મૂળભત અધિકારોનું અલંઘન થાય ત્યારે નાગરિક સુપ્રીમકોર્ટ અથવા હાઈકોર્ટમાં જઈ શકે છે.

TEACHING KISHAN

	સુપ્રીમ કોર્ટ ની રીટ	હાઈકોર્ટ ની રીટ
1	અનુચ્છેદ 32 અનુસાર રીટ જાહેર કરશે.	અનુચ્છેદ 226 અનુસાર રીટ જાહેર કરશે.
2	પાંચ પ્રકારની રીટ જાહેર કરી શકશે .	પાંચ પ્રકારની રીટ જાહેર કરી શકશે .
3	ફક્ત મૂળભૂત અધિકાર ના મળે જ રીટ બહાર પડી શકે.	મૂળભૂત અધિકાર સિવાય અન્ય બાબતો માં પણ રીટ બહાર પડી શકે
4	જો મૂળભૂત અધિકાર વિરુદ્ધ માંગણી થાય તો સુપ્રીમ કોર્ટ રીટ અમલ કરવા બંધાયેલી છે.	હાઈકોર્ટ બંધાયેલી નથી બદલાવ કે સુધારો કરી શકે
5	સુપ્રીમ કોર્ટ હાઈકોર્ટના વિરુદ્ધ પણ રીટ બહાર પડી શકે.	કોઈ જોગવાઈ નથી.

Follow us On @teaching_kishan

પાંચ પ્રકારની રીટ

1. બંદી પ્રત્યક્ષીકરણ (Harbeas Corpus)

- આ એક લેટિન શબ્દ છે જેનો અર્થ થાય છે
  "શરીર ને હાજર કરો" (To have the Body Of).
- આ અદાલત દ્વારા જારી કરવામાં આવતો હુકમ છે કે જેને કોઈ વ્યક્તિની અટકાયત કરી હોય તને તેમની સમક્ષ રજુ કરવામાં આવે.
- ન્યાયાલય ધડપકડ કે અટકાયતમાં રાખનાર વ્યક્તિ કે અધિકારી ને આદેશ આપી શકે છે કે જે વ્યક્તિની ધડપકડ કરવામાં આવી હોય કે કેદમાં રાખવામાં આવેલ હોય તે વ્યક્તિને અદાલતમાં હાજર કરવામાં આવે.
- જો દર્શાવેલ કારણો થી જાણવા મળે કે તેને ખોટી રીતે કેદમાં રાખેલ છે તો નયાયલય તેને મુક્ત કરવાનો આદેશ આપી શકે.
- આ રીટ કોઈ વ્યક્તિને બળજબરી પૂર્વક કેદમાં રાખવા ની વિરુદ્ધ હોય છે.

TEACHING KISHAN

- બંદી પત્યક્ષીકરણ એ કોઈ ની મનસ્વી અટકાયત સામે વ્યક્તિને સ્વાતંત્ર્યનો અધિકાર આપે છે.
- આ આદેશ જાહેર વ્યક્તિઓ અને સરકારી અધિકારી બંને સામે વાપરી શકાય છે.

ક્યાં જારી નહિ કરવામાં આવે

1. અટકાયત કાયદેસર હોય.
2. કાર્યવાહી વિધાનમંડળ , સંસદ કે ન્યાયાલય ની અવગણના વિરુદ્ધ હોય
3. અદાલત દ્વારા વ્યક્તિની બંદી બનાવવામાં આવેલ હોય
4. વ્યક્તિની ધડપકડ વિદેશ માં કરવામાં આવી હોય

TEACHINGKISHAN

Follow us On @teaching_kishan

2. પરમાદેશ (Mandamus)

- જેનો અર્થ થાય છે " અમે આદેશ આપીએ છીએ " (We Command).
- આ સર્વોચ્ચ અદાલતનો આદેશ છે જેના દ્વારા ન્યાયાલય કોઈ સરકારી સત્તાધારી ,સાર્વજનિક સંસ્થા ,સરકાર કે અન્ય ન્યાયાલયને પોતાના કાયદાકીય અને બંધારણીય કર્યો કરવાનો આદેશ આપે છે.
- તેને આદેશ આપીને તેની સત્તાવાર ફરજો નિભાવવા માટે કહેવામાં આવે છે જેમાં તે નિષ્ફળ ગયો છે અથવા તેને ફરજ નિભાવવાની ના પાડી છે.

ક્યાં જારી નહિ કરવામાં આવે

1. ખાનગી વ્યક્તિ કે ખાનગી કંપની
2. NGO (બિન કાયદાકીય બાબતો)
3. ભારતના રાષ્ટપતિ કે રાજ્યપાલ વિરુદ્ધ
4. કાર્યરત ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ

TEACHING KISHAN

3. પ્રતિબંધ (Prohibition)

- જેનો અર્થ થાય છે " અટકાવવું " (To Forbid).
- આ રીટ સર્વોચ્ચ અદાલત અને ઉચ્ચ અદાલત દ્વારા પોતાના આધીન જિલ્લા અદાલત , સેશન કોર્ટ , તેમજ અર્ધન્યાયિક સત્તાઓ પોતાના કાર્યક્ષેત્ર બહાર જતા તેમજ કાયદાકીય ન્યાયના નિયમોની બહાર જતા અટકાવે છે.
- આ રીટ ત્યારેજ બહાર પાડવામાં આવે છે જયારે ન્યાયિક પ્રક્રિયા ચાલુ હોય આ રીટ નો મુખ્ય ઉપદેશ ન્યાયિક ખામીઓ રોકવાનો છે.

ક્યાં જારી નહિ કરવામાં આવે

1. આ રીટ ખાલી ન્યાયિક સંસ્થો વિરુદ્ધ જ દાખલ કરી શકાય , કારોબારી , કાયદાકીય કે ખાનગી વક્તિ કે સંસ્થા વિરુદ્ધ દાખલ કરી શકાય નહિ.

TEACHING KISHAN

	પરમાદેશ (Mandamus)	પ્રતિબંધ (Prohibition)
1	પરમાદેશ એ કાર્ય કરવાનો આદેશ આપે છે.	પ્રતિષેધ એ કાર્ય રોકવાનો આદેશ આપે છે.
2	પરમાદેશ સરકારી અધિકારી , ન્યાયાલય , સરકારી સંસ્થા વગેરે વિરુદ્ધ આપી શકાય છે.	પ્રતિષેધ માત્ર ન્યાયાલય અને ન્યાયિક સંસ્થા વિરુદ્ધ જ જાહેર કરી શકાય.

Follow us On @teaching_kishan

4. ઉત્પ્રેષણ (Certiorari)

- ઉત્પ્રેષણ માં ઉત એટલે ઉપર અને પ્રેષણ એટલે મોકલવાની ક્રિયા એટલેકે "નીચલી અદાલતમાંથી ઉપર મોકલવાની ક્રિયા"
- ઉત્પ્રેષણ નો અર્થ થાય છે "પ્રમાણિત કરવું" અથવા "સૂચન આપવું" (To be Certified or To be inform)
- જયારે નીચલી અદાલત , અર્ધ ન્યાયિક સંસ્થા કે ટ્રિબ્યુનલો દ્વારા ન્યાયિક કાર્યવાહીના અંતે પોતાના કાર્યક્ષેત્રની બહાર જઈને કે દેશના કાયદા અથવા કુદરતી ન્યાયની વિરુદ્ધ જઈને કોઈ કેસનો નિર્ણય આપે તો તે નિર્ણય ને સ્થગિત કરવા ઉત્પ્રેષણ રીટ જાહેર કરવામાં આવે છે.
- આ રીટ નીચલી અદાલત માંથી ઉપલી અદાલત માં કેસ લઈ જવા માટે પણ થાય છે

❖ આ રીટ ખાલી ન્યાયિક સંસ્થો વિરુદ્ધ જ દાખલ કરી શકાય ,કાયદાકીય કે ખાનગી વક્તિ કે સંસ્થા વિરુદ્ધ દાખલ કરી શકાય નહિ.

TEACHING KISHAN

	પ્રતિબંધ (Prohibition)	ઉત્પ્રેષણ (Certiorari)
1	પ્રતિષેધ રીટ અદાલતના નિર્ણય આપવા પૂર્વે જાહેર કરવામાં આવે છે	ઉત્પ્રેષણ રીટ અદાલતના નિર્ણય આપવા પછી જાહેર કરવામાં આવે છે
2	મુખ્ય ઉપદેશ ન્યાયિક ખામીઓ રોકવાનો છે	મુખ્ય ઉપદેશ ન્યાયિક ખામીઓ સુધારવાનો છે
3	ન્યાયિક કે અર્ધન્યાયિક સંસ્થા સામેજ કરી શકાય '	ન્યાયિક , અર્થન્યાયિક ની સાથે વહીવટી સંસ્થા (1991 થી) સામે પણ કરી શકાય છે.

Follow us On @teaching_kishan

5. અધિકાર પૃચ્છા (Quo-Warranto)

- અધિકાર પૃચ્છા નો અર્થ થાય છે " ક્યાં અધિકાર દ્વારા (By What Authority or Warrant)
- આ રીટ એવા વ્યક્તિ વિરુદ્ધ જાહેર કરવામાં આવે છે કે જેણે સાર્વજનિક પદ ગેરકાયદેસર રીતે ધારણ કર્યું હોય.
- કોર્ટ દ્વારા સરકારી ઓફિસ માં કામ કરતા અધિકારીને કાયદેસરની પૂછપરછ કરવા જારી કરવામાં આવે છે અને ન્યાયાલય ને જણાય કે વ્યક્તિ પદ ધારણ કરવાનો કોઈ અધિકાર નથી તો તેને પદ પરથી દૂર પણ કરી શકાય છે.

- મંત્રીમંડળ કે ખાનગી કચેરીના કેસમાં તે જારી કરી શકાતું નથી.
- આ રીતમાં કોઈ પણ સામાન્ય ઈચ્છુક વ્યક્તિ દ્વારા આવેદન કરી શકાય છે જરૂરી નથી વ્યક્તિ આક્રમક કે પીડિત હોય.

TEACHING KISHAN

	રીટ	અર્થ	આવેદન	કોના વિરુદ્ધ
1	બંદી પ્રત્યક્ષીકરણ (Habeas corpus)	શરીર ને હાજર કરો	પીડિત વ્યક્તિ તરફથી કોઈ પણ	બંદી બનાવનાર ખાનગી કે સરકારી
2	પરમાદેશ (Mandamus)	અમે આદેશ આપીએ છીએ	પીડિત વ્યક્તિ	સરકારી અધિકારી અને સંસ્થા , ન્યાયાલયો
3	પ્રતિષેધ (Prohibition)	અટકાવવું	પીડિત વ્યક્તિ	નીચલી અદાલત અને અર્ધ ન્યાયિક સંસ્થા
4	ઉત્પ્રેષણ (Certiorari)	પ્રમાણિત કરવું , સૂચના આપવી	પીડિત વ્યક્તિ	નીચલી અદાલત ,અર્ધ ન્યાયિક સંસ્થા તથા વહીવટી સંસ્થા
5	અધિકાર પુચ્છા (Quo- warranto)	ક્યાં અધિકાર દ્વારા	કોઈ પણ વ્યક્તિ	સરકારી અધિકારી અને સંસ્થા

Follow us On @teaching_kishan

સશસ્ત્ર બળો માટે મૂળભૂત અધિકારોની મોકૂફી

અનુચ્છેદ 33 : સશસ્ત્ર બળો , ગુપ્તચર એજન્સી , પોલીસદળ વગેરે માટે બનાવેલ કાયદા માટે મૂળભૂત અધિકારોમાં સુધારા વધારા

- અનુચ્છેદ 33 અને અનુચ્છેદ 34 માં મૂળભૂત અધિકારોના અપવાદ આપવામાં આવ્યા છે અને અને અનુરૂપ કાયદો બનાવવાની સત્તા સંસદની રહેશે.

- અનુચ્છેદ 33 અંતર્ગત કાયદા ઘડવાની સત્તા માત્ર સંસદ ને છે નહિ કે કેબિનેટ મંડળ કે વિધાનસભાને. આ રીતે ઘડવામાં આવેલ કાયદાને કોઈ પણ ન્યાયાલયમાં મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે તે રીતે પડકારી શકાય નહિ.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

- આ પ્રમાણે સંસદે સૈન્ય અધિનિયમ ૧૯૫૦, નૈસેના અધિનિયમ ૧૯૫૦, વાયુસેના અધિનિયમ ૧૯૫૦ , પોલીસદળ અધિનિયમ ૧૯૬૬ , સીમા સુરક્ષા અધિનિયમ વગેરે..

- આ જોગવાઈમાં વાણી કે અભિવ્યક્તિની સ્વત્રંત્રતા , સંગઠન બનાવવાનો અધિકાર , રાજનૈતિક સદસ્યાનો સભ્ય બનવાનો અધિકાર , સાર્વજનિક બેઠકો કે વિરોધ કરવાનો અધિકાર , પ્રેસ કે મીડિયા સામે વાતચીત કરવાનો અધિકાર વગેરે પર પ્રતિબંધ લડી શકાય છે.

- આ અધિનિયમ શસસ્ત્ર બળોના સભ્યો સિવાય એમના કર્મચારીઓ , સુથાર , મિકેનિકલ , રસોઈયા , ટેલર જે બિન લડાકુ છે તેમને પણ આવરી લેવામાં આવે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

માર્શલ લો અને મૂળભૂત અધિકાર

અનુચ્છેદ 34 : કોઈ વિસ્તારમાં જ્યારે લશ્કરી કાયદો અમલમાં હોય ત્યારે આ વિભાગથી અપાયેલા મૂળભૂત અધિકાર પર પ્રતિબંધ

- અનુચ્છેદ 34 એ મૂળભૂત અધિકારો પરના નિયંત્રણોની જોગવાઈ કરે છે જ્યાં ભારતના કોઈ ક્ષેત્ર પર લશ્કરી કાયદો (માર્શલ લો) લાગુ હોય.

- આ બાબતે સંસદને સત્તા આપેલી છે કે જ્યાં લશ્કરી કાયદો લાગુ હોય ત્યાં કાયદો બનાવી ને વ્યવસ્થા જાળવવી અને વ્યવસ્થાની પુનઃ સ્થાપના કરવી

- સંસદ માર્શલ લો લાગુ છે તે ક્ષેત્રમાં થતા શૈન્ય કાર્યવાહી , જપ્ત કરવાના આદેશો , શૈન્ય દ્વારા સજા અથવા બીજા લીધેલા પગલાં કાયદેસર ઠરાવી શકે છે.

TEACHING KISHAN

- સંસદ દ્વારા બનાવેલ ક્ષતિ પૂર્ણ નિર્ણયનો અને મૂળભૂત અધિકારના ઉલ્લંઘન પર ન્યાયાલયમાં પડકારી શકાય નહિ.

- માર્શલ લો નો સિદ્ધાંત "બ્રિટિશ કાનૂન" માંથી લેવામાં આવેલ છે માર્શલ લો નો બંધારણ માં ઉલ્લેખ નથી પણ એનો અર્થ થાય છે "શૈન્ય કાનૂન"

- એવી સ્થિતિ જ્યાં સેના દ્વારા સામાન્ય વહીવટ પોતાના સંચાલન હેઠળ લાવવામાં આવે અને સામાન્ય કાયદાને મોકૂફ રાખવામાં આવે.

- માર્શલ લો એ અસાધારણ પરિસ્થિતિ , યુદ્ધ , અશાંતિ , તોફાનો , કે કાનૂનનો ઉલ્લંઘન વગેરે સ્થિતિ દરમિયાન લગાવી શકાય છે.

- સર્વોચ્ચ અદાલત દ્વારા ચુકાદો આપ્યો છે કે "માર્શલ લો ના અનુશાશન દરમિયાન પણ બંદી પ્રત્યક્ષીકરણ રીત રદ થતી નથી.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

	માર્શલ લો (શૈન્ય કાયદો)	રાષ્ટ્રીય કટોકટી (352)
1	દેશના કેટલાક વિશેસ ક્ષેત્રમાં જ લાગુ કરી શક્ય છે.	સમગ્ર દેશમાં કે દેશના કોઈ ભાગમાં લાગુ કરી શક્ય છે.
2	તે માત્ર મૂળભૂત અધિકારો ને જ અસર કરે છે.	તે મૂળભૂત અધિકારો , ધારાકીય સત્તાઓ , સંસદ ની મુદ્દત પણ વધારી શકાય.
3	તેના માટે બંધારણ માં કોઈ વિશેસ જોગવાઈ નથી	બંધારણ માં સ્પષ્ટ અને વિશેસ જોગવાઈ છે.
4	ત્યાંની સરકાર અને ન્યાયાલય ને સ્થગિત કરે છે	સરકાર અને ન્યાયાલય ની કામગીરી શરુ રહે છે.
5	તે કાયદા વ્યવસ્થાના ભંગને પુનઃ સ્થાપિત કરવા લાગુ કરી શક્ય છે.	તે યુદ્ધ , બાહ્ય આક્રમણ અને શાસ્ત્ર વિદ્રોહને કારણે લાગુ કરાય છે.

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 35 : મૂળભૂત અધિકારને અસરકારક બનાવવા માટે કાયદા બનાવવા બાબત

- અંનુચ્છેદ 35 દર્શાવે છે કે કાયદા બનાવવાની સત્તા અમુક ચોક્કસ મૂળભૂત અધિકારો માટે કફ્ત સંસદમાં રાખવી જોખવી . રાજ્ય વિધાનસભામાં નહિ.

- આ જોગવાઈ સુનિશ્ચિત કરે છે કે મૂળભૂત અધિકારોની પ્રકૃતિ અને તેની ઉલ્લંધનની સજાને લઈને સમગ્ર ભારતમાં એકરૂપતા રહે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો
(Directive Principles of State Policy)

ભાગ 04

અનુચ્છેદ 36 To 51

Follow us On @teaching_kishan

મૂળભૂત અધિકાર	રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો
ફરજીયાત છે	ફરજીયાત નથી
ન્યાયાલય માં જઈ શકાય	ન્યાયાલયમાં ના જઈ શકાય
ઉપદેશ રાજ્યનૈતિક લોકશાહી સ્થાપવા છે	સામાજિક અને આર્થિક લોકશાહી સ્થાપવાનો છે.

Follow us On @teaching_kishan

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો નો અર્થ

- આ સિંદ્ધાંતો "આયર્લેન્ડના" બંધારણ માંથી લેવામાં આવ્યા છે.
- આ અધિકાર "તેજબહાદુર સપ્રુ સમિતિની" ભલામણથી બંધારણ માં દાખલ કરવામાં આવેલ છે.
- આ સિંદ્ધાંતો "રાજ્યનીતિ ઘડવા માટે દિશા આપવાનું કાર્ય કરે છે . રાજ્યનું કાર્ય પોલીસ રાજ્યની સ્થાપના કરવાનું નહિ પરંતુ કલ્યાણકારી રાજ્ય સ્થાપવાનું છે.
- રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનું દેશમાં "સામાજિક અને આર્થિક" લોકતંત્ર સ્થાપવાનું છે.
- તેનું પાલન કરવું રાજ્ય માટે ફરજીયાત નથી પરંતુ રાજ્યએ પોતાની નીતિ ઘડતી વખતે આ સિદ્ધાંતોનો અમલ કરવાની રાજ્યની નૈતિક ફરજ છે.

TEACHING KISHAN

- ડો બાબાસાહેબ આંબેડકરે કહ્યું છે કે " રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો એ રાજકીય આઝાદી બાદ આર્થિક આઝાદી તરફનું પ્રયાણ છે.“
- ગ્રેનવિલ ઓસ્ટીને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોને અને મૂળભૂત અધિકારોને "બંધારણનો આત્મા" કહ્યો છે.
- રાજ્યનીતિના માર્ગદર્શક એ ફરજીયાત નથી તો એ ના મળવાથી તમે કોર્ટમાં જઈ શકો નહિ.
- રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો એ ત્રણ વિચારધારા થી પ્રેરિત છે
    1. સમાજવાદી
    2. ગાંધીવાદી
    3. ઉદારવાદી

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 36 : રાજ્યની વ્યાખ્યા

- મૂળભૂત અધિકાર ના અનુચ્છેદ 12 માં જોઈ ગયા છે.

અનુચ્છેદ 37 : સિંદ્ધાંતોને લાગુ કરવા બાબત

- આ ભાગમાં સમાવિષ્ટ સિદ્ધાંતોને કોઈ અદાલત મારફતે લાગુ કરાવી શકાય નહિ. આ સિદ્ધાંતો લાગુ કરવા એ રાજ્યની ફરજ રહેશે પણ રાજ્ય માટે નિયમ નથી.

TEACHING KISHAN

અનુચ્છેદ 38 : રાજ્ય લોકકલ્યાણ ની વૃદ્ધિ માટે સામાજિક વ્યવસ્થા બનાવશે.

- અંનુચ્છેદ 38 (1) : રાજ્ય લોકકલ્યાણ માં વૃદ્ધિ કરી એવો પ્રયત્ન કરશે કે દરેક વ્યક્તિનો "સામાજિક , આર્થિક અને રાજકીય" ન્યાય સુનિશ્ચિત કરે. .

- અંનુચ્છેદ 38 (2) : રાજ્ય અલગ અલગ વિસ્તારોમાં રહેતા , તેમજ અલગ અલગ વ્યવસાયો સાથે સંકળાયેલા લોકોના જૂથો વચ્ચે આવકની અસમાનતાને ઓછી કરવાનો પ્રયત્ન કરશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 39 : ચોક્કસ સિદ્ધાંતો જે રાજ્ય અનુસરશે.

❑ સમાજવાદી વિચારધારા થી પ્રેરિત છે

1. સ્ત્રી અને પુરુષમાં રોજગારની સમાન તકો ઉપલબ્ધ કરાવવામાં આવે.
2. સમાજની ભૌતિક સાધન સામગ્રી નું નિયંત્રણ અને વિતરણ યોગ્ય રીતે થાય તેવો પ્રયત્ન કરે .
3. અર્થતંત્રનું સંચાલન એવી રીતે થાય કે જેથી સંપત્તિ અને ઉત્પાદનના સાધનોની અસમાન વહેંચણી અને લોકહિતને નુકશાન ના થાય.
4. પુરુષ અને સ્ત્રી બંનેના એકસરખા કામ માટે સમાન વેતન મળે.
5. પુરુષ અને સ્ત્રી કામદારોના આરોગ્ય અને શક્તિનો અને કુમળા વયના બાળકોનો દુરુપયોગ ના થાય અને આર્થિક જરૂરિયાતના કારણે તેમની ઉમર કે શક્તિ અનુકૂળ ન હોય તેવા રોજગારમાં જોડાવવાની ફરજ ન પડે.
6. બાળકો ને યુવાનોને શોષણ સામે રક્ષણ આપવાનો તથા તેમને ગૌરવ યુક્ત સ્થિતિમાં વિકાસ ની તકો આપવાનો પ્રયત્ન કરશે.

TEACHING KISHAN

અનુચ્છેદ 39 (A) : દરેક વ્યક્તિને મફત અને કાનૂની ન્યાય આપવાનો

- ખાસ કરીને આર્થિક અથવા અન્ય અસમર્થતાને કારણે કોઈ વ્યક્તિ ન્યાય મેળવી શકતા નથી એવા લોકોને ન્યાય આપવાથી ઈન્કાર કરવામાં ના આવે એવો પ્રયત્ન કરવો.
- આ બાબત 42 માં બંધારણીય સુધારા 1976 દ્વારા ઉમેરાઈ
- આ માટે સરકારે યોજના બનાયેલી છે કે SC ,ST ,મહિલા ,બાળકો ,વિકલાંગો , તેમજ ઔદ્યોગિક કામદારો , કુદરતી આફતનો ભોગ બનનાર વ્યક્તિઓને સમાન ન્યાય અને મફત સહાય મળે.
- હાલમાં મફત ન્યાય મેળવવા માટે અવાક મર્યાદા વાર્ષિક 1 લાખ રૂપિયા છે.

TEACHING KISHAN

અનુચ્છેદ 40 : ગ્રામ પંચાયતોની રચના

- ગાંધીવાદી વિચારધારા થી પ્રેરિત
- રાજ્ય ગ્રામ પંચાયતની સ્થાપના કરી જરૂરી સત્તા આપવાનો માટે પગલાં ભરશે.
- અનુચ્છેદ 40 ના ભાગરૂપે સરકારે 73 મોં બંધારણીય સુધારો 1992 કરવામાં આવ્યો અને પંચાયતી રાજ ને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો.



TEACHING KISHAN

અનુચ્છેદ 41 : અમુક પરિસ્થિતિમાં રોજગારી , શિક્ષણ અને લોકસહાય નો અધિકાર

- રાજ્ય પોતાની આર્થિક પરિસ્થિતિ અને વિકાસ ની મર્યાદામાં રહીને નબળી પરિસ્થિતિ ધરાવતા (વૃદ્ધાવસ્થા , માંદગી , અપંગતા) ધરાવતા લોકોને રોજગાર તેમજ શિક્ષણ બાબતે મદદ કરી શકે છે.
- આ અનુચ્છેદ માટે સરકારે પ્રધાનમંત્રી આયુષ્યમાન યોજના , અટલ વૃદ્ધાવસ્થા પેન્શન યોજના , મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના , જવાહર રોજગાર યોજના

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 42 : કામ માં ન્યાય , માનવીય શરતો અને પ્રસુતિ રાહત

- રાજ્ય કામ અંગેની ન્યાય અને માનવીય પરિસ્થિતિ અને સ્ત્રીઓના પ્રસુતિ દરમિયાન સહાયતા આપવાનો પ્રયત્ન કરશે.

- અનુચ્છેદ 42 ના ભાગરૂપે પ્રસુતિ પ્રસુવિધા અધિનિયમ 1961 અને જનની સુરક્ષા યોજના જેવા કાર્યક્રમ શરુ કરવામાં આવ્યા.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 43 : કામદારો માટે નિર્વાહ વેતન વગેરે

- રાજ્ય એવો પ્રયત્ન કરશે કે ખેતી , ઉદ્યોગ તેમજ અન્ય તમામ પ્રકારના કામદારો **શિષ્ટ જીવનધોરણ** જીવવા માટેની યોગ્ય પરિસ્થિતિ પેદા કરી શકાય.
- તેમજ તે લોકોને યોગ્ય **સામાજિક અને સાંસ્કૃતિક** અવસરની તક પ્રાપ્ત થાય.
- આ અંતર્ગત સરકારે "**સૂર્યોદય યોજના**" લાવીને ખેડૂતને રાત્રી દરમિયાન ખેતી ના કરવી પડે એના માટે દિવસ દર્મિયા વીજળી પોહચાડી.

નિર્વાહ વેતન

- આર્થિક બદલાવો તથા રહેણાંક બદલાવ છતાં એક યોગ્ય માત્રામાં જીવન ચાલી શકે અને **મૂળભૂત જરૂરિયાતો પૂર્ણ થઈ શકે તેવી અવાક**.

TEACHING KISHAN

અનુચ્છેદ 43 (A): ઉદ્યોગોના વહીવટમાં કામદારોની સામેલગીરી

- 42 મોં બંધારણીય સુધારા 1976 દ્વારા આ અનુચ્છેદ ઉમેરવામાં આવ્યો.
- રાજ્ય કાયદા બનાવી કે અન્ય કોઈ પગલાં લઈ કોઈ ઉદ્યોગ ,સંસ્થા કે અન્ય સંગઠનો માં સંકળાયેલા વહીવટમાં કામદારો ભાગ લેતા થાય એમ પ્રયત્ન કરશે.

અનુચ્છેદ 43 (B): સહકારી સમિતિને પ્રોત્સાહન

- 97 મોં બંધારણીય સુધારા દ્વારા આ અનુચ્છેદ ઉમેરવામાં આવ્યો.
- સરકાર એવો પ્રયત્ન કરશે કે સહકારી મંડીઓની સ્થાપના કરવામાં આવે તેમજ તેમને મજબૂત બનાવવામાં આવે.

TEACHING KISHAN

અનુચ્છેદ 44 : નાગરિકો માટે એક સમાન દીવાની કાયદો

- ઉદારવાદી વિચારધારા થી પ્રેરિત
- સમગ્ર ભારતમાં એક સમાન નાગરિક સંહિતા (Uniform civil code) લાગુ કરવાનો પ્રયત્ન કરશે.
- આ કાયદા અનુસાર જાતિ ,ધર્મ , લિંગ , ભાષા વગેરેના આધારે અલગ અલગ લોકો માટે અલગ અલગ કાયદો ના હોય.
- હાલમાં માત્ર ગોવા રાજ્યમાં જ એક સમાન દીવાની કાયદો અમલ માં છે.

TEACHING KISHAN

અનુચ્છેદ 45 : 6 થી ઓછી વયના બાળકોને માટે મફત અને ફરજીયાત શિક્ષણની જોગવાઈ

- ઉદારવાદી વિચારધારા થી પ્રેરિત
- આ અનુચ્છેદ અનુસાર રાજ્ય 6 વર્ષની ઉમર સુધીના બાળકોને માટે મફત અને ફરજીયાત શિક્ષણ ની વ્યવસ્થા કરશે.
- પરંતુ 86 મોં બંધારણીય સુધારો 2002 અંતર્ગત રાજ્ય 6 થી 14 વર્ષના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ અપાશે. જે અંતર્ગત અનુચ્છેદ 21(A) ઉમેરવામાં આવ્યો.
- આ અનુચ્છેદ ના ભાગ રૂપે રાજ્ય દ્વારા "સંકલિત બાળવિકાસ કાર્યક્રમ અંતર્ગત આંગણવાડીઓ ચલાવવામાં આવે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 46 : અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અને અન્ય નબળા વર્ગોના શૈક્ષણિક અને આર્થિક હિતો

- ગાંધીવાદી વિચારધારા થી પ્રેરિત
- સરકાર નબળા વર્ગના લોકો અને ખાસ ખરીને અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) ઓના શૈક્ષણિક અને આર્થિક હિતોના રક્ષણ માટે કાર્ય કરશે તેમજ સામાજિક અન્યાય અને તમામ પ્રકરણ શોષણ સામે તેનું રક્ષણ કરશે

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 47 : પોષણ નું સ્તર અને જીવનધોરણ ઊંચું લાવવાની અને જાહેર આરોગ્ય સુધારવાની રાજ્યની ફરજ

- ગાંધીવાદી વિચારધારા થી પ્રેરિત
- પોષણનું સ્તર અને જીવનધોરણ ઊંચું લાવવાની અને જાહેર આરોગ્ય સુધારવાને રાજ્ય પોતાની પ્રાથમિક ફરજોમાં ગણશે.
- રાજ્ય ઔષધિના હેતુ સિવાય , માદક પીણાંના તેમજ આરોગ્યને હાનિકારક પ્રદાર્થથીના ઉપયોગ પર પ્રતિબંધ મુકવાનો પ્રયત્ન કરશે.
- આ માટે સરકાર "પોષણ અભિયાન" "મધ્યહન ભોજન" જેવી યોજના ચલાવે છે. ગુજરાત નશાબંધી અધિનિયમ 1948 લાવી

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 48 : ખેતી અને પશુપાલન અંગે વ્યવસ્થા

- ગાંધીવાદી વિચારધારા થી પ્રેરિત
- ખેતી અને ઢોર ઉછેર માટે સરકાર આધુનિક અને વિજ્ઞાનિક ધોરણે વ્યવસ્થા કરવાનો પ્રયત્ન કરશે.
- ગાય ,વાછરડા તેમજ અન્ય દુધાળા પશુઓની હત્યા પર પ્રતિબંધ મુકશે અને એમની જાળવણી ની વ્યવસ્થા કરશે .
- અત્યારે "ગૌહત્યા" પર પ્રાઈબંધ મુખ્યો છે

TEACHING KISH

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 48(A) : વન્યજીવ તથા કુદરતી પર્યાવરણ નું રક્ષણ અને જતન

- ઉદારવાદી વિચારધારા થી પ્રેરિત
- 42 મો બંધારણીય સુધારો 1976 દ્વારા ઉમેરાયો
- રાજ્ય પર્યાવરણ નું રક્ષણ તેમજ સુધારાના કરવાનો પ્રયત્ન કરશે અને દેશના જંગલ અને વન્યજીવોનું રક્ષણ કરશે.
- સરકારે નેશનલ પાર્ક , જૈવરક્ષિત ક્ષેત્રો , અભ્યારણ , સાંસ્કૃતિક વન , વન મહોત્સવ વગેરે બનાવી સરકારે આ દિશા માં પગલાં ભરેલા છે.

TEACHING KISHAN

અનુચ્છેદ 49 : રાષ્ટ્રીય મહત્વ ધરાવતા સ્મારકો ,સ્થળો અને વસ્તુનું રક્ષણ

- ઉદારવાદી વિચારધારા થી પ્રેરિત
- સરકાર કાયદા બનાવીને રાષ્ટ્રીય મહત્વ તરીકે જાહેર કરાયેલા કલાત્મક અને ઐતિહાસિક સ્મારક અથવા સ્થળ વગેરેનું લૂંટફાટ , વિનાશ , સ્થળાંતર , નિકાલ કે નિકાસ સામે રક્ષણ કરવાનો પ્રયત્ન કરશે
- સરકારે PRASAD યોજના અંતર્ગત ધાર્મિક સ્થળો વિકસાવશે.

TEACHING KIS

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 50 : ન્યાયપાલિકાને કાર્યપાલિકા થી વિભાજન

- રાજ્ય ન્યાયપાલિકાને કારોબારીથી અલગ કરવા માટે રાજ્ય પગલાં ભરશે.



TEACHING KISHAN

અનુચ્છેદ 51 : આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીની ઉન્નતિ

1. આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીની વધારવાનો પ્રયત્ન કરશે.
2. દરેક રાષ્ટ્ર વચ્ચે મૈત્રી , માન-સન્માન જળવાઈ રહે તેવો પ્રયત્ન કરશે.
3. આંતરાષ્ટ્રીય સંધિઓ તેમજ કાયદોઓ પ્રત્યે આદર જાળવી રાખવાનો પ્રયત્ન કરશે.
4. મધ્યસ્થી દ્વારા આંતરરાષ્ટ્રીય વિવાદોનું નીવાકરણ લાવવાનો પ્રયત્ન કરશે.

TEACHING KISH

Follow us On @teaching_kishan

મૂળભૂત અધિકારો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વચ્ચે સબંધ

ચંપકમ દોરાઈરાજન કેસ

- સંસદે 25 માં બંધારણીય સુધારા અંતર્ગત અનુચ્છેદ 31-C જોડવામાં આવી અને અનુચ્છેદ 31-C માં આવી જોગવાઈ કરવામાં આવી કે સંસદ દ્વારા કોઈ કાયદો અનુચ્છેદ 39-B અને અનુચ્છેદ 39-C ને લાગુ કરવા માટે બનાવે તો તે કાયદો અનુચ્છેદ 14 ,19 કે 31 ના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન કહેવાશે નહિ.
- મતલબ કે આ કેશમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોને મૂળભૂત અધિકારો થી ઉપર ગણાવ્યા

- 42 મો બંધારણીય સુધારો માં બધાંજ રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોને મૂળભૂત અધિકારથી ઉપર ગણાવ્યા

TEACHING KISHAN

મિનરવા મિલ કેસ

- મિનરવા મિલ કેસ માં સુપ્રીમ કોર્ટ દ્વારા 42 માં બંધારણીય સુધારામાં લખાયેલી કે જ રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો મૂળભૂત અધિકાર થી ઉપર ગણે છે તેને ગેરબંધારણીય જાહેર કરવામાં આવી.

- અને કોર્ટે જણાવતા કયું કે મૂળભૂત અધિકાર અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વચ્ચે સંતુલન જળવાઈ રહેવું જોઈએ જે મૂળ બંધારણ નો ઢાંચો છે.

- મૂળભૂત અધિકારો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો એક બીજાના પૂરક છે વાસ્તવમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો એ સાધ્ય છે જયારે મૂળભૂત અધિકારો એ સાધ્ય પ્રાપ્ત કરવા માટેનું સાધન છે.

TEACHING KISHAN

મૂળભૂત ફરજો
(Fundamental Duties)

ભાગ 04 - A

અનુચ્છેદ 51-A

Follow us On @teaching_kishan

મૂળભૂત ફરજો

- ભારતના મૂળ બંધારણ માં મૂળભૂત ફરજો નો કોઈ ઉલ્લેખ કરેલ નથી.
- ઈ.સ 1976 માં ઈન્દિરા ગાંધી સરકાર દ્વારા સરદાર સ્વર્ણસિંહની અધ્યક્ષતામાં એક સમિતિની નિમણુંક કરવામાં આવી.
- સ્વર્ણસિંહ એ બંધારણ માં કુલ 8 ફરજો ઉમેરવાની ભલામણ કરી. અને તત્કાલીન ઈન્દિરા ગાંધી સરકારે 1976 માં 42 મો બંધારણીય સુધારો કરી બંધારણ માં ભાગ 4 - A માં અનુચ્છેદ 51A માં કુલ 10 જેટલી ફરજો ઉમેરી.
- ત્યારબાદ 86 મોં બંધારણીય સુધારો દ્વારા 2002 માં અનુચ્છેદ 51-A માં 11 મી મૂળભૂત ફરજનો ઉમેરો થયો.
- ભારતે મૂળભૂત ફરજોનો ખ્યાલ USSR (રશિયા) માંથી લીધેલ છે.
- લોકશાહી દેશમાં ભારત સિવાય માત્ર જાપાન માં બંધારણ માં મૂળભૂત ફરજો સમાવેશ થાય છે.
- મૂળભૂત ફરજો ન્યાયાલય દ્વારા કાયદાકીય રૂપથી અમલ કરાવી શકાય નહિ પરંતુ સંસદ તેના અમલ માટે કાયદો ઘડી શકે છે.

TEACHING KISHAN

મૂળભૂત ફરજો

a) બંધારણ નું પાલન કરવું અને તેના આદર્શો અને સંસ્થાઓ , રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીત નું સન્માન કરવું .

b) રાષ્ટ્રીય સ્વતંત્રતા માટેના આપણા રાષ્ટ્રીય આંદોલનો પ્રેરિત ઉમદા આદર્શોની કદર અને પાલન કરવું

c) ભારતના સાર્વભૌમત્વ , એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની ફરજ

Follow us On @teaching_kishan

d) દેશની રક્ષા કરવી અને જ્યારે રાષ્ટ્રીય સેવા બજાવવાનું કહેવામાં આવે ત્યારે હાજર થવું

e) ભારતમાં તમામ લોકોના ધાર્મિક , ભાષાકીય , પ્રાદેશિક , અથવા સાંપ્રદાયિક ભેદોથી ઉપર રહી , ભારતમાં તમામ લોકોને સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની , સ્ત્રીઓના ગૌરવને નુકસાન કરે તેવા વ્યવહારો ત્યજી દેવા.

f) દેશની સંયુક્ત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની ફરજ

Follow us On @teaching_kishan

g) જંગલો , તળાવો , નદીઓ અને વન્ય પશુપંખીઓ સહીત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારાના કરવાની તેમજ જીવો પ્રત્ય કરુણા રાખવાની

h) વૈજ્ઞાનિક સ્વભાવ , માનવતાવાદ , અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના વિકસાવવી

i) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની

Follow us On @teaching_kishan

j) વ્યક્તિગત અને સામુહિક પ્રવૃત્તિના તમામ ક્ષેત્રેમાં શ્રેષ્ઠતા તરફ પ્રગતિશીલ રહેવું કે જેથી રાષ્ટ્ર સતત પ્રયત્નો અને સિધ્ધોના ઉચ્ચ સ્તરે પહોંચે.

k) માતા પિતા અને વાલીની ફરજ રહેશે કે તે 6 થી 14 વર્ષના બાળકોને શિક્ષણ પૂરું પાડે. આ ફરજ 86 માં બંધારણીય સુધારા 2002 માં જોડવામાં આવી.

Follow us On @teaching_kishan

મૂળભૂત ફરજો અમલ કરાવવાની જોગવાઈ

- મૂળભૂત ફરજો માત્ર ભારતના નાગરિકો માટે છે વિદેશીને લાગુ પડતી નથી
- મૂળભૂત ફરજો ન્યાયાલય દ્વારા અમલ કરાવી શકાય નહિ અર્થાત કોઈ પણ નાગરિક મૂળભૂત ફરજનું પાલન ન કરે તો તેને દંડ કરી શકાય નહિ . તેથી મૂળભૂત ફરજોને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો સાથે સરખાવી છે.
- ઘણા કિસ્સામાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે મૂળભૂત અધિકાર જેટલા મહત્વના છે એટલીજ મહત્વની મૂળભૂત ફરજો છે.તેથી સરકારે "વર્મા સમિતિની" રચના કરાવી અને નીચે મુજબની જોગવાઈઓ દર્શાવી.

1. રાષ્ટ્રીય ગૌરવ અપમાન નિવારક અધિનિયમ 1971
   - ભારતીય બંધારણ , રાષ્ટ્રગાન ,અને રાષ્ટ્રધ્વજનું અપમાન અટકાવે છે.
2. ભારતીય દંડ સંહિતા 1860
   - રાષ્ટ્રીય અખંડિતતા અને આક્રમકઃ ગતિવિધિ પર પ્રતિબંધ મૂકે છે તથા સજાની જોગવાઈ

TEACHING KISHAN

3. નાગરિક અધિકાર રક્ષણ અધિનિયમ 1955
   - જ્ઞાતિ , ધર્મ સબંધિત ગુનાઓ માટે શિક્ષાની જોગવાઈ

4. લોકપ્રતિનિધિત્વ અધિનિયમ 1951
   - ધર્મને આધારે મત મંગાવા તથા ધર્મ,જ્ઞાતિ , ભાષા ના આધારે ભેદભાવ ઉભો કરનાર ને સંસદ કે વિધાનસભાના સભ્યને ચૂંટણી આયોગ અયોગ્ય જાહેર કરી શકે છે.

5. વન્યજીવ સંરક્ષણ અધિનિયમ 1972
   - વન્યજીવોના વેપાર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

6. વન સંરક્ષણ અધિનિયમ 1980
   - અનિયંત્રિત જંગલોના નાશ અને જંગલોની જમીનનો ઉપયોગ અન્ય કર્યો માટે કરવા પર રોક લગાવે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

બહુમતીના પ્રકાર
(Types of Majority)

બહુમતી

50% + 1

વિશિષ્ટ બહુમતી

2/3

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

બહુમતી : 50% + 1

સામાન્ય બહુમતી

હાજર તથા મતદાન કરનાર સભ્યોની 50% + 1 સભ્યોનો મત

પૂર્ણ બહુમતી

સંસદના કુલ સભ્યના 50% + 1 મત

વાસ્તવિક બહુમતી

સંસદમાં હાજર રહેલા સભ્યના 50 % + 1 મત

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

સામાન્ય બહુમતી

- ✓ નવા રાજ્યનો ઉમેરો અને સ્થાપના
- ✓ પગાર અને ભથ્થા
- ✓ નાગરિકતા પ્રાપ્તિ અને સમાપ્તિ
- ✓ ન્યાયાધીશ ની સંખ્યા
- ✓ કેન્દ્રસાશિત પ્રદેશ
- ✓ રાષ્ટ્રપતિના વટહુકમ ને મંજૂરી
- ✓ સામાન્ય ખરડો
- ✓ આભાર પ્રસ્તાવ
- ✓ વિનિયોગ ખરડો (લોકસભા)
- ✓ લેખાનું દાન (લોકસભા)
- ✓ વિશ્વાસ પ્રસ્તાવ (લોકસભા)
- ✓ અવિશ્વાસ પ્રસ્તાવ (લોકસભા)
- ✓ રાષ્ટપતિ શાસન (રાજ્ય કટોકટી) : 356
- ✓ નાણાકીય કટોકટી : 360

વાસ્તવિક બહુમતી

- ✓ ઉપરાષ્ટ્રપતિને દૂર કરવા
- ✓ ઉપસભાપતિ ને દૂર કરવા
- ✓ લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ
- ✓ વિધાનસભાના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ
- ✓ વિધાનપરિષદ ના સભાપતિ , ઉપસભાપતિ

TEACHING KISHAN

વિશિષ્ટ બહુમતી :2/3

પ્રકાર 1

ઉપસ્થિત અને મતદાન કરનારા સભ્યોની ૨/૩ બહુમતી

પ્રકાર 2

ઉપસ્થિત અને મતદાન કરનારા સભ્યોની ૨/૩ બહુમતી
+
સંસદના કુલ સભ્યોની પૂર્ણ બહુમતી

પ્રકાર 3

બંને ગૃહના કુલ સભ્યોની ૨/૩ બહુમતી

ઉપસ્થિત અને મતદાન કરનારા સભ્યોની ૨/૩ બહુમતી
+
સંસદના કુલ સભ્યોની પૂર્ણ બહુમતી
+
અડધા રાજ્યના વિધાનમંડળ ની સામાન્ય બહુમતી

Follow us On @teaching_kishan

વિશિષ્ઠ બહુમતી - પ્રકાર 2

પ્રકાર I

- ✓ બંધારણીય સુધારો કરવામાં
- ✓ સુપ્રીમકોર્ટના ન્યાયાધીશને દૂર કરવા
- ✓ ઉચ્ચન્યાયાધીસ ને દૂર કરવા
- ✓ CAG ને દૂર કરવા
- ✓ મુખ્ય ચૂંટણી કમિશ્નર ને દૂર કરવા
- ✓ રાષ્ટ્રીય કટોકટી માટે સંસદ મંજૂરી
- ✓ રાજ્યમાં વિધાનપરિષદની રચના કે નાબુદી (વિધાનસભામાં)

પ્રકાર II

- ✓ બંધારણીય સુધારો
- ✓ સંઘ , રાજ્ય કે સંયુક્ત યાદી માં ફેરફાર
- ✓ સંઘ અને રાજ્ય માં કર પ્રણાલી (GST)
- ✓ સંસદમાં રાજ્યના પ્રતિનિધિત્વ માટે

વિશિષ્ઠ બહુમતી - પ્રકાર 3

- ➤ રાષ્ટ્રપતિ પર મહાભિયોગ પ્રક્રિયા

TEACHING KISHAN

સંઘ સરકાર (કેન્દ્ર સરકાર)

ભાગ 05

અનુચ્છેદ 52 થી 78

રાષ્ટ્રપતિ , ઉપરાષ્ટ્રપતિ ,

વડાપ્રધાન , મંત્રીપરિષદ ,

એટર્ની જનરલ

Follow us On @teaching_kishan

રાષ્ટ્રપતિ (President)



- ભારતના પ્રથમ નાગરિક છે.
- તે ભારતની રાષ્ટ્રની એકતા અને અખંડિતતાના પ્રતીક સમાન છે
- તે લશ્કરના ત્રણેય પાંખના (ભૂમિસેના , નૈસેના , વાયુસેના) ના વડા છે.
- રાષ્ટ્રપતિ એ ખાલી નામના પ્રમુખ છે જયારે વાસ્તવિક શક્તિઓ પ્રધાનમંત્રી અને એમની મંત્રીપરિષદ ને પ્રાપ્ત છે.
- રાષ્ટ્રપતિ એ ભારતના બંધારણીય વડા છે જયારે પ્રધાનમંત્રી એ ભારતના વહીવટી / કારોબારી વડા છે.
- ભારતીય બંધારણ માં ભાગ 5 ના **અનુચ્છેદ 52 માં રાષ્ટ્રપતિ પદ ની જોગવાઈ** "ભારતના એક રાષ્ટ્રપતિ હશે"
- ભારતમાં રાષ્ટ્રપતિ પદ ની જોગવાઈ "બ્રિટન" માંથી લેવાઈ છે પરંતુ બ્રિટન માં રાષ્ટપતિ એ વંશાનુગત હોય છે જયારે ભારતના રાષ્ટ્રપતિ ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા ચૂંટાઈને આવે છે તેથી જ ભારતને ગણતંત્ર રાજ્ય કહેવાય છે

TEACHING KISHAN

અનુચ્છેદ 58 : રાષ્ટ્રપતિ ની લાયકાત

- ભારતના નાગરિક હોવા જોઈએ
- ઉમર ઓછામાં ઓછી 35 વર્ષ હોવી જોઈએ.
- લોકસભાના સભ્ય તરીકે ચૂંટવાની લાયકાત હોવી જોઈએ.
- કેન્દ્ર કે રાજ્ય સરકાર માં કોઈ પણ લાભનું પદ ધરાવતા હોવા જોઈએ નહિ.

લાભનું પદ

રાષ્ટ્રપતિ , ઉપરાષ્ટ્રપતિ , રાજ્યપાલ , સંઘ કે રાજ્યના મંત્રી લાભના પદમાં આવશે નહિ એટલે કે તેઓ રાષ્ટ્રપતિ ની ચૂંટણી લડી શકશે.

TEACHING KISHAN

અનુચ્છેદ 54 : રાષ્ટ્રપતિની ચૂંટણી ની જોગવાઈ

કોણ ભાગ લેશે ?

- સંસદના બંને ગૃહના (લોકસભા અને રાજ્યસભા) ચૂંટાયેલા સભ્યો
- રાજ્યોની વિધાનસભામાં ચૂંટાયેલા સભ્યો
- દિલ્હી અને પુડ્ડુચેરી કેન્દ્રસાશિત પ્રદેશની વિધાનસભામાં ચૂંટાયેલા સભ્યો.

કોણ ભાગ ભાગ લેતા નથી

- સંસદના બંને ગૃહના નિમાયેલા વ્યક્તિ
- રાજ્યોની વિધાનસભાના નિમાયેલા વ્યક્તિ
- રાજ્યોની વિધાનપરિષદ ના ચૂંટાયેલ કે નિમાયેલ વ્યક્તિ
- દિલ્હી, પુડ્ડુચેરી ના વિધાનસભાના નિમાયેલા વ્યક્તિ
- જમ્મુ કાશ્મીર ની વિધાનસભાના ચૂંટાયેલ કે નિમાયેલ વ્યક્તિ

TEACHING KISHAN

અનુચ્છેદ 55 : રાષ્ટ્રપતિની ચૂંટણી પ્રક્રિયા

- રાષ્ટ્રપતિની ચૂંટણી પ્રક્રિયા "આયર્લેન્ડ" ના બંધારણ માંથી લેવામાં આવી છે.
- કોઈ પણ વ્યક્તિને રાષ્ટ્રપતિની ચૂંટણી લાડવા માટે

1. સંસંદ બંને ગૃહમાંથી થઈને 50 સભ્યોનો પ્રસ્તાવ
2. સંસદના બંને ગૃહમાંથી થઈને 50 સભ્યોનો ટેકો
3. 15000 રૂપિયા RBI માં ડિપોઝિટ તરીકે જમા કરાવવા પડશે. અને જો ઉમેદવારને કુલ માતાના છઠ્ઠા (1/6) ભાગના અમે નહિ મળે તો ડિપોઝીટ જપ્ત કરી દેવામાં આવશે.

TEACHING KISHAN

- શક્ય હોય ત્યાં સુધી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં દરેક રાજ્યની પ્રતિનિધિત્વ એકસમાન જાળવી રાખવાનો પ્રયત્ન કરવામાં આવશે.આ માટે રાષ્ટ્રપતિની ચૂંટણી "આનુપાતિક પ્રતિનિધિત્વ પ્રણાલી" (સમપ્રમાણ પ્રતિનિધિત્વ પ્રણાલી) દ્વારા યોજાશે.
- રાષ્ટ્રપતિની મત ની ગણતરી "એકલ સક્રમણીય મત ગણતરી" (Single Transferrable Vote) દ્વારા થશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

આનુપાતિક પ્રતિનિધિત્વ પ્રણાલી (સમપ્રમાણ પ્રતિનિધિત્વ પ્રણાલી)

➢ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં દરેક રાજ્યમાંથી જનસંખ્યનાં પ્રમાણમાં મતનું મૂલ્ય પહોંચાડવા.

$$\text{વિધાનસભામાં એક સદસ્યના મતનું મૂલ્ય} = \frac{\text{રાજ્યની કુલ વસ્તી}}{\text{વિધાનસભામાં ચૂંટાયેલા સભ્યો} \times 1000}$$

ગુજરાતના 1 MLA ના મતનું મૂલ્ય = $\frac{6,00,00,000}{182 \times 1000}$ = 330

નોંધ : દરેક રાજ્યમાં MLA નું મૂલ્ય અલગ અલગ હોય છે.

ગુજરાતના કુલ MLA ના મત નું મૂલ્ય = 330 × 182

= 60,060

❖ આ રીતે દરેક રાજ્યની વિધાનસભા અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશની વિધાનસભાની ગણતરી કરશે જેનો કુલ સરવાળો આશરે 5,49,495 થશે.

Follow us On @teaching_kishan

રાષ્ટ્રપતિની ચૂંટણીમાં સાંસદ (MP) નું મૂલ્ય

- લોકસભા અને રાજ્યસભા બંને ના મત નું મૂલ્ય સમાન હોય છે.

$$\text{સાંસદ સભ્યના મતનું મૂલ્ય} = \frac{\text{તમામ વિધાનસભાના મતો ના મૂલ્યોનો કુલ સરવાળો}}{\text{સંસદના ચૂંટાયેલા સભ્યોની કુલ સંખ્યા}}$$

$$\text{1 સાંસદ MP ના મતનું મૂલ્ય} = \frac{5,49,495}{776} = 708$$

લોકસભામાં ચૂંટાયેલા સભ્યો : 543
રાજ્યસભામાં ચૂંટાયેલા સભ્યો : 233
કુલ સભ્યો : 543 + 233 = 776

ભારતમાં કુલ MP ના મત નું મૂલ્ય = 708 × 776

= 5,49,408

TEACHING KISHAN

રાષ્ટ્રપતિની ચૂંટણી પ્રક્રિયા

- રાષ્ટ્રપતિની ચૂંટણીમાં નોટા (NATO) ની જોગવાઈ નથી.
- રાષ્ટ્રપતિની ચૂંટણી માં પક્ષ પલટા વિરોધી કાયદો લાગુ પડતો નથી.
- 84 માં બંધારણીય સુધારા અંતર્ગત જોગવાઈ કરવામાં આવી છે કે વર્ષ 2026 સુધી રાષ્ટ્રપતિની ચૂંટણી 1971 ની વસ્તી ગણતરી આધારે છે.
- રાષ્ટ્રપતિની ચૂંટણી EVM મશીનથી નથી થતી પરંતુ બેલોટ પેપર થી થાય છે.
- રાષ્ટ્રપતિની ચૂંટણી એકલ સક્રમણીય મત (Single transferrable vote) દ્વારા કરવામાં આવે છે.

TEACHING KISHAN

બેલોટ પેપર

રામનાથ કોવિદ		
મનસુખભાઈ પટેલ		
અરવીંદભાઈ કડિયા		
મોહનભાઈ શાહ		

KISHAN

Follow us On @teaching_kishan

એકલ સક્રમણીય મત (Single transferrable vote)

- ધારોકે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં 4 ઉમેદવારો ઉભા છે. જમે લોકસભા અને રાજ્યસભાના કુલ ચૂંટાયેલા સભ્યો 776 છે અને 30 વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો 4120 છે અને આ બંનેના મતનું મૂલ્ય 10,000 છે.
- હવે ઉમેદવારને વિજેતા થવા માટે ન્યુનતમ મત 50% + 1 પ્રાપ્ત કરવા જરૂરી છે.
- જે અનુસાર અહીં કુલ મત 10,000 માંથી જેના 5001 કે વધારે મત મળશે એ ઉમેદવાર જીતી જશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

એકલ સક્રમણીય મત (Single transferrable vote)

	પ્રથમ અગ્રતા ક્રમ પ્રમાણે મળેલ મત	બીજા અગ્રતાક્રમ પ્રમાણે મળેલ મત	ત્રીજા અગ્રતાક્રમ પ્રમાણે મળેલ મત	મળેલ કુલ મત
રામનાથ કોવિદ	3500	600	1000	5100 (વિજેતા)
મનસુખભાઈ પટેલ	3000	500	400	3900
અરવીંદભાઈ કડિયા	2000	400	-	-
મોહનભાઈ શાહ	1500	-	600	-

Follow us On @teaching_kishan

રાષ્ટ્રપતિ ચૂંટણી સબંધી વિવાદ

- રાષ્ટ્રપતિની ચૂંટણી "રાષ્ટ્રપતિ ચૂંટણી અધિનિયમ 1951" અંતર્ગત ઉલ્લેખિત છે.
- રાષ્ટ્રપતિની ચૂંટણી ભારતીય ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવે છે
- રાષ્ટ્રપતિની ચૂંટણી સબંધિત કઈ પણ વિવાદ થાય તો તેને સુપ્રીમ કોર્ટ દ્વારા ઉકેલવામાં આવે છે.
- જો રાષ્ટ્રપતિની ચૂંટણી દરમિયાન કોઈ રાજ્યની વિધાનસભાનો ભંગ થાય છે તો રાષ્ટ્રપતિની ચૂંટણી ઉભી રહેતી નથી. આવી વિધાનસભાના સભ્ય રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ભાગ લઈ શકતા નથી.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 59 : રાષ્ટ્રપતિ પગાર ભથ્થા

- બંધારણ ની અનુસૂચિ 2 પ્રમાણે **સંસદ કાયદા દ્વારા** રાષ્ટ્રપતિના પગાર ભથ્થા નક્કી કરશે.
- રાષ્ટ્રપતિની પગાર **"ભારતીય સંચિત નિધિ"** માંથી આપવામાં આવે છે.
- તેમના પગાર-ભથ્થા તેમના કાર્યકાળ દરમિયાન ઘટાડી શકતા નથી.
- તેમને રહેવા માટે **"રાષ્ટ્રપતિ ભવન"** આપવામાં આવે છે.
- તેમનો પગાર માસિક **5,00,000** છે પછી તેમને માસિક પગારના **50%** પેન્શન તરીકે મળશે.

અનુચ્છેદ 60 : રાષ્ટ્રપતિ શપથ

- રાષ્ટ્રપતિને શપથ **"સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ"** લેવડાવશે.
- જો સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ ગેરહાજર હોય તો **"સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ ન્યાયાધીશ"** રાષ્ટ્રપતિને શપથ લેવડાવશે.

TEACHING KISHAN

અનુચ્છેદ 56 : રાષ્ટ્રપતિના પદની મુદ્દત

- રાષ્ટ્રપતિઓનો કાર્યકાળ 5 વર્ષનો હોય છે.
- અનુચ્છેદ 56 અનુસાર રાષ્ટ્રપતિ પોતાનો 5 વર્ષનો કાર્યકાળ પૂર્ણ થાય તે પહેલા ઉપરાષ્ટ્રપતિને પોતાનું રાજીનામુ આપી શકે છે.
- રાષ્ટ્રપતિનું મુત્યુ થઇ જાય અથવા રાજીનામુ આપે તો ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિ તરીકે કામ કરશે. ઉપરાષ્ટ્રપતિ વધુમાં વધુ 6 મહિના સુધી રાષ્ટ્રપતિ પદ પર રહી શકે છે કારણકે અનુચ્છેદ 62 અંતર્ગત 6 મહિનાની અંદર રાષ્ટ્રપતિ ની ચૂંટણી થઇ જવી જોઈએ.
- જો રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ બંને ગેરહાજર અથવા પદ ખાલી હોય ત્યારે સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ અને એ પણ ઘેર હાજર હોય તો સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ ન્યાયાધીશ રાષ્ટ્રપતિ તરીકે ની ફરજ નિભાવશે.

TEACHING KISHAN

અનુચ્છેદ 57 : પુનઃ ચૂંટાવા માટે યોગ્યતા

- અનુચ્છેદ 57 અનુસાર રાષ્ટ્રપતિ તરીકે હોદ્દો ધરાવતી અથવા ભૂતકાળમાં ધરાવી ચુકેલી વ્યક્તિ ફરીથી રાષ્ટ્રપતિ બનવા પાત્ર ગણાશે.
- (નોંધ : અમેરિકામાં રાષ્ટ્રપતિ માત્ર 2 વાર જ ચૂંટાઈ શકે છે)

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 61 : રાષ્ટ્રપતિ પર મહાભિયોગ પ્રક્રિયા

- રાષ્ટ્રપતિ પર મહાભિયોગ પ્રક્રિયા અનુચ્છેદ 61 અંતર્ગત "બંધારણ ના ભંગ" ના આરોપસર સંસદમાં મહાભિયોગની પ્રક્રિયા દ્વારા રાષ્ટ્રપતિને હોદ્દા પરથી દૂર કરી શકાય છે.
- ભારતીય બંધારણ માં મહાભિયોગ પ્રક્રિયા માત્ર રાષ્ટ્રપતિ ને હટાવવા માટે જ કરવામાં આવે છે .
- મહાભિયોગ ની પ્રક્રિયા ભારતે અમેરિકાના બંધારણ માંથી લીધેલ છે.
- મહાભિયોની પ્રક્રિયા "સંસદીય અને અર્ધન્યાયિક" છે.
- રાષ્ટ્રપતિ ને હટાવવાની મહાભિયોગ પ્રક્રિયામાં બંને ગૃહ (લોકસભા અને રાજ્યસભાના) ચૂંટાયેલ અને નિમાયેલા વક્તિઓ મત આપશે.
- અને રાજ્યની વિધાનસભાના સભ્યો ભાગ લેતા નથી.

TEACHING KISHAN

મહાભિયોગ પ્રક્રિયા સંસદના બંને ગૃહ માંથી કોઈ પણ ગૃહ માં શરુ કરી શકાય

↓

શરુ કરનાર ગૃહના 1/4 સભ્યોનું હસ્તાક્ષર વાળું આવેદન જે તે ગૃહના અધ્યક્ષને આપવાનું રહશે.

↓

14 દિવસ પહેલા રાષ્ટ્રપતિને નોટિસ આપવામાં આવશે.

↓

14 દિવસ પછી 2/3 કુલ સદસ્યતાના બહુમતીથી ઠરાવ પસાર કરી બીજા ગૃહમાં મોકલવામાં આવે છે.

↓

બીજું ગ્રુહ તાપસ કરશે આ દરમિયાન રાષ્ટ્રપતિને ગૃહ માં હાજર રહેવાનો અને રજુઆત કરવાનો અધિકાર છે.

↓

છતાં મહાભિયોગ પ્રક્રિયા ચાલુ રહી બીજા ગૃહમાંથી પણ 2/3 બહુમતી થી પસાર થઈ જાય

↓

તે સમયથી રાષ્ટ્રપતિને પોતાનું પદ છોડવું પડે.

રાષ્ટ્રપતિનું પદ ક્યારે ખાલી થઈ શકે ?

1. મહાભિયોગ પ્રક્રિયાથી હટાવવામાં આવે.
2. 5 વર્ષનો કાર્યકાળ પૂરો થાય.
3. રાજીનામુ આપે
4. રાષ્ટ્રપતિની ચૂંટણીને સર્વોચ્ચ અદાલત અયોગ્ય ઠરાવે અથવા રદ કરે
5. રાષ્ટ્રપતિ નું મુત્યુ થાય.

- રાષ્ટ્રપતિનો કાર્યકાળ પૂરો થાય તે પહેલા એમની ચૂંટણી કરી લેવામાં આવે છે.
- કોઈ કારણોસર ચૂંટણીમાં વિલંભ થાય તો રાષ્ટ્રપતિ જ્યાં સુધી નવા રાષ્ટ્રપતિ ચુટાંય (5 વર્ષ કાર્યકાળ થી વધુ) પોતાનું પદ સાંભળવાનું ચાલુ રહે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan



TEACHING KISHAN

Follow us On @teaching_kishan

કારોબારી શક્તિ

- ભારત સરકારના તમામ કારોબારી કર્યો રાષ્ટ્રપતિના નામથી થશે. રાષ્ટ્રપતિ કારોબારી કાર્યોના નિયમો બનાવી શકે છે અને તેમને પ્રમાણિત પણ કરી શકે છે.
- રાષ્ટ્રપતિ કેન્દ્ર સરકારના કાર્યને વધુ વ્યવસ્થિત અને મંત્રીઓમાં જણાવેલ વ્યવસાયોની ફાળવણી માટેના નિયમો બનાવી શકે છે.
- વડાપ્રધાન અને અન્ય મંત્રીઓની નિમણુંક કરે છે અને તેમની મરજી દરમિયાન તેઓ હોદ્દો ધરાવે છે
- તે ભારતના એટર્ની જનરલની નિમણુંક કરશે અને તેમનું મહેનતાણું નક્કી કરશે. એટર્ની જનરલ રાષ્ટ્રપતિ ઈચ્છે ત્યાં સુધી જ પદ સાંભળી શકે છે.
- રાષ્ટ્રપતિ કોઈ પણ વિસ્તારને અનુસૂચિત વિસ્તાર જાહેર કરવાની સત્તા છે. અને તમને વહીવટ કરવાની સત્તા ધરાવે છે.

TEACHING KISHAN

- રાષ્ટ્રપતિ કેન્દ્ર અને રાજ્ય અથવા આંતરરાજ્યો વચ્ચે સહયોગ માટે આંતરરાજ્ય પરિષદની નિમણુંક કરે છે.
- રાષ્ટ્રપતિ વડાપ્રધાન પાસેથી કેન્દ્ર સરકારના વહીવટ અને વિધેયક સબંધિત માહિતી માંગી શકે છે.

રાષ્ટ્રપતિ નિમણુંક અને દૂર કરી શકે

- વડાપ્રધાન અને મંત્રીઓ
- એટર્ની જનરલ
- રાજ્યના રાજ્યપાલ
- નાણાપંચ , ભાષાપંચ
- આંતર રાજ્ય સમિતિ

રાષ્ટ્રપતિ નિમણુંક ,દૂર કરવા માટે વિશેષ જોગવાઈ

- CAG
- સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો
- હાઈકોર્ટ ના ન્યાયાધીશો
- ચૂંટણી કમિશ્નર
- UPSC , SPSC આયોગ

- અનુસૂચિત જાતિ, જનજાતિ રાષ્ટ્રીય પંચ

Follow us On @teaching_kishan

કાયદાકીય / ધારાકીય સત્તા

ભારતમાં રાષ્ટ્રપતિ સંસદનો અભિન્ન ભાગ છે.

1. સંસદનું સત્ર બોલાવી અને સમાપ્ત કરી શકે છે , લોકસભાનું વિસર્જન કરી શકે છે ,
2. સંસદના બંને ગૃહ ની સંયુક્ત બેઠક બોલાવી શકે છે જેની અધ્યક્ષતા લોકસભાના અધ્યક્ષ કરશે.
3. લોકસભાની સામાન્ય ચૂંટણી પછી પ્રથમ સત્ર ની શરૂઆત સમયે સંસદને સંબોધન કરવાની.
4. સંસદમાં પેન્ડિંગ બિલને ધ્યાને રાખીને સંસદના ગૃહોને સંદેશા મોકલી શકે છે.
5. લોકસભાના સ્પીકર અને ડેપ્યુટી સ્પીકર ની જગ્યા ખાલી હોય ત્યારે
   લોકસભામાંથી કાર્યકારી અધ્યક્ષની નિમણુંક કરવાની સત્તા
6. રાજ્યસભામાં સભાપતિ અને ઉપસભાપતિનું પદ ખાલી પડે ત્યારે
   રાજ્યસભામાંથી કોઈ સભ્યને સભાપતિ કે ઉપસભાપતિ બનાવી શકે.

TEACHING KISHAN

7. સાહિત્ય ,વિજ્ઞાન, કલા અને સમાજસેવામાં વિશેસ જ્ઞાન ધરાવતા 12 વ્યક્તિઓની રાજ્યસભામાં નિમણુંક કરી શકે છે. (અનુચ્છેદ 80)
8. ચૂંટણી પંચ ની સલાહ લઈને રાષ્ટ્રપતિ સંસદસભ્યોની ગેરલાયકાત અંગેના પ્રશ્નોનો નિર્ણય કરે છે જેમાં રાષ્ટપતિનો નિર્ણય અંતિમ રહેશે.
9. સંસદમાં અમુક બિલને રજુ કરતા પહેલા રાષ્ટ્રપતિની પૂર્વ મજૂરી જરૂરી છે ઉદાહરણ : આકસ્મીત નિધિ સાથે જોડાયેલ બિલ , રાજ્યની સીમા બદલવાનું કે નવા રાજ્ય બનાવવા માટેનું બિલ
10. વાર્ષિક નાણાકીય નિવેદન (બજેટ) રજૂ કરવાની સત્તા (અનુચ્છેદ 112)
11. CAG (નિયંત્રક કે મહાલેખા પરીક્ષક) ને અહેવાલ રજુ કરાવવાની
12. SC ,ST ના રાષ્ટ્રીય પંચનો અહેવાલ રજુ કરાવવાની
13. કેન્દ્રીય જાહેર સેવા પંચ નો વાર્ષિક અહેવાલ રજુ કરાવવાનો

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

નાણાકીય સત્તાઓ

1. કોઈ પણ નાણાકીય બિલ રાષ્ટ્રપતિની પૂર્વ મંજુરીથી જ સંસદમાં રજુ કરી શકાય છે.તેમાં કરવેરા ને લગતા ખરડા પણ રાષ્ટ્રપતિ ની મજૂરી વગર સંસદ સમક્ષ રજુ કરી શકાય નહિ.
2. રાષ્ટ્રપતિ દરેક નાણાકીય વર્ષની શરૂઆતમાં કેન્દ્રનું અંદાજપત્ર સંસદ સમક્ષ રજુ કરાવે છે.
3. રાષ્ટ્રપતિની ભલામણ સિવાય કોઈ પણ ગ્રાન્ટ કે અનુદાન ની માટેની માંગ થઈ શકતી નથી.
4. રાષ્ટ્રપતિ અણધાર્યા ખર્ચને પહોંચી વળવા માટે કેન્દ્રની આકસ્મીત નિધિ માંથી નાણાંનો ઉપયોગ કરવાની સત્તા ધરાવે છે.
5. કેન્દ્ર અને રાજ્યો વચ્ચે કરની આવકના વિતરણ માટે દર પાંચ વર્ષે નાણાપંચની રચના કરે છે.

TEACHING KISHAN

ન્યાયિક શક્તિઓ

1. રાષ્ટ્રપતિ સુપ્રીમકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને અન્ય ન્યાયાધીશોની નિમણુંક કરે છે
2. રાષ્ટ્રપતિ રાજ્યની હાઇકોર્ટના મુખ્ય અને અન્ય ન્યાયધીશ ની નિમણુંક કરે છે.
3. રાષ્ટ્રપતિ કોઈ પણ આરોપીની સજા માફ કરાવવી અથવા સજા સ્થગિત રાખી શકે છે (અનુચ્છેદ 72)
4. રાષ્ટ્રપતિ અનુચ્છેદ 143 અંતર્ગત સુપ્રીમ કોર્ટની સલાહ લઈ શકે છે પણ તે સલાહ માનવા બંધાયેલા નથી.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

રાજદ્વારી સત્તાઓ

1. ભારતમાં તમામ આંતરરાષ્ટ્રીય કરારો અને સંધિઓ રાષ્ટ્રપતિના નામે થાય છે.જો કે તે સંસદની મંજૂરી ને આધીન છે
2. રાષ્ટ્રપતિ વિદેશમાં ભારતીય રાજદૂતની નિમણુંક કરે છે તથા વિદેશી રાજદૂત ને ભારત માં આવકારે છે.

TEACHING KISHAN

લશ્કરી શક્તિઓ

1. ભારતમાં ત્રણેય પાંખ (નૈશેના , વાયુસેના અને ભૂમિ સેનાએ) ના વડા છે. અને ત્રણેય પાંખના વડાની નિમણુંક કરે છે.
2. સંસદની મજૂરીને ધ્યાનમાં લઈને યુદ્ધની ઘોષણા કરી શકે છે અને શાંતિ જાહેર (યુદ્ધ વિરામ) ની ઘોષણા પણ કરે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

કટોકટી / આપાતકાલીન શક્તિઓ

- ભારતમાં રાષ્ટ્રપતિ કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા માટે ત્રણ પ્રકારની કટોકટી જાહેર કરી શકે છે.

1. અનુચ્છેદ 352 : રાષ્ટ્રીય કટોકટી
2. અનુચ્છેદ 356 : બંધારણીય કટોકટી / રાજ્ય કટોકટી / રાષ્ટ્રપતિ શાસન
3. અનુચ્છેદ 360 : નાણાકીય કટોકટી

TEACHING KISHAN

અનુચ્છેદ 111 : રાષ્ટ્રપતિની વિટો શક્તિ

- સંસદ માંથી કોઈ ખરડો પસાર કરી ને જ્યાં સુધી રાષ્ટ્રપતિની સહી ના થાય ત્યાં સુધી તે કાયદો બનતો નથી. રાષ્ટ્રપતિ પોતાની પાસે આવેલા ખરડાને મંજુર કે ના મંજુર કરવાની સત્તા રહેલી છે.
- અનુચ્છેદ 111 માં રાષ્ટ્રપતિ ને વિટો શક્તિ આપવામાં આવેલ છે.
- આ અધિકાર આપવાનું કારણ :

1. સંસદે ખરડો ઉતાવળમાં અને વિચાર વિમર્શ કાર્ય વગર પસાર કરેલ હોય
2. ખરડો ગેરબંધારણીય હોય

TEACHING KISHAN

રાષ્ટ્રપતિની વિટો સત્તા

અત્યાંતિક /સંપૂર્ણ વિટો
Absolute Veto

- બ્રિટન માંથી લેવામાં આવ્યો છે
- ખરડા પર સહમતી ન આપવી જેથી ખરડો કાયદો બનતો નથી

નીલંબનકારી વિટો
Suspension Veto

- ફ્રાન્સ માંથી લેવામાં આવ્યો છે
- ખરડાને પુનઃ વિચારણા માટે સંસદમાં મોકલવામાં આવે છે જો ફરીથી ખરડો રાષ્ટ્રપતિ પાસે આવે તો અમને ફરજીયાત સહી કરવી પડે છે.

પોકેટ વિટો
Pocket Veto

- અમેરિકા માંથી લેવામાં આવ્યો છે
- રાષ્ટ્રપતિ ખરડાને સંમતિ આપ્યા વિના અનિશ્ચિત સમય સુધી પોતાની પાસે રાખી મુકશે.

Follow us On @teaching_kishan

અત્યાંતિક /સંપૂર્ણ વિટો (Absolute Veto)

- અત્યાંતિક વીટોએ સંસદના બંને ગૃહના પસાર કરાયેલા ખરડાને નામંજુર કરવા માટેનો રાષ્ટ્રપતિનો બંધારણીય અધિકાર છે. આનાથી બિલ સમાપ્ત થઈ જશે અને તે કાયદો બનશે નહિ.

અત્યાંતિક /સંપૂર્ણ વિટો (Absolute Veto)

ખાનગી ખરડાના સંદર્ભમાં

❑ સંસદના કોઈ ખાનગી સભ્ય દ્વારા લાવાયેલું બિલ જેમાં મંત્રી પરિસદ એના પક્ષમાં નથી તો રાષ્ટ્રપતિ મંજૂરી આપવાની ના પડી શકે છે.

સરકારી ખરડા સંદર્ભે

❑સંસદ માંથી બિલ પસાર થયા પછી અને રાષ્ટ્રપતિની સહી થાય તે પહેલા જો કેબિનેટ રાજીનામુ આપે છે તો નવી બનેલ મંત્રી પરિષદ રાષ્ટ્રપતિને તે ખરડો અસ્વીકાર કરવાની સલાહ આપે તો રાષ્ટ્રપતિ બિલ ના મંજુર કરશે.

TEACHING KISHAN

- વર્ષ 1954 ડો રાજેન્દ્ર પ્રસાદ દ્વારા PEPSU (હિમાનચલ નો એક પ્રદેશ છે) બિલ પર આ વિટો નો ઉપયોગ કરી બિલને ના મંજુર કરવામાં આવ્યું હતું.
- વર્ષ 1991 માં લોકસભાના વિસર્જન થાય તેના એક દિવસ પહેલા જ સંસદ સભ્યોના પગાર , ભથ્થા , પેન્શન ને લગતા ખરડાને રાષ્ટ્રપતિ "ડો.આર વેંકટરામન" દ્વારા સંમતિ મળી ન હતી.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

નીલંબનકારી વિટો (Suspension Veto)

- જયારે રાષ્ટ્રપતિ કોઈ ખરડાને પુનઃવિચારણા માટે સંસદમાં પરત કરે ત્યારે આ વિટો નો ઉપયોગ કરે છે.
- સંસદ દ્વારા સુધારા સાથે કે સુધારા વિના ફરીથી તે ખરડો પસાર કરી ફરી તેને રાષ્ટ્રપતિ સમક્ષ રજુ કરવામાં આવે તો રાષ્ટ્રપતિ ને આ બિલ પર સહમતી આપવી ફરજીયાત છે.
- વર્ષ 2006 માં રાષ્ટ્રપતિ APJ અબ્દુલ કલામ દ્વારા "લાભના પદ માટેનો ખરડો" પુનઃ વિચાર કરવાં માટે મોકલેલો જો સુધારવા વગર પાછો આવ્યો અને સહમતી આપવી પડી.

❑ નોંધ : રાષ્ટ્રપતિ નાણાં ખરડો અને બંધારણીય સુધારા માટેનો ખરડો પુનઃ વિચારણા માટે મોકલી શકે નહીં .

TEACHING KISHAN

પોકેટ વિટો (Pocket Veto)

- કોઈ ખરડાને મંજૂરી માટે રાષ્ટ્રપતિ પાસે મોકલવામાં આવે છે ત્યારે રાષ્ટ્રપતિ ખરડાને મંજુર કે ના મંજુર કાર્ય વગર તે બિલ અનિશ્ચિત સમય માટે પોતાની પાસે મૂકી રાખશે જેને પોકેટ વિટો કહે છે.
- બંધારણ માં કોઈ ખરડા પર રાષ્ટ્રપતિ કેટલા સમયમાં સહી કરશે એવી કોઈ સમય મર્યાદા નો ઉલ્લેખ નથી જેનો લાભ લઈ રાષ્ટ્રપતિ તેને અનિશ્ચિત સમય માટે પોતાની પાસે રાખી મુકશે
- ઈ.સ 1986 માં રાષ્ટ્રપતિ જ્ઞાનિજેલસીહ દ્વારા વિવાદસ્પદ "ભારતીય ટપાલ ખરડા" પર આ વિટો નો ઉપયોગ કર્યો હતો
- નોંધ : બંધારણીય સુધારા માટેનો ખરડો પર કોઈ વિટો શક્તિ ના વાપરી શકે.

(24 બંધારણીય સુધારા માં મંજૂરી આપવી ફરજીયાત કરી દીધી)

TEACHING KISHAN

વિશેષિત વિટો (Qualified Veto)

- આ વિટો ભારતના બંધારણ માં થી અમેરિકા ના બંધારણ માં છે.
- સંસદની બહુમતી દ્વારા રાષ્ટ્રપતિના વિટો પાવર ને રદ કરવો.
- અમરિકામાં રાષ્ટ્રપતિ કોઈ પણ બિલ ને 10 દિવસ પોતાની પાસે રાખી શકે છે.પછી તે જયારે સુધારા માટે રાષ્ટ્રપતિ સંસદ માં મોકલે ત્યારે બહુમતી 2/3 પસાર થઈ જાય તો રાષ્ટ્રપતિનો પોકેટ વિટો દૂર થશે. જો બહુમતી ના મળે તો પોકેટ વિટો ચાલુ રહેશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

રાજ્યના ખરડા પર રાષ્ટ્રપતિની વિટો શક્તિ

- રાજ્યની વિધાનસભામાં પસાર કરાયેલ બિલ ત્યારે જ કાયદો બને ત્યારે એના પર રાજ્યપાલ ની સહી થાય .
- પરંતુ અમુક વિષયના કે વિવાદિત બિલ ને રાજ્યપાલ તે બિલને રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલી શકે છે.તો એમાં રાષ્ટપતિની મંજૂરી મળવાથી જ બિલ કાયદો બનશે.

અનુચ્છેદ 200 : રાજ્યપાલનો વિટો

અત્યાંતિક /સંપૂર્ણ વિટો Absolute Veto

ખરડા પર સહમતી ન આપવી જેથી ખરડો કાયદો બનતો નથી

નીલંબનકારી વિટો Suspension Veto

❑ખરડાને પુનઃ વિચારણા માટે વિધાનસભામાં મોકલવામાં આવે છે જો ફરીથી ખરડો રાજ્યપાલ પાસે આવે તો અમને ફરજીયાત સહી કરવી પડે છે.

પોકેટ વિટો Pocket Veto

❑રાજ્યપાલ ખરડાને સંમતિ આપ્યા વિના અનિશ્ચિત સમય સુધી પોતાની પાસે રાખી મુકશે.

રાષ્ટ્રપતિને મોકલવામાં આવે (અનુચ્છેદ 201)

Follow us On @teaching_kishan

રાજ્યબિલ રાષ્ટ્રપતિને મોકલવામાં આવે (અનુચ્છેદ 201)

- સ્વીકાર કરી શકે છે.
- પોતાની પાસે સુરક્ષિત રાખી શકે
- પુનઃ વિચારણા માટે વિધાનસભામાં મોકલશે (નાણાબિલ સિવાય)
  - ❑ વિધાનસભા દ્વારા સુધારીને કે સુધારા વગર જો ખરડો ફરી રાષ્ટ્રપતિ પાસે જાય તો રાષ્ટ્રપતિ સહી કરવા બંધાયેલા નથી. (આ પ્રક્રિયા વારંવાર થઈ શકે છે)

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

રાષ્ટ્રપતિની વિટો શક્તિ

સંસદ	રાજ્યવિધાનમંડળ
આ ખરડાને રાષ્ટપતિ મંજુર કે નામંજૂર કરી શકે છે.	આ ખરડાને રાષ્ટપતિ મંજુર કે નામંજૂર કરી શકે છે.
એક જ વાર ગૃહ ને પુનઃ વિચારણા માટે પરત કરી શકે છે.	રાજ્યબિલ ને રાષ્ટ્રપતિ અસંખ્ય વાર પુનઃ વિચારણા માટે મોકલી શકે છે.
નાણાંખરડા મંજુર કે નામંજૂર થઇ શકે પણ પુનઃ વિચારણા માટે મોકલી શકાય નહિ.	નાણાંખરડા મંજુર કે નામંજૂર થઇ શકે પણ પુનઃ વિચારણા માટે મોકલી શક્ય નહિ.
બંધારણીય સુધારા માટેનો ખરડો પર રાષ્ટ્રપતિ મંજૂરી આપવા બંધાયેલા છે.	રાજ્ય વિધાનસભાને બંધારણીય સુધારાની સત્તા જ નથી

Follow us On @teaching_kishan

રાષ્ટ્રપતિની વિટો શક્તિ

	અત્યાંતિક વિટો	નીલંબનકારી વિટો	પોકેટ વિટો
સામાન્ય ખરડો	હા	હા	હા
નાણાં ખરડો	હા	ના	હા
નાણાકીય ખરડો	હા	ના	હા
રાજ્યોનો ખરડો	હા	હા	હા
બંધારણીય સુધારા નો ખરડો	ના	ના	ના

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 123 : રાષ્ટ્રપતિ વટહુકમ પાડવાની સત્તા

- અનુચ્છેદ 123 અંતર્ગત રાષ્ટ્રપતિ અસામાન્ય સંજોગોમાં જયારે સંસદનું સત્ર ચાલુ નહિ હોય ત્યારે જરૂરી કાયદા બનાવી શકે એના માટે રાષ્ટ્રપતિને વટહુકમ બહાર પાડવાની સત્તા આપેલી છે.
- આ વટહુકમ સંસદના કાયદા ની જેમ જ વર્તે છે પરંતુ કામચલાઉ કાયદાઓના સ્વરૂપમાં વર્તે છે
- વટહુકમ બહાર પાડવાની પરિસ્થિતિ

1. જયારે સંસદના બંને ગૃહ અથવા કોઈ એક ગૃહ કાર્યરત ન હોય ત્યારે
2. રાષ્ટ્રપતિને તત્કાલીન કાયદો બનાવવી જરૂર જણાય ત્યારે
3. સરકાર સમક્ષ આકસ્મિત પરિસ્થિતિ નિર્માણ પામે ત્યારે

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

મર્યાદા

1. જ્યારે સંસદના બંને ગૃહ નું સત્ર ચાલુ હોય ત્યારે રાષ્ટ્રપતિ વટહુકમ પડી શકે નહિ. બંને ગૃહ સત્ર માં હોય અને વટહુકમ બહાર પડશે તો તે રદબાતલ છે.
2. તે ત્યારેજ વટહુકમ બનાવી શકે જ્યારે એવા સંજોગો અસ્થિત્વમાં હોય જે સમયે તત્કાલીન પગલાં લેવા પડે. 44 માં બંધારણીય સુધારા અંતર્ગત રાષ્ટ્રપતિના વટહુકમ ની ન્યાયિક સમીક્ષા કરી શકાશે.
3. રાષ્ટ્રપતિ એજ મુદ્દાઓ પર વટહુકમ બનાવી શકે જેમાં સંસદ કાયદો બનાવી શકે.
   વટહુકમ સંસદના અધિનિયમની સમાન બંધારણીય મર્યાદાને આધીન છે આથી
   વટહુકમ મૂળભૂત અધિકાર ને ઘટાડી અથવા છીનવી શકતો નથી
4. રાષ્ટ્રપતિ વટહુકમ દ્વારા બંધારણીય સુધારો કરી શકતા નથી.

TEACHING KISHAN

5. સંસદનું સત્ર ચાલુ ન હોય ત્યારે જારી કરેલ વટહુકમ ને જ્યારે સંસદના બંને સત્ર ચાલુ હશે ત્યારે તે વટહુકમ ને બંને ગૃહમાંથી પસાર કરી મંજૂરી આપવામાં આવે ત્યારે જ તે કાયદો બનશે

➢ જો સંસદ વટહુકમ પર કોઈ પગલાં ના લે તો વટહુકમ સંસદના ચાલુ થયાના 6 અઠવાડિયાની (42 દિવસ) અંદર સમાપ્ત થઈ જશે .

❖ રાષ્ટ્રપતિ કોઈ પણ સમયે વટહુકમને પાછો ખેંચી શકે છે. રાષ્ટ્રપતિ ને વટહુકમ બનાવવાની સત્તા વિવેકબુદ્ધિ માત્ર ની નથી તે વડાપ્રધાન ની આગેવાની હેઠળ મંત્રીપરિષદની સલાહ સૂચન થી વટહુકમ લગાવી શકે છે અથવા ખેંચી શકે છે.

❖ વટહુકમ અને કટોકટી સાથે કોઈ જોડાણ નથી

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

વટહુકમ નો સમયગાળો



TEACHING KISHAN

- સંસદ ચાલુ થયાના 6 અઠવાડિયામાં વટહુકમ પસાર થઈ જશે તો કાયદો બનશે બાકી રદ થશે.
- વટહુકમ નો મહત્તમ સમયગાળો 7.5 મહિના (૬ મહિના અને ૬ અઠવાડિયા) સુધીનો હોય છે.

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 72 : સજા માફ કરવાની અને સ્થગિત રાખવાની શક્તિ

- રાષ્ટ્રપતિ ને અનુચ્છેદ 72 અનુસાર નીચેના તમામ કેસ માં સજા ઓછી કે માફ કરવાની સત્તા છે
  1. લશ્કરી અદાલત (કોર્ટ માર્શલ) દ્વારા સજા કરવામાં આવી હોય.
  2. સંઘની કારોબારી સત્તા જ્યાં સુધી વિકસેલી હોય એવી કોઈ પણ બાબત ને લગતા કાયદા વિરુદ્ધના ગુના સામે રક્ષણ અથવા સજા કરવામાં આવેલ હોય તેવા તમામ કેસો માં
  3. મુત્યુ દંડ અને ફાંસીની સજા ના કિસ્સામાં
- રાષ્ટ્રપતિ દોષિત ઠરાવેલ કોઈ પણ વ્યક્તિની સજાને માફ કરવાનો , સજાને કામચલાઉ મોકૂફ રાખવાનો , સાંજના માં ઘટાડો કરવાનો , કે સ્થગિત રાખવાનો અધિકાર છે.

TEACHING KISHAN

ક્ષમા

- તે સજા અને દોષ બંનેને દૂર કરે છે અને દોષિતને તમામ સજાઓ અને અયોગ્યતાથી સંપૂર્ણ રીતે મુક્ત કરે છે. (દોષીને સંપૂણપણે માફી)

પરિવર્તન /લઘુકરણ

- કઠોર સજાને હળવા સ્વરૂપમાં ફેરવે છે.જેમકે મૃત્યુદંડ ને અજીવન કેદમાં ફેરવે છે. સખત કેદ ને સાદી કેદમાં ફેરવે છે

મુક્તિ / પરિહાર

- સજાની પ્રકૃતિ બદલ્યા વિના સજાની અવધિ ઘટાડવામાં આવે છે. જેમકે

  5 વર્ષની સજા 2 વર્ષ કરવી

TEACHING KISHAN

વિરામ / રાહત

- દંડ મેળવેલ વ્યક્તિની ખાસ પરિસ્થિતિ ને ધ્યાનમાં રાખી દંડ ની કઠોળતા ઓછી કરવી જેમાં રાહતમાં સજાની પ્રકૃતિ પણ બદલી શક્ય છે. જેમકે કોઈ ગર્ભવતી સ્ત્રી ને મૃત્યુદંડ ની જગ્યાએ આજીવન કારાવાસ , કોઈ વૃદ્ધ ને સખત ને બદલે સાદી કેદ

સજા મોકૂફ / વિલંબ

- મુત્યુ દંડ ને અસ્થાયી રૂપથી સ્થગિત કરવું એવું ત્યારે કરવામાં આવે જયારે અપરાધી દ્વારા ક્ષમા અથવા સજા ઘટાડવાની વિનંતી હોય અને રાષ્ટ્રપતિ વિચારાધીન હોય.
- રાષ્ટ્રપતિ આ શક્તિનો ઉપયોગ મંત્રીમંડળ ની સલાહથી કરી શકે છે.
- રાષ્ટ્રપતિની ક્ષમા દાન ની શક્તિ ન્યાય પુનઃઅવલોકન ને આધીન હોય છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

ઉપરાષ્ટ્રપતિ (vice - President)

- ભારતીય બંધારણ માં રાષ્ટ્રપતિ પછી બીજા ક્રમ નું સૌથી ઊંચો હોદ્દો.
- ઉપરાષ્ટ્રપતિ નું પદ "અમેરિકાના" બંધારણ માંથી લેવામાં આવેલું છે.
- ભારતમાં બંધારણ માં ઉપરાષ્ટ્રપતિનું પદ વર્ષ 1952 થી શરુ થયેલું.

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 63 : ઉપરાષ્ટ્રપતિ પદ ની જોગવાઈ

- ભારતમાં એક ઉપરાષ્ટ્રપતિ હશે.

અનુચ્છેદ 64 : ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂ એ રાજ્યસભાના સભાપતિ રહેશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 65 : રાષ્ટ્રપતિની ગેરહાજરીમાં ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિનું પદ સંભાળશે.

- અનુચ્છેદ 65 અનુસાર ઉપરાષ્ટ્રપતિ નીચેની પરિસ્થિતિમાં રાષ્ટ્રપતિનું પદ સંભાળશે.
- **અનુચ્છેદ 65 (1) :** રાષ્ટ્રપતિ નું મુત્યુ , રાજીનામુ કે મહાભિયોગ થી પદ પરથી હટાવવા જેવી પરિસ્થિતિમાં ઉપરાષ્ટ્રપતિ જ્યાં સુધી નવા રાષ્ટ્રપતિ નહિ ચૂંટાય ત્યાં સુધી રાષ્ટ્રપતિ નું પદ સંભાળશે.
- **અનુચ્છેદ 65 (2) :** જયારે રાષ્ટ્રપતિ બીમારીના લીધે કાર્ય કરવામાં અસમર્થ ના હોય ત્યારે ઉપરાષ્ટ્રપતિ જ્યાં સુધી રાષ્ટ્રપતિ સજા થઈ પાછા ના આવે ત્યાં સુધી તેમનું પદ સંભાળશે.
- **અનુચ્છેદ 65 (3) :** ઉપરાષ્ટ્રપતિ જયારે રાષ્ટ્રપતિ તરીકે કાર્ય કરશે ત્યારે અમને બધી જ રાષ્ટ્રપતિ ની શક્તિ અને સત્તાઓ અને રાષ્ટ્રપતિના પગાર ભથ્થા મળશે.

  જ્યાં સુધી ઉપરાષ્ટ્રપતિ સંસદમાં કાયદો પસાર કરી કોઈ નિયમ ના બનાવે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

ઉપરાષ્ટ્રપતિ ની લાયકાત

1. ભારતનો નાગરિક હોવો જોઈએ.
2. તેમને ઉમર ઓછામાં ઓછી 35 વર્ષ હોવી જોઈએ.
3. રાજ્યસભાના સભ્ય તરીકે ચુંટાવવાની લાયકાત ધરાવતા હોવા જોઈએ.
4. લાભનું પદ ધરાવતો હોવો જોઈએ નહિ.

લાભનું પદ

રાષ્ટ્રપતિ , ઉપરાષ્ટ્રપતિ , રાજ્યપાલ , સંઘ કે રાજ્યના મંત્રી
લાભના પદમાં આવશે નહિ

CHING KISHAN

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી મતદાન મંડળ

- સંસદના બંને ગૃહના (લોકસભા અને રાજ્યસભા) ચૂંટાયેલા અને નિયુક્ત કરેલા સભ્યો
- નોંધ : રાજ્યની વિધાનસભાના સભ્યો ભાગ લેતા નથી.

ચૂંટણી પદ્ધતિ

- સમપ્રમાણ પ્રતિનિધિત્વ
- એકલ સક્રમણીય મત

ઉપરોક્ત બંને પધ્ધતિનો ખ્યાલ રાષ્ટ્રપતિ ની ચૂંટણી માં જોઈએ ગયા.

TEACHING KISHAN

અનુચ્છેદ 66 : ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી પ્રક્રિયા

- ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી રાષ્ટ્રપતિની જેમ પરોક્ષ અને ગુપ્ત મતદાન પધ્ધતિથી થાય છે.
- ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઉમેદવાર તરીકે નામ નોંધવા માટે
  1. સંસદના 20 સભ્યોનો લેખિત પ્રસ્તાવ
  2. સંસદના 20 સભ્યોનું સમર્થન
  3. 15000 રૂપિયા RBI માં ડિપોઝીટ (જો છઠઠા (1/૬) ભાગના મત નહિ મળે તો ડિપોઝીટ જપ્ત થઈ જશે.
- મતદાન મંડળ દ્વારા કરવામાં આવતા મત માં જે ઉમેદવાર ને 50% + 1 મત મળશે તે વિજેતા બનશે.

TEACHING KISHAN

અનુચ્છેદ 69 : શપથ

- અનુચ્છેદ 69 અંતર્ગત રાષ્ટ્રપતિ અથવા એમના દ્વારા નિમાયેલા કોઈ વ્યક્તિ ઉપરાષ્ટ્રપતિને સપથ લેવડાવશે.

અનુચ્છેદ 67 : કાર્યકાળ

- ઉપરાષ્ટ્રપતિ જે દિવસથી ઓફિસ માં પ્રવેશ કરે તે તારીખ થી 5 વર્ષ સુધી કાર્યકાળ રહેશે.
  5 વર્ષ પુરા થઇ ગયા પછી નવા ચૂંટાયેલા ઉપરાષ્ટ્રપતિ પદ ધારણ કરે ત્યાં સુધી.
- પાંચ વર્ષ પુરા થઇ તે પહેલા પોતાનું રાજીનામુ સહી કરીને લેખિતમાં "રાષ્ટ્રપતિ" ને સોંપી શકે છે
- એક જ વ્યક્તિ ઉપરાષ્ટ્રપતિ તરીકે ફરીથી ચૂંટાઈ શકે છે.

TEACHING KISHAN

ઉપરાષ્ટ્રપતિને પદ પરથી દૂર કરવાની પ્રક્રિયા

- બંધારણ માં ઉપરાષ્ટ્રપતિને પદ પરથી હટાવવા માટે રાષ્ટ્રપતિ ની જેમ "બંધારણ નો ભંગ" જેવા કોઈ કારણ નો ઉલ્લેખ કર્યો નથી.
- ઉપરાષ્ટ્રપતિ ને હટાવવાની પ્રક્રિયા રાજ્યસભામાંથી જ શરુ કરી શકાય.
- ઉપરાષ્ટ્રપતિને પોતાના પદ પરથી હટાવવા રાજ્યસભાની કુલ સભ્યો ની બહુમતી (પૂર્ણ બહુમતી) થી પસાર હશે પછી તેને લોકસભામાં સામાન્ય બહુમતી થી પસાર થાય તો ઉપરાષ્ટ્રપતિ ને પોતાનું પદ છોડવું પડે.
- ઉપરાષ્ટ્રપતિ ને દૂર કરવાનો પ્રસ્તાવ રજુ કરતા પહેલા 14 દિવસ અગાઉ નોટિસ આપી જાણ કરાવી પડે.

TEACHING KISHAN

ઉપરાષ્ટ્રપતિને પગાર ભથ્થા

- ઉપરાષ્ટ્રપતિને પગાર ભથ્થા અનુસૂચિ 2 પ્રમાણે સંસદના કાયદાકીય જોગવાઈ અનુસાર નક્કી થશે.
- ઉપરાષ્ટ્રપતિને ઉપરાષ્ટ્રપતિ તરીકે નહિ પરંતુ રાજ્યસભાના સભાપતિ તરીકે પગાર મળે છે.
- પગાર સંચિત નિધિ માંથી આપવામાં આવે છે
- તેમનો પગાર 4 લાખ પ્રતિ માસ છે અને કાર્યકાળ પછી 50% પેન્શન મળશે.
- જ્યારે ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિ તરીકે કાર્ય કરે ત્યારે તેમને રાષ્ટ્રપતિ નો પગાર મળે છે.
- ઉપરાષ્ટ્રપતિને ભાડું ભર્યા વગરનું નિવાસસ્થાન મળે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

ઉપરાષ્ટ્રપતિના કાર્યો અને શક્તિઓ

- હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિ હોય છે.
- રાજ્યસભાની બેઠકોની અધ્યક્ષતા કરે છે.
- રાજ્યસભાની કાર્યવાહીનું સંચાલન કરે છે.
- સામાન્ય સંજોગોમાં પ્રસ્તાવ કે ખરડામાં મતદાનમાં ભાગ લેતા નથી પરંતુ સરખા મતની સ્થિતિમાં "નિર્ણાયક મત" આપી શકે છે.
- ક્યારેક "કેન્દ્રીય યુનિવર્સિટીના" કુલપતિ તરીકે કાર્ય પણ કરે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 68

- ઉપરાષ્ટ્રપતિનો કાર્યકાળ પૂરો થાય તે પહેલા જ તેમની ચૂંટણી યોજવી જરૂરી છે.
- ઉપરાષ્ટ્રપતિનું મુત્યુ , રાજીનામુ , અથવા પદ પરથી દૂર કરવામાં આવે ત્યારે ખાલી પડેલી જગ્યા માટે વહેલી તકે ચૂંટણી કરશે તથા નવા ચૂંટાયેલા ઉપરાષ્ટ્રપતિ પદ ગ્રહણ કાર્યના દિવસથી 5 વર્ષ સુધી પદ ધારણ કરશે.

અનુચ્છેદ 70

- ઉપરાષ્ટ્રપતિ જયારે આકસ્મીત સંજોગોમાં રાષ્ટ્રપતિ બને ત્યારે રાષ્ટ્રપતિ તરીકે કાર્ય કરવામાં સંસદ ને યોગ્ય લાગે તેમ ઠરાવ પસાર કરી શકે છે.

TEACHING KISHAN

પ્રધાનમંત્રી / વડાપ્રધાન (Prime Minister)

- પ્રધાનમંત્રી નું પદ સૌથી મહત્વનું છે કારણકે કેન્દ્રની કારોબારી સત્તાઓ નામ માત્ર રાષ્ટ્રપતિને સોંપાયેલી હોય છે જ્યારે વાસ્તવિક સત્તાઓ વડા પ્રધાન ભોગવે છે.

Follow us On @teaching_kishan

- રાષ્ટ્રપતિ ને બંધારણીય વડા કહે છે જ્યારે વડાપ્રધાન ને કારોબારી અને વહીવટી વડા કહે છે.
- રાષ્ટ્રપતિ રાજ્યના વડા (Head of state) છે જ્યારે પ્રધાનમંત્રી એ સરકાર ના વડા (Head of Government) છે.
- ડો બાબાસાહેબ આંબેડકરે “ભારતના વડાપ્રધાન” ની તુલના "અમેરિકાના રાષ્ટ્રપતિ" સાથે કરેલ છે.
- ત્રણે પાંખના (નૌસેના , ભૂમિસેના , વાયુસેના) રાજકીય વડા છે.
- તેઓ કેન્દ્ર સરકાર ના મુખ્ય પ્રવક્તા છે અને તેઓ સરકારની નીતિઓની અને યોજનોની જાહેરાત કરે છે.

TEACHING KISHAN

અનુચ્છેદ 74

- વડાપ્રધાન સાથે રાષ્ટ્રપતિને સહાય કરવામાં માટે પ્રધાનોનું એક મંડળ (મંત્રી પરિષદ) હશે
- 42 નો બંધારણીય સુધારા અંતર્ગત મંત્રીપરિષદ જેના અધ્યક્ષ વડાપ્રધાન હશે જે રાષ્ટ્રપતિ ને મદદ અને સલાહ આપશે.
- 44 બંધારણીય સુધારા અંતર્ગત રાષ્ટ્રપતિ આપેલી સલાહ ને એક વાર પુનઃ વિચાર માટે મોકલી શકે પરંતુ પુનઃ વિચાર બાદ એમને મંજૂરી એવી પડશે.
- મંત્રીઓ દ્વારા રાષ્ટ્રપતિને આપવામાં આવેલી સલાહની ન્યાયિક તાપસ કરી શકાય નહિ.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

પ્રધાનમંત્રી ની નિમણુંક (અનુચ્છેદ 75)

- બંધારણ માં પ્રધાનમંત્રી ની નિયુક્તિ કે પસંદગી માટે કોઈ વિશિષ્ટ પ્રક્રિયા નથી.
- અનુચ્છેદ 75 (1) અંતર્ગત વડાપ્રધાનની નિમણુંક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવશે અને અન્ય મંત્રીઓ ની નિમણુંક વડાપ્રધાન ની સલાહ થી રાષ્ટ્રપતિ કરશે.
- સામાન્ય રીતે લોકસભામાં બહુમતી ધરાવતા પક્ષના નેતાને વડાપ્રધાન તરીકે નીમવામાં આવે છે.
- જો લોકસભામાં કોઈ પક્ષને બહુમતી મળતી નથી તો રાષ્ટ્રપતિ સહવિવેક થી સૌથી મોટા રાજકીય પક્ષ કે સંગઠન (ગઠબંધન) ના નેતાને વડાપ્રધાન તરીકે નીમે છે તથા એક મહિનાની અંદર પોતાની બહુમતી સાબિત કરવા જણાવે છે.
- વડાપ્રધાન ના નિમણુંક બાદ એક મહિના ની અંદર "લોકસભાનો વિશ્વાસ મત" હાંસલ કરવો જરૂરી છે.

TEACHING KISHAN

લોકસભા

- ભાજપ
- કોંગ્રેસ
- આમઆદમી પાર્ટી
- રાષ્ટ્રીય જનતા પાર્ટી
- શિવસેના પાર્ટી

મોરારજી દેસાઈ ની અધ્યક્ષતા વાળી "જનતા પાર્ટી" સરકારના પતન પછી નીલમ સંજીવ રેડ્ડી (તત્કાલીન રાષ્ટ્રપતિ) એ ચરણસિંહ (ગઠબંધન નેતા) ની વડાપ્રધાન તરીકે નિમણુંક કરી જે સમયે પહેલી વાર રાષ્ટ્રપતિએ વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

- જ્યારે વડાપ્રધાન નું અચાનક મુત્યુ થાય છે ત્યારે તે સમયે સત્તાધારી પક્ષ જે વ્યક્તિ ને પોતાનો મુખ્ય નેતા તરીકે પસંદ કરે તેને વડાપ્રધાન બનાવવા સિવાય રાષ્ટ્રપતિ પાસે કોઈ વિકલ્પ રહેતો નથી.
- કોઈ વ્યક્તિની નિમણુંક વડાપ્રધાન તરીકે થઈ અને તે વ્યક્તિ બંને ગૃહ માંથી કોઈ એક ગૃહ નો પણ સભ્ય ન હોય તો તેને 6 મહિનાની અંદર બંને માંથી કોઈ ગૃહ ની સદસ્ય પદ મેળવવું પડે.

ઈ.સ 1984 માં ઈન્દિરા ગાંધી ની હત્યા બાદ તત્કાલીન રાષ્ટ્રપતિ જ્ઞાની જૈલસિંહ પાર્ટી કરવાથી એમના પુત્ર "રાજીવ ગાંધી" ને વડાપ્રધાન બનાવે છે જે એક પણ ગૃહ ના સદસ્ય ન હતા.

- રાષ્ટ્રપતિ ને મંત્રીઓને નીમવા માટે વિવેકાધિન શક્તિ નથી વડાપ્રધાન મંત્રી નું જે લિસ્ટ આપે એ પ્રમાણે રાષ્ટ્રપતિ મંત્રી ને નીમે છે.

Follow us On @teaching_kishan

- 1980 માં દિલ્હી હાઈકોર્ટ કહ્યું હતું કે "બંધારણ ની જરૂરિયાત નથી કે વ્યક્તિ ને વડાપ્રધાન તરીકે નિમણુંક થાય તે પહેલા તેને લોકસભામાં બહુમતી સાબિત કરવી પડે“
- વડાપ્રધાન બંને ગૃહમાંથી કોઈ પણ ગૃહ ના સભ્ય હોઈ શકે છે જેમકે ઈન્દિરા ગાંધી , મનોમોહનસિંહ એ રાજ્યસભાના સભ્ય હતા

- અનુચ્છેદ 75 (2) હેઠળ દરેક મંત્રી રાષ્ટ્રપતિની રાજીખુશી સુધી મંત્રીપદ પર રહેશે. અહીં રાષ્ટ્રપતિ ની રાજીખુશી એ વાસ્તવમાં વડાપ્રધાન ની રાજીખુશી છે કારણકે રાષ્ટ્રપતિ વડાપ્રધાન ની સલાહ પ્રમાણે જ મંત્રીઓની નિમણુંક અને પોતાના હોદ્દા પર થી દૂર કરે છે.

TEACHING KISHAN

શપથ

- વડાપ્રધાન ને શપથ "રાષ્ટ્રપતિ" લેવડાવશે.

  - ✓ "ભારતના બંધારણ પ્રત્યે સાચી શ્રદ્ધા અને વફાદારી રાખીશ , ભારતની સાર્વભૌમત્વ અને અખંડિતતાને ટકાવી રાખીશ ,પોતાના પદ ની ફરજો નિષ્ઠાપૂર્વક નિભાવીશ અને બંધારણ અને કાયદા અનુસાર લોકોનું હિતોનું રક્ષણ કરીશ "

  - ✓ વડાપ્રધાન અને મંત્રીઓ ગુપ્તતાના સપથ પણ લે છે

    " કોઈ પણ બાબત ને સીધી કે આડકતરી રીતે વાતચીત કરશે નહિ અથવા જાહેર કરશે નહિ કે જે તેની વિચારણા હેઠળ આવે છે"

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

કાર્યકાળ

- વડાપ્રધાન નો કાર્યકાળ નિશ્ચિત હોતો નથી જ્યાં સુધી એમની પાર્ટી લોકસભામાં બહુમતી જાળવી રાખે ત્યાં સુધી તે વડાપ્રધાન ના પદ પર રહી શકે છે.
- જો તે લોકસભામાં પોતાનો વિશ્વાસ નો મત ગુમાવે તો અમને પોતાના પદ પરથી રાજીનામુ આપવું પડે છે જો રાજીનામુ ન આપે તો રાષ્ટ્રપતિ અમને પદભ્રષ્ટ કરે છે.

પગાર-ભથ્થા

- વડાપ્રધાન ને સંસદ સભ્ય સમાન પગાર ભથ્થા મળે છે વડાપ્રધાન ના પદ માટે અલગથી કોઈ પગાર ભથ્થા ની જોગવાઈ કરવામાં આવેલ નથી.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

વડાપ્રધાનના કર્યો અને શક્તિઓ

વડાપ્રધાન અને મંત્રીપરિષદ સબંધ માં કર્યો

- રાષ્ટ્રપતિ જેટલા પણ મંત્રીઓની નિમણુંક કરશે એમની સલાહ વડાપ્રધાન દ્વારા આપવામાં આવશે.
- વડાપ્રધાન એ કેન્દ્રીય મંત્રીપરિષદ ના વડા અને એમની બેઠકનું પ્રતિનિધિત્વ કરે છે
- વડાપ્રધાન ની સલાહ ની નિમાયેલા મંત્રીઓને કાર્યભાર વહેંચવાની સત્તા અને જરૂર પડે તો ફેરબદલ કરવાની સત્તા વડાપ્રધાન પાસે જ છે
- તમામ માત્રાળઓને માર્ગદર્શન આપવાનું , તેમનું નિયંત્રણ અને સંકલન કરવાની જવાબદારી વડાપ્રધાન ની છે.
- વડાપ્રધાન એ કોઈ પણ મંત્રીને કોઈ પણ સમયે કોઈ પણ કારણ વગર રાજીનામુ આપવાનું કહી શકે છે જો તે મંત્રી રાજીનામુ ન આપે તો વડાપ્રધાન તેને રાષ્ટ્રપતિ દ્વારા દૂર કરાવી શકે છે.
- જો વડાપ્રધાન રાજીનામુ આપે અથવા એમનું મુત્યુ થાય તો સમગ્ર મંત્રી પરિષદ વિસર્જિત થઈ જાય છે અને કોઈ પણ મંત્રી પદ પર રહેતો નથી.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ સબંધ માં કર્યો (અનુચ્છેદ 78)

- રાષ્ટ્રપતિ અને મંત્રીઓ વચ્ચે વાતચિતની મુખ્ય ચેનલ વડાપ્રધાન છે .
- પ્રધાનમંત્રી ની ફરજ છે કે સંઘના વહીવટને લગતી તમામ બાબતો અને ખરડાઓ બાબતે રાષ્ટ્રપતિ ને માહિતગાર કરે.
- કોઈ મંત્રી દ્વારા કોઈ મહત્વનો નિર્ણય લેવામાં આવે છે જે મંત્રીપરિષદ દ્વારા દયાન માં લેવામાં આવ્યું ન હોય ત્યારે રાષ્ટ્રપતિ વડાપ્રધાનને જણાવશે કે તમે એ બાબત ની ચર્ચા મંત્રી પરિષદમાં કરી છે કે નહિ
- રાષ્ટ્રપતિ કોઈ બાબત વિષે માહિતી માંગે તો વડાપ્રધાન ને તે માહિતી પુરી પાડવાની રહેશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

- જ્યાં સુધી અદાલત દ્વારા પ્રધાનમંત્રી ને ભષ્ટ્રાચાર નો દોષી ના ઠરાવે ત્યાં સુધી રાષ્ટ્રપતિ તેમની વિરુદ્ધ ભ્રષ્ટાચાર વિરોધી કાનૂન અંતર્ગત કાર્યવાહી કરવાની મંજૂરી અપાતા નથી.

- વડાપ્રધાન ની સલાહ થી રાષ્ટ્રપતિ દ્વારા નિર્માતા હોદ્દાઓ

1. એટર્ની જનરલ (અનુચ્છેદ 76)
2. ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (CAG) (અનુચ્છેદ 148)
3. અનુસૂચિત જાતિ અને જનજાતિ માટેના રાષ્ટ્રીય પંચ
4. ભાષાપંચ માં રાષ્ટ્રપતિ ને સલાહ (અનુચ્છેદ 344)
5. ચૂંટણી પંચ (અનુચ્છેદ 324)
6. રાજ્યપાલ (અનુચ્છેદ 155)
7. આંતરરાજ્ય પરિષદ (અનુચ્છેદ 263)
8. સંઘ લોકસેવા આયોગના સભ્યો અને અધ્યક્ષ (અનુચ્છેદ 316)
9. નાણાપંચ (અનુચ્છેદ 280)

TEACHING KISHAN

વડાપ્રધાન અને સંસદ સબંધ માં કર્યો

- વડાપ્રધાન જે ગૃહ ના સભ્યો હોય તે "ગૃહના નેતા" (લીડર ઓફ હાઉસ) તરીકે ઓળખાય છે.
- વડાપ્રધાન સંસદનું સત્ર બોલાવવાની અને અંત કરવાની તારીખ નક્કી કરવા માટે રાષ્ટ્રપતિ ને સલાહ આપે છે.
- નાગરિક સન્માન "ભારત રત્ન" , "પદ્મવિભૂષણ" , "પદ્મભૂષણ" અને "પદ્મશ્રી" વગેરે સન્માન વડાપ્રધાન ની ભલામણ ના આધારે જ રાષ્ટ્રપતિ દ્વારા આપવામાં આવે છે

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

અન્ય કર્યો

1. દેશની વિદેશનીતિ ઘડવામાં નોંધપાત્ર ભૂમિકા
2. કેન્દ્ર સરકારના મુખ્ય પ્રવક્તા
3. કટોકટી દરમિયાન રાજકીય સ્તરે કટોકટીના "મેનેજર-ઈન -ચીફ " છે
4. રાજ્યોના વિવિધ વર્ગોના લોકોને મળી સમસ્યા અંગે ના વિચારો મેળવે છે

વડાપ્રદાન હોદ્દની રૂએ અધ્યક્ષ

1. નીતિ આયોગ
2. રાષ્ટ્રીય એકતા પરિષદ
3. રાષ્ટ્રીય વિકાસ પરિષદ
4. રાષ્ટ્રીય જળસંસાધન પરિષદ
5. આંતરરાજ્ય પરિષદ
6. શૈન્ય ના રાજનૈતિક વડા

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

પ્રધાનમંત્રીની ભૂમિકાનું વિવિધ સ્વરૂપમાં વર્ણન

- **લોર્ડ મોર્લે :** તેમને પ્રધાનમંત્રી ને "primus inter pares" (મંત્રી માં મુખ્ય) અને "key stone of the cabinet arch" ના રૂપમાં વર્ણવ્યા.
- **સર વિલિયમ વાર્નર :** પ્રધાનમંત્રી નાના તારામાં ચંદ્રમા સમાન છે .
- **આઇવર જેનિંગ્સ :** પ્રધાન મંત્રી સૂર્ય છે જેમની ચારે બાજુ ગ્રહો પરિક્રમા કરે છે તે બંધારણ નો મુખ્ય આધાર છે. બંધારણ ના બધા જ માર્ગ એમના અભિમુખ છે.
- **એચ. જે લાસ્કી :** પ્રધાનમંત્રી અને કેબિનેટના સંબંધમાં તેઓ કહે છે કે પ્રધાનમંત્રી "તેમના જીવનનું કેન્દ્ર બિંદુ છે"
- **મુનરો :** પ્રધાનમંત્રી રાજ્યરૂપી વહાણના નાવિક છે.

TEACHING KISHAN

કેન્દ્રીય મંત્રીપરિષદ (union council of ministers)

- આ સંસદીય શાશન પ્રણાલી "બ્રિટન ના બંધારણ" માંથી લેવાઈ છે.

Follow us On @teaching_kishan

મંત્રીપરિષદ (council of ministers) : 60 થી 70



Follow us On @teaching_kishan

❖ **અનુચ્છેદ 74** અંતર્ગત રાષ્ટ્રપતિ ને સલાહ અને મદદ કરવામાં માટે એક "મંત્રીપરિષદ" હશે

- બંધારણ માં વાસ્તવિક શક્તિઓ મંત્રીપરિસદ ને આપવામાં આવી છે જેનું સંચાલન અને પ્રતિનિધિત્વ વડાપ્રધાન કરશે.
- રાષ્ટ્રપતિ ને મંત્રીપરિષદ દ્વારા આપેલી સલાહ ને પુનઃવિચાર કરવા માટે મંત્રીપરિસદ ને મોકલી શકે છે પરંતુ પુનઃ વિચાર પછી ફરી આવેલી સલાહ ને રાષ્ટ્રપતિ ફરિયાત પણે માનવી પડશે.
- મંત્રીઓ દ્વારા રાષ્ટ્રપતિ ને અપાયેલી કોઈ પણ સલાહને કોર્ટમાં પૂછપરછ કરી શકાય નહિ .

TEACHING KISHAN

❖ **અનુચ્છેદ 75** માં મંત્રીઓની નિમણુંક , કાર્યકાળ , શપથ , વેતન વગેરે ની વાત કરેલ છે.

1. વડાપ્રધાન ની નિયુક્તિ રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવેશે અને વડાપ્રધાન ના સૂચન અનુસાર કેંદ્રીય મંત્રી પરિષદ ની નિમણુંક રાષ્ટ્રપતિ કરશે.
2. મંત્રીમંડળ વડાપ્રધાન સહીત લોકસભાની કુલ સભ્યના 15% થી વધુ નહિ અને 12 સભ્યોથી ઓછું ન હોવું જોઈએ. (આ જોગવાઈ 91 મોં બંધારણીય સુધારો 2003 મુજબ ઉમેરાઈ)
3. સંસદના બંને ગૃહના એવા સભ્યો જેમને પક્ષપલટોના કાયદા અનુસાર ગેરલાયક ઠરાવેલ છે એવા સભ્યો મંત્રી બનવામાં પણ ગેરલાયક રહેશે.
   (91 મોં બંધારણીય સુધારો 2003 દ્વારા ઉમેરાઈ છે)
4. બધા મંત્રીઓ રાષ્ટ્રપતિની મરજી સુધી પોતાનું પદ સાંભળે છે.

TEACHING KISHAN

મંત્રીઓ સામુહિક રીતે જવાબદાર

- આ સમાહિક જવાબદારી નો સિદ્ધાંત "બ્રિટન" માંથી લેવાયો છે.
- મંત્રીપરિષદ સામુહિક રીતે "લોકસભાને" જવાબદાર રહશે.
- સામુહિક જવાબદારી એટલે કે કેબિનેટ મંત્રી દ્વારા લેવાયેલો કોઈ પણ નિર્ણય મંત્રીપરિસદનો સામુહિક નિર્ણય માનવામાં આવશે.
- મંત્રીપરિસદ ના કોઈ નિર્ણય પર પ્રત્યેક મંત્રીના પોતાની વ્યક્તિગત અસહમતી ને મહત્વ ના અપાતા સામુહિક સમર્થન ને મહત્વ આપવું જોઈએ.કારણકે આ સરકાર નો નિર્ણય છે કોઈ મંત્રીનો વિશેસ નિર્ણય નથી.

TEACHING KISHAN

- જો કોઈ મંત્રી ને એવું લાગે કે કેબિનેટ મંત્રી અથવા પ્રધાનમંત્રી ના નિર્ણય થી તે સંતુષ્ઠ નથી અને તે પોતાની પોતાની પાસે રાખવાની સ્થિતિ માં ન હોય તો એ પોતાના પદ થી રાજીનામુ આપી શકે છે.
- ભૂતકાળમાં નીચેના વિષયોમાં મંત્રીઓએ રાજીનામાં આપેલ છે.
  1. ડો બી આર આંબેડકરે (તત્કાલીન કાયદામંત્રી) : હિન્દૂ કોડ બિલ ને લઈને
  2. સી ડી દેશમુખ (તત્કાલીન નાણાંમંત્રી) : મહારાષ્ટ્ર -ગુજરાત પુનઃરચના બિલ

મંત્રીઓ વ્યક્તિગત રીતે જવાબદાર

- દરેક મંત્રીઓ વ્યકતિગત રીતે રાષ્ટ્રપતિ ને જવાબદાર હોય છે કારણકે મંત્રીપરિષદ ના દરેક મંત્રીઓ પોતાનો હોદ્દો રાષ્ટ્રપતિની મરજી હોય ત્યાં સુધી ભોગવે છે (પરંતુ વડાપ્રધાનની સલાહ પ્રમાણે)

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

યોગ્યતા

- કોઈ પણ વ્યક્તિ ને મંત્રી બનવા માટે લોકસભા અથવા રાજ્યસભાના સભ્ય હોવું જરૂરી છે જો નથી તો મંત્રી બન્યા પછી 6 મહિનાની અંદર ગમે તે એક ગૃહ નું સભ્ય પદ મેળવવું ફરજીયાત છે.

શપથ

- મંત્રીમંડળ ને શપથ "રાષ્ટ્રપતિ" લેવડાવશે.

પગાર ભથ્થા

- દરેક મંત્રીને સંસદ સભ્યોને સમકક્ષ પગાર ભથ્થા આપવામાં આવશે.

મંત્રી વિશેષાધિકાર

- દરેક મંત્રી કોઈ પણ એક જ ગૃહ નો સભ્ય હોય છે પરંતુ તેમને બીજા ગૃહમાં બોલવાનો , બીજા ગૃહની કાર્યવાહીમાં ભાગ લેવાનો અધિકાર છે પરંતુ બીજા ગૃહ માં મત આપવાનો અધિકાર નથી.

TEACHING KISHAN

મંત્રીમંડળ ની સલાહ

- વર્ષ 1971 માં સર્વોચ્ચ અદાલતના ચુકાદા પ્રમાણે રાષ્ટ્રપતિ ને સલાહ આપવા માટે હંમેશા એક કેન્દ્રીય મંત્રીપરિસદ રહેશે જે લોકસભાના વિસર્જન પછી પણ કાર્યરત રહેશે.
- 42 મો બંધારણીય સુધારા અંતર્ગત મંત્રીમંડળ દ્વારા અપાયેલી સલાહ માનવા રાષ્ટ્રપતિ બંધાયેલા છે.
- 44 મો બંધારણીય સુધારા અંતર્ગત રાષ્ટ્રપતિ આપેલી સલાહ ને એક જ વાર પુનઃ વિચારણા માટે મોકલી શકે છે.
- રાષ્ટ્રપતિ કેન્દ્રીય મંત્રીમંડળ ની સલાહ વગર અથવા સલાહ વિરુદ્ધ સંઘની કોઈ પણ કરીબારી સત્તાઓ દુરુપયોગ કરે તો તે ગેરબંધારણીય ગણાશે.
- મંત્રીમંડળ દ્વારા અપાયેલી કોઈ પણ સલાહ ને અદાલતમાં તાપસ કરી શકાય નહિ.
- રાષ્ટ્રપતિ ની સંતુષ્ટિ એ ખરેખર મંત્રીપરિસદ ની સંતુષ્ટિ છે.

TEACHING KISHAN

મંત્રીપરિષદ (council of ministers) : 60 થી 70



Follow us On @teaching_kishan

કેબિનેટ મંત્રી / cabinet ministers

- દેશનો સર્વોચ્ચ નિર્ણય કરનારી સંસ્થા છે.
- કેન્દ્ર સરકારના અગત્યના મંત્રાલય જેવા કે નાણાં મંત્રાલય , રક્ષા મંત્રાલય , ગૃહ મંત્રાલય , વિદેશ મંત્રાલય વગેરે મંત્રાલયના મંત્રીઓ કેબિનેટ મંત્રી કહેવાશે.
- તેઓ મંત્રીમંડળ ના સભ્યો છે તેમની બેઠકમાં હાજરી આપે છે અને કેન્દ્ર સરકારની નીતિઓ કેબિનેટ દ્વારા ઘડવામાં આવે છે.
- મૂળબંધારણ માં કેબિનેટ શબ્દનો ઉલ્લેખ ન હતો પરંતુ 44 બંધારણીય સુધારા અંતર્ગત ઉલ્લેખાયો.
- જે સંસ્થા સામાન્ય રીતે અઠવાડિયામાં એક વાર બેઠક કરે છે. અને તેમના કર્યો અને પ્રવૃત્તિ સામુહિક હોય છે.

TEACHING KISHAN

રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) (minister of state)

- રાજ્યમંત્રી જયારે સ્વતંત્ર હવાલો આપવામાં આવે ત્યારે તે કેબિનેટ મંત્રી થી સ્વતંત્ર કાર્ય કરે છે અને ડાયરેક્ટ પ્રધાનમંત્રી ને રિપોર્ટ કરે છે.
- સામાન્ય રીતે નાનાં મંત્રાલય જેવા કે ખેલ મંત્રાલય , કોર્પોરેટ મંત્રાલય નું સંચાલન રાજ્યમંત્રી(સ્વતંત્ર હવાલો) કરતા હોય છે.
- સ્વતંત્ર હવાલો ધરાવતા રાજ્યમંત્રી જો એમના વિષયને લગતી બાબત હોય તો કેબિનેટની બેઠક માં હાજરી આપે / ભાગ લે છે.
- આ મંત્રીનું પદ કેબિનેટ ને સમકક્ષ હોય છે. આ પદ નું નિર્માણ કેબિનેટ ને નાની બનાવી રાખવા હેતુથી કરવામાં આવ્યું છે.

TEACHING KISHAN

રાજ્યમંત્રી (minister of state)

- કેબિનેટ મંત્રી નું મંત્રાલય મોટું હોવાથી તેમને મદદ કરવા માટે રાજ્યમંત્રી બનાવવામાં આવે છે.
- રાજ્યમંત્રી એ કેબિનેટ મંત્રી ના નીચે કામ કરે છે. અને કેબિનેટ મંત્રીના મંત્રાલયોના વિભાગોને દેખરેખ રાખે છે.
- જેમકે ગૃહ મંત્રાલય ના 5 વિભાગો "સીમા સુરક્ષા, આંતરિક સુરક્ષા , ગૃહ વિભાગ , આધિકારિક વિભાગ તથા રાજ્યના વિભાગનો સમાવેશ થાય છે તો રાજ્યમંત્રી ને આ વિભાગમાંથી કોઈ પણ વિભાગ નો કાર્યભાર સોંપી દેવામાં આવે છે.
- રાજ્યમંત્રી એ કેબિનેટ મંત્રી ને રિપોર્ટ કરશે.
- સામાન્ય રીતે રાજ્યમંત્રી કેબિનેટ બેઠકમાં ભાગ લેતા નથી.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

નાયબ મંત્રી / ઉપમંત્રી (deputy minister)

- ઉપમંત્રી ને કોઈ અલગ કે સ્વતંત્ર મંત્રાલય કે વિભાગ આપવામાં આવતું નથી. તેઓ કેબિનેટ મંત્રીઓ અથવા રાજ્ય મંત્રીઓ સાથે જોડાયેલા હોય છે.
- તેઓ રાજ્યમંત્રી અને કેબિનેટ મંત્રીની વહીવટી , રાજકીય અને સંસદીય ફરજોમાં મદદ કરે છે.
- તેઓ મંત્રીમંડળ ના સભ્યો નથી અને કેબિનેટની બેઠકમાં ભાગ લેતા નથી.

સંસદીય સચિવો (parliamentary secretary)

- સંસદીય સચિવો એ મોટા મંત્રાલયમાં નાનું કામ આપવામાં આવે છે જેમકે હિસાબ-કિતાબ સંભાળશે.
- કેબિનેટ ના મંત્રીઓ સાથે જોડાયેલા રહી સંસદીય ફરજોના મદદ કરે છે.

TEACHING KISHAN

ક્રિચન કેબિનેટ



- આ એક નાનું સંગઠન છે જેને આંતરિક મંત્રીમંડળ કહેવાય છે.
- જે શક્તિઓનું વાસ્તવિક કેન્દ્ર છે. આ સંગઠન માં પ્રધાનમંત્રી અને બે- ત્રણ પ્રભાવશાળી મંત્રી હોય છે.
- આ મંત્રીઓ વડાપ્રધાન ના વિશ્વાસ પાત્ર મંત્રીઓ હોય છે. આ સંગઠન માં ખાલી મંત્રીમંડળ ના સભ્યો જ નહિ વડાપ્રધાન ના મિત્રો અથવા પરિવારજનો અથવા બહારના વ્યક્તિઓ પણ હોઈ શકે છે.
- ક્રિચન કેબિનેટ ના મંત્રીઓ મહત્વપૂણ રાજનૈતિક વિષયો પર નિર્ણય લે છે.
- આ ક્રિચન કેબિનેટ અમેરિકા અને બ્રિટન માં પણ અસ્થિત્વ ધરાવે છે.

TEACHING KI...

Follow us On @teaching_kishan

નાયબ વડાપ્રધાન



- નાયબ વડાપ્રધાન એ કોઈ બંધારણીય પદ નથી ના બંધારણ માં ઉલ્લેખ છે.
- નાયબ વડાપ્રધાન એ મંત્રી છે.
- વડાપ્રધાન ના મંત્રીમંડળ ના સૌથી અગત્યના (સામાન્ય રીતે ગૃહમંત્રી) ને નાયબ વડાપ્રધાન બનાવાય છે / કહેવાય છે.
- જેમકે જવાહરલાલ નહેરુના મંત્રાલમાં "સરદાર પટેલ" , ઈન્દીરાગાંધી ના મંત્રાલયમાં "મોરારજી દેસાઈ" ..... વગેરેએ નાયબ વડાપ્રધાન તરીકે સેવા આપી હતી.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

મંત્રી પરિષદ	મંત્રીમંડળ
આ એક વિશાળ સંસ્થા છે જેમાં 70 જેટલા મંત્રીઓ હોય છે.	આ એક નાનું બોડી છે જેમાં 15 થી 20 મંત્રી હોય છે.
એમાં ત્રણ પ્રકારના મંત્રી 1નો સમાવેશ થાય છે કેબિનેટ મંત્રી , રાજ્ય મંત્રી અને ઉપમંત્રી	ફક્ત કેબિનેટ મંત્રી નો સમાવેશ થાય છે એટલે કે તે મંત્રીપરિષદ નો ભાગ છે.
કોઈ સામુહિક કર્યો નથી. અને ભાગ્યેજ તેની બેઠક થાય છે.	અઠવાડિયામાં એક વાર બેઠક કરે છે . સરકારના મહત્વના નિર્ણયો કરે છે અને તેમની પ્રવૃત્તિ સામુહિક હોય છે.
તેમને બંધારણીય રીતે સત્તાઓ પ્રાપ્ત છે પરંતુ વાસ્તવિક રીતે નથી.	વાસ્તવિક રૂપથી મંત્રીપરિષદ ની સત્તાનો ઉપયોગ કરે છે
તેમના કાર્યોનો નિર્ણય મંત્રીમંડળ કરે છે. અને અમલમાં મૂકે છે.	મંત્રીમંડળ મંત્રીપરિષદ ને સૂચના આપે છે જે બધા મંત્રીઓને બંધનકર્તા હોય છે.

Follow us On @teaching_kishan

સંસદ (Parliament)

+

+



Follow us On @teaching_kishan

સંઘ (Union)

કારોબારી

- રાષ્ટ્રપતિ
- ઉપરાષ્ટ્રપતિ
- વડાપ્રધાન
- મંત્રીપરિષદ

કાયદાકીય (સંસદ)

- રાષ્ટ્રપતિ
- રાજ્યસભા
- લોકસભા

ન્યાયપાલિકા

- સુપ્રીમકોર્ટ

- આ ત્રણેય પોત-પોતાના ક્ષેત્રોમાં એકબીજાથી સ્વતંત્ર અને સર્વોપરી છે.

TEACHING KISHAN

સંસદ (Parliament)

- સંસદ એ દેશ માટે કાયદો ઘડતી દેશની સર્વોપરી સંસ્થા છે. જેમાં લોકસભા ના સભ્ય + રાજ્યસભાના સભ્યો + રાષ્ટ્રપતિ ની સર્વાનુમતી થી કાયદો ઘડાય છે.
- સંસદીય પ્રણાલી આપડે " બ્રિટન" ના બંધારણ માંથી લીધી છે.
- સંસદમાં દ્વિગૃહીય વ્યવસ્થાનો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે.
- સંસદ ની વાત ભાગ 5 ના અનુચ્છેદ 79 થી અનુચ્છેદ 122 સુધી કરવામાં આવી છે.

TEACHING KISHAN

ધારાકીય / કાયદાકીય

સંસદ

લોકસભા

રાજ્યસભા

રાષ્ટ્રપતિ



- રાષ્ટ્રપતિ એ સંસદના અભિન્ન અંગ છે પણ તે એક પણ ગૃહ ના સભ્ય નથી.

Follow us On @teaching_kishan

લોકસભા અને રાજ્યસભા

- 1954 માં "રાજ્યો ની પરિષદ" અને "લોકોના ગૃહ " ને અનુક્રમે "રાજ્યસભા " અને “લોકસભા” કરવામાં આવ્યું.
- રાજ્યસભાને "Upper house" / હાઉસ ઓફ એલ્ડર્સ પણ કહેવાય છે . લોકસભાને "lower House / પોપ્યુલર હાઉસ" પણ કહેવાય છે.
- રાજ્યસભા ના સભ્યો એ ભારતીય સંઘમાં "રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ" નું પ્રતિનિધિત્વ કરે છે. જ્યારે લોકસભા એ સમગ્ર ભારતના લોકોનું પ્રતિનિધિત્વ કરે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

- રાષ્ટ્રપતિ એ કોઈ પણ ગૃહ ના સદસ્ય નથી પણ સંસદના અભિન્ન અંગ છે કારણકે "લોકસભા અને રાજ્યસભા માંથી પસાર કરાયેલ ખરડો રાષ્ટ્રપતિ ની સહી વગર કાયદો બનતો નથી.
- રાષ્ટ્રપતિ એ સંસદનું સત્ર બોલાવવાનો અને અંત કરવાની સત્તા છે . તે લોકસભાનું વિસર્જન પણ કરી શકે છે. બંને ગૃહને સંબોધન કરી શકે

USA

- અમેરિકામાં "રાષ્ટ્રપતિ " એ "ત્યાંની સંસદ (કોંગ્રેસ)" નો ભાગ નથી હોતા. અમેરિકાની સંસદ ને "કોંગ્રેસ" તરીકે ઓળખાય છે જેમાં અપર હાઉસ ને "સોનેટ" અને લોવર હાઉસ ને "હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ" કહેવાય છે.

TEACHING KISHAN

બ્રિટન

- બ્રિટન માં અપર ગૃહ ને "હાઉસ ઓફ લોર્ડ્સ" (પરોક્ષ પ્રતિનિધિત્વ) અને નીચલા ગૃહ ને "હાઉસ ઓફ કોમન" (લોકોનું પ્રત્યક્ષ પ્રતિનિધિત્વ) કહેવાય છે.
- જે રીતે બ્રિટન માં "ક્રાઉન ઈન પાર્લામેન્ટ" હોય છે આવી જ રીતે ભારત માં "પ્રેસિડેન્ટ ઈન પ્રાર્લામેન્ટ" હોય છે.

TEACHING

Follow us On @teaching_kishan

સંસદ

લોકસભા

મહત્તમ સંખ્યા (552)

- 530 રાજ્યો માંથી લોકો દ્વારા ચૂંટાશે.
- 20 કેન્દ્રશાસિત પ્રદેશ માંથી લોકો દ્વારા ચૂંટાશે.
- 2 એંગ્લો - ઇન્ડિયન રાષ્ટ્રપતિ દ્વારા નિમણુંક

રાજ્યસભા

મહત્તમ સંખ્યા (250)

- 238 રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ નું પ્રતિનિધિત્વ
- 12 કલા ,વિજ્ઞાન ,સાહિત્ય અને સમાજસેવા માંથી રાષ્ટ્રપતિ દ્વારા નિમણુંક

રાષ્ટ્રપતિ

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

વર્તમાન સંસદ



Follow us On @teaching_kishan

રાજ્યસભા (Rajya Sabha)

Follow us On @teaching_kishan

રાજ્યસભાનું માળખું

રાજ્યસભા

મહત્તમ સંખ્યા (250)

- **238** રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ નું પ્રતિનિધિત્વ
- **12** કલા ,વિજ્ઞાન ,સાહિત્ય અને સમાજસેવા માંથી રાષ્ટ્રપતિ દ્વારા નિમણુંક

રાજ્યસભા (વર્તમાન)

વર્તમાન (245)

- **225** રાજ્ય નું પ્રતિનિધિત્વ
- **8** કેન્દ્રશાસિત પ્રદેશ નું પ્રતિનિધિત્વ
  - **3** દિલ્હી
  - **4** J & K
  - **1** પુડ્ડુચેરી
- **12** કલા ,વિજ્ઞાન ,સાહિત્ય અને સમાજસેવા માંથી રાષ્ટ્રપતિ દ્વારા નિમણુંક

Follow us On @teaching_kishan

રાજ્યસભા (અનુચ્છેદ 80)

- રાજ્યસભાને "ઉપલું ગૃહ" કે "હાઉસ ઓફ્ એલ્ડર્સ " , "દ્વિતીય ગૃહ" કે "રાજ્યોનું પ્રતિનિધિત્વ ધરાવતું ગૃહ" કહેવામાં આવે છે.
- શરૂઆત માં 1954 સુધી રાજ્યસભા એ "રાજ્યપરિષદ" ના નામે ઓળખાતી હતી
- રાજ્યસભાને "બ્રિટન" ના ઉપલા ગૃહ "હાઉસ ઓફ્ લોર્ડસ " સાથે સરખાવી શકાય.
- અનુચ્છેદ 80 (1) (a) મુજબ રાષ્ટ્રપતિ રાજ્યસભામાં 12 સભ્યોની નિમણુંક કરશે જે કલા , સાહિત્ય , વિજ્ઞાન , સમાજસેવા માં વિશેષ જ્ઞાન તેમજ અનુભવ ધરાવતા હોય.
- રાજ્યસભામાં દિલ્હી ને ૩ , પુડ્ડુચેરી ને ૧ અને જમ્મુ કાશ્મીર ને 4 બેઠક આપવામાં આવી છે બાકીના 5 કેન્દ્રશાસિત પ્રદેશ માંથી ઓછી વસ્તી અને વિધાનસભા ન હોવાથી બેઠકો ફાળવેલ નથી.

TEACHING KISHAN

રાજ્યસભાના સભ્યોની ચૂંટણી

- રાજ્યસભાના સભ્યો ની ચૂંટણી પરોક્ષ રીતે જે તે રાજ્યના "વિધાનસભાના સભ્યો (MLA) દ્વારા કરવામાં આવે છે.
- રાજ્યસભામાં ચૂંટણી લાડવા માટે ઓછામાં ઓછા 10 વિધાનસભાના સભ્યોનો ટેકો જોઈએ.
- રાજ્યસભામાં રાજ્ય અનુસાર સીટો ની ફાળવણી જે તે રાજ્ય ની વસ્તીના (1971 ની વસ્તી ગણતરી ના આધારે : 2026 સુધી) આધારે ફાડવામાં આવે છે. જેમકે ગુજરાત માંથી રાજ્યસભામાં 11 સીટો છે , મહારાષ્ટ્ર ની 19 સીટો છે,
- આ રાજ્યસભામાં દરેક રાજ્યની વસ્તીના આધારે એમનું સમાન પ્રતિનિધિત્વ હશે.

TEACHING KISHAN

- રાજ્યસભામાં સભ્યો ની ચૂંટણી "એકલ ટ્રાન્સફરેબલ મત" દ્વારા અને પ્રમાણસર રજૂઆત દ્વારા કરવામાં આવશે.
- દરેક ઉમેદવાર ને એક નિશ્ચિત મતોનો કોટા પ્રાપ્ત કરવો પડે છે જેની ગણતરી નીચે મુજબ થશે.

$$\frac{\text{વિધાનસભાની કુલ સીટ}}{\text{કુલ ભરવાની સીટ} + 1} + 1$$

જેમકે ગુજરાત.. $\frac{182}{11+1} + 1 = 16.167$

બેલોટ પેપર	
છગન	
મનસુખ	
અરવીદભાઈ	
મોહનભાઈ	
મણિલાલ	
બિનોદ	

A	B	C	D
50%	20%	20%	10%

Follow us On @teaching_kishan

રાજ્યસભામાં નિમાયેલા વ્યક્તિ

- રાજ્યસભામાં રાષ્ટ્રપતિ દ્વારા 12 સભ્યો ની નિમણુંક કરે છે
- જે "કલા, સાહિત્ય , વિજ્ઞાન અને સમાજસેવા માં વિશેસ જ્ઞાન અથવા અનુભવ ધરાવતા હોય
- આ સિદ્ધાંત આપડે "આયર્લેન્ડ" ના બંધારણ માંથી લીધેલ છે.
- અને પાછળ નો તર્ક એ છે કે જે વિખ્યાત લોકો છે અમને ચૂંટણી કર્યા વગર "રાજ્યસભામાં સ્થાન આપવાનું છે.

TEACHING KISHAN

લાયકાત : અનુચ્છેદ 84

- ભારતનો નાગરિક હોવો જોઈએ.
- ઉમર ઓછામાં ઓછી 30 વર્ષ હોવી જોઈએ.
- લાભનું પદ ધરાવતો ન હોવો જોઈએ.
- અસ્થિર મગજનો ન હોવો જોઈએ.
- નાદાર ન હોવો જોઈએ.
- સંસદના કાયદા અનુસાર તેને અયોગ્ય ઘોષિત કરેલ ન હોવો જોઈએ.
- જે તે રાજ્યમાંથી રાજ્યસભામાં ચૂંટાવા જે તે રાજ્યમાં મતદાર તરીકે નામ નોધાવવું ફરિજયાત નથી . જેને 2006 માં સુપ્રીમ કોર્ટે સમર્થન આપ્યું.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

કાર્યકાળ

- અનુચ્છેદ 83 મુજબ રાજ્યસભા એ કાયમી ગૃહ છે એનું ક્યારે પણ વિસર્જન થતું નથી.
- રાજ્યસભામાં દર 2 વર્ષે 1/3 સભ્યો નિવૃત થાય છે અને એટલાજ સભ્યો નવા ચૂંટાય છે.
- આમ રાજ્યસભાના દરેક સભ્યનો કાર્યકાળ 6 વર્ષ નો હોય છે. (લોકપ્રતિનિધિત્વ અધિનિયમ 1951 અંતર્ગત રાષ્ટ્રપતિ ને રાજ્યસભાના સભ્યોની મુદ્દત ઘટાડવાની સત્તા આપી.)
- 1952 માં પ્રથમવાર રાજ્યસભા ની ચૂંટણી થઇ જેમાં 2 વર્ષ ૧૯૫૪ માં 1/3 સભ્યો ને દૂર કરવા લોટરી પધ્ધતિ અપનાવી. પછી 1956 માં ફરી લોટરી થી ૧/3 સભ્યો દૂર કરાયા. અને 1958 આ ક્રમ ચાલુ થઇ ગયો.
- રાજ્યસભામાં ભૂતકાળ માં નિમાયેલો કે ચૂંટાયેલો સભ્ય ફરીથી ચૂંટાઈ શકે છે.

TEACHING KISHAN

શપથ

- રાજ્યસભાના દરેક સભ્યને ગૃહ માં બેઠક લેતા પહેલા "રાષ્ટ્રપતિ" કે "રાષ્ટ્રપતિ દ્વારા નિમાયેલ કોઈ વ્યક્તિ" સામે શપથ લેવી પડશે.

પગાર -ભથ્થા

- સંસદ દ્વારા નક્કી કરવામાં આવે છે.
- રાજ્યસભા ના સભ્યનો પગાર 1,00,000 પ્રતિ માસ છે.

  + અન્ય ભથ્થાઓ અને સુવિધા

TEACHING KISHAN

Designation	Basic salary per month (In Rupees)	Basic Salary per Month(30% pay cut)
President	₹500,000	₹350,000
Vice-President	₹400,000	₹280,000
Prime Minister	₹200,000	₹160,000
Governors of States	₹350,000	₹245,000
Chief Justice of India	₹280,000	₹196,000
Judges of Supreme Court of India	₹250,000	₹175,000
Chief Election Commissioner of India	₹250,000	₹175,000
Member of Parliament of India	₹100,000	₹70,000

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

કાર્ય અને શક્તિ

- નાણાકીય ખરડા સિવાય તમામ ખરડામાં લોકસભા અને રાજ્યસભા ની શક્તિ સમાન છે.
- નાણાકીય ખરડા સિવાય કોઈ પણ ખરડા ને રાષ્ટ્રપતિ પાસે મોકલાવ બંને ગૃહ ની સ્વીકૃતિ જરૂરી છે.
- રાજ્યસભા નાણાં ખરાડા અંગે સૂચના આપી શકે જેને માનવા લોકસભા બંધાયેલી નથી.
- રાજ્યસભા નાણાં બિલનો અસ્વીકાર કે સુધારો કરી શકે નહિ
- જો નાણાબિલ 14 દિવસ માં રાજ્યસભા માંથી લોકસભામાં પાછું મોકલવામાં ન આવે તો તે પસાર થયેલું માનવામાં આવશે.
- બંધારણીય સુધારામાં લોકસભા અને રાજ્યસભાની શક્તિઓ સમાન છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

વિશિષ્ટ સત્તા

- અનુચ્છેદ 312 અનુસાર માત્ર રાજ્યસભાને સત્તા છે કે દેશની "અખિલ ભારતીય સેવાનું" સર્જન કરી શકે.
- અનુચ્છેદ 249 અનુસાર માત્ર રાજ્યસભાને અધિકાર છે કે "રાજ્યસુચિના વિષયને રાષ્ટ્રીય મહત્વ ઘોષિત કરી શકે."
- ઉપરાષ્ટ્રપતિ ને હટાવવાની પ્રક્રિયાની શરૂઆત રાજ્યસભામાંથી જ થશે.
- લોકસભા વિસર્જિત હોય ત્યારે રાષ્ટ્રીય કટોકટી નો સમયગાળો 1 મહિનો વધુ વધારવા માટે રાજ્યસભાની સ્વીકૃતિ અનિવાર્ય છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

સભાપતિ અને ઉપસભાપતિ

વૈંક્યા નાયડુ

હરિવંશ નારાયણ

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 89 : રાજ્યસભાના સભાપતિ અને ઉપસભાપતિ

- અનુચ્છેદ 89 અનુસાર રાજ્યસભાના સભાપતિ અને ઉપસભાપતિના પદની જોગવાઈ કરવામાં આવી છે.
- ભારતના ઉપરાષ્ટ્રપતિ પોતાના હોદ્દની રૂ એ રાજ્યસભાના સભાપતિ હોય છે જયારે રાજ્યસભાના ઉપસભાપતિ / ઉપાધ્યક્ષ રાજ્યસભામાંથી જ કોઈ એક સભ્યને પસંદ કરશે. જો તે હોદ્દો ખાલી થાય તો રાજ્યસભાના બીજા સભ્યો માંથી નવા ઉપધ્યાક્ષ તરીકે પસંદ કરશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

રાજ્યસભાના સભાપતિ

- ભારતના ઉપરાષ્ટ્રપતિ હોદ્દની રૂ એ રાજ્યસભાના સભાપતિ બને છે તેથી રાજ્યસભાના સભાપતિ ની કોઈ ચૂંટણી થતી નથી.
- રાજ્યસભાના સભાપતિ નો કાર્યકાળ 5 વર્ષ નો હોય છે જયારે ઉપસભાપતિ નો કાર્યકાળ 6 વર્ષનો હોય છે.
- જયારે ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિ તરીકે કામ કરે છે ત્યારે તે રાજ્યસભાના સભાપતિ તરીકે કામ કરતા નથી.
- રાજ્યસભાના સભાપતિ એ રાજ્યસભાના સભ્ય નથી. તેઓ મતદાન માં ભાગ લેતા નથી પરંતુ મત સરખા પડે તો નિર્ણાયક મત આપે છે.

TEACHING KISHAN

- રાજ્યસભાના સભાપતિ ને ત્યારે જ દૂર કરી શકય છે જયારે એમને ઉપરાષ્ટ્રપતિ પદ થી દૂર કરાશે
- રાજ્યસભાના સભાપતિ પોતાના સભાપતિ પદ થી રાજીનામુ આપતા નથી. તે ઉપરાષ્ટ્રપતિ પદ થી રાજીનામુ આપે છે.
- જયારે રાજ્યસભામાં સભાપતિ ને હટાવવાનો પ્રસ્તાવ વિચારણા હેઠળ હોય ત્યારે તે અધ્યક્ષતા કરી શકાશે નહિ.
- તે ગૃહ માં હાજર રહી શકે પરંતુ મતદાન કરી શકશે નહિ.

પગાર ભથ્થા

- ઉપરાષ્ટ્રપતિ ને રાજ્યસભાના સભાપતિ તરીકે પગાર મેળવે છે જે અત્યારે 4 લાખ પ્રતિ મહિનો છે. જે સંચિત નિધિ માંથી આપવામાં આવે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

રાજીનામુ

- રાજ્યસભાના સભાપતિ એ ઉપરાષ્ટ્રપતિ હોય છે જે રાષ્ટ્રપતિ ને રાજીનામુ આપે છે,
- રાજ્યસભાના સભાપતિ લોકસભાના અધ્યક્ષના જેમ જ કામ કરે છે. પરંતુ બે બાબત માં લોસભાના અધ્યક્ષ ને વધારે સત્તા મળેલ છે.

1. લોકસભાના અધ્યક્ષ કયું બિલ નાણાં બિલ છે તેનો અંતિમ નિર્ણય અપાશે.
2. અનુચ્છેદ 108 અંતર્ગત લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકની અધ્યક્ષતા લોકસભાના અધ્યક્ષ કરશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

રાજ્યસભાના ઉપસભાપતિ

- અનુચ્છેદ 89 (2) અંતર્ગત ઉપસભાપતિ ને રાજ્યસભામાંથી જ નીમવામાં આવે છે સભાપતિ ની હાજરીમાં સામાન્ય સદસ્ય હોય છે. જે સભાપતિ ની ગેરહાજરી માં તેમનું કાર્ય કરે છે.
- જો ઉપસભાપતિ નું પદ ખાલી પડે છે તો રાજ્યસભામાંથી અન્ય સભ્ય ને ઉપસભાપતિ બનાવવામાં આવે છે.
- ક્યારે પદ ખાલી થશે ?

1. જયારે તે રાજ્યસભાના સભ્ય નહિ રહે.
2. સભાપતિ ને સંબોધીને લખાણમાં રાજીનામુ આપશે
3. સંપૂર્ણ સદસ્યોની બહુમતી થી ઠરાવ પસાર કરી દૂર કરવામાં આવશે આ ઠરાવ પહેલા ઉપસભાપતિ ને 14 ની અગાઉ નોટિસ આપવામાં આવશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

- અનુચ્છેદ 91 અનુસાર જ્યારે ગૃહના સભાપતિ નું પદ ખાલી પડે છે ત્યારે ઉપસભાપતિ સભાપતિ તરીકે કાર્ય કરે છે.
- જયારે ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિ તરીકે કાર્ય કરતા હોય ત્યારે પણ ઉપસભાપતિ સભાપતિ તરીકે કાર્ય કરશે.
- જો સભાપતિ અને ઉપસભાપતિ બંનેનું પદ ખાલી હોય ત્યારે રાષ્ટ્રપતિ દ્વારા રાજ્યસભામાંથી એક સભ્યની સભાપતિ માટે નિમણુંક કરવામાં આવશે.
- સભાપતિ રાજ્યસભા માંથી 10 સભ્યોની પેનલ બનાવે છે (જેને પેનલ 10 કહેવાય છે) આ પેનલના સભ્ય બંને ની ગેરહાજરીમાં ક્રમશઃ અધ્યક્ષતા કરશે (પરંતુ પદ ખાલી હોય ત્યારે અધ્યક્ષતા કરી શકે નહિ.)

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

પ્રોટેમ ચેરમેન

- જયારે સભાપતિ ને ઉપસભાપતિ ની જગ્યા કોઈ કારણસર ખાલી પડે છે ત્યારે રાષ્ટ્રપતિ દ્વારા રાજ્યસભામાંથી કોઈ વ્યક્તિ ની સભાપતિ તરીકે નીમે છે આવા નિમણુંક પામેલ સભ્ય ને "પ્રોટેમ ચેરમેન " કહે છે.

રાજ્યસભામાં સૌપ્રથમ વાર જયારે ઉપરાષ્ટ્રપતિ બી.ડી જત્તી કાર્યકારી રાષ્ટ્રપતિ બન્યા હતા અને ઉપસભાપતિ એ લોકસભામાં ચૂંટાવાથી પદ ખાલી પડયું ત્યારે રાષ્ટ્રપતિ દ્વારા શ્રી બંસરી દાસ ને પ્રોટેમ ચેરમેન બનાવવામાં આવ્યા હતા.

Follow us On @teaching_kishan

લોકસભા (Lok Sabha)

Follow us On @teaching_kishan

લોકસભા નું માળખું

લોકસભા

મહત્તમ સંખ્યા (552)

- 530 રાજ્યો માંથી લોકો દ્વારા ચૂંટાશે.
- 20 કેન્દ્રશાસિત પ્રદેશ માંથી લોકો દ્વારા ચૂંટાશે.
- 2 એંગ્લો - ઇન્ડિયન રાષ્ટ્રપતિ દ્વારા નિમણુંક

વર્તમાન લોકસભા

વર્તમાન (543)

- 524 રાજ્યો માંથી લોકો દ્વારા ચૂંટાશે.
- 19 કેન્દ્રશાસિત પ્રદેશ માંથી લોકો દ્વારા ચૂંટાશે.
  - 7 દિલ્હી
  - 5 J & K
  - 7 others

TEACHING KISHAN

લોકસભા (અનુચ્છેદ 81)

- લોકસભાને " નીચલું ગૃહ" કે " પોપ્યુલર હાઉસ " , " પ્રથમ ગૃહ" કે " "લોકોનું પ્રતિનિધિત્વ ધરાવતું ગૃહ" કહેવામાં આવે છે.
- શરૂઆત માં 1954 સુધી લોકસભા એ " લોકોની સભા" ના નામે ઓળખાતી હતી
- લોકસભાને "બ્રિટન" ના નીચલું ગૃહ " હાઉસ ઓફ કોમન" સાથે સરખાવી શકાય.
- લોકસભાનું સૂત્ર "ધર્મચક્ર પરિવર્તનાય" છે

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

- અનુચ્છેદ 330 માં અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિને (ST) તેમની જનસંખ્યાના અનુસાર લોકસભામાં અમુક સીટો અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે
- અનુસૂચિત જાતિ અને જનજાતિ ના ઉમેદવાર બિન અનામત બેઠકમાંથી પણ ચૂંટણી લડી શકે છે.
- અનુચ્છેદ 331 અનુસાર રાષ્ટ્રપતિ 2 એંગ્લો ઈન્ડિયન ની નિમણુંક કરવાની જોગવાઈ હતી જેને 104 માં બંધારણીય સુધારા 2019 અંતર્ગત રદ કરવામાં આવી અને SC અને ST ની બેઠકોની અનામત 2030 સુધી લંબાવામાં આવી.
- લોકસભામાં અન્ય પછાત વર્ગ OBC અને મહિલા માટે અનામત ની વ્યવસ્થા નથી
- લોકસભામાં 543 માંથી 131 બેઠકો અનામત છે

TEACHING KISHAN

લોકસભામાં અનામત નું વર્તમાન માળખું

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

લોકસભાની ચૂંટણી

- લોકસભાના સભ્યો રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશના લોકો દ્વારા પ્રત્યક્ષ રીતે ચૂંટાય છે.
- લોકસભામાં રાજ્યોના પ્રતિનિધિઓ એ સીધા રાજ્યોના પ્રાદેશિક મતવિસ્તારના લોકો દ્વારા ચૂંટાયેલા હોય છે
- જે વ્યક્તિ ની ઉંમર 18 વર્ષ કે વધુ છે અને બંધારણીય જોગવાઈ હેઠળ અને ગેરલાયક ઠરાવેલ નથી તે આવી ચૂંટણીમાં મત આપી શકે છે.
- લોકસભાની સીધી ચૂંટણીઓ યોજવાના હેતુસર દરેક રાજ્યને ક્ષેત્રીય મત વિસ્તારોમાં વહેંચવામાં આવે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

પરિસીમન આયોગ

અનુચ્છેદ 82 અનુસાર પ્રત્યેક વસ્તી ગણતરી પછી રાજ્યોની લોકસભાની બેઠકોની પુનઃ વહેંચણી કરવામાં આવશે એના માટે પરિસીમન આયોગ ની રચના કરવામાં આવશે. (1952 , 1962 ,1972 ,2002)

- અનુચ્છેદ 81 (2) અનુસાર પ્રત્યેક રાજ્યને લોકસભાના ક્ષેત્રોમાં એવી રીતે વિભાજન કરવામાં આવે છે કે જેથી લોકસભાના ક્ષેત્રોની સંખ્યા એ રાજ્યની વસ્તીના સમપ્રમાણ માં હોય તથા આ વહેંચણી બધા રાજ્યમાં સમાન હોય. એનું ઉપદેશ્ય એ છે કે દરેક નાગરિકને લોકસભામાં સમાન પ્રતિનિધિત્વ મળે.
- હાલમાં રાજ્યો વચ્ચે લોકસભાની બેઠકની ફાળવણી 1971 ની વસ્તી ગણતરી પ્રમાણે ફાળવવામાં આવે છે જે 2026 સુધી યથાવત રહેશે

(84 મોં બંધારણીય સુધારો 2001 અંતર્ગત)

નોંધ : 6 લાખ થી ઓછી વસ્તી ધરાવતા રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશને આ લાગુ નહિ પડે.

TEACHING KISHAN

- પ્રત્યેક રાજ્યને પ્રદેશી મતદાર ક્ષેત્રોમા એવી રીતે વહેંચવામાં આવે કે મત વિસ્તાર ની વસ્તી અને ફાળવવામાં આવતી બેઠકો બંને નો ગુણોત્તર રાજ્યભરમાં સમાન રહે.
- 87મોં બંધારણીય સુધારો 2003 અંતર્ગત રાજ્યોની અંદર વસ્તી ના આધારે સીટો ની ફાળવણી 2001 ની વસ્તી ગણતરી ને આધારે કરવામાં આવશે.

સારાંશ :

લોકસભાની સીટો સંખ્યા અને રાજ્યો વચ્ચે ફાળવણી 1971 ની વસ્તી ગણતરી પ્રમાણે કરવામાં આવેશે પરંતુ દરેક રાજ્ય ની અંદર સીટો ની ફાળવણી એ 2001 ની વસ્તી ગણતરી ના આધારે કરવામાં આવશે.

TEACHING KISHAN

ગુજરાતમાં લોકસભાની બેઠકોમાં અનામત (26)



- **2** SC અનામત બેઠકો
- **4** ST અનામત બેઠકો
- **20** જનરલ બેઠકો

- લોકસભામાં દરેક મતદાન ક્ષેત્ર માંથી એક જ પ્રતિનિધિ ચૂંટવામાં આવશે , એક થી વધુ નહિ.
- જે ઉમેદવાર ને સૌથી વધુ મત મળશે એ ઉમેદવાર જીતી જશે (એમાં કોઈ નિશ્ચિત મત મર્યાદા નથી)

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

કાર્યકાળ

- અનુચ્છેદ 83 માં લોકસભાના કાર્યકાળ ની વાત કરેલ છે.
- લોકસભાના કાર્યકાળ 5 વર્ષ નો છે એટલે કે દર 5 વર્ષે લોકસભાની ચૂંટણી થશે. (5 વર્ષ એ લોકસભાની પ્રથમ બેઠક થી ગણવામાં આવશે)
- રાષ્ટ્રપતિ કેન્દ્રીય મંત્રીમંડળ ની સલાહ થી 5 વર્ષ પહેલા પણ લોકસભાને વિસર્જિત કરી શકે છે. (કોઈ પણ અદાલત માં પડકારી શક્ય નહિ)
- રાષ્ટ્રીય કટોકટી સમયે સંસદ દ્વારા લોકસભાના કાર્યકાળ ને દર 1 વર્ષે કાયદો બનાવી અનિશ્ચિત કાળ સુધી લંબાવી શકાય છે.
- પરંતુ કટોકટી પૂર્ણ થયા બાદ તેને 6 મહિનાથી વધારે લંબાવી શકાય નહિ.

TEACHING KISHAN

લાયકાત : અનુચ્છેદ 84

- ભારતનો નાગરિક હોવો જોઈએ.
- ઉમર ઓછામાં ઓછી 25 વર્ષ હોવી જોઈએ.
- લાભનું પદ ધરાવતો ન હોવો જોઈએ.
- અસ્થિર મગજનો ન હોવો જોઈએ.
- નાદાર ન હોવો જોઈએ.
- સંસદના કાયદા અનુસાર તેને અયોગ્ય ઘોષિત કરેલ ન હોવો જોઈએ.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

શપથ

- લોકસભાના સભ્યો ને શપથ રાષ્ટ્રપતિ અથવા રાષ્ટ્રપતિ દ્વારા નિમાયેલ પ્રોટેમ સ્પીકર લેવડાવશે

પ્રોટેમ સ્પીકર

- રાષ્ટ્રપતિ લોકસભાની ચૂંટણી પછી વિજેતા પાર્ટીના વરિષ્ઠ ઉમેદવાર (જેનો સંસદમાં અનુભવ અને લાંબા સમય સુધી સભ્ય રહ્યા હોય) "પ્રોટેમ સ્પીકર" બનાવશે.
- આ પ્રોટેમ સ્પીકર ને શપથ રાષ્ટ્રપતિ લેવડાવે છે.
- પછી પ્રોટેમ સ્પીકર બાકીના બધા લોકસભાના સદસ્યોને શપથ લેવડાવશે.
- શપથ પછી જયારે સ્પીકર નીમવામાં આવે ત્યારે પ્રોટેમ સ્પીકર સામાન્ય સદસ્ય બની જશે.

TEACHING KISHAN

રાજીનામુ

- લોકસભાના સદસ્યો એ લોકસભાના "અધ્યક્ષ" ને રાજીનામુ આપશે.
- લોકસભાના અધ્યક્ષ લોકસભાના ઉપાધ્યક્ષ ને રાજીનામુ આપશે.
- લોકસભાના ઉપાધ્યક્ષ એ લોકસભાના અધ્યક્ષ ને રાજીનામુ આપશે.

પગાર -ભથ્થા

- લોકસભાના સદસ્યના પગાર "સંસદ" નક્કી કરશે.
- અત્યારે લોકસભાના સદસ્યોનો પગાર 1,00,000 પ્રતિ માસ અને અધ્યક્ષનો પગાર 1,25,000 પ્રતિ માસ છે.

TEACHING KISHAN

લોકસભાના કર્યો અને સત્તા

- નાણાં ખરડો અથવા નાણાકીય ખરડો માત્ર લોકસભામાં જ પસાર કરી શકાય છે.
- કેન્દ્રીય બજેટ પણ માત્ર લોકસભામાં જ રજુ કરી શકાય છે.
- રાજ્ય સભા અને લોકસભાની સંયુક્ત બેઠક ની અધ્યક્ષતા લોકસભાના અધ્યક્ષ કરશે.
- ઉપરાષ્ટ્રપતિ ને હટાવવાનો પ્રસ્તાવ રાજ્યસભામાં જ લાવવામાં આવશે પરંતુ લોકસભા ની પરવાનગી પછી જ અમને પોતાના પદ પરથી દૂર કરી શકાય.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

લોકસભા અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ

ઓમ બિરલા

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 93 : લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ પદ ની જોગવાઈ

લોકસભાના અધ્યક્ષ

- લોકસભાના અધ્યક્ષ લોકસભાના સંચાલન માટે લોકસભા ચૂંટાયેલા સભ્યો માંથી જ કરવામાં આવે છે
- અધ્યક્ષ ની ચૂંટણી પ્રથમ બેઠક પછી શક્ય આટલી વહેલી તકે કરવામાં આવેશે.
- અધ્યક્ષ એ લોકસભાના પ્રમુખ અધિકારી છે. અને માત્ર લોકસભા ને જ જવાબદાર છે.

ચૂંટણી

- લોકસભાના અધ્યક્ષ ની ચૂંટણી લોકસભાના ચૂંટાયેલા સભ્યો દ્વારા થાય છે.
- લોકસભાના અધ્યક્ષ ની ચૂંટણી ની તારીખ "રાષ્ટ્રપતિ" કરશે.

TEACHING KISHAN

કાર્યકાળ

1. સામાન્ય રીતે લોકસભાની નવી ચૂંટણી થાય ત્યાં સુધી .(નવી ચૂંટણી પછી નવા સભ્યો પ્રથમ બેઠક મળે ત્યાં સુધી પદ પર રહે છે તરત ખાલી કરતા નથી.)
2. લોકસભા માં સંપૂર્ણ બહુમતી થી ઠરાવ પસાર કરી અમને દૂર કરવામાં આવે (ઠરાવ 50 સભ્યોના ટેકાથી જ લાવી શકાશે.) અમને ઠરાવના 14 દિવસ પહેલા જાણ કરવાની રહેશે.
3. એ લોકસભા ની સદસ્યતા ગુમાવે
4. ઉપાધ્યક્ષ ને સંબોધીને રાજીનામુ આપે.

- જયારે લોકસભાના અધ્યક્ષ ને હટાવવાનો વિચાર ચાલતો હોય ત્યારે તે ગૃહ ની અધ્યક્ષતા કરી શકતા નથી. તે બોલી શકે , કાર્યવાહીમાં ભાગ લઈ શકે પણ મત આપી શકે નહિ .

TEACHING KISHAN

કાર્ય , શક્તિ અને સત્તાઓ

1. લોકસભાના અધ્યક્ષ એ લોકસભાના વડા હોય છે તે લોકસભાનું કામ યોગ્ય રીતે ચાલે , ગૃહના સદસ્યોની સગવડ એ સંચાલન નું કાર્ય કરે છે.
2. તેમને વિશાળ , વૈવિધ્યસભર અને મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે તે ગૃહ ની અંદર મહાન સન્માન , ઉચ્ચ પ્રતિષ્ઠા અને સર્વોચ્ચ અધિકાર ભોગવે છે.
3. તે ગૃહના પ્રવક્તા છે અને સંસદીય બાબતોને લઈને તેમને નિર્ણય અંતિમ રહેશે.
4. તેઓ ગૃહની કાર્યવાહી માટે કોરમના (કુલ સદસ્યતાના ૧/10 સભ્યો) અભાવમાં ગૃહ ને સ્થગિત કરવાનો અધિકાર છે
5. કોઈ ખરડો નાણાં ખરડો છે કે નહિ તે અંગે અંતિમ નિર્ણય અધ્યક્ષ નો રહેશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

6. તે પ્રથમ વાર માં મત અપાતા નથી પરંતુ સરખા મત મળે તો અધ્યક્ષ પોતાની "નિર્ણાયક મત" (કાસ્ટિંગ વોટ) આપે છે.
7. લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠક ની અધ્યક્ષતા લોકસભાના અધ્યક્ષ કરે છે
8. અધ્યક્ષ ની કોઈ પણ સત્તાને ન્યાયાલય માં પડકારી શકાય નહિ
9. 10 ની અનુસૂચિ "પક્ષ પલટા વિરોધી કાયદા" હેઠળ ઉભા થતા પ્રશ્નોમાં કોઈ સભ્યના સભ્યપદ રદ કરવા બાબતે અંતિમ નિર્ણય અધ્યક્ષ કરશે.
10. તે હોદ્દાની રૂ એ ભારતના "આંતર સંસદીય સંઘના અધ્યક્ષ" તરીકે તથા વિધાનસભાના અધ્યક્ષોનાં સંમેલન ની અધ્યક્ષતા કરે છે.
11. તેમની પરવાનગી વગર ગૃહમાં કોઈ પરિવર્તન શક્ય નથી

TEACHING KISHAN

12. લોકસભાની તમામ સંસદીય સમિતિના અધ્યક્ષ ની નિમણુંક કરે છે તથા તે પોતે "કાર્યમંત્રણા સમિતિ" , “નિયમ સમિતિ” તથા “સામાન્ય પ્રયોજન સમિતિની” અધ્યક્ષતા કરે છે.
13. લોકસભાની બેઠક માટેનો દિવસ અને સમય નક્કી કરે છે તથા કાર્ય સૂચિ અને વિષયોનો ક્રમ નક્કી કરે છે.
14. તે લોકસભાના ક્યાં સભ્યને અને કેટલા સમય સુધી બોલવાનો મોકો આપવો તે પણ અધ્યક્ષ નક્કી કરે છે

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

પગાર ભથ્થા

- તેમનો પગાર "સંસદ" દ્વારા નક્કી કરવામાં આવશે.
- તેમનો પગાર "સંચિત નિધિ" માંથી આપવામાં આવે છે.
- અત્યારે લોકસભાના અધ્યક્ષ નો પગાર “1,25,000" પ્રતિ મહિનો છે.

શપથ

- લોકસભાના અધ્યક્ષ એ અધ્યક્ષ તરીકેની કોઈ શપથ લેતા નથી. તે સંસદ સભ્ય તરીકે ની શપથ લે છે.
- અનુચ્છેદ 99 અનુસાર સંસદના દરેક સભ્ય ને શપથ "રાષ્ટ્રપતિ" અને એમના દ્વારા નિમાયેલ વ્યક્તિ (પ્રોટેમ સ્પીકર) લેવડાવે છે.

TEACHING KISHAN

લોકસભાના ઉપાધ્યક્ષ

- લોકસભાના અધ્યક્ષ પછી ઉપાધ્યક્ષ ની ચૂંટણી થાય છે.
- લોકસભાના ઉપાધ્યક્ષ ને પણ લોકસભાના સભ્યોમાંથી જ ચૂંટવામાં આવે છે.
- લોકસભાના ઉપાધ્યક્ષ ની ચૂંટણી ની તારીખ "લોકસભાના અધ્યક્ષ" નક્કી કરશે.
- સામાન્ય રીતે લોકસભાના ઉપાધ્યક્ષ એ "વિરોધ પક્ષ" ચૂંટાય છે .(11 મી લોકસભાથી નિયમ)
- લોકસભાના ઉપાધ્યક્ષ ની જગ્યા ખાલી પડે તો લોકસભામાંથી બીજા સભ્ય ને ઉપાધ્યક્ષ બનાવવામાં આવે છે.
- બંને ગૃહ ની સંયુક્ત બેઠક માં જો લોકસભાના અધ્યક્ષ ગેરહાજર રહે તો ઉપાધ્યક્ષ અધ્યક્ષ પદ સંભાળશે.

TEACHING KISHAN

પદ ક્યારે ખાલી પડે

1. જો તે લોકસભાના સભ્ય ન રહે.
2. તે અધ્યક્ષ ને સંબોધીને રાજીનામુ આપે.
3. લોકસભાની સંપૂર્ણ બહુમતી દ્વારા તેમને હટાવવામાં આવે જેમાં અમને 14 દિવસ અગાઉ નોટિસ આપવાની રહેશે.

- જયારે ગૃહમાં ઉપાધ્યક્ષ ને હટાવવાની વિચારણા ચાલતી હોય ત્યારે તે અધ્યક્ષ પદ ધારણ કરી શકશે નહિ.
- જયારે તે અધ્યક્ષ ગૃહ માં હાજર હોય ત્યારે તે સામાન્ય સદસ્યની જેમ જ હોય છે.

TEACHING KISHAN

કર્યો ,શક્તિ અને સત્તા

- જ્યારે લોકસભાના અધ્યક્ષ ગેરહાજર હોય અથવા પદ ખાલી હોય ત્યારે તે અધ્યક્ષ તરીકે ની ભૂમિકા નિભાવે છે.
- જ્યારે તે લોકસભાના અધ્યક્ષ બંને છે ત્યારે તે અધ્યક્ષ ની સંપૂર્ણ સત્તા નો ઉપયોગ કરે છે.
- જ્યારે તે અધ્યક્ષ બને ત્યારે તે પ્રથમ વાર માં મત અપાતા નથી તે સમાન માટેના કિસ્સામાં "નિર્ણાયક મત આપશે.
- **વિશેષ સત્તા** : જ્યારે ઉપાધ્યક્ષ ને સંસદ ની કોઈ સમિતિના સભ્ય તરીકે નિમણુંક કરવામાં આવે છે તો તેઓ આપો આપ તે સમિતિના અધ્યક્ષ બની જાય છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

શપથ

- લોકસભાના અધ્યક્ષ એ ઉપાધ્યક્ષ તરીકેની કોઈ શપથ લેતા નથી. તે સંસદ સભ્ય તરીકે ની શપથ લે છે.સંસદના દરેક સભ્ય ને શપથ "રાષ્ટ્રપતિ" અને એમના દ્વારા નિમાયેલ વ્યક્તિ (પ્રોટેમ સ્પીકર) લેવડાવે છે.

પગાર ભથ્થા

- તેમનો પગાર "સંસદ" દ્વારા નક્કી કરવામાં આવશે.
- તેમનો પગાર "સંચિત નિધિ" માંથી આપવામાં આવે છે.
- તેમને સંસદ સભ્ય તરીકે નો પગાર મળે છે હાલ (1,00,000 / માસ)
- જયારે તે અધ્યક્ષ તરીકે કામ કરશે ત્યારે પગાર પણ અધ્યક્ષ નો મળશે.

TEACHING KISHAN

અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ બંને ગેરહાજર

- જો લોકસભા માં અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ બંને ના પદ ખાલી છે ત્યારે રાષ્ટ્રપતિ દ્વારા લોકસભામાંથી એક વ્યક્તિની નિમણુંક કરવામાં આવશે જે અધ્યક્ષ પદ સંભાળશે
- લોકસભાના અધ્યક્ષ એ લોકસભામાંથી 10 સભ્યોની પેનલ બનાવશે. જે લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ ની ગેરહાજરીમાં ક્રમશ અધ્યક્ષ પદ સંભાળશે.
- પેનલ ના સભ્યો એ લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ ની ગેરહાજરી માં જ અધ્યક્ષ પદ સાંભળી શકશે. જો બેઠક ખાલી હોય તો પેનલ માંથી કોઈ અધ્યક્ષતા કરી શકશે નહિ.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

લોકસભા અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ ની ગેરહાજરી

- અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ નું પદ ખાલી
  - રાષ્ટ્રપતિ દ્વારા લોકસભામાંથી નિમાયેલ વ્યક્તિ
- અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ ની ગેરહાજરી
  - અધ્યક્ષ દ્વારા બનાવેલ 10 સભ્યોની પેનલ માંથી
    - લોકસભા માંથી સવાનુમતે કોઈ સદસ્ય

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

સંસદ સભ્યોની ગેરલાયકાતો

1. ભારતના બંધારણ અનુસાર

- કેન્દ્ર સરકાર કે રાજ્યસરકાર હેઠળ કોઈ લાભનું પદ ધરાવતો હોય.
- તે નાદાર (દેવાદાર) જાહેર કરવામાં આવ્યો હોય
- તે ભારતના નાગરિક ન રહ્યો હોય અથવા સ્વેચ્છાએ વિદેશી નાગરિકતા સ્વીકારી હોય.
- સંસદ દ્વારા બનાવેલા કોઈ નિયમ અનુસાર તેને ગેરલાયક ઠરાવવામાં આવેલ હોય.

TEACHING KISHAN

2. લોકપ્રતિનિધિત્વ ધારો 1951 અનુસાર

- જો એને ચૂંટણી સબંધિત કોઈ અપરાધ કે ચૂંટણી માં ભ્રષ્ટ આચરણ માટે દોષિત ઠરાવેલ હોય.
- જો તેને ભ્રષ્ટાચાર માટે સરકારી નોકરી માંથી દૂર કરવામાં આવેલ હોય.
- જો એને પોતાના ચૂંટણી ખર્ચની વિગતો નિર્ધારિત મર્યાદામાં ચૂંટણી પંચ ને ના આપી હોય.
- જો તે દહેજ , જાતીય ભેદભાવ , છૂટ -અછૂત જેવા સામાજિક ગુનામાં દોષિત ઠરાવેલ હોય.
- જો એને કોઈ અપરાધ માટે 2 કે 2 થી વધુ વર્ષ ની જેલ થઈ હોય.
- અલગ અલગ સમૂહ વચ્ચે દુશ્મનાવટ ફેલાવાના આરોપ માં દંડ મળેલ હોય

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

3. પક્ષ પલટા વિરોધી કાયદો

- તેને સ્વેચ્છાએ પોતાના રાજીકીય પક્ષનો ત્યાગ કર્યો હોય.
- કોઈ સભ્ય પોતાની રાજકીય પાર્ટીના ની પરવાનગી વિરુદ્ધ મત કરે અથવા પોતાની પાર્ટી માં મત ન આપે, અને આવા કૃત્ય બદલ 15 દિવસ માં માફી ન માંગે તો તે સભ્ય ગેરલાયક ઠરે છે.
- કોઈ ગૃહના નિમણુંક પામેલ સભ્ય પોતાની નિમણુંક ના 6 મહિના બાદ જો કોઈ બીજા રાજકીય પક્ષ સાથે જોડાય તો તે સભ્યનું સભ્યપદ રદ થઈ જશે. પરંતુ નિમણુંક ના 6 મહિનાની અંદર જોડાય છે તો એમનું સભ્યપદ ચાલુ રહે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

- જ્યારે કોઈ સભ્ય કોઈ પણ ગૃહ ના અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ પદે ચૂંટાય અને ત્યાર બાદ સ્વેચ્છાએ પોતાના રાજકીય પક્ષ નું સભ્ય પદ છોડે અને પોતાના અધ્યક્ષ પદ નો કાર્યકાળ પૂરો થતા ફરીથી તે પોતાના રાજકીય પક્ષ માં જોડાય તો તેમનું સભ્ય પદ રદ નહીં થાય.

4 . ગેરહાજરી

- જ્યારે કોઈ સંસદ સભ્ય કોઈ કારણ વગર , જે તે ગૃહ ના અધ્યક્ષ કે સભાપતિ ની પૂર્વમંજૂરી વગર સતત 60 દિવસ ગેરહાજર રહે તો એમનું સભ્ય પદ રદ જાહેર થશે.
- જ્યારે ગૃહ સતત 4 દિવસ થી વધુ સમય સ્થગિત રાખેલ હોય તો તે સમયગાળો ગણવામાં આવતો નથી.

TEACHING KISHAN

5. બેવડું સભ્યપદ

CASE 01 : સંસદના બંને ગૃહ માં ચૂંટાય તો

- કોઈ પણ વ્યક્તિ સંસદના બંને ગૃહ નો સદસ્ય રહી શકે નહિ. જો કોઈ વ્યક્તિ સંસદ ના બંને ગૃહ માં ચૂંટાય છે તો 10 દિવસ ની અંદર ચૂંટણી પંચ ના સચિવ ને જાણ કરવાની રહેશે કે તે ક્યાં ગૃહના સભ્ય તરીકે રહેવા ઈચ્છે છે. જો તે ન 10 દિવસ માં ન જણાવે તો તેનું રાજ્યસભાનું પદ રદ કરવામાં આવશે.

TEACHING KISHAN

CASE 02 : કોઈ એક ગૃહના સભ્ય હોય અને બીજા ગૃહ માં ચૂંટાય

- જો કોઈ સભ્ય એક ગૃહ ના સભ્ય હોય અને બીજા ગૃહના સભ્ય તરીકે ચૂંટાય તો તેમની ચૂંટાવાની તારીખ થી જ એમના પહેલા ગૃહ નું સભ્યપદ રદ થઈ જશે.

CASE 03 : કોઈ એક ગૃહ માં એક કરતા વધુ બેઠક પરથી ચૂંટાય

- જો કોઈ વ્યક્તિ ગૃહ ની એક કરતા વધુ બેઠકો પરથી ચૂંટાય તો તેમને કોઈ એક બેઠક ની પસંદગી કરવી પડશે નહીંતર તેમની બધી જ બેઠકો રદ થશે.

- 2014 માં નરેન્દ્રભાઈ મોદી વારાણસી અને વડોદરા એમ લોકસભાની બંને સીટો જીતેલા ત્યાર બાદ તેમને 10 દિવસ માં વડોદરાના પદથી રાજીનામુ આપ્યું.

TEACHING KISHAN

CASE 04 : સંસદ અને વિધાનમંડળ બંને માટે ચૂંટાવાથી ખાલી થતું પદ

- કોઈ વ્યક્તિ સંસદ ના કોઈ ગૃહ (લોકસભા કે વિધાનસભા) અને રાજ્યોના વિધાનમંડળ (વિધાનસભા કે વિધાનપરિસદ) બંને ના સભ્ય તરીકે ચૂંટાય છે તો 14 દિવસ માં પોતાની રાજયવિધાનમંડળ ના બેઠકનો ત્યાગ કરવો પદે નહીંતર એમની સંસદ ની બેઠક રદ કરવામાં આવશે.

- 2014 માં નરેન્દ્રભાઈ મોદી મણિનગરથી ગુજરાત વિધાનસભાના સભ્ય હતા પછી તે વડોદરા અને વારાણસી થી લોકસભાની ચૂંટણી લડ્યા તેમાં તે વિજિતા થતા 14 દિવસ ની અંદર મણિનગર ની બેઠક પરથી રાજીનામુ આપ્યું.

TEACHING KISHAN

6. અન્ય સ્થિતિ

- જો અદાલત દ્વારા તે સભ્ય ની ચૂંટણી ને ગેરકાયદેસર ઠરાવેલ હોય
- જો ગૃહના અધ્યક્ષ કે સભાપતિ દ્વારા તેને ગેરવર્તન માટે ગૃહ માંથી કાઢી મુકવાની કાર્યવાહી હાથ ધરી હોય.
- જો તે સભ્ય રાષ્ટ્રપતિ કે ઉપરાષ્ટ્રપતિ માટે ચૂંટાયો હોય.
- જો તેને કોઈ રાજ્યના રાજ્યપાલ બનાવાયા હોય.
- આ સ્થિતિ માં પણ સંસદસભ્યોનું સભ્યપદ બંધારણીય જોગવાઈ અનુસાર રદ કરવામાં આવશે.

TEACHING KISHAN

સંસદમાં નેતાઓ

ગૃહમાં નેતા (Leader of the House)

- જો પ્રધાનમંત્રી લોકસભાના સભ્ય હોય તો તે "લોકસભાના ગૃહના" નેતા બનશે. તો લોકસભાના સભ્ય ન હોય તો એમના દ્વારા લોકસભામાં રહેલા મંત્રી ને "લોકસભાના નેતા" બનાવશે.

(અત્યારે નરેન્દ્રભાઈ મોદી એ લોકસભાના સદસ્ય છે તેથી તે લોકસભાના ગૃહના નેતા બનશે)

- જો પ્રધાનમંત્રી રાજ્યસભાના સભ્ય હોય તો તે "રાજ્યસભાના ગૃહના નેતા" બનશે જો તે રાજ્યસભાના સભ્ય નથી તો એમના દ્વારા નિમાયેલ મંત્રી રાજ્યસભાના નેતા બનશે"

અત્યારે હાલ "પિયુષ ગોહેલ" રાજ્યસભાના ગૃહના નેતા છે

TEACHING KISHAN

વિપક્ષના નેતા (Leader of the opposition)

- સંસદના બંને ગૃહમાં એક -એક વિપક્ષના નેતા હોય છે.
- બહુમતી ધરાવતા રાજકીય પક્ષ સિવાય ગૃહની કુલ સંખ્યાના 1/10 ભાગના સદસ્યો ધરાવતી રાજકીય પાર્ટીના નેતા "વિપક્ષના નેતા" બને છે (અત્યારે રાજ્યસભા : મલ્લિકાર્જુન ખરગે)
- એટલેકે પ્રમુખ વિપક્ષી રાજકીય દળ બનવા લોકસભાના ઓછામાં ઓછા 55 અને રાજ્યસભામાં ઓછામાં ઓછા 25 સભ્યો હોવા જોઈએ.
- વિપક્ષી નેતાનું મુખ્ય કાર્ય સરકારના કર્યો ની યોગ્ય આલોચના કરવી તથા એક વૈકલ્પિક સરકાર ની વ્યવસ્થા કરવામાં આવે.

TEACHING KISHAN

- તેમનો હોદ્દો અને પગારભથ્થા અને સુવિધા કેબિનેટ કક્ષાના મંત્રીને સમકક્ષ હોય છે.
- 1969 માં પ્રથમવાર વિપક્ષી સત્તાવાર નેતાને પરવાનગી અપાયી હતી
- સૌપ્રથમ 1977 માં લોકસભા અને રાજ્યસભાના વિપક્ષી નેતાને કાયદાકીય દરજ્જો આપવામાં આવ્યો.
- લોકપાલ , માનવાધિકાર આયોગ, કેન્દ્રીય તકેદારી આયોગ અને કેન્દ્રીય સૂચના આયોગ ની નિયુક્તિ માટે વિપક્ષના નેતાની સહમતી જરૂરી છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

મુખ્ય દંડનાયક / મુખ્ય સચેતક / દંડનાયક (Whip)

- દંડનાયક (Whip) એ દરેક રાજકીય પક્ષમાં રહેલું એક પદ છે અને દરેક રાજકીય પક્ષ એક દંડનાયક ની નિમણુંક કરે છે.
- જેનો ઉલ્લેખ બંધારણ માં કે સંસદીય કાયદામાં કરવામાં આવેલ નથી.પરંતુ પરંપરાગત પદ છે
- તેમનું કામ પોતાના રાજકીય પક્ષના સંસદ સભ્યોના વ્યવહાર પર નિયંત્રણ રાખવાનું છે.
- દંડકનું મુખ્ય કાર્ય પોતાના ગૃહના નેતાઓને ઉપસ્થિત રાખવા , કોઈ પણ વિષય પર જયારે મતદાન થતું હોય ત્યારે પોતાના પક્ષના સભ્યો પક્ષ દ્વારા નક્કી કરેલા નિર્ણય પર મત આપે છે કે નહિ તેની દેખરેખ રાખવી , ટકોર કરવી અને જરૂર પડે તો એ સદસ્ય વિરુદ્ધ પક્ષીય કાર્યવાહી પણ કરે છે.

TEACHING KISHAN

સંસદના સત્રો

- અનુચ્છેદ 85(1) પ્રમાણે રાષ્ટ્રપતિ સમયાંતરે "સંસદનું સત્ર બોલાવી શકે છે.
- સંસદના બે સત્રો વચ્ચે 6 મહિનાથી વધારે અંતર ન હોવું જોઈએ. આથી વર્ષમાં ઓછામાં ઓછા બે સત્રો તો ભરાય છે.
- પરંપરા અનુસાર સંસદના નિયમિત વર્ષમાં ત્રણ સત્રો ભરાય છે.

1. પ્રથમ સત્ર (બજેટ સત્ર) : ફેબ્રુઆરી થી મેં સુધી . આ વર્ષનું પ્રથમ સત્ર હોય છે જેની શરૂઆત રાષ્ટ્રપતિના ભાષણ થી થાય છે જેને આભાર પ્રસ્તાવ કહે છે આ સત્ર સૌથી લાબું અને મહત્વનું સત્ર છે.
2. બીજું સત્ર (ચોમાસુ સત્ર) : જુલાઈ થી સપ્ટેમ્બર
3. ત્રીજું સત્ર (શિયાળુ સત્ર) : નવેમ્બર થી ડિસેમ્બર : સૌથી નાનું સત્ર

TEACHING KISHAN

સંસદનું વિશેષ સત્ર

- રાષ્ટ્રપતિ કોઈ વિશેષ વિષય માટે વિશેષ સત્ર બોલાવી શકે છે.
- રાષ્ટ્રપતિ ને વિશેષ સત્ર બોલાવવાની શક્તિ અનુચ્છેદ 85 (1) માં પ્રાપ્ત છે.
- આ માટે રાષ્ટ્રપતિ સંસદ સભ્યો ને મોકલવામાં આવતા આમંત્રણ માં "વિશેષ વિષય" ઉલ્લેખીને આયોજન કરવામાં આવે છે.
- આ સત્ર માં એ વિષેય સિવાય અન્ય કોઈ વિષય પાર ધ્યાન આપવામાં આવતું નથી.
- આ સત્ર સંસદ ના નિયમિત સત્ર માં અથવા સત્ર ચાલુ ન હોય ત્યારે યોજાઈ શકે છે.

- ઉદાહરણ : વર્ષ 2017 માં GST અમલ માટે મધ્યરાત્રીએ સત્ર બોલાવવામાં આવેલું

TEACHING KISHAN

સત્ર નું સમાપન

- સંસદના સત્ર માં ઘણી સભાઓનો સમાવેજ થાય છે.
- દિવસ ની દરેક સભામાં 2 બેઠકો હોય છે સવારે 11 થી બપોર 1 વાગ્યા સુધી અને બપોરના 2 થી સાંજના 6 સુધી



- સંસદનની બેઠક કે સત્ર દરમિયાન બેઠક મુલ્તવી અથવા અનિશ્ચિત મોકૂફી અથવા સત્રાવસાન અથવા લોકસભાના વિસર્જન થી સમાપ્ત કરી શકાય છે.

KISHAN

Follow us On @teaching_kishan

1.સ્થાગન / સત્ર મોકૂફી

- સત્રનું સ્થાગન મિનિટ ,કલાક , અઠવાડિયા કે દિવસોમાં હોય છે.
- સ્થાગન થી સંસદનું સત્ર પૂર્ણ થતું નથી પરંતુ એક નિશ્ચિત સમય સુધી તેને સ્થગિત કરવામાં આવે છે.
- સ્થાગત બેઠક ફરી શરુ થતા અગાઉ નું બાકી રહેલું કામ કે ચર્ચા આગળ વધે છે.
- જે તે ગૃહના અધ્યક્ષ કે સભાપતિ ઈચ્છે તો મુલ્તવી રાખેલ તારીખ પહેલા મળી શકે છે.
- તેનાથી ખરડો પસાર કરવાની ક્રિયા પર કોઈ અસર થતી નથી.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

2. અનિશ્ચિત કાળ માટે સ્થગન / સાઈન ડાઇ

- જ્યારે હવે બેઠક ક્યારે ભરાશે એ કીધા વિના અધ્યક્ષ બેઠક ને સમાપ્ત કરે તેને અનિશ્ચિત કાળ માટે સ્થગન અથવા સાઈન ડાઇ કહેવાય છે.

- સાઈન ડાઇ નો મતલબ : "આગામી બેઠક નક્કી કર્યા વગર"

- સામાન્ય રીતે સત્ર ના અંતિમ બેઠકે સંસદને અનિશ્ચિત કાળ માટે સ્થગિત કરવામાં આવશે.
- ગૃહ ને મોકૂફી રાખવાની શક્તિ ગૃહના અધ્યક્ષ કે સભાપતિ ની છે.

TEACHING KISHAN

3. સત્રાવસાન / સત્ર સમાપ્તિ

- જયારે સંસદ ના સત્ર ની કાર્યવાહી કે સમય પૂરો થઈ જાય છે ત્યારે મંત્રી પરિષદ ની સલાહ થી રાષ્ટ્રપતિ બંને ગૃહો ના સત્રો કે કોઈ પણ એક ગૃહ નું સત્ર સમાપ્ત કરી શકે છે જેને સત્રાવસાન કે સત્ર સમાપ્તિ કહે છે.
- જયારે અધ્યક્ષ દ્વારા કોઈ ગૃહ ને અનિશ્ચિત કાળ માટે સ્થગિત કરવા આવે છે ત્યારે પણ રાષ્ટ્રપતિ 2-3 દિવસ માં તેનું સત્ર ને સમાપ્ત જાહેર કરી દે છે.
- ગૃહના સત્ર સમાપ્ત થવાથી ગૃહના કર્યો અને ખરડો સમાપ્ત થતા નથી.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

મોકૂફી	સત્રાવસાન
➢ માત્ર બેઠક સમાપ્ત થાય છે ગૃહ નું સત્ર ચાલુ રહે છે.	➢ બેઠક અને સત્ર બંને સમાપ્ત કરે છે.
➢ જે તે ગૃહ ના અધ્યક્ષ દ્વારા કરવામાં આવે છે.	➢ ભારતના રાષ્ટ્રપતિ ધ્વરા કરવામાં આવે છે
➢ બાકી રહેલા ખરડા કે કર્યો ને અસર કરતુ નથી અને ગૃહ ફરી મળે ત્યાંથી જ કાર્યવાહી શરુ કરવામાં આવે છે.	➢ ખરડા કે કાર્ય ને અસર કરતા નથી. બિલ રજુ કર્યા સિવાય ની નોટિસ કે પ્રસ્તાવ ના પર વિરામ મૂકી છે જે નવા સત્ર માં ફરી આપવાની રહેશે.

Follow us On @teaching_kishan

4. વિસર્જન

- સત્રસમાપ્તિ એ સત્ર ને સમાપ્ત કરે છે જ્યારે વિસર્જન એ ગૃહ ને સમાપ્ત કરી દે છે.
- રાજ્યસભા એ કાયમી ગૃહ છે જેથી એનું વિસર્જન થતું નથી. જ્યારે લોકસભાના વિસર્જન કરવાની સત્તા ભારતના રાષ્ટ્રપતિ ને આપવામાં આવેલ છે.
- લોકસભાનું વિસર્જન 2 પ્રકારે થાય

1. લોકસભાનો કાર્યકાળ 5 વર્ષ પૂર્ણ થાય.
2. રાષ્ટ્રપતિ લોકસભાને વિસર્જન કરે

- સામાન્ય પરિસ્થિતિમાં રાષ્ટ્રપતિ જ્યારે વડાપ્રધાન લોકસભામાં બહુમતી ગુમાવે છે ત્યારે લોકસભાનું વિસર્જન કરતા હોય છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

લોકસભાના વિસર્જન થી ખરડા પર અસર

- લોકસભામાં વિચારણા હેઠળ લાવવામાં આવેલા દરેક બિલ સમાપ્ત થઈ જશે.
- લોકસભામાંથી પસાર કરેલું બિલ જે રાજ્યસભામાંથી પસાર થવાનું બાકી છે તે બિલ રદ થઈ જશે.
- રાજ્યસભામાં દ્વારા લાયેલું બિલ જે હાજી લોકસભા જવાનું બાકી છે તે બિલ રદ થશે નહિ.
- બંને ગૃહો દ્વારા પસાર કરેલું બિલ જે રાષ્ટ્રપતિ ની સહી માટે બાકી છે તે બિલ રદ થશે નહિ.
- બંને ગૃહો દ્વારા પસાર કરેલું બિલ જે રાષ્ટ્રપતિ પુનઃવિચારના માટે મોકલવાની વિચારણા ચાલી રહી છે તે બિલ રદ થશે નહિ.
- નિર્ણય ન આવતા બિલ પર રાષ્ટ્રપતિ વિસર્જન પહેલા બંને ગૃહ ની સંયુક્ત બેઠક નો આદેશ આપે છે. અને પછી વિસર્જન થાય તો બિલ રદ થશે નહિ.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

5. દીર્ઘાવકાશ

- સત્ર સમાપ્તિ અને નવા સત્ર વચ્ચે ના સમયગાળાને "દીર્ઘાવકાશ" કહે છે.

6. પંગુ સત્ર / Lame duck session

- નવી ચૂંટણી પછી નવા ચૂંટાયેલા સભ્યો અને વર્તમાન લોકસભાના સભ્યો જે હવે નવી લોકસભાની ચૂંટણી માં જીત્યા નથી તેઓને આ સત્રમાં બોલાવવામાં આવે છે જેમના માટે આ સત્ર અંતિમસત્ર છે જેને "પંગુસત્ર" કહે છે.

TEACHING KISHAN

કોરમ

- કોરમ જોગવાઈ અનુચ્છેદ 100 માં આપવામાં આવી છે.
- ગૃહમાં હાજર રહેવાની ન્યુનતમ સંખ્યા ને કોરમ કહેવામાં આવે છે.
- ગૃહ માં કોરમ અધ્યક્ષ સહીત ગૃહના કુલ સંખ્યાના 1/10 ભાગ છે.
- એનો અર્થ કે અધ્યક્ષ સહીત લોકસભાના કાર્યવાહી ચલાવવાના ઓછામાં ઓછા 55 સભ્યો અને રાજ્યસભામાં કાર્યવાહી ચલાવવા ઓછામાં ઓછા 25 સભ્યો હાજર હોવા જોઈએ.
- જો ગૃહમાં કોરમ ના સભ્યો પુરા ન થાય તો જે તે ગૃહના અધ્યક્ષ ગૃહ ની કાર્યવાહી સ્થગિત રાખે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

સંસદીય કાર્યવાહી

- સંસદમાં બેઠકની કાર્યવાહી સવારે 11:00 વાગે શરુ થાય છે. અને સાંજે 6 વાગે સમાપન થાય છે.

સવારે 11 થી 12	12 થી 1:00	1 થી 2	બપોરે 2 થી 6
પ્રશ્નકાળ	શૂન્યકાળ	ભોજન	ધારાકીય / સરકારી કાર્યવાહી

- સામાન્ય રીતે સંસદમાં લોકસભાનો સમય સવારે 11 વાગ્યા થી સાંજે 6 વાગ્યા સુધી નો અને રાજ્યસભાનો સમય સવારે 11 વાગ્યા થી સાંજે 5 વાગ્યા સુધી નો હોય છે.

TEACHING KISHAN

પ્રશ્નકાળ

- સંસદમાં દિવસનો પ્રથમ એક કલાક સવારે 11:00 થી 12 : 00 પ્રશ્નકાળ હોય છે.
- પ્રશ્નકાળ દરમિયાન સંસદના સભ્યો મંત્રીઓને પ્રશ્નો પૂછે છે . જેમાં પ્રશનું પૂછવાનું કારણ બતાવવું જરૂરી નથી.
- મંત્રી ને સંસદ સભ્યો દ્વારા પુછાતા પ્રશ્નો ત્રણ પ્રકારના હોય છે.

1. તારાંકિત પ્રશ્નો (ફૂદડી વાળા પ્રશ્નો)
2. અતારાંકિત પ્રશ્નો
3. અલ્પ સૂચના પ્રશ્નો

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

1. તારાંકિત પ્રશ્નો / Starred question

- આવા પ્રશ્નો ને ફૂદડી માર્ક (*) થી ઓળખી શકાય છે.
- આવા પ્રશ્નોના જવાબ મંત્રી ને મૌખિક (બોલીને) આપવાના હોય છે.
- જવાબ આપ્યા પછી ઉદ્ભવતા પૂરક પ્રશ્નો પૂછી શકાય છે.

2. અતારાંકિત પ્રશ્નો / Unstarred Question

- આવા પ્રશ્નો પર ફૂદડી ચિન્હ હોતું નથી.
- આવા પ્રશ્નો ના જવાબ લેખિતમાં આપવાના હોય છે.
- તેમાં પૂરક પ્રશ્નો પૂછી શકાય નહિ.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

3. અલ્પ સૂચના પ્રશ્નો / Short Notice Question

- અલ્પ સૂચના પ્રશ્નો એ લોકમહત્વ અને તાત્કાલિક બાબતો પર હોય છે.
- જેના જવાબ માટે મંત્રી ને સામાન્ય રીતે 10 દિવસ નો સમય આપવામાં આવે છે.
- આનો જવાબ મૌખિક આપવાનો હોય છે જેમાં જરૂર જણાય તો પૂરક પ્રશ્નો પૂછી શકાય છે.

- સંસદમાં કોઈ મંત્રી સિવાય કોઈ સામાન્ય સદસ્ય જે કોઈ ખરડા કે કાર્ય માટે જવાબદાર હોય તો અને પણ મંત્રી ની જેમ ત્રણેય પ્રકારના પ્રશ્નો પૂછી શકાય છે.

TEACHING KISHAN

શૂન્યકાળ (Zero Hour)

- સંસદમાં શૂન્યકાળ ની શરૂઆત બપોરના 12 વાગ્યાથી શરુ થાય છે.
- પ્રશ્નકાળ અને સંસદીય કાર્યક્રમ વચ્ચેના સમયને "શૂન્યકાળ" કહેવાય છે.
- વિશ્વમાં સંસદીય પ્રક્રિયામાં શૂન્યકાળ એ ભારત ની દેન છે.
- શૂન્યકાળ ની જોગવાઈ એ સંસદીય નિયમોમાં નથી.
- શૂન્યકાળ ની શરૂઆત 1962 માં ચોમાસા સત્ર થી થઈ અને આ નામ "મીડિયા" દ્વારા આપવામાં આવ્યું છે.
- આ દરમિયાન કોઈ પણ સભ્ય કોઈ પણ પ્રકારની સૂચના આપ્યા વગર કોઈ પણ બાબતમાં ચર્ચા કરી શકે છે.

TEACHING KISHAN

ધારાકીય કાર્યવાહી / પ્રસ્તાવ / સરકારી કાર્યવાહી

- સંસદમાં 2 વાગ્યા થી લઈ 6 વાગ્યા સુધી એજન્ડા પ્રમાણે સંસદીય કાર્યવાહી કરવામાં આવે છે
- આ કાળમાં અધ્યક્ષ ની સંમતિથી કરવામાં આવેલા પ્રસ્તાવ સિવાય સામાન્ય જાહેર મહત્વની બાબતે ચર્ચા થઈ શકે નહિ.
- ગૃહના મંત્રીઓ અને ખાનગી મંત્રીઓ દ્વારા લાવવામાં આવેલા પ્રસ્તાવો નો સ્વીકાર કે અસ્વીકાર દ્વારા વિવિધ મુદ્દાઓ પર તેના નિર્ણયો અથવા અભિપ્રાયો વ્યક્ત કરે છે
- સભ્યો દ્વારા લાવવામાં આવેલા વિવિધ બાબતો પર ચર્ચા કરવા માટે પ્રસ્તાવ ને ત્રણ ભાગમાં વહેંચી શકાય.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

1. મૂળ પ્રસ્તાવ

- તે રાષ્ટ્રપતિના મહાભિયોગ અથવા ચૂંટણી કમિશનરને હટાવવા અથવા CAG ને હટાવવા જેવી ખુબ જ મહત્વપૂર્ણ બાબત સાથે સબંધિત સ્વતંત્ર પ્રસ્તાવ છે.

2. સ્થાનાપન્ન પ્રસ્તાવ

- મૂળ પ્રસ્તાવ ને સ્થાને લાવવામાં આવતો એક પ્રસ્તાવ છે એક વૈકલ્પિક પ્રસ્તાવ છે. જો અને અપનાવાય તો મૂળપ્રસ્તાવ હટાવી દેવામાં આવે છે.

3. પૂરક પ્રસ્તાવ

- મૂળ પ્રસ્તાવ માં સુધારા વધારા કરવા માટે જે પ્રસ્તાવ લાવવામાં આવે છે અને પૂરક પ્રસ્તાવ કહે છે.

TEACHING KISHAN

સંસદીય પ્રસ્તાવ



- સંસદીય કાર્યવાહી વિવિધ સંકલ્પો અને પ્રસ્તાવોના માધ્યમ થી ચાલે છે આમ **સંકલ્પ અને પ્રસ્તાવ સંસદીય કાર્યવાહીના સાધન છે.**
- સંસદીય પ્રસ્તાવ થી સંસદીય સભ્યો પોતાની વાત રજુ કરે છે જે **લોકહિતમાં જોડાયેલા** હોય.
- તો ચાલો ... આપડે સંસદના સભ્યો દ્વારા રજૂ કરવામાં આવતા જુદા જુદા પ્રસ્તાવો નો અભ્યાસ કરીએ.

TEACHING K

1. સ્થગન પ્રસ્તાવ / મોકૂફી પ્રસ્તાવ

- અતિ મહત્વના અને જેમાં વિલંબ ન કરી શકાય તેવા જાહેર હિતના વિષય સબંધિત ચર્ચા કરવા આ પ્રસ્તાવ લાવવામાં આવે છે.
- સ્થગન પ્રસ્તાવ માત્ર લોકસભામાં લાવી શકાય છે રાજ્યસભામાં નહિ. કારણકે આ પ્રસ્તાવમાં સરકારના નિંદાનું તત્વ શામિલ હોય છે.
- આ પ્રસ્તાવ લાવવાથી લોકસભાની સામાન્ય કાર્યવાહી રોકી દેવામાં આવે છે.
- આ પ્રસ્તાવ લાવવા માટે ઓછામાં ઓછા 50 સભ્યો ના ટેકા ની જરૂર હોય છે.
- આ પ્રસ્તાવ લોકસભાના અધ્યક્ષ ની મંજૂરી થી કોઈ પણ સભ્ય લાવી શકે છે.
- સ્થગન પ્રસ્તાવ પર ચર્ચા 2 કલાક 30 મિનિટ થી ઓછી હોવી જોઈએ નહિ.

TEACHING KISHAN

➢ સ્થગન પ્રસ્તાવ નીચેના પ્રતિબંધોને આધીન રહેશે.

1. એવી બાબત હોવી જોઈએ કે જે નિશ્ચિત , તથ્યપૂર્ણ , તાત્કાલિક અને જાહેર મહત્વની હોય.
2. એક કરતા વધુ બાબત ને આવરી લેવી જોઈએ નહિ.
3. તાજેતરમાં બનેલી કોઈ વિશેષ બાબત સુધી માર્યાદિત હોવી જોઈએ.
4. સત્ર માં પહેલા ચર્ચા થઇ ગઈ છે એવી બાબત ન હોવી જોઈએ.
5. ન્યયાલય માં એ બાબત વિચારાધીન હોય તેવી બાબત ન હોવી જોઈએ.
6. જે બાબત અન્ય પ્રસ્તાવો થી ઉઠાવી શકાય એવી ન હોવી જોઈએ.

TEACHINGKISHAN

Follow us On @teaching_kishan

2. અવિશ્વાસ પ્રસ્તાવ (NO Confidence Motion)

- અનુચ્છેદ 75 પ્રમાણે મંત્રીપરિષદ એ લોકસભાને સામુહિક રીતે જવાબદાર છે.
- અવિશ્વાસ પ્રસ્તાવ માત્ર લોકસભામાં વિરોધ પક્ષ દ્વારા જ લાવવામાં આવે છે.
- મંત્રીપરિષદ લોકસભામાં બહુમતી સભ્યોનો વિશ્વાસ જાળવી રાખે ત્યાં સુધી જ તે જળવાઈ રહે છે.
- આ પ્રસ્તાવ લાવવા માટે 50 સભ્યોના સમર્થન ની જરૂર હોય છે.
- આ પ્રસ્તાવ લાવવા કોઈ વિશેષ કારણ દર્શાવવું જરૂરી હોતું નથી.
- જો લોકસભામાં અવિશ્વાસ પ્રસ્તાવ બહુમતી થી પસાર થઈ જાય છે તો ફરજીયાત મંત્રીપરિષદ ને રાજીનામુ આપવું પડશે.
- અત્યાર સુધી સૌથી વધુ વખત ઈન્દિરા ગાંધી સરકાર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ રજુ થયેલ છે.

TEACHING KISHAN

3. નિંદા પ્રસ્તાવ / ઠપકા પ્રસ્તાવ

- માત્ર લોકસભામાં જ લાવવામાં આવે છે.
- નિંદા પ્રસ્તાવ વિરોધ પક્ષ દ્વારા કોઈ મંત્રી , મંત્રીઓના જૂથ કે આખી મંત્રીપરિષદ વિરુદ્ધ લાવવામાં આવે છે.
- નિંદા કરવાનું કારણ જણાવવું પડશે.
- નિંદા પ્રસ્તાવ એ સરકાર ની નીતિ અથવા કાર્યોની આલોચના (નિંદા) કરવા માટે લાવવામાં આવે છે.
- જો આ પ્રસ્તાવ લોકસભામાંથી પસાર થઈ જાય તો મંત્રીમંડળએ લોકસભામાં વિશ્વાસ મત મેળવવો ફરજીયાત થશે પરંતુ રાજીનામુ આપવાની જરૂર નથી.

TEACHING KISHAN

નિંદા પ્રસ્તાવ	અવિશ્વાસ પ્રસ્તાવ
➢ સ્વીકાર કરવામાં માટે કારણ બતાવવું ફરજીયાત છે.	➢ સ્વીકાર કરવામાં માટે કોઈ કારણ બતાવવાની જરૂર નથી.
➢ તે કોઈ મંત્રી અથવા મંત્રી ના જૂથ કે આખી મંત્રીપરિષદ વિરુદ્ધ લાવી શકાય છે.	➢ તે સંપૂર્ણ મંત્રી પરિષદ વિરુદ્ધ લાવી શકાય છે.
➢ તે મંત્રીઓની ચોક્કસ નીતિ કે કાર્ય વિરુદ્ધ નિંદા કે આલોચના કરવામાં લાવવામાં આવે છે.	➢ તે મંત્રીપરિષદ ના લોકસભાના વિશ્વાસ ને નિર્ધારિત કરવા લાવવામાં આવે છે.
➢ નિંદા પ્રસ્તાવ પસાર થતા મંત્રી પરિષદે વિશ્વાસનો મત મેળવવો જરૂરી છે પણ રાજીનામુ આપવું જરૂરી હોતું નથી.	➢ અવિશ્વાસ પ્રસ્તાવ લોકસભામાં માંથી પસાર થઈ જાય તો સમગ્ર મંત્રીપરિષદે રાજીનામુ આપવું પડે છે.

Follow us On @teaching_kishan

4. વિશ્વાસ પ્રસ્તાવ (Motion of Confidence)

- શન્યકાળ ની જેમ આ પ્રસ્તાવ પણ ભારતીય સંસદ ની દેન છે.
- વિશ્વાસ પ્રસ્તાવ એ વડાપ્રધાન અને મંત્રીપરિષદ દ્વારા લાવવામાં આવે છે.
- વિશ્વાસ પ્રસ્તાવ નો હેતુ એ બબિત કરવાનો છે કે વડાપ્રધાન એ લોકસભામાં બહુમતી ધરાવે છે.
- રાષ્ટ્રપતિ જે સંસદમાં બહુમતી ધરાવતા રાજકીય પક્ષને સરકાર રચવા આમંત્રણ આપે છે પરંતુ જે તે પક્ષ પાસે ખરેખર બહુમતી છે કે નહિ તે જાણવા સંસદમાં વિશ્વાસ મત લેવામાં આવે છે.
- વિશ્વાસ પ્રસ્તાવ એ લોકસભામાં હાજર રહીને મતદાન કરનાર ની સાદી બહુમતી થી પસાર કરશે.
- ભૂતકાળ માં વિશ્વાસ પ્રસ્તાવ માં એક મત થી હારેલ એક માત્ર વડાપ્રધાન "અટલ બિહારી વાજપેયી " હતા.

TEACHING KISHAN

5. આભાર પ્રસ્તાવ / ધન્યવાદ પ્રસ્તાવ (Motion of Thanks)

- રાષ્ટ્રપતિ સામાન્ય ચૂંટણી પછી પ્રથમ સત્રની પ્રથમ બેઠક તથા પ્રત્યેક નાણાકીય વર્ષના પ્રથમ સત્રમાં (બજેટ સત્ર) ગૃહ ને સંબોધન કરે છે.
- રાષ્ટ્રપતિ પોતાના સંબોધન માં ગયા વર્ષની અને આગામી વર્ષની સરકારી નીતિઓ અંગે ની માહિતી આપે છે આ માહિતી કેબિનેટની સલાહ થી કેબિનેટ સચિવાલય દ્વારા તૈયાર કરવામાં આવેલ હોય છે.
- બંને ગૃહોમાં રાષ્ટ્રપતિના આ સંબોધન પર ચર્ચા થાય છે અને પછી મતદાન કરવામાં આવે છે.
- ધન્યવાદ પ્રસ્તાવ ને બંને ગૃહમાં સામાન્ય બહુમતી થી પસાર કરવો ફરજીયાત છે નહીંતર સરકાર ની હાર થઈ ગણાય છે અને તે લોકસભામાંથી પસાર ન થયું તો રાજીનામુ આપવું પડે છે.

TEACHING KISHAN

6. વિશેષાધિકાર પ્રસ્તાવ (Privilege motion)

- જયારે કોઈ મંત્રી દ્વારા સંસદીય સુવિધાનો ભંગ કરવામાં આવેલ હોય.
- જયારે સંસદના કોઈ સભ્ય ને એવું લાગે કે કોઈ મંત્રી દ્વારા સાચી માહિતી આપવામાં ન આવી હોય અથવા ખોટી માહિતી આપીને સંસદના ગૃહના એક કે વધુ સભ્યોનો "સાચી માહિતી જાણવાના વિશેષાધીકારનો" ભંગ કરવામાં આવતો હોય ત્યારે સંસદના કોઈ પણ સભ્ય વિશેષાધિકાર પ્રસ્તાવ ગૃહ માં રજુ કરી શકે છે.
- એનો હેતુ સબંધિત મંત્રી ની નિંદા કરવાનો છે

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

7. ધ્યાનાકર્ષણ પ્રસ્તાવ (Call Attention Motion)

- આ પ્રસ્તાવ વિશ્વ સંસદીય પ્રક્રિયામાં "ભારત ની દેન" છે જે 1954 થી અસ્થિત્વ માં છે.
- સંસદના સભ્ય દ્વારા કોઈ અતિ મહત્વના જાહેર હિતના મુદ્દા જેમાં વિલંબ ન કરી શકાય તેવી બાબતો તરફ ગૃહના અધ્યક્ષ ની પૂર્વ મંજુરીથી સબંધિત મંત્રીનું ધ્યાન આકર્ષિત કરે છે.
- આ પ્રસ્તાવ પછી જે તે સનાધિત મંત્રી તરત જ સંક્ષિપ્તમાં વક્તવ્ય આપે છે અથવા વ્યક્તવ્ય આપવા માટે સમય ની માંગણી કરે છે.
- આ પ્રસ્તાવ ની જાણ લોકસભાના મહાસચિવ ને આપવી પડે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

8. કાપ પ્રસ્તાવ (Closure Motion)

- આ પ્રસ્તાવ લોકસભામાં જ રજુ કરી શકાય છે.
- આ એક બજેટીય કાર્યવાહીનો ભાગ છે જે અંતર્ગત વિરોધ પક્ષ દ્વારા મંત્રી દ્વારા માંગવામાં આવતા અનુદાન ની માંગણીઓમાં કાપ પ્રસ્તાવ રજુ કરે છે.
- કાપ પ્રસ્તાવ ને મંજૂરી આપવી કે નહિ તે અધ્યક્ષ ના વિવેક બુદ્ધિ પર આધાર રાખે છે
- કાપ પ્રસ્તાવ ત્રણ પ્રકારના હોય છે.
  1. નીતિકાપ પ્રસ્તાવ
  2. આર્થિક કાપ પ્રસ્તાવ
  3. સાંકેતિક કાપ પ્રસ્તાવ
- એનો વધારે અભ્યાસ બજેટ વાળા પ્રકરણ માં કરીશુ

TEACHING KISHAN

9. ગિલોટીન પ્રસ્તાવ

- આ પ્રસ્તાવ અધ્યક્ષ દ્વારા લાવવામાં આવે છે.
- જયારે કોઈ ખરડા વિષયક જોગવાઈ અથવા વિવિધ મંત્રાલયો દ્વારા અનુદાન ની માંગણી ની ચર્ચા અમુક ચોક્કસ દિવસ માં પુરી નથી થતી તો અધ્યક્ષ દ્વારા ચર્ચા ને પૂર્ણ કરાવ્યા વગર જ મતદાન કરાવી શકે છે જેને "ગિલોટીન પ્રસ્તાવ" કહે છે.

TEACHING KISHAN

10. ઔચિત્ય પ્રશ્ન / વ્યવસ્થાનો પ્રશ્ન (Point of Order)

- જયારે ગૃહ ની કાર્યવાહી ગૃહના નિયમો અને બંધારણ ની જોગવાઈ પ્રમાણે ચાલતી ન હોય ત્યારે ગૃહ નો કોઈ સદસ્ય વ્યવસ્થાનો પ્રશ્ન (ઔચિત્ય પ્રશ્ન) ની માંગણી કરે છે.
- સામાન્ય રીતે આવા પ્રશ્નોનો ઉપયોગ વિરોધ પક્ષના સભ્યો દ્વારા સરકારને દબાણ આપવાના હેતુથી લાવવામાં આવે છે.
- પોઈન્ટ ઓફ ઓડર (વ્યવસ્થાનો પ્રશ્ન) પર ચર્ચા થઈ શકતી નથી પરંતુ જો તેને યોગ્ય રીતે લાવવામાં આવે તો ગૃહ ની કાર્યવાહી સમાપ્ત કરી શકાય છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

સંકલ્પ / ઠરાવ (Resolutions)

- સંસદીય પ્રક્રિયામાં ઠરાવ અથવા સંકલ્પ એ મહત્વપૂર્ણ પ્રસ્તાવ નું સંક્ષિપ્ત રૂપ છે
- જેમાં અત્યંત મહત્વપૂર્ણ વિષયવસ્તુ સામેલ હોય છે.
- દરેક પ્રસ્તાવ માં મતદાન કરવું જરૂરી નથી હોતું પરંતુ સંકલ્પ એ મહત્વ અને વિશિષ્ટ હોવાના કારણે મતદાન ફરજીયાત રૂપથી કરવામાં આવે છે.
- ઠરાવ ને ગૃહમાં રજુ કરવામાં સરકારી સભ્યો (મંત્રીઓ) ને અઠવાડિયાના પ્રથમ 4 દિવસ (સોમવાર થી ગુરુવાર) સુધી કોઈ પણ દિવસે લાવી શકે છે.
- જયારે ગેરસરકારી સભ્ય / ખાનગી સભ્ય (જે મંત્રી નથી) ને ઠરાવ લાવવા માટે "શુક્રવાર" નો દિવસ આપવામાં આવેલ છે.

TEACHINGKISHAN

અડધા કલાક ની ચર્ચા (Half Hour Discussion)

- જરૂરી જાહેર મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે ગૃહના અધ્યક્ષ સામાન્ય રીતે સોમવાર , બુધવાર અને શુક્રવાર ના અંતિમ અડધો કલાકમાં ચર્ચા કરવા માટે સમય ફાળવી શકે છે.
- તેના માટે સભ્યોને ઓછામાં ઓછા ત્રણ દિવસ પહેલા સૂચના આપવી પડે.
- આ બાબતો પર મતદાન થતું નથી ખાલી ચર્ચા થાય છે.

TEACHING KISHAN

બે કલાકની ચર્ચા (Tour Hour Discussion)

- આ ચર્ચાને "અલ્પ અવધિની ચર્ચા (Short Duration Discussion) પણ કહેવાય છે.
- તેના દ્વારા લોકમહત્વના પ્રશ્નો ઉઠાવી શકાય છે જેના પર વધુમાં વધુ 2 કલાક ની ચર્ચા થઈ શકે છે.
- તેના માટે અધ્યક્ષ અઠવાડિયામાં 2 દિવસ પસંદ કરે છે.
- મતદાન થતું નથી ખાલી ચર્ચા થાય છે.
- આ પ્રથા 1953 થી અસ્તિત્વમાં છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

સંસદની કાયદાકીય / ધારાકીય પ્રક્રિયા

- કોઈ એક બિલ કે ખરડો એ કાયદો બનાવવા માટેનો એક પ્રસ્તાવ છે.
- બિલ કે ખરડાને કાયદા બનવા માટે સંસદના બંને ગૃહ માંથી પસાર થઈ ને રાષ્ટ્રપતિ ની સહી થવી જરૂરી છે.
- સંસદના બંને ગૃહમાં કાયદાકીય પ્રક્રિયા સમાન હોય છે. અને સમાન તબક્કા માંથી પસાર થવાનું હોય છે.
- ખરડાના 2 પ્રકાર છે.
  1. સરકારી ખરડો
  2. બિનસરકારી ખરડો

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

સરકારી બિલ	બિન સરકારી બિલ
➢ મંત્રી દ્વારા લાવવામાં આવે છે જે સરકારની નીતિ દર્શાવે છે.	➢ મંત્રી સિવાયના સંસદના સભ્યો દ્વારા લાવવામાં આવે છે.
➢ગૃહ માં અસ્વીકૃત થતા સરકાર ને રાજીનામુ આપવું પડે છે.	➢અસ્વીકૃત થતા સરકાર ને રાજીનામુ આપવું પડતું નથી.
➢સંસદ દ્વારા પસાર થવાની સંભાવના વધારે હોય છે.	➢સંસદ દ્વારા પસાર થવાની સંભાવના ઓછી હોય છે .
➢ગૃહ માં રજુ કરતા પહેલા 7 દિવસ અગાઉ નોટિસ અપાવી પડે છે.	➢ રજુ કરતા પહેલા 1 મહિનો અગાઉ નોટિસ અપાવી પડે છે.

➢ સરકારી અને બિનસરકારી બંને બિલ ને સંસદમાં પસાર કરવાની પ્રક્રિયા સમાન હોય છે.

Follow us On @teaching_kishan

સંસદમાં પસાર થતા બિલ ને વિષયના આધારે 4 ભાગમાં વહેંચી શકાય.

- સામાન્ય ખરડો અનુચ્છેદ 107
- નાણાં ખરડો અનુચ્છેદ 110
- નાણાકીય ખરડો અનુચ્છેદ 117
- બંધારણીય સુધારા ખરડો અનુચ્છેદ 368

- ઉપરોક્ત 4 પ્રકારના ખરડા ને સંસદ માંથી પસાર કરવાની પ્રક્રિયા અલગ અલગ છે

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

સામાન્ય ખરડો / સાદો ખરડો (Ordinary Bill)

- સામાન્ય ખરડાની જોગવાઈ બંધારણ ના અનુચ્છેદ 107 માં કરવામાં આવી છે
- નાણાકીય અને બંધારણીય સુધારા સિવાયના ખરડાને સાદો ખરડો કહેવાય છે.
- સામાન્ય ખરડો સંસદના બંને ગૃહમાં રજુ અથવા લાવી શકાય છે.
- સામાન્ય ખરડો મંત્રી અથવા સંસદ ના અન્ય સદશ્યો દ્વારા લાવી શકાય છે.
- દરેક સામાન્ય ખરડાને કાયદો બનાવવા માટે 5 તબબકામાંથી પસાર થવું પડે છે.

1. પ્રથમ વાંચન

- બિલ રજુ કરનાર બિલનું શીર્ષક અને ઉદ્દેશ્ય વાંચીને રજુ કરે છે.
- આ તબક્કામાં કોઈ ચર્ચા થતી નથી.
- પછી તેને સરકારી પત્રક (ગેજેટ) માં પ્રકાશિત કરવામાં આવે છે.

TEACHING KISHAN

2. બીજું વાંચન

- બીજા વાંચન દરમિયાન બિલ પર સામાન્ય ચર્ચા વિચારણા કરી તેને અંતિમ આકાર આપવામાં આવે છે.તેથી આ સૌથી મહત્વપૂર્ણ તબક્કો છે.
- બિલની છાપેલી નકલો બધા સભ્યો ને આપવામાં આવે છે બિલ ના સિદ્ધાંતો વિષે સામાન્ય ચર્ચા થાય છે. પરંતુ બિલની વિગતો અંગે ચર્ચા કરવામાં આવતી નથી.
- બીજા વાંચન પછી નીચેની 4 ક્રિયા માંથી કોઈ એક ક્રિયા થઈ શકે
  1. બિલ પર વધારે ચર્ચા ન કરતા ત્રીજા વાંચન માટે મોકલાય.
  2. બિલ ને સંસદીય સમિતિ ને સૂચવે છે.
  3. બિલને બંને ગૃહની સંયુક્ત કમિટી ને મોકલવામાં આવશે.
  4. બિલ ને લોકોના અભિપ્રાય જાણવા માટે સાર્વજનિક કરવામાં આવશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

સમિતિ સ્ટેજ

- બિલને ગૃહ પસંદ કરે તે સમિતિમાં મોકલાવું
- સમિતિ બિલ ની બંધારણની જોગવાઈ અનુસાર છે કે નહિ તેની ચકાસણી કરશે.
- તે બિલની જોગવાઈ માં સુધારો કરી શકે છે પરંતુ તેના સિદ્ધાંતોમાં ફેરફાર કાર્ય વિના.
- ચકાસણી પછી સમિતિ બિલને ગૃહમાં રિપોર્ટ કરે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

3. ત્રીજું વાંચન

- ત્રીજા વાંચન એ ખરડાનો અંતિમ તબક્કો છે.
- આ તબક્કામાં ખરડાને સ્વીકાર અથવા અસ્વીકાર કરવામાં આવે છે.
- આ તબક્કામાં ખરડામાં કોઈ પણ સુધારા કે ફેરફાર થતા નથી. માત્ર બહુમતી થી પસાર કરવાની કાર્યવાહી (મતદાન) જ કરવામાં આવે છે.
- ગૃહમાં ઉપસ્થિત અને મતદાન કરનારા સભ્યો ની બહુમતી (50%+1) બિલને સ્વીકારે છે તો બિલ ગૃહમાં પસાર થયેલો માનવામાં આવશે.
- ત્યારબાદ તે બિલને બીજા ગૃહમાં મોકલવામાં આવશે બીજા ગૃહમાં પણ બિલ આ જ ત્રણ તબક્કા માંથી પસાર થશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

4. બીજા ગૃહ ની સંમતિ

બીજા ગૃહમાં પણ પ્રથમ ,બીજું અને ત્રીજું વાંચન કરવામાં આવશે પછી તે નીચે પ્રમાણે નિર્ણય લઈ શકે છે.

1. પ્રથમ ગૃહ દ્વારા મોકલેલા બિલને સુધારો કરવા વગર પસાર (સ્વીકાર) કરી લે. તો બિલને રાષ્ટ્રપતિ પાસે મોકલવામાં આવશે.
2. બિલને સંપૂર્ણ પણે નકારી શકે છે.
3. સુધારા સાથે બિલ પસાર કરી પુનઃવિચારણા માટે પ્રથમ ગૃહ માં મોકલે.
4. કોઈ પણ નિર્ણય નહિ લે (6 મહિના સુધી પોતાની પાસે રાખે)

➢ કોઈ બિલ કોઈ ગૃહમાં 6 મહિના થી પડેલ હોય અથવા બીજું ગૃહ અસ્વીકાર કરે તો રાષ્ટ્રપતિ બંને ગૃહની સંયુક્ત બલાવી શકે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

5. રાષ્ટ્રપતિ ની સંમતિ

બંને ગૃહમાં અલગ અલગ અથવા સંયુક્ત બેઠક દ્વારા પસાર કર્યા પછી ખરડો રાષ્ટ્રપતિ ની સહી માટે મોકલવામાં આવે છે. ત્યારે ...

1. ખરડા ને સ્વીકૃતિ આપે તો તે કાયદો બની જશે.
2. અસ્વીકાર કરે તો તે રદ થઈ જશે .
3. પુનઃ વિચારણા માટે ગૃહ માં ફરી મોકલે. (પુનઃ વિચારણા પછી પાછા આવેલા બિલ પર ફરજીયાત સંમતિ અપાવી પડે)

- રાષ્ટ્રપતિ અનુચ્છેદ 111 પ્રમાણે વિટો શક્તિ પ્રાપ્ત થયેલ છે.

TEACHING KISHAN

બંને ગૃહની સંયુક્ત બેઠક (અનુચ્છેદ 108)

- અનુચ્છેદ 108 પ્રમાણે મંત્રીપરિષદ ની સલાહ થી રાષ્ટ્રપતિ બંને ગૃહની સંયુક્ત બેઠક નીચેના સંજોગોમાં બોલાવે છે. 1. ખરડો એક ગૃહ માંથી પસાર થયા પછી બીજા ગૃહ દ્વારા અસ્વીકાર થયો હોય.
  2. ખરડા અંગે બંને ગૃહમાં મતભેદ થાય.
  3. ખરડો બીજા ગૃહમાં 6 મહિનાથી વધારે સમય પડી રહે
- સંયુક્ત બેઠકની અધ્યક્ષતા "લોકસભાના અધ્યક્ષ" કરશે,.
- નાણાં ખરડો અને બંધારણીય સુધારા અંગે ના ખરડામાં સંયુક્ત બેઠક થતી નથી.
- અત્યાર સુધી ત્રણ વખત સંયુક્ત બેઠક મળી છે.
- 1. દહેજ પ્રતિબંધ ધારો 1961 2. બેન્કિંગ સેવા આયોગ ખરડો 1978
  3. આતંકવાદ અટકાયત ખરડો 2002

TEACHING KISHAN

નાણાં ખરડો (Money Bill)

- નાણાં ખરડા ની વાત બંધારણ ના અનુચ્છેદ 110 અંતર્ગત કરવામાં આવી છે.
- નાણાંબિલ માત્ર લોકસભામાં જ રજુ કરી શકાય છે . રાજ્યસભામાં રજુ કરી શકાતું નથી.
- આ બિલ માત્ર મંત્રી દ્વારા જ રજુ કરી શક્ય છે મંત્રી સિવાય ના સભ્ય દ્વારા નહિ.
- નાંણાબિલ રજુ કરતા પહેલા રાષ્ટ્રપતિની પૂર્વમંજૂરી જરૂરી છે.
- લોકસભા માંથી પસાર થઈને નાણાં ખરડો રાજ્યસભામાં ભલામણ માટે રજુ કરવામાં આવશે.
- રાજ્યસભા એ નાણાંખરડા ને અસ્વીકાર કે સુધારો કરી શકતા નથી માત્ર લોકસભાને ભલામણ કરી શકે છે જેને માનવા લોકસભા બંધાયેલ નથી.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

- રાજ્યસભાને નાણાંખરડો 14 દિવસ માં લોકસભાને પરત કરવાનો રહશે. જો 14 દિવસ માં પરત નહિ કરે તો ખરડો બંને ગૃહ માંથી પસાર થયેલો ગણાશે.
- તેથી કહી શકાય કે નાણાં ખરડાને પસાર કરવા લોકસભામાં અને રાષ્ટ્રપતિ ની મંજૂરી જરૂરી છે.
- રાષ્ટ્રપતિ નાણાંખરડાને સ્વીકાર કે અસ્વીકાર કરી શકે છે પણ પુનઃવિચારણા માટે મોકલી શકે નહિ.
- કોઈ ખરડો નાણાં ખરડો છે કે નહિ તેનો અંતિમ નિર્ણય લોકસભાના અધ્યક્ષ કરશે. અને આ નિર્ણય ને ન્યાયાલય માં પડકારી શકાય નહિ.
- દરેક નાણાં ખરડા પર લોકસભાના અધ્યક્ષ ના હસ્તાક્ષરવાળા પ્રમાણપત્ર નો શેરો હશે પછી જ તેને અનુમતિ માટે રાષ્ટ્રપતિ પાસે તથા રાજ્યસભામાં મોકલવામાં આવશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

નાણાં ખરડા ની યોગ્યતા

1. કોઈ પણ કર લાદવાની, કર નાબૂદ કરવાની , કર માફ કરવાની , તેમાં ફેરફાર કરવાની કે નિયમન કરવાની બાબત
2. ભારત સરકાર દ્વારા કોઈ નાણાં ઉધાર લેવા , કે ભારત સરકારે લીધેલી નાણાકીય જવાબદારીઓ અંગેના કાયદામાં સુધારો કરવાની જોગવાઈ.
3. ભારતની સંચિત નિધિ (એકત્રિત ફંડ) અથવા તો આકસ્મીત નિધિ ના હવાલાની અથવા કોઈ ફંડ માં નાણાં ભરવાની કે ઉપાડવાની
4. સંચિત નિધિ માંથી પૈસાની ફાળવણી (નાણાં નો વિનિયોગ કરવાની)
5. સંચિત નિધિ માંથી કોઈ ખર્ચની રકમ માં વધારો , અથવા ઉધરાણું જાહેર કરવાની.

TEACHING KISHAN

6. ભારતની સંચિત નિધિ અથવા ભારતના જાહેર હિસાબ ખાતે નાણાં પ્રાપ્ત કરવાની અથવા નાણાં નો હવાલો રાખવાની કે નાણાં આપવાની , કે સંઘ કે રાજયના હિસાબો ઓડિટ અંગેની બાબત

નાણાં ખરડો ક્યારે નહિ બને

1. દંડ ની જોગવાઈ
2. લાયસેંસ માટેની ફી અથવા ચુકવણી સેવાઓ અથવા પ્રદાન કરેલી સેવા મેટની ફી
3. સ્થાનિક સંસ્થાના અથવા મંડળ દ્વારા કોઈ કર લગાવવા , માફી , ફેરફાર કે નિયમન

TEACHING KISHAN

સામાન્ય ખરડો	નાણાં ખરડો
➢ લોકસભા અને રાજ્યસભા બંને માં રજૂ કરી શકાય છે.	➢માત્ર લોકસભામાં રજૂ કરી શકાય
➢મંત્રી અથવા સંસદ સભ્ય બંને રજૂ કરી શકે	➢માત્ર મંત્રી જ રજુ કરી શકે.
➢રાષ્ટ્રપતિ ની પૂર્વ મંજૂરી ની જરૂર નથી.	➢રાષ્ટ્રપતિ ની પૂર્વ મંજૂરી લેવી પડે.
➢રાજ્યસભા તેને સુધારી કે અસ્વીકાર કરી શકે છે.	➢રાજ્યસભા સુધારી કે અસ્વીકાર કરી શકે નહિ ખાલી ભલામણ કરી શકે જેને માનવા લોકસભા બંધાયેલ નથી.
➢રાજ્યસભામાં તેને મહત્તમ 6 મહિના રાખી શકે છે.	➢રાજ્યસભા તેને વધુમાં વધુ 14 દિવસ અટકાયત માં રાખી શકે.
➢બંને ગૃહમાં મતભેદ થતા રાષ્ટ્રપતિ સંયુક્ત બેઠક બોલાવી શકે છે.	➢નાણાં બિલ માં સંયુક્ત બેઠક ની કોઈ જોગવાઈ નથી.
➢રાષ્ટ્રપતિ પુનઃવિચારણા માટે એક વાર મોકલી શકે છે.	➢રાષ્ટ્રતી પુનઃ વિચારણા માટે મોકલી શકે નહિ.

Follow us On @teaching_kishan

નાણાકીય ખરડો (Finance Bill)

- નાણાંબિલમાં સમાવેશ ન હોય તેવી તમામ નાણાં ને લગતી બાબતો સાથે સબંધિત છે જેમકે અવાક અને ખર્ચ.

નાણાકીય ખરડો

- અનુચ્છેદ 117 માં નાણાકીય ખરડા ની જોગવાઈ છે.
- "દરેક નાણાં ખરડો એ નાણાકીય ખરડો છે પણ દરેક નાણાકીય ખરડો એ નાણાં ખરડો નથી".
- નાણાકીય ખરડા ૨ પ્રકારના હોય છે

1. નાણાકીય ખરડો - I (અનુચ્છેદ 117 (1))
2. નાણાકીય ખરડો - II (અનુચ્છેદ 117 (3))

TEACHING KISHAN

નાણાકીય ખરડો - I

- નાણાંખરડા (અનુચ્છેદ 110) હેઠળની કોઈ બાબત અથવા નાણાં ને લગતી બીજી બાબતોનો સમાવેશ થાય છે.જેમકે એક બિલ જેમાં ઉધાર લેવાની કલામ સામીલ હોય.
- નાણાકીય બિલ - I એ બે બાબતોમાં નાણાં ખરડા જેવું છે.
    1. તે માત્ર લોકસભામાં રજુ થાય છે રાજ્યસભામાં નહિ.
    2. રાષ્ટ્રપતિ ની પૂર્વ મંજૂરી જરૂરી છે.
- અન્ય તમામ બાબતોમાં નાણાકીય બિલ - I એ સામાન્ય ખરડા સમાન જ છે.
- રાજ્યસભા તેના સુધારી શકે છે અને અસ્વીકાર પણ કરી શકે છે.
- મતભેદ થતા રાષ્ટ્રપતિ બંને ગૃહની સંયુક્ત બેઠક બોલાવી શકે છે.
- રાષ્ટ્રપતિ આ બિલ નો સ્વીકાર ,અસ્વીકાર કે પુનઃ વિચારણા માટે મોકલી શકે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

નાણાકીય ખરડો - II

- નાણાકીય બિલ II માં ભારતની સંચિત નિધિ માંથી ખર્ચ ની જોગવાઈ હોય છે જે નાણાં બિલમાં (અનુચ્છેદ 110) ન આવતી હોય.
- આ બિલ સંસદીય કાયદાકીય પ્રક્રિયા સામાન્ય ખરડા સમાન જ હોય છે
- સંસદના બંને ગૃહમાં રજુ કરી શકાય છે .
- રાષ્ટ્રપતિની પૂર્વમંજૂરી ની જરૂર નથી.
- બંને ગૃહમાં અસ્વીકાર કે સુધારી શકાય છે.
- મતભેદ થાય તો રાષ્ટ્રપતિ સંયુક્ત બેઠક બોલાવી શકે છે.
- રાષ્ટ્રપતિ સ્વીકાર , અસ્વીકાર કે પુનઃ વિચારણા માટે મોકલી શકે છે.

TEACHING KISHAN

નાણાકીય ખરડો - I	નાણાકીય ખરડો - II
➢ નાણાં ખરડા માં ન હોય તેવી સાદી બાબતો	➢સંચિત નિધિ માંથી ખર્ચ સબંધિત બાબતો
➢લોકસભા માં જ રજુ કરી શકાય છે.	➢બંને ગૃહમાં રજુ કરી શકાય છે.
➢રાષ્ટ્રપતિ ની પૂર્વ મંજૂરી જરૂરી છે.	➢રાષ્ટ્રપતિ ની પૂર્વ મજૂરી જરૂરી નથી.
➢સંયુક્ત બેઠકનું આયોજન થઈ શકે છે.	
➢રાષ્ટ્રપતિ સ્વીકાર ,અસ્વીકાર કે પુનઃ વિચારણા માટે મોકલી શકે છે.	
➢પસાર થવાની પ્રક્રિયા સામાન્ય ખરડા સમાન જ હોય છે.	
➢રાજ્યસભામાં સુધારો કે અસ્વીકાર કરી શકે છે	

Follow us On @teaching_kishan

નાણાં ખરડો	નાણાકીય ખરડો
➢ નાણાંખરડાની જોગવાઈ અનુચ્છેદ 110 માં કરવામાં આવી છે.	➢નાણાંખરડાની જોગવાઈ અનુચ્છેદ 117 માં કરવામાં આવી છે.
➢કર લગાવવા , ઘટાડવા , નાબૂદ કરવા અથવા ફેરફાર કરવો	➢નવા કર ઉભેરવા અન્ય સંચિત નિધિ માંથી ખર્ચ અંગે ની જોગવાઈ
➢રાજ્યસભામાં થી પસાર કરવો જરૂરી નથી.	➢બંને ગૃહ માંથી પસાર કરવો જરૂરી છે.
➢પ્રત્યેક નાણાં ખરડો એ નાણાકીય ખરડો છે.	➢પ્રત્યેક નાણાકીય ખરડો એ નાણાં ખરડો નથી.
➢રાષ્ટ્રપતિ પુનઃ વિચારણા માટે મોકલી શકે નહિ.	➢રાષ્ટ્રપતિ પુનઃ વિચારણા માટે મોકલી શકે
➢સંયુક્ત બેઠકની જોગવાઈ નથી.	➢સંયુક્ત બેઠક બોલાવી શકાય છે.

Follow us On @teaching_kishan

બંધારણીય સુધારા માટેનો ખરડો (Amendment Bill)

- બંધારણ ના અનુચ્છેદ 368 અંતર્ગત બંધારણીય સુધારાની જોગવાઈ કરેલ છે.
- સંસદના બંને ગૃહમાં રજુ કરી શકાય છે.
- બંને ગૃહમાં પસાર કરવામાં માટે વિશિષ્ટ (2/3) બહુમતી ની જરૂર છે.
- બંને ગૃહના મતભેદ પર સંયુક્ત બેઠક બોલાવી શકાય નહિ.
- બંને ગૃહમાંથી પસાર થઈને આવેલા બંધારણીય સુધારા બિલ પર રાષ્ટ્રપતિ ને ફરજીયાત સહી કરવી પડે.

TEACHINGKISHAN

Follow us On @teaching_kishan

વાર્ષિક નાણાકીય પત્રક (બજેટ)

- બંધારણ ના અનુચ્છેદ 112 માં "વાર્ષિક નાણાકીય પત્રક" ની વાત કરવામાં આવી છે.
- બજેટ શબ્દ ફ્રેન્ચ ભાષાના "બોગેટ" માંથી ઉતરી આવ્યો છે જેનો અર્થ થાય છે "ચામડાની થેલી" .
- ફ્રાન્સના નાણામંત્રી નાણાકીય દસ્તાવેજ ને સાચવવા "ચામડાની થેલી" નો ઉપયોગ કરતા અને પરંપરા મુજબ નાણામંત્રી ચામડાની બેગમાં દસ્તાવેજો લઈને સંસદમાં રજુ કરે છે.
- બજેટ રજુ કરવાની જવાબદારી રાષ્ટ્રપતિ ની છે.

TEACHING KISHAN

2016-17 સુધી ભારત સરકાર ના પ્રથમ બે બજેટ હતા.

I. સામાન્ય બજેટ અને II. રેલવે બજેટ

- એકવર્થ સમિતિની ભલામણ થી રેલવે બજેટ ને 1921 માં અલગ કરવામાં આવ્યું જે પ્રથમ વાર 1924 માં રજુ થયું.
- રેલવે બજેટ રેલવે મંત્રી દ્વારા "ફેબ્રુઆરી ના ત્રીજા અઠવાડિયામાં રજુ કરવામાં આવતું હતું અને કેન્દ્રીય બજેટ ફેબ્રુઆરી ના છેલ્લા દિવસો માં રજૂ કરવામાં આવતું હતું.
- પરંતુ 2017-18 થી બંને બજેટ અલગ અલગ રજુ ન કરતા એક સાથે જ રજુ કરવાની પ્રણાલી શરુ થઈ.
- હવે બજેટ દર વર્ષે 1 ફેબ્રુઆરી એ રજુ કરવામાં આવે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

બજેટમાં સમાવેશ બાબતો

1. અવાક અને મૂડી ની અવાક નો અંદાજ
2. આવકના વધારાના માર્ગો અને અર્થ
3. ખર્ચ નો અંદાજ
4. નાણાકીય ખર્ચની વાસ્તવિક રસીદો અને ખર્ચ ની વિગતો અને તે વર્ષમાં કોઈ પણ ખોટ
5. આવતા વર્ષની આર્થિક અને નાણાકીય નીતિ , આવકની સંભાવના , ખર્ચ કાર્યક્રમો અને નવી યોજનાઓ , પ્રોજેક્ટસ નો પરિચય

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

બજેટ ની બંધારણીય જોગવાઈ

1. રાષ્ટ્રપતિ દરેક વર્ષે સંસદના બંને ગૃહો સમક્ષ આગામી વર્ષમાં થનારા અંદાજિત ખર્ચ અને આવકનું પત્રક રજુ કરશે જેને "વાર્ષિક નાણાકીય પત્રક (Annual Financial Statement) કહે છે . બંધારણ માં બજેટ શબ્દનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી
2. બજેટ નાણાં મંત્રાલય દ્વારા બનાવવામાં આવે છે અને રાષ્ટ્રપતિ વતી નાણામંત્રી તેને લોકસભામાં રજુ કરે છે.
3. બજેટ લોકસભામાં જ રજુ કરવામાં આવે છે
4. બેજટ માં નાણાકીય વર્ષ 1 એપ્રિલ થી 31 માર્ચ સુધી ગણવામાં આવે છે.
5. બજેટ એ નાણાં ખરડા અને નાણાકીય ખરડાનું મિશ્ર સ્વરૂપ છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

6. રાજ્યસભા બજેટ માં સુધારો કે અસ્વીકાર કરી શકે નહિ. ફક્ત સલાહ આપી શકે છે અને 14 દિવસ ની અંદર બજેટ ને લોકસભામાં પાછું મોકલવાનું હોય છે.
7. કોઈ પણ પ્રકારના અનુદાન ની માંગણી રાષ્ટ્રપતિ ની મંજૂરી વગર થઈ શક્તિ નથી
8. સંસદની મંજૂરી વિના સંચિતનીધિ માંથી પૈસા ઉપાડી શકાય નહિ.
9. રાષ્ટ્રપતિ ની મંજૂરી વગર કર સબંધી કોઈ પણ ખરડો લોકસભામાં રજુ કરી શકાય નહિ.
10. સંસદ કર ને ઘટાડી કે નાબૂદ કરી શકે પણ તેને વધારી શકે નહિ
11. બજેટમાં સમાવિષ્ટ ખર્ચનો અંદાજ ભારતની સંચિત નિધિ પર લેવામાં આવતા ખર્ચ (ભારિત ખર્ચ) અને સંચિત નિધિ માંથી કરવામાં આવતા ખર્ચ (આભારીત ખર્ચ) ને અલગથી બતાવશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

સંસદમાં કેન્દ્રીય બજેટ ને તૈયાર એ રજુ કરવા માટે નીચેના માંથી કોણ જવાબદાર છે.

A નાણાકીય સેવાનો વિભાગ

B આર્થિક બાબતોનો વિભાગ

C મહેસુલ વિભાગ

D ખર્ચ વિભાગ

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

❖ બેજટમાં 2 પ્રકારના ખર્ચનો સમાવેશ થાય છે.

1. ભારિત ખર્ચ

- ભારિત ખર્ચ એટલે ફરિજયાત કરવાનો ખર્ચ
- ભારિત ખર્ચ પર સંસદમાં મતદાન થતું નથી. માત્ર ચર્ચા કરી શકાય છે.
- ભારિત ખર્ચ માં નીચેની બાબતોનો સમાવેશ થાય છે

1. રાષ્ટ્રપતિ ના પગાર , ભથ્થાઓ અને તેમના કાર્યાલય ને લગતા ખર્ચ
2. લોકસભાના અધ્યક્ષ , ઉપાધ્યક્ષ અને રાજ્યસભાના સભાપતિ , ઉપસભાપતિ પગાર અને ભથ્થા
3. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો ના પગાર , ભથ્થા અને પેન્શન

TEACHING KISHAN

4. હાઈકોર્ટ ન્યાયાધીશો ની પેન્શન
5. CAG ના પગાર ભથ્થા અને પેન્શન
6. સંઘ લોકસેવા આયોગ ના અધ્યક્ષ અને સભ્યોના પગાર ભથ્થા અને પેન્શન
7. સુપ્રીમ કોર્ટ , CAG , UPSC ના વહીવટી ખર્ચા અને કચેરીમાં કામ કરતા કર્મચારીના પગાર,ભથ્થા અને પેન્શન
8. ભારત સરકાર પરનું દેવું , તેનું વ્યાજ , દેવું મેળવવું માટે નો ખર્ચ , દેવું મુક્તિ અંગે નો ખર્ચ ,
9. કોઈ પણ ન્યાયપાલિકા કે ન્યાયપંચ નો ચુકાદો કે હુકમ નું પાલન કરવાનો ખર્ચ
10. સંસદ દ્વારા પસાર કરેલા અન્ય ખર્ચ

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

2. અભારીત ખર્ચ

- અભારીત એટલે ફરજીયાત ન હોય તેવો વધારાનો ખર્ચ
- અભારીત ખર્ચ માટે સંસદ માંથી પ્રસ્તાવ પસાર કરવામાં આવે છે. જેના પર ચર્ચા થાય છે વાત વિવાદ થાય છે અને છેલ્લે મતદાન થાય છે.
- સંસદ દ્વારા આભારીત ખર્ચ ને વધારી કે ઘટાડી શકે છે. આ ઉપરાંત તેના પર કાપ પ્રસ્તાવ પણ મૂકી શકે છે.
- પગાર , ભથ્થા સિવાય ના બજેટ માં ફડાવવાવામાં આવતા નાણાંનો સમાવેશ અભારીત ખર્ચમાં થાય છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

ખાતાવહી



- નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા કેન્દ્રીય બજેટ 2019 -20 થી એમના પરંપરાગત બજેટ બ્રીફકેસ ની જગ્યાએ રાષ્ટ્રીય પ્રતીક "અશોક ચક્ર" અંકિત કરેલ લાલ કપડાના કાપડમાં બજેટના દસ્તાવેજ મુક્યા હતા જેને "ખાતાવહી" તરીકે ઓળખવામાં આવે છે.

Follow us On @teaching_kishan

બજેટ પસાર કરવાની પ્રક્રિયા

❖ સંસદમાં બજેટ 6 તબ્બકામાંથી પસાર થાય છે.

1. નાણામંત્રી દ્વારા લોકસભામાં બજેટ રજુ કરવામાં આવે છે.
2. બજેટ પર સામાન્ય ચર્ચા થાય છે .
3. સંસદની વિભાગીય સામિતિ દ્વારા બજેટ ની ચકાસણી થાય છે.
4. અનુદાન ની માંગણી પર મતદાન કરવામાં આવે છે.
5. વિનિયોગ ખરડો પસાર કરવો
6. નાણાંખરડો પસાર કરવો

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

1. સંસદમાં બજેટ રજુ કરવું

- બજેટ દર વર્ષે નાણામંત્રી દ્વારા 1 ફેબ્રુઆરી એ રજૂ કરવામાં આવે છે.
- બજેટ રજુ કરતી વખતે નાણામંત્રી સંસદમાં જે ભાષણ આપે છે એને "બજેટ ભાષણ" કહેવાય છે.
- ભાષણ ના અંતે લોકસભામાં બજેટ રજુ થાય છે.
- પછી રાજ્યસભામાં રજુ કરવામાં આવે છે ત્યાં ખાલી ચર્ચા થશે અનુદાન ની માંગણી પર મતદાન કરી શકશે નહિ.

TEACHING KISHAN

2. બજેટ પર સામાન્ય ચર્ચા

- બજેટ રજુ કર્યા ના થોડા દિવસ પછી બજેટ પર ચર્ચા કરવામાં આવે છે.
- બજેટ ની ચર્ચા બંને ગૃહો માં થાય છે જે સામાન્ય ત્રણ થી ચાર દિવસ ચાલે છે
- લોકસભામાં બજેટ પર સંપૂર્ણ ચર્ચા કરશે તેમાં શામિલ સિદ્ધાંતો આધારિત પ્રશ્નો ની ચર્ચા કરશે .
- બજેટ સબંધિત પ્રશ્નો નાણામંત્રી ને પૂછવામાં આવશે જેનો જવાબ નાણામંત્રી અંતમાં આપશે.
- આ સ્થિતિમાં કોઈ પણ કાપ પ્રસ્તાવ કે મતદાન થશે નહિ.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

3. વિભાગીય સમિતિ દ્વારા બજેટ ની ચકાસણી

- બજેટ પર ચર્ચા પછી તેને સંસદને ત્રણ થી ચાર અઠવાડિયા સુધી સ્થગિત રાખવામાં આવે છે .
- આ ગાળા દરમિયાન સંસદની સ્થાયી વિભાગીય સમિતિ બજેટ માં રહેલી અનુદાન ની માંગણી પર રિપોર્ટ બનાવશે. જે બંને ગૃહોમાં વિચાર માટે મોકલાશે.
- સ્થાયી સમિતિની શરૂઆત 1993 થી કરવામાં આવી છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

4. અનુદાન ની માંગણી પર મતદાન

- સ્થાયી સમિતિના રિપોર્ટ પછી માત્ર લોકસભામાં અનુદાન ની માંગણી પર મતદાન કરવામાં આવે છે.
- આ માંગણી મંત્રાલય દ્વારા રજુ કરવામાં આવે છે.
- માંગણી એ પૂર્ણ મતદાન પછી અનુદાન(ગ્રાન્ટ) બની જાય છે.આ સંદર્ભે 2 બાબતો ઉલ્લેખનીય છે.

1. અનુદાન માટે મતદાન માત્ર લોકસભા જ થાય છે.
2. મતદાન માત્ર સંચિત નિધિ માંથી કરતા અભારીત ખર્ચ માટે જ થશે.ભારિત ખર્ચ માટે નહિ.

- અનુદાન ની કોઈ પણ માંગ ને ઘટાડવા માટે સંસદ સભ્યો પ્રસ્તાવ મૂકી શકે જેને "કાપ પ્રસ્તાવ" કહે છે જેના ત્રણ પ્રકાર છે.

TEACHING KISHAN

કાપ પ્રસ્તાવ

નીતિ કાપ પ્રસ્તાવ

- સરકારીની કોઈ નીતિ કે યોજના અંગેનો વિરોધ દર્શાવતો દરખાસ્ત.
- સરકારે મુકેલા પ્રસ્તાવ ને 1 રૂપિયા સુધી ઘટાડવાનું સૂચવે છે.
- ઉદાહરણ : કોઈ યોજના જેમાં ૧,૦૦,૦૦૦ ફાળવવાના છે જેમાંથી અમને 1 રૂપિયો જ આપવો

આર્થિક / કરકસર કાપ પ્રસ્તાવ

- કોઈ નાણાકીય બાબત માં કાપ મૂકીને ચોક્કસ રકમ સુધી ઘટાડવામાં આવે.

સાંકેતિક કાપ પ્રસ્તાવ

- સાંકેતિક કાપ માં સરકારનું ચોક્કસ જવાબદારી પ્રત્યે કાપ મુકવાનું છે.
- જેમાં અમને 100 રૂપિયા ઓછા કરવાનું સૂચવે છે.

Follow us On @teaching_kishan

કાપ પ્રસ્તાવ ક્યારે સ્વીકાર્ય બને ?

1. તે ફક્ત એક માંગ સાથે સબંધિત હોવી જોઈએ.
2. તેમાં સ્પષ્ટ કાપ પ્રસ્તાવ દેખાવો જોઈએ એમાં દલીલો અને માનહાની વાળા નિવેદન ન હોવા જોઈએ.
3. તે વિશિષ્ટ બાબતમાં જ માર્યાદિત હોવું જોઈએ.
4. હાલના કાયદાઓ રદ કરવા અને સુધારવા માટે સૂચનો અપાવી જોઈએ નહિ.
5. ભારતના સંચિત નિધિના ભારિત ખર્ચ સબંધિત હોવું જોઈએ નહિ.
6. અદાલતમાં ચાલતા મામલા સાથે સબંધિત હોવું જોઈએ નહિ.
7. તેમાં વિશેષાધિકાર નો પ્રશ્ન ઉઠાવવો જોઈએ નહિ.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

કાપ પ્રસ્તાવ નું મહત્વ

1. અનુદાન ની માંગણી પર એકાગ્ર ચર્ચા કરવાની શરૂઆત કરી આપે છે.
2. સરકારની પ્રવૃત્તિઓની ચર્ચા કરીને જવાબદાર સરકારનો સિદ્ધાંતનું સમર્થન આપવાનું છે.

➢ કાપ પ્રસ્તાવ નો વ્યવહાર માં કોઈ ખાસ મતલબ રહેતો નથી.

❑ માંગણીઓના મતદાન માટે કુલ 26 દિવસ ફાળવવામાં આવશે.

❑ જો 26 દિવસ માં બધા અનુદાન નું ચર્ચા સાથેનું મતદાન ન થાય તો લોકસભાના અધ્યક્ષ "ગિલોટીન પ્રસ્તાવ" મૂકી ચર્ચા પુરી થયા પહેલા જ મતદાન કરાવી દેશે.

TEACHING KISHAN

5. વિનિયોગ ખરડો પસાર કરવો

- બંધારણના અનુચ્છેદ 114 માં વિનિયોગ ખરડાની જોગવાઈ છે.
- સંસદ દ્વારા મંજુર કરેલા અનુદાન કે ખરડા પછી સંચિત નિધિ માંથી પૈસા મેળવવા વિનિયોગ ખરડાને સંસદમાંથી પસાર કરવો પડે છે.
    1. લોકસભામાં મંજુર થયેલો હોવો જોઈએ.
    2. ભારતની સંચિત નિધિ માંથી લેવાનો ખર્ચ
- આ ખરડામાં એવો કોઈ સુધારો રજુ કરી શકતો નથી જેનાથી મંજુર થયેલા અનુદાન ની રકમ માં ફેરફાર થાય કે તેનું લક્ષ્ય બદલાતું હોય અથવા સંચિત નિધિના ભારિત ખર્ચ ને ફેરફાર કરતુ હોય. કોઈ સુધારો સ્વીકાર્ય છે કે કેમ તેનો નિર્ણય અધ્યક્ષ લેશે.

TEACHING KISHAN

- વિનિયોગ બિલ સંસદમાંથી પસાર થઈને રાષ્ટ્રપતિ સંમતિ મળે ત્યારે તે અધિનિયમ બને છે .
- આ અધિનિયમ ભારતની સંચિત નિધિ માંથી પૈસા ચુકાવવાને અધિકૃત કરે છે.
- આનો અર્થ એ છે કે સરકાર વિનિયોગ બિલ લાગુ થયા પછી જ ભારતની સંચિત નિધિ માંથી પૈસા ઉપાડી શકે છે.
- એમાં બધી પ્રક્રિયામાં સમય લાગે છે જે સામાન્ય રીતે એપ્રિલના અંત સુધી ચાલે છે.
- હવે સરકારને 31 માર્ચ પછી નવા વર્ષ માટે સામાન્ય નીતિ કરવા માટે પૈસા ની જરૂર પડે.
- આ 2 મહિના પૈસા કે ખર્ચ ની પૂરતી કરવા સરકાર ને આપવામાં આવતા પૈસા ને "લેખાનુદાન" કહે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

લેખાનુદાન : 116(1)(A)

2016 -17 સુધી નું બજેટ

નોંધ : અત્યારે 1 ફેબ્રુઆરી એ બજેટ રજુ થવાથી લેખાનુદાન ની જરૂર પડતી નથી.

બજેટ પસાર થવાનો સમય



સામાન્ય ચર્ચા પછી તરત લેખાનુદાન ની માંગણી

સરકાર ચલાવવા બજેટના 1/6 અથવા 2 મહિનાનો ખર્ચો ફાળવવામાં આવે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

6. નાણાકીય ખરડો

- નાણાકીય ખરડો એ સરકારના આગામી વર્ષમા કરવામાં આવેલી નાણાકીય દરખાસ્તો ને અસરકારક બનાવે છે.
- આ નાણાકીય ખરડાને નાણાંખરડાની તમામ બાબતો લાગુ પડે છે.
- નાણાકીય ખરડામાં વિનોયોગ ખરડાથી વિપરીત નાણાં ને વધારી ઘટાડી શકાય છે.
- આ નાણાકીય બિલ 75 દિવસ માં પસાર થઇ જવું જોઈએ.
- નાણાકીય એક્ટ બજેટની આવકની બાજુને કાયદેસર કરે છે અને બજેટ લાગુ કરવાની પ્રક્રિયાને પૂર્ણ કરે છે.

TEACHING KISHAN

બજેટ પસાર કરવાની પ્રક્રિયા

1 ફેબ્રુઆરી

1.નાણામંત્રી બજેટ લોકસભામાં રજુ કરે છે.

→ ૩ થી 4 દિવસ પછી

2. બજેટ પર સામાન્ય ચર્ચા

→ 3 થી 4 અઠવાડિયા પછી

3. સ્થાયી સમિતિ દ્વારા ચકાસણી

4. વિગતવાર ચર્ચા અને મતદાન

- નીતિકાપ
- કરકસર કાપ
- સાંકેતિક કાપ

5. વિનિયોગ ખરડો પસાર

6. નાણાકીય ખરડો પસાર

31 માર્ચ

TEACHING KISHAN

પૂરક અનુદાન

- બજેટમાં કોઈ સેવા માટે ફાળવવામાં આવેલ ચોક્કસ રકમ જો એ સેવા માટે અપૂરતા હોવાનું જણાય તો સંસદ દ્વારા જરૂરી રકમ અધિકૃત કરવામાં આવે છે

અતિરિક્ત અનુદાન

- કોઈ સેવા માટે બજેટમાં ફાળવવામાં આવેલા પૈસા થી વધારે ખર્ચ થઈ જાય તો અતિરિક્ત અનુદાન મળશે.
- આ અનુદાન નાણાકીય વર્ષ પછી લોકસભામાં મત આપવામાં આવે છે.
- મતદાન માટે વધુ અનુદાન ની માંગણી સંસદમાં રજુ કરવામાં આવે તે પહેલા સંસદની "લોક એકાઉન્ટ સમિતિ" દ્વારા મંજૂરી લેવી જરૂરી છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

ટોકન ગ્રાન્ટ / વધારાની ગ્રાન્ટ

- ચાલુ વર્ષમાં કોઈ નવી સેવા લાવવામાં આવે જેની ચર્ચા બજેટ માં ન હતી જેના માટે લોકસભા દ્વારા અધિકૃત ખર્ચ ને ટોકન ગ્રાન્ટ કહે છે.

પ્રત્યાંનુદાન (અનુચ્છેદ 116 (1)(B)

- યુદ્ધ ખર્ચ કે અણધારી આફત સમયે સરકાર ને લાડવા માટે લોકસભા સરકાર ને સંચિત નિધિ માંથી પૈસા ઉપાડવાની મંજૂરી આપે છે.
- પ્રત્યાંનુદાન એ લોકસભા દ્વારા સરકાર ને આપવામાં આવતો "બ્લેન્ક ચેક" છે.
- ભારતમાં આજ સુધી એક પણ વાર પ્રત્યાંનુદાન હાથ ધરવામાં આવી નથી.

TEACHING KISHAN

નિધિઓ (Funds)

- ભારતના બંધારણ માં કેન્દ્ર સરકાર અને રાજ્યસરકાર માટે નીચેના ત્રણ પ્રકારના ભંડોળ ની વાત કરેલ છે.

1. સંચિત નિધિ (Consolidated Fund of India) : અનુચ્છેદ 266(1)
2. જાહેર હિસાબો / લોકલેખા (Public Accounts Of India) : અનુચ્છેદ 266(2)
3. આકસ્મીત નિધિ (Contingency fund of India) : અનુચ્છેદ 267



TEACHING KISHAN

ભારતની સંચિત નિધિ / એકત્રીક ફંડ

- બંધારણ ના અનુચ્છેદ 266 (1) માં સંચિત નિધિ ની જોગવાઈ કરવામાં આવી છે
- ભારત સરકારનું એવું ભંડોળ જેમાં સરકારની બધી જ અવાક જમા થાય છે અને બધી ચુકવણી કે ખર્ચો કરવામાં આવે છે.
- સંચિત નિધિ માં રાજ્ય કે કેન્દ્ર સરકાર ને મળતા કર (GST) , સિમાંશુલ્ક , આવકવેરો , મિલકત વેરો અને અન્ય કર આ નિધિ માં જમા થાય છે.
- સરકારે લીધેલી લોન કે લોન નું વ્યાજ પણ સંચિત નિધિમાં જમા થાય છે.
- સરકાર બજેટ બનાવી કાયદા અનુસાર સંસદ કે વિધામંડળ માંથી પસાર કરીને સંચિત નિધિ માંથી પૈસા ઉપાડી શકે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

જાહેર હિસાબો / લોકલેખા

- બંધારણ ના અનુચ્છેદ 266 (2) માં જાહેર હિસાબો ની જોગવાઈ કરવામાં આવી છે
- આ નિધિમાં એવા નાણાં જમા કરવામાં આવે છે જ્યાં સરકાર એક "બેંકર" કરીકે કામ કરે છે.
- આ નિધિમાં લોકો દ્વારા મુકાયેલા "પ્રોવિડંડ ફંડ (PF) , "ન્યાયિક જમા" , "બચતબેન્ક જમા" "પોસ્ટલ સ્કીમ" વગેરેનો સમાવેશ થાય છે.
- આ નિધિમાં રહેલા પૈસા સરકાર ના હોતા નથી આ પૈસા ને સરકારે લેણદાર ને પાછા આપવાના હોય છે.
- આ નિધિમાંથી સરકાર ને પૈસા ઉપાડવા સંસદ કે વિધાનમંડળ ની મંજૂરી ની જરૂર નથી.

TEACHING KISHAN

આકસ્મીત નિધિ

- ભારતના બંધારણ માં અનુચ્છેદ 267 માં આકસ્મીત નિધિ ની જોગવાઈ છે જેમાં અનુચ્છેદ 267(1) માં કેન્દ્ર સરકાર અને અનુચ્છેદ 267(2) માં રાજ્યસરકારની આકસ્મીત નિધિ ની વાર કરવામાં આવી છે .
- આ ફંડ સંસદના કાયદો આકસ્મીત ફંડ અધિનિયમ 1950 દ્વારા તૈયાર કરાયું.
- આ ફંડ માં 1950 માં કાયદા મુજબ 50 કરોડ રૂપિયા નિર્ધારિત કાર્ય હતા જેના 2005 માં કાયદા અનુસાર સુધારો કરી 500 કરોડ કરવામાં આવ્યા.
- આ ફંડ નો ઉપયોગ અણધાર્યા કે આકસ્મીત સ્થતિમાં જો નાણાં ની જરૂર પડે તો કરવામાં આવેશે.

TEACHING KISHAN

- આકસ્મીત નિધિમાંથી પૈસા ઉપાડવા કેન્દ્ર માં રાષ્ટ્રપતિ અને રાજ્યમાં રાજ્યપાલ ની મંજૂરી લેવી પડશે.
- રાષ્ટ્રપતિ કે રાજ્યપાલ આકસ્મીત સમયે સંસદની મંજૂરી વગર પૈસા ખર્ચી શકે છે પરંતુ ત્યારબાદ સંસદ અને વિધાનસભાની સ્વીકૃતિ મેળવવી જરૂરી છે.
- આ ફંડ નું સંચાલન રાષ્ટ્રપતિ તરફથી સરકારના "નાણાસચિવ" કરે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

કેન્દ્ર અને રાજ્ય સરકાર ની નિધિઓ

સંચિત નિધિ
અનુચ્છેદ 266 (1)

- સરકારની તમામ અવાક અને ખર્ચ
- પૈસા ઉપાડવા માટે સંસદ / વિધાનમંડળ ની જરૂર

જાહેર હિસાબો
અનુચ્છેદ 266(2)

- જનતાના પૈસા નું ફંડ જે પાછા પાછા છે
- સરકાર પોતાના ઓડરથી પૈસા ઉપાડી શકે.

આકસ્મીત નિધિ
અનુચ્છેદ 267

- આકસ્મીત સમય માટે રાખેલા પૈસા
- પૈસા ઉપાડવા રાષ્ટ્રપતિ કે રાજ્યપાલ ની મંજૂરી લેવી પડે

Follow us On @teaching_kishan

સંસદીય સમિતિઓ

- સંસદ પાસે ઘણા બધા વિવિધ અને જટિલ કર્યો છે જેને ઝડપી , કુશળતાપૂર્વક અને કાયદાકીય રીતે કરવામાં માટે સંસદ વિવિધ સમિતિની મદદ લે છે.
- સંસદીય સમિતિ વિષે બંધારણ માં કોઈ જોગવાઈ નથી તેને સંસદ દ્વારા બનાવવામાં આવે છે.

મુખ્ય ઉપદેશ્ય

1. કોઈ વિષય પર ઊંડાણ પૂર્વક અભ્યાશ કરવો.
2. સંસદીય સમસ્યાનું નિરાકરણ કરવું.
3. ઘડાયેલી નીતિઓને પ્રભાવી બનાવવી
4. જનતા અને શાશન વચ્ચે કડી રૂપ કાર્ય કરવું.

TEACHING KISHAN

સંસદીય સમિતિ

સ્થાયી સમિતિ / કાયમી સમિતિ (Standing Committees)

નિયુક્તિ દર વર્ષે કરવામાં આવે છે સ્થાયી સમિતિમાં મંત્રી સદસ્ય બની શકે નહિ.

કુલ 45 સમિતિ છે.

- **24** બંને ગૃહની સંયુક્ત સમિતિ
- **9** ફક્ત રાજ્યસભાના સભ્યોની
- **12** ફક્ત લોકસભાના સભ્યોની

અસ્થાયી સમિતિ / કાર્યકારી સમિતિ (AD HOC Committees)

સબંધિત વિષયો માટે અસ્થાયી રૂપે બનાવવામાં આવે છે.

- સ્થાયી સમિતિની રચના લોકસભાના અધ્યક્ષ અને રાજ્યસભાના સભાપતિ દ્વારા દર વર્ષે કરવામાં આવે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

❖ સ્થાયી સમિતિને 6 ભાગમાં વહેંચવામાં આવી છે.



TEACHING KISHAN

Follow us On @teaching_kishan

❖ નાણાકીય સમિતિમાં ત્રણ પેટા સમિતિ છે.



સરકારના ખર્ચ પર દેખરેખ રાખે છે તેથી આ બે સમિતિને "જોડિયા બહેન" (Twine Sister) કહે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

I. જાહેર હિસાબ સમિતિ

- સૌથી જૂની સમિતિ છે જેની રચના ભારત સરકાર અધિનિયમ 1919 અંતર્ગત 1921 માં કરવામાં આવી હતી.
- 22 સભ્યો હશે જેમાંથી 15 લોકસભામાંથી અને 7 રાજ્યસભામાંથી હશે,.
- આ સમિતિનો કાર્યકાળ 1 વર્ષનો હશે. અને સભ્યોની નિમણુંક એકલ સક્રમનીય પ્રદ્ધતિ દ્વારા કરવામાં આવશે.
- આ સમિતિના અધ્યક્ષની નિમણુંક લોકસભાના અધ્યક્ષ દ્વારા પરંપરાગત વિપક્ષના કોઈ સદસ્યને બનાવવામાં આવે છે.
- કાર્ય : CAG ના રિપોર્ટની તાપસ કરી સરકારની ગેરરીતિ અને ભ્રષ્ટાચાર ને લોકો સમક્ષ લાવવાનું છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

II. અંદાજ સમિતિ

- અંદાજ સમિતિની રચના તત્કાલીન નાણામંત્રી "જ્હોન મથાઈન" ની ભલામણ થઈ હતી
- 30 સભ્યો હશે જે બધા જ લોકસભાના સદશ્યો હોય છે.
- આ સમિતિનો કાર્યકાળ 1 વર્ષનો હશે. અને સભ્યોની નિમણુંક એકલ સક્રમનીય પ્રદ્ધતિ દ્વારા કરવામાં આવશે.
- સમિતિના અધ્યક્ષ ની નિમણુંક "લોકસભાના અધ્યક્ષ" કરે છે.

કાર્ય :

1. વધુપડતા અનુદાન ની માંગણી ની સમીક્ષા કરવી.
2. સરકારી ખર્ચને ઓછા કરવામાં વિકલ્પો સૂચવવા.
3. બજેટ વિશે માહિતી એકત્રિત કરી તેમાં કરકસરના પગલાં સૂચવવા.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

III. જાહેર સાહસ સમિતિ / સાર્વજનિક ઉદ્યોગ સમિતિ

- આ સમિતિની રચના 1964 માં "ક્રિષ્ન મેનન સમિતિની" ભલામણ થી કરવામાં આવી.
- 22 સભ્યો હશે જેમાંથી 15 લોકસભામાંથી અને 7 રાજ્યસભામાંથી હશે,.
- આ સમિતિનો કાર્યકાળ 1 વર્ષનો હશે. અને સભ્યોની નિમણુંક એકલ સક્રમનીય પ્રદ્ધતિ દ્વારા કરવામાં આવશે.
- સમિતિના અધ્યક્ષ ની નિમણુંક લોકસભાના અધ્યક્ષ કરે છે.
- સરકારી ઉદ્યોગને લઇ CAG ની રિપોર્ટ તપાસવી.
- સરકારી ઉદ્યોગોના હિસાબ અને રિપોર્ટ ની તાપસ કરવી.
- સરકારી ઉદ્યોગને લઈને નવી ટેક્નોલોજી , વધુ નફો અને કાર્યદક્ષ બનાવવાના સૂચનો આપવા.

TEACHING KISHAN

2. વિભાગીય સ્થાયી સમિતિ

- બજેટ અહેવાલ પર વિચાર વિમર્શ કરી ને અનુદાન ની માંગણી પર અહેવાલ તૈયાર કરે છે.
- લોકસભાની "નિયમ સમિતિ" ની ભલામણ થી વિભાગીય સ્થાયી સમિતિ ની રચના કરવામાં આવી.
- અત્યારે કુલ 24 વિભાગીય સમિતિ છે. જેમાંથી 8 રાજ્યસભાના વિભાગો માટે અને 16 લોકસભાના વિભાગો માટે કામ કરે છે.
- આ સમિતિમાં કુલ 31 સભ્યો હશે જેમાંથી 21 સભ્યો લોકસભા અધ્યક્ષ અને 10 સભ્યો રાજ્યસભા ના અધ્યક્ષ દ્વારા નોમિનેટ કરવામાં આવશે.
- સમિતિનો કાર્યકાળ 1 વર્ષ નો હોય છે.
- આ સમિતિ સામાન્ય રીતે સંસદના 2 સત્રો વચ્ચે કાર્ય કરે છે અમને અલગથી કોઈ સમય આપવામાં આવતો નથી.

TEACHING KISHAN

3. નિયંત્રણ સમિતિ

- સરકારી આશ્વાશન સમિતિ
- મહિલા શશક્તિકરણ સમિતિ
- અધીનસ્થ સમિતિ
- લાભના પદની સમિતિ
- અનુસૂચિત જાતિ જનજાતિ કલ્યાણ સમિતિ
- વિચારણા સમિતિ

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

I.સરકારી આશ્વાશન સમિતિ

- કોઈ મંત્રી દ્વારા સંસદમાં કોઈ આશ્વાશન કે વાત કરવામાં આવી છે તો તેનું કેટલું અમલીકરણ થયું છે એના પર દેખરેખ રાખવાનું છે.

II. અધીનસ્થ સમિતિ

- સંસદના કર્યો , પેટા નિયમો તેમજ બંધારણીય જોગવાઈ મુજબ સંસદ ચાલે છે કે કેમ તેના પર અહેવાલ બનાવવાનો છે.

III. વિચારણા સમિતિ

- કુલ 25 સદસ્યો (15 લોકસભા + 10 રાજ્યસભા)
- સંસદમાં રજુ કરવામાં આવતા દસ્તાવેજનું વિશ્લેષણ કરી ચકાશવાનું છે કે તે બંધારણ ની જોગવાઈ અનુસાર છે કે નહિ.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

IV. SC અને ST કલ્યાણ સમિતિ

- કુલ 30 સદસ્યો (20 લોકસભા + 10 રાજ્યસભા)
- SC અને ST આયોગના અહેવાલ ની તાપસ કરશે.
- SC અને ST ના કલ્યાણ ની યોજના અને સરકાર દ્વારા SC ST માટે લેવાયેલા પગલાંની તાપસ.

V . મહિલા સશક્તિકરણ સમિતિ

- મહિલા આયોગની રિપોર્ટ ની ચકાસણી કરવાનું તેમજ કેન્દ્ર સરકાર દ્વારા મહિલાઓ માટે લીધેલા પગલાં ની તાપસ કરવાનું છે.

TEACHING KISHAN

VI . લાભના પદોની સમિતિ

- કુલ 15 સદસ્યો (10 લોકસભા + 5 રાજ્યસભા)
- સરકાર તેમજ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશ તેમજ સમિતિઓના સદશ્યો અથવા અધિકારીઓ સંસદના સભ્ય બનવાની લાયકાત ધરાવે છે કે નહિ તેની તાપસ આ સમિતિ દ્વારા થશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

4. ગૃહના દૈનિક કામકાજો ને સબંધિત સમિતિઓ

- નિયમ સમિતિ
- કાર્ય મંત્રણા સમિતિ
- બિનસરકારી સભ્યોના ખરડાને લગતી સમિતિ
- સભ્યોની ગેરહાજરી સબંધિત સમિતિ

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

I. નિયમ સમિતિ

- નિયમ સમિતિ બંને ગૃહોની અલગ અલગ હોય છે. લોકસભાની નિયમ સમિતિમાં 15 સભ્યો અને રાજ્યસભાની નિયમ સમિતિમાં 16 સભ્યો હોય છે.
- આ સમિતિમાં અધ્યક્ષ જે તે ગૃહના અધ્યક્ષ પોતે જ હોય છે.
- આ સમિતિનું કાર્ય સંસદના નિયમોમાં જરૂરી સુધારાઓ સુચવવાનું છે.
- તે સંસદની કાર્ય પ્રક્રિયા તેમજ સંચાલન નિયમોનું પણ ધ્યાન રાખે છે.
- આગળ અધીનસ્થ સમિતિ એ ગૃહ નિયમ પ્રમાણે ચાલે છે તેની દેખરેખ રાખે છે જયારે આ સમિતિ સંસદ માટે નવા નિયમો સૂચવે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

II. કાર્ય મંત્રણા સમિતિ

- કાર્ય મંત્રણા સમિતિ બંને ગૃહોની અલગ અલગ હોય છે. લોકસભાની કાર્ય મંત્રણા સમિતિમાં 15 સભ્યો અને રાજ્યસભાની કાર્ય મંત્રણા સમિતિમાં 11 સભ્યો હોય છે.
- આ સમિતિમાં અધ્યક્ષ જે તે ગૃહના અધ્યક્ષ પોતે જ હોય છે.
- આ સમિતિનું મુખ્ય કાર્ય સદનમાં રજુ થયેલા ખરડાઓ તેમજ અન્ય કર્યો પર ચર્ચા નો સમય નક્કી કરવાનું છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

III. બિન સરકારી ખરડાને સબંધિત સમિતિ

- બિન સરકારી ખરડાને સબંધિત સમિતિ માત્ર લોકસભામાં હોય છે લોકસભાની બિન સરકારી ખરડાને સબંધિત સમિતિમાં 15 સભ્યો જ્યારે રાજ્યસભામાં આ સમિતિ હોતી નથી
- આ સમિતિમાં અધ્યક્ષ લોકસભાના અધ્યક્ષ પોતે જ હોય છે.
- આ સમિતિનું મુખ્ય કાર્ય સદનમાં બિન સરકારી ખરડાઓ પર ચર્ચાનો સમય નિર્ધારિત કરવાનું છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

IV. સભ્યોની ગેરહાજરીને સબંધિત સમિતિ

- સભ્યોની ગેરહાજરીને સબંધિત સમિતિ માત્ર લોકસભામાં હોય છે લોકસભાની સભ્યોની ગેરહાજરીને સબંધિત સમિતિમાં 15 સભ્યો જયારે રાજ્યસભામાં આ સમિતિ હોતી નથી
- આ સમિતિમાં અધ્યક્ષ લોકસભાના અધ્યક્ષ પોતે જ હોય છે.
- આ સમિતિનું મુખ્ય કાર્ય સદનમાં ગૃહની બેઠકોમાં સભ્યોની ગેરહાજરી અથવા રજા સબંધિત અરજીઓ જુએ છે. તથા તે વાતની તાપસ કરે છે કે જેમાં કોઈ સદસ્ય ગૃહની મજૂરી વગર સતત 60 દિવસ સુધી ગેરહાજર હોય.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

5. ગૃહ વ્યવસ્થા સમિતિઓ

- સામાન્ય ઉપદેશ સમિતિ
- ગ્રંથાલય સમિતિ
- આવાસ સમિતિ
- વેતન ભથ્થા સમિતિ

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

I. સામાન્ય ઉપદેશ સમિતિ

- જે બાબતો અન્ય સમિતિઓના અધિકારક્ષેત્ર માં ન આવતી હોય તે બાબતોની તાપસ આ સમિતિ કરે છે.
- કોઈ પણ ગૃહના અધ્યક્ષ હોદ્દાની રૂએ તે સમિતિના અધ્યક્ષ બને છે.
- આ સમિતિનો કોઈ નિશ્ચિત કાર્યકાળ હોતો નથી.
- આ સમિતિ લોકસભામાં લોકસભાના વિસર્જન સુધી અને રાજ્યસભામાં રાજ્યસભાની પુનર્ગઠન સુધી રહે છે

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

II. ગ્રંથાલય સમિતિ

- ગ્રંથાલય સમિતિમાં કુલ 9 સભ્યો હોય છે જેમાંથી 6 લોકસભાના અને 3 રાજ્યસભાના સભ્યો હોય છે.
- આ સમિતિના સદસ્યો ગ્રંથાલય સબંધિત સહાયતા પ્રદાન કરે છે તેમજ ગ્રંથાલય ને સબંધિત બાબતોનું ધ્યાન રાખે છે.

III. આવાસ સમિતિ

- આવાસ સમિતિ માં કુલ 22 સભ્યો હોય છે જેમાંથી 12 લોકસભાના અને 10 રાજ્યસભાના સભ્યો હોય છે.
- આ સમિતિનું કાર્ય સંસદ સભ્યોને આવાસ , ભોજન તેમજ તબીબી સહાયતા ઉપલ્બધ કરાવવાનું છે

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

IV. વેતન ભથ્થા સમિતિ

- આ સમિતિની રચના વેતન ભથ્થા તથા પેન્શન અધિનિયમ 1954 ના અંતર્ગત કરવામાં આવી છે.
- આ સમિતિ દરેક સદસ્યોને વેતન ભથ્થા તથા પેન્શન યોગ્ય રીતે મળતા રહે તેની દેખરેખ રાખે છે અને તે માટેના નિયમો બનાવે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

6. તપાસ સમિતિઓ

- યાચિકા સમિતિ
- વિશેષાધિકાર સમિતિ
- આચરણ સમિતિ

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

અસ્થાયી સમિતિઓ

- અસ્થાયી સમિતિઓની રચના કોઈ ચોક્કસ કાર્ય માટે કરવામાં આવે છે જો નક્કી કરેલ કાર્ય પૂર્ણ થઈ જાય તો તે સમિતિનો અંત આવે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

I. વિશિષ્ટ કેસો માટે તપાસ સમિતિ

- રાષ્ટ્રહિતના મુદ્દાઓ , કૌભાંડો ની તપાસ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર તાપસ કરવા તેમજ વિચાર વિમર્શ કરી અહેવાલ તૈયાર કરવા માટે આ સમિતિની રચના થાય છે.
- આ સમિતિની રચના બંને ગૃહમાં અલગ-અલગ હોઈ શકે છે અથવા બંને ગૃહની સંયુક્ત સમિતિ પણ રચી ચકાય છે.
- જયારે બંને ગૃહની અલગ અલગ હશે ત્યારે એમાં મહત્તમ સભ્ય સંખ્યા 30 અને જયારે સંયુક્ત હશે ત્યારે મહત્તમ 45 હશે જેમાંથી લોસભાના 30 અને રાજ્યસભાના 15 સભ્યો હશે.

TEACHING KISHAN

II. પ્રવર / સંયુક્ત સમિતિ

- પ્રવર સમિતિ અસ્થાયી સમિતિમાં સૌથી મહત્વની સમિતિ છે.
- સંયુક્ત સમિતિની રચના કોઈ ખરડા પર અથવા કોઈ વિશિષ્ટ બાબતો પર વિચાર વિમર્શ કરવા માટે થાય છે.
- જ્યારે ગૃહ અલગ અલગ આ સમિતિની રચના કરે ત્યારે તેને પ્રવર સમિતિ (30 સભ્યો) કહે છે પરંતુ બંને ગૃહ ભેગા થઈ આ સમિતિ ની રચના કરે તો તેને "સંયુક્ત પ્રવર સમિતિ" (45 સભ્યો : લોસભાના 30 અને રાજ્યસભાના 15) કહે છે.
- આ સમિતિની નિર્ધારિત સમયમાં ગૃહને પોતાનો અહેવાલ સોંપવાનો હોય છે.
- આ સમિતિમાં અલગ અલગ રાજકીય પક્ષોને પ્રતિનિધિત્વ આપવામાં આવે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

સલાહકાર સમિતિઓ

- આ સમિતિનો સમાવેશ સંસદીય સમિતિમાં થતો નથી.
- આ સમિતિની રચના કોઈ મંત્રી અથવા મંત્રાલય દ્વારા તેમને સબંધિત મુદ્દાઓ પર સલાહ સૂચન આપવા માટે તેની રચના કરવામાં આવે છે.
- આ સમિતિમાં બંને ગૃહના સભ્યો હોય છે
- આ સમિતિમાં મહત્તમ 30 અને ન્યુનતમ 10 સભ્યો હોય છે
- આ સમિતિના અધ્યક્ષ કેબિનેટ મંત્રી અથવા રાજ્ય મંત્રી હોય છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

રાજ્યપાલ (Governor)

- રાજ્યની અંદર સરકાર રાજ્યપાલ , મુખ્યમંત્રી , રાજ્યમંત્રી પરિષદ અને એડવોકેટ જનરલ ચલાવે છે.જે બંધારણ ના ભાગ 6 ના અનુચ્છેદ 153 થી અનુચ્છેદ 167 માં જોગવાઈ કરવામાં આવી છે.
- જે રીતે કેન્દ્રમાં બંધારણીય વડા "રાષ્ટ્રપતિ" હોય છે એ રીતે રાજ્યમાં બંધારણીય વડા "રાજ્યપાલ" હોય છે.
- કેન્દ્ર માં રાષ્ટ્રપતિ પછી ઉપરાષ્ટ્રપતિ નું પદ હોય છે પરંતુ રાજ્યમાં રાજ્યપાલ પછી ઉપરાજ્યપાલ નું પદ હોતું નથી.
- રાજ્યસરકાર ના તમામ કર્યો રાજ્યપાલ ના નામે થાય છે.
- રાજ્યપાલ એ રાજ્યમાં નામ માત્ર ના વડા હોય છે જયારે કારોબારી અને વહીવટી વડા મુખ્યમંત્રી હોય છે.

TEACHING KISHAN

રાજ્યપાલની બેવડી ભૂમિકા

- રાજ્યના બંધારણીય વડા
- કેન્દ્ર સરકારના પ્રતિનિધિ ના રૂપમાં

- રાજ્યપાલ એ રાજ્યમાં કેન્દ્ર ના એજન્ટ તરીકે કાર્ય કરે છે.
- અનુચ્છેદ 153 માં રાજ્યપાલ પદ ની જોગવાઈ કરવામાં આવી છે.
- સામાન્ય રીતે દરેક રાજ્યમાં રાજ્યપાલ હોય છે પરંતુ 7 મોં બંધારણીય સુધારો 1956 મુજબ એકસાથે એક રાજ્યપાલ એક કરતા વધારે રાજ્યના અથવા કેન્દ્રશાસિત પ્રદેશના રાજ્યપાલ તરીકે રહી શકે છે.

- કનૈયાલાલ મુનશી : "રાજ્યપાલ નું મુખ્ય કાર્ય રાજ્ય સરકાના ગૌરવ , સ્થિરતા , તેમજ તેમની સામુહિક જવાબદારીનું રક્ષણ કરવાનું છે"

TEACHING KISHAN

રાજ્યપાલ ની નિમણુંક : અનુચ્છેદ 155

- રાજ્યપાલ ની લોકો દ્વારા પ્રત્યેક્ષ કે પરોક્ષ રીતે ચૂંટણી થતી નથી. તેમને રાષ્ટ્રપતિ દ્વારા સીધા નીમવામાં આવે છે.
- રાજ્યપાલ નિમણુંક સબંધિત બે પરંપરા છે

1. રાષ્ટ્રપતિ કોઈ પણ વ્યક્તિને તે રાજ્યના રાજ્યપાલ તરીકે નિમણુંક નહિ કરે જ્યાંના તે રહેવાસી છે.
2. રાષ્ટ્રપતિ રાજ્યપાલની નિમણુંક પહેલા સબંધિત રાજ્યના મુખ્યમંત્રી ની સલાહ લે છે.

TEACHING KISHAN

- રાજ્યપાલ એ કેન્દ્ર સરકારના નામાંકિત વ્યક્તિ હશે પરંતુ રાજ્યપાલનું પદ એ સ્વતંત્ર બંધારણીય પદ છે જે કેન્દ્ર સરકારના આધીન અથવા તેમના નિયંત્રણ હેઠળ કામ કરશે નહિ.
- ભારતમાં રાજ્યપાલ ની નિમણુંક "કેનેડાના" બંધારણ માંથી લેવામાં આવી છે.જ્યાં રાજ્યપાલ ની નિમણુંક કેંદ્ર દ્વારા થાય છે.
- અમેરિકામાં રાજ્યપાલ ની નિમણુંક પ્રત્યેક્ષ ચૂંટણી દ્વારા થાય છે.

- રાજ્યપાલ નું પદ તટસ્થ રહેવું જોઈએ એટલે એમની ચૂંટણી નથી થતી નિમણુંક થાય છે.અને તે માત્ર નામના વડા છે જેથી એમની ચૂંટણી માટે નાણાં ખર્ચ કરવાનો કોઈ અર્થ રહેતો નથી.

TEACHING KISHAN

રાજ્યપાલનો કાર્યકાળ : અનુચ્છેદ 156

- અનુચ્છેદ 156 મુજબ સામાન્ય રીતે રાજ્યપાલ કાર્યકાળ 5 વર્ષ નો હોય છે.
- અનુચ્છેદ 156 (1) : રાજ્યપાલ રાષ્ટ્રપતિ ની મરજી હોય ત્યાં સુધી પદ પર રહી શકે છે.
- અનુચ્છેદ 156 (2) : રાષ્ટ્રપતિ ને સંબોધીને રાજ્યપાલ રાજીનામુ આપી શકશે.
- અનુચ્છેદ 156 (3) : રાજ્યપાલ નો કાર્યકાળ હોદ્દો સાંભળે ત્યારથી ગણાશે પરંતુ એમના ઉત્તરાધિકારી ની નિમણુંક થઈ પદ ન સંભાળે ત્યાં સુધી તે પોતાની પદ જાળવી રાખે છે .
- કાર્યકાળ પછી ફરીથી રાજ્યપાલ તરીકે તમની નિમણુંક કરી શકાય છે.

❑ નોંધ : સરકારીયા આયોગની ભલામણ પ્રમાણે રાજ્યપાલને તેના 5 વર્ષના કાર્યકાળ પહેલા કોઈ રાજકીય કારણ સર હટાવવા જોઈએ નહિ.

TEACHING KISHAN

રાજ્યપાલ બનવાની લાયકાત : અનુચ્છેદ 157

- અનુચ્છેદ 157 પ્રમાણ રાજ્યપાલ બનવા નીચે પ્રમાણે 2 જોગવાઈ છે.
  1. ભારતનો નાગરિક હોવો જોઈએ.
  2. ઓછામાં ઓછી ઉમર 35 વર્ષ હોવી જોઈએ.

પદ ખાલી પડે તો ?

- બાજુના રાજ્યના રાજ્યપાલ ને તે રાજ્યનો કાર્યભાળ સોંપી દેવામાં આવે છે. અથવા તે રાજ્યની હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અસ્થાયી રૂપે રાજ્યના રાજ્યપાલ તરીકે ફરજ બજાવશે.

TEACHING KISHAN

રાજ્યપાલ હોદ્દાની શરતો : અનુચ્છેદ 158

1. રાજ્યપાલ એ સંસદના કોઈ પણ ગૃહ અને રાજ્યના વિધાનમંડળ નો સભ્ય હોવો જોઈએ નહિ. જો સભ્ય હોય તો રાજ્યપાલ તરીકે હોદ્દો સંભાળે તે તારીખથી તે ગૃહની બેઠક ખાલી કરવી પડે.
2. રાજ્યપાલ અન્ય કોઈ લાભનું પદ ધરાવતા હોવા જોઈએ નહિ.
3. રાજ્યપાલ ને ભાડું ભર્યા વગરનું નિવાસ સ્થાનનો ઉપયોગ કરવાનો તેમજ સંસદ દ્વારા નક્કી કરેલ પગાર - ભથ્થા અને વિશેષાધિકાર નો હક્ક રહેશે.
4. જ્યારે એક રાજ્યપાલ એક કરતા વધારે રાજ્ય નો કાર્યભાળ સંભાળે ત્યારે એમનો વધારાનો પગાર રાષ્ટ્રપતિ નક્કી કરશે.
5. રાજ્યપાલના કાર્યકાળ દરમિયાન એમનો પગાર ઘટાડી શકાય નહિ.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

રાજ્યપાલના શપથ : અનુચ્છેદ 159

- રાજ્યપાલ પોતાનું પદ ગ્રહણ કરતા પહેલા તમને હાઈકોર્ટ ના મુખ્ય ન્યાયાધીશ દ્વારા શપથ લેવડાવવામાં આવશે.
- મુખ્ય ન્યાયધીશ ની ગેરહાજરીમાં વરિષ્ઠ ન્યાયાધીશ શપથ લેવડાવશે.
- જયારે કોઈ રાજ્યપાલ અન્ય રાજ્યનો કાર્યભાળ સંભાળે છે ત્યારે તેમને તે રાજ્યના રાજ્યપાલ તરીકે પણ શપથ લેવડાવવમાં આવે છે.

TEACHINGKISHAN

Follow us On @teaching_kishan

રાજ્યપાલ ના પગાર-ભથ્થા

- 2018 માં સંસદે રાજ્યપાલ નો પગાર 1,10,000 થી વધારી 3,50,000 પ્રતિ માસ કરવામાં આવ્યો છે.
- રાજ્યપાલ નો પગાર "રાજ્યની સંચિત નિધિ" માંથી આપવામાં આવે છે.
- જયારે તે બે રાજ્યના રાજ્યપાલ હશે ત્યારે રાષ્ટ્રપતિ દ્વારા પગાર નક્કી કરવામાં આવેશે.અને પગાર બંને રાજ્યની સંચિત નિધિ માંથી અડધો અડધો આપવાનો રહશે.

TEACHINGKISHAN

Follow us On @teaching_kishan

રાજ્યપાલ કાર્ય અને શક્તિઓ

- રાષ્ટ્રપતિ ની જેમ રાજ્યને લઈને રાજ્યપાલ ને તમામ સત્તાઓ મળેલ છે જેવી કે ...

1. કારોબારી શક્તિઓ
2. કાયદાકીય શક્તિઓ
3. નાણાકીય શક્તિઓ
4. ન્યાયિક શક્તિઓ
5. રાજયપાલના વિશેષાધિકાર

- રાજ્યપાલને રાષ્ટ્રપતિ ની જેમ રાજદ્વારી , લશ્કરી અને કટોકટી શક્તિઓ હોતી નથી.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

1. કારોબારી શક્તિ (Executive Powers)

- રાજ્યસરકારના તમામ કારોબાર અને કાર્યો રાજ્યપાલના નામે થશે.
- રાજ્યપાલ રાજ્યસરકાર સારી રીતે ચાલે એના માટેના નિયમો બનાવી શકે છે.
- રાજ્યપાલ રાજ્ય સરકાર ચલાવવા મુખ્યમંત્રી અને રાજ્યમંત્રીપરિષદની નિમણુંક કરશે.જે રાજ્યપાલ ની ખુશી દરમિયાન તેઓ હોદ્દો ધરાવે છે.

નોંધ : અનુચ્છેદ 164 પ્રમાણે ઝારખંડ , મધ્યપ્રદેશ , ઓરિસ્સા અને છત્તીશગઢ માં "જનજાતિ કલ્યાણ મંત્રીની" નિમણુંક રાજ્યપાલ દ્વારા કરવામાં આવશે.

- તેઓ રાજ્યના વહીવટ અને ખરડા સબંધિત માહિતી મુખ્યમંત્રી પાસેથી માંગી શકે છે .

TEACHING KISHAN

- રાજ્યપાલ રાજ્ય ચૂંટણી કમિશ્નર ની નિમણુંક કરે છે.
- રાજ્યપાલ રાજ્યના એડવોકેટ જનરલ ની નિમણુંક કરે છે. જે તેમની ખુશી સુધી પદ પર રહી શકે છે.
- રાજ્ય જાહેર સેવા આયોગ ના સભ્યો અને અધ્યક્ષ ની નિમણુંક કરે છે.
- તેઓ રાજ્યની તમામ યુનિવર્સીટીઓના કુલપતિ તરીકે કાર્ય કરે છે અને ઉપકુલપતિ ની નિમણુંક કરે છે
- તેઓ રાષ્ટ્રપતિ ને રાજ્યમાં "બંધારણીય કટોકટી (રાષ્ટ્રપતિ સાશન) લાગુ કરવાની ભલામણ કરી શકે છે.અને કટોકટી સમયે રાષ્ટ્રપતિના પ્રતિનિધિત્વ તરીકે વિશાળ સત્તાઓ ભોગવે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

2. કાયદાકીય / ધારાકીય શક્તિઓ (Legislative Powers)

- રાજ્યપાલ એ રાજયવિધાન મંડળ નો અભિન્ન અંગ છે.
- રાજ્યપાલ રાજયવિધાનમંડળ નું સત્ર બોલાવવાની અને સમાપ્ત કરવાની સત્તા છે આ સાથે રાજ્યપાલ વિધાનસભાનું વિસર્જન પણ કરી શકે છે. (બે સત્ર વચ્ચે 6 મહિના થી વધારે સમય હોવો જોઈએ નહિ)
- વિધાનસભાની સામાન્ય ચટણી પછી પ્રથમ બેઠકમાં ગૃહને સંબોધન કરે છે.
- રાજયવિધાનમંડળ માં પેન્ડિગ રહેલા બિલ અંગે જે તે ગૃહને સંદેશો મોકલી શકે છે.
- જયારે વિધાનસભા કે વિધાનપરિષદમાં અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ નું પદ ખાલી પડે ત્યારે જે તે ગૃહ ના કોઈ સદસ્યને કાર્યકારી અધ્યક્ષ બનાવી શકે છે.

TEACHING KISHAN

- રાજ્યપાલ વિધાનપરિષદમાં કુલ સભ્યસંખ્યાના 1/6 ભાગના સભ્યોની નિમણૂંક "કલા , વિજ્ઞાન , સાહિત્ય , સહકારી અને સમાજસેવા ક્ષેત્રોમાંથી નિમણુંક કરી શકે છે .
- વિધાનમંડળ ના સદસ્યોની ગેરલાયકાતનો નિર્ણય કેન્દ્ર ચૂંટણી પંચ સાથે ચર્ચા વિચારણા કરી લઈ શકે
- જયારે વિધાનમંડળ કે વિધાનસભા માંથી બિલ પસાર થઈ રાજ્યપાલ પાસે જાય છે તો ...

1. સ્વીકાર કરે
2. અસ્વીકાર કરે (આત્યંતિક વિટો (Absolute વીટો))
3. પુનઃ વિચારણા માટે પાછો મોકલી શકે છે (નીલંબન વીટો (Suspensive વીટો)) : નાણાબિલ સિવાય
4. પોતાની પાસે અનિશ્ચિત સમય માટે રાખી શકે (પોકેટ વિટો)
5. રાષ્ટ્રપતિ વિચારણા માટે મોકલી શકે

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

- જયારે રાજ્યપાલ પુનઃવિચારના માટે બિલ પાછું મોકલે છે ત્યારે ફરી આવેલા બિલ પર અમને ફરજીયાત સંમતિ અપાવી પડે છે .
- રાજ્યપાલ જયારે કોઈ એવો ખરડો આવે જે રાજયની હાઈકોર્ટના અસ્થિત્વને નુકશાન કરે ત્યારે તે ખરડાને રાષ્ટ્રપતિ પાસે મોકલવો ફરજીયાત છે. આ સિવાય બંધારણ ની જોગવાઈ વિરુદ્ધ હોય , રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનું ઉલ્લંઘન થતું હોય , દેશના હિતના વિરુદ્ધનું હોય વગેરે બાબતો
- અનુચ્છેદ 213 અંતર્ગત જયારે વિધાનમંડળ નું સત્ર ચાલુ ન હોય ત્યારે રાજયપાલ વટહુકમ પડી શકે છે. અને પાછો પણ ખેંચી શકે છે .
- આ વટહુકમ ને સત્ર શરુ થયાના 6 અઠવાડિયાની અંદર પસાર કરાવવું ફરજીયાત છે જો થઈ જાય તો કાયદો બની જશે બાકી રદ કરવામાં આવશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

3. નાણાકીય શક્તિઓ (Financial Powers)

- રાજ્યપાલ વતી નાણામંત્રી રાજ્ય વિધાનસભામાં "વાર્ષિક નાણાકીય નિવેદન (બજેટ) રાજ્ય કરાવે છે. (અનુચ્છેદ 202)
- રાજ્યપાલની પૂર્વ મંજુરીથી જ વિધાનસભામાં નાણાંખરડો રજુ કરી શકાય છે.
- તેમની મંજૂરી વગર કોઈ પણ અનુદાન ની માંગ કરી શકાય નહિ.
- રાજ્યસરકારની "આકસ્મીત નિધિ" રાજ્યપાલ ને આધીન હોય છે એમની મંજૂરી વગર એમાંથી પૈસા ઉપાડી શક્ય નહિ.
- પંચાયત અને નગરપાલિકાઓની નાણાકીય સમીક્ષા કરવા દર 5 વર્ષે રાજ્ય નાણાપંચ ની રચના કરવામાં આવે છે.

TEACHING KISHAN

4. ન્યાયિક શક્તિઓ (judicial Powers)

- રાજ્યપાલ કોઈ પણ વ્યક્તિની સજાને ક્ષમા , ઓછી , પરિવર્તન , સ્થગિત કરાવી શકે છે.
- રાજ્યપાલ "મૃત્યદંડ ની સજાને" માફ કારવાઈ શકતા નહિ.
- રાજ્યપાલ સૈન્ય અદાલત દ્વારા અપાયેલી સજાને માફ કરવી શકતા નથી.
- રાષ્ટ્રપતિ રાજ્યના હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને અન્ય ન્યાયાધીશ ની નિમણુંક કરતા સમયે રાજ્યપાલની સલાહ લે છે.
- રાજ્યપાલ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ ની સલાહ થી જિલ્લા ન્યાયાધીશ ની નિમણુંક , સ્થાન બદલી , અને પ્રમોશન આપે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

5. રાજ્યપાલના વિશેષાધિકાર (અનુચ્છેદ 361)

- રાષ્ટ્રપતિ ની જેમ રાજ્યપાલ પર પણ ચાલુ કાર્યકાળ દરમિયાન કોઈ પણ પ્રકારનો ફોજદારી કે દીવાની કેસ થઈ શકતો નથી.
- તેમને 2 મહિના પહેલા નોટિસ આપીને દીવાની કેસ ચલાવી શકાય છે.
- તેમના કાર્યકાળ દરમિયાન તેમની ધડપકડ કરવાનો આદેશ કોઈ પણ અદાલત આપી શકે નહિ.
- રાજ્યપાલે સત્તાને આધીન કરેલા કોઈ પણ કાર્ય ને અદાલતમાં પડકારી શકાય નહિ.

TEACHING KISHAN

મુખ્યમંત્રી (Chief Minister)

- કેન્દ્ર માં જે સ્થાન વડાપ્રધાન નું હોય છે એવું જ સ્થાન રાજ્યમાં "મુખ્યમંત્રી" નું હોય છે.
- મુખ્યમારી એ રાજ્યના વાસ્તવિક કારોબારી અને વહીવટી વડા છે.
- રાજ્યપાલ એ રાજ્યના વડા (head of state) કહેવાય છે જ્યારે મુખ્યમંત્રી એ સરકાર ના વડા (Head of Government) કહેવાય છે.

TEACHING KISHAN

મુખ્યમંત્રી ની નિમણુંક

- બંધારણ ના અનુચ્છેદ 164 અંતર્ગત રાજ્યપાલ મુખ્યમંત્રી અને મંત્રીપરિષદ ની નિમણુંક કરે છે.
- બંધારણ માં મુખ્યમંત્રી ની ચૂંટણી માટે કોઈ વિશિષ્ટ પ્રક્રિયા આપેલ નથી . અનુચ્છેદ 164 અંતર્ગત "રાજ્યપાલ મુખ્યમંત્રી ની નિમણુંક કરશે"
- લોકો દ્વારા થતી દર 5 વર્ષે વિધાનસભાની પ્રત્યક્ષ ચૂંટણીમાં જે પણ રાજકીયપક્ષ ને વધારે મત મળે છે તે રાજકીય પક્ષ ના વડા ને રાજ્યપાલ "મુખ્યમંત્રી" તરીકે નિમણુંક કરે છે.
- જયારે વિધાનસભાની ચૂંટણીમાં કોઈ પણ પક્ષ ને બહુમત ન મળે તો રાજ્યપાલ પોતાની વિવેકબુદ્ધિ થી સૌથી મોટા પક્ષ અથવા સંગઠન ના વડા ને "મુખ્યમંત્રી" બનાવે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

- મુખ્યમંત્રી બન્યા પછી તે વ્યક્તિ ને 1 મહિના માં વિધાનસભામાં બહુમતી (વિશ્વાસ નો મત) સાબિત કરવાનો રહેશે.
- જો કોઈ વ્યક્તિ વિધાનસભા કે વિધાનપરિષદ નો સભ્ય ન હોય એને પણ મુખ્યમંત્રી બનાવી શકાય છે પરંતુ એમને 6 મહિનાની અંદર વિધાનસભા કે વિધાનપરિષદ ના સભ્ય બનવું ફરજીયાત છે નહીંતર મુખ્યમંત્રી પદ ગુમાવે છે.
- એનો અર્થ કે મુખ્ય મંત્રી બંને માંથી કોઈ પણ ગૃહના સદસ્ય હોય શકે છે.
- જયારે મુખ્યમંત્રી નું અચાનક અવસાન થઈ જાય છે જયારે એમના કોઈ સ્પષ્ટ અનુગામી ન હોય ત્યારે રાજ્યપાલ પોતાની વિવેકબુદ્ધિ થી બહુમતી ધરાવતા રાજકીય પક્ષ માંથી કોઈ પણ ને મુખ્યમંત્રી બનાવી શકે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

મુખ્યમંત્રી નો કાર્યકાળ

- મુખ્યમંત્રી નો બંધારણ માં કોઈ નિશ્ચિત કાર્યકાળ નથી.
- જ્યાં સુધી મુખ્યમંત્રી વિધાનસભામાં વિશ્વાસનો મત જાળવી રાખે છે ત્યાં સુધી તે મુખ્યમંત્રી પદ પર રહી શકે છે.
- જો તે વિધાનસભામાં વિશ્વાસનો મત ગુમાવે તો અમને રાજીનામુ આપવું પડે છે જો ન આપે તો રાજ્યપાલ અમને પદ પર થી હટાવી દેશે.

પગાર ભથ્થા

- મુખ્યમંત્રી ને પગાર-ભથ્થા "રાજયવિધાનમંડળ" દ્વારા નક્કી કરવામાં આવશે જે રાજ્ય સંચિત નિધિમાંથી આપવામાં આવશે.

TEACHING KISHAN

લાયકાત

- ભારતનો નાગરિક હોવો જોઈએ.
- ઓછામાં ઓછી 25 વર્ષની ઉમર જોઈએ.
- વિધાનસભા કે વિધાનપરિષદ બંને માંથી કોઈ એક ગૃહનો સભ્ય હોવો જોઈએ.
- જો સભ્ય ન હોય તો મુખ્યમંત્રી બન્યાના 6 મહિના ની કોઈ પણ એક ગૃહની સદસ્યતા મેળવવી ફરજીયાત છે.

શપથ અને રાજીનામુ

- મુખ્યમંત્રી ને શપથ "રાજ્યપાલ" લેવડાવશે.
- રાજીનામુ પણ "રાજ્યપાલ" ને આપે છે.

TEACHING KISHAN

મુખ્યમંત્રી ના કર્યો અને શક્તિઓ

1. મુખ્યમંત્રી અને રાજ્યમંત્રીપરિષદ સબંધ

- રાજ્યપાલ દ્વારા મુખ્યમંત્રીની નિમણુંક પછી મુખ્યમંત્રી ની ભલામણ પ્રમાણે રાજ્યપાલ મંત્રીપરિષદ ની નિમણુંક કરે છે જેના અધ્યક્ષ "મુખ્યમંત્રી" હોય છે.
- મુખ્યમંત્રી મંત્રીપરિષદના અધ્યક્ષ હોવાથી જયારે મુખ્યમંત્રી નું મુત્યુ કે રાજીનામુ આપે છે ત્યારે આપો આપ મંત્રીપરિષદ પણ ભંગ થઈ જાય છે.
- મુખ્યમંત્રી મંત્રીપરિષદના મંત્રીઓ ને વિભાગોની વહેંચણી કરે છે અને જરૂર પડે ત્યારે ફેરબદલ પણ કરી શકે છે.
- મુખ્યમંત્રી કોઈ પણ સમયે કોઈ પણ મંત્રી ને રાજીનામુ આપવાનું કહી શકે છે જો રાજીનામુ ન આપે તો રાજ્યપાલ ને કહી "પદભ્રષ્ટ" કરાવી શકે છે.

TEACHING KISHAN

2. મુખ્યમંત્રી અને રાજ્યપાલ સાથે સબંધ

- મુખ્યમંત્રી એ "રાજ્યપાલ અને મંત્રીપરિષદ" વચ્ચે કડીરૂપ ભૂમિકા ભજવે છે .
- રાજ્યપાલ રાજ્યસરકાર ના કોઈ પણ મંત્રાલય ની કોઈ પણ માહિતી માંગે ત્યારે મુખ્યમંત્રી એ પોતાની ફરજ માની તે માહિતી રાજ્યપાલ ને પહોંચાડવાની રહેશે.
- મુખ્યમંત્રી એ પોતાની મંત્રીપરિષદ દ્વારા લેવાયેલા નિર્ણયોથી રાજ્યપાલ ને માહિતગાર કરે છે.
- અહીં મુખ્યમંત્રી ની ફરજ છે કે વિધાનસભા માંથી પસાર થયા મહત્વના ખરડા અને સરકારના મહત્વના નિર્ણયો ની માહિતી રાજ્યપાલને પહોંચાડે.
- મુખ્યમંત્રી મહત્વના હોદ્દા જેવા કે "રાજ્ય ચૂંટણી કમિશ્નર , એડવોકેટ જનરલ , રાજ્યસેવા આયોગના અધ્યક્ષ , વગેરેની નિમણુંક કરવામાં રાજ્યપાલ ને ભલામણ કરે છે.

TEACHING KISHAN

3. મુખ્યમંત્રી અને રાજયવિધાનમંડળ સાથે સબંધ

- મુખ્યમંત્રી એ જે ગૃહના સદસ્ય હોય તે ગૃહના નેતા તરીકે ફરજ બજાવશે.
- મુખ્યમંત્રી રાજ્યપાલ ને વિધાનમંડળ ના સત્ર બોલાવવાની અને સત્ર સમાપ્ત કરવાની સલાહ આપે છે.
- મુખ્યમંત્રી રાજ્યપાલ ને "વિધાનસભા ના વિસર્જન" ની સલાહ આપી શકે છે.
- મુખ્યમંત્રી વિધાનમંડળ માં સરકારી નીતિની જાહેરાત કરે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

4. મુખ્યમંત્રીની અન્ય શક્તિઓ

- રાજ્યસરકાર ના મુખ્ય પ્રવક્તા છે જે સરકારની નીતિ ની ઘોષણા કરે છે .
- તે હોદ્દાની રૂ એ રાજ્ય આયોજન મંડળ ના અધ્યક્ષ હોય છે.
- તે આંતરરાજ્ય પરિષદ અને રાષ્ટ્રીય વિકાસ પરિષદમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરે છે જે અધ્યક્ષ વડાપ્રધાન હોય છે.
- કટોકટી દરમિયાન રાજકીય સ્તરે કટોકટી "મેનેજર ઈન ચીફ" છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 163 : રાજ્યપાલ ને મદદ અને સલાહ આપવા માટે એક મંત્રીપરિષદ હશે જેના અધ્યક્ષ મુખ્યમંત્રી હશે.

અનુચ્છેદ 164 : રાજ્યપાલ મુખ્યમંત્રી ની નિમણુંક કરે છે અને મુખ્યમંત્રી ની ભલામણ અનુસાર રાજ્યપાલ મંત્રીપરિષદ ની નિમણુંક કરે છે.

અનુચ્છેદ 167 : મુખ્યમંત્રી ની ફરજ રહેશે કે રાજ્યની વહીવટ સબંધિત બાબતો , મંત્રીપરિષદ ના નિર્ણયો અને કાયદા અંગે માહિતગાર કરશે.

Follow us On @teaching_kishan

રાજ્ય વિધાનમંડળ (State Legislature)

- જે રીતે કેન્દ્રમાં કાયદા બનાવતી સંસ્થા ને "સંસદ" કહેવાય છે એ રીતે રાજ્યમાં કાયદા બનાવતી સંસ્થા ને "વિધાનમંડળ" કહેવામાં આવે છે.
- વિધાનમંડળ ની વાત બંધારણ ના ભાગ 6 ના અનુચ્છેદ 168 થી અનુચ્છેદ 212 સુધી વાત કરવામાં આવી છે.
- અનુચ્છેદ 168 મુજબ વિધાનમંડળ માં રાજ્યપાલ , વિધાનસભા અને વિધાનપરિસદ નો સમાવેશ થાય છે.
- ભારતના બધા જ રાજ્યમાં વિધાનસભા હોય છે પરંતુ વિધાનપરિષદ માત્ર 6 રાજ્ય માં જ છે.

આંધ્રપ્રદેશ , તેલંગાણા , બિહાર , ઉત્તરપ્રદેશ , મહારાષ્ટ્ર , કર્ણાટક

TEACHING KISHAN

વિધાનમંડળ

- વિધાનસભા / નીચલું ગૃહ / પ્રથમ ગૃહ
  - મહત્તમ સંખ્યા : 500
  - ન્યુનતમ સંખ્યા : 60
- વિધાનપરિષદ / ઉપલું ગૃહ / દ્વિતીય ગૃહ
  - મહત્તમ વિધાનસભાના 1/3 સભ્યો
  - ન્યુનતમ : 40
- રાજ્યપાલ

નોંધ : ગુજરાતમાં માત્ર એક જ ગૃહ છે એટલેકે ગુજરાત વિધાનમંડળ માં માત્ર "વિધાનસભા અને રાજ્યપાલ" છે. વિધાનસભા : 182 સભ્ય

Follow us On @teaching_kishan

- કોઈ પણ રાજ્યમાં વિધાનપરિષદ બનાવવાની કે રદ કરવાની સત્તા "સંસદ" પાસે છે.
- વિધાનસભામાં મહત્તમ સીટ 500 અને ન્યુનતમ સીટ 60 હોય છે જે તે રાજ્યની વસ્તી ના આધારે નક્કી કરવામાં આવે છે આ સીટો અત્યારે 1971 ની વસ્તીગણતરી ના આધારે નક્કી કરવામાં આવેલ છે જે 2026 સુધી યથાવત રહેશે.
- પરંતુ વસ્તી આધારે ગોવા (40) , મિઝોરમ (40) , અને સિક્કિમ (32) વિધાનસભામાં સીટો છે જે અપવાદ છે
- અત્યારે ગુજરાત વિધાનસભાની સીટો 182 છે.
- વિધાનપરિષદ ની મહત્તમ સંખ્યા તે રાજ્યના વિધાનસભાના 1/3 અને ન્યુનતમ 40 હશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

રાજ્યમંત્રી પરિષદ

- **કેબિનેટ મંત્રી**
  - મોટા અને મહત્વના મંત્રાલય સંભાળે
- **રાજ્યકક્ષાના મંત્રી (સ્વતંત્ર હવાલો)**
  - નાના મંત્રાલય સંભાળે
- **રાજ્યકક્ષાના મંત્રી**
  - કેબિનેટ મંત્રીના મંત્રાલયોના વિભાગ સંભાળે
- **નાયબ કે ઉપમંત્રી**
  - કેબિનેટ અને રાજ્યમંત્રી ને મદદ કરશે

નોંધ : 91 મો બંધારણીય સુધારો અંતર્ગત રાજ્યના મંત્રીમંડળમાં મુખ્યમંત્રી સહીત મંત્રીઓની કુલ સંખ્યા તે રાજ્યની વિધાનસભાના કુલ સભ્યોના 15% થી વધુ નહિ અને 12 થી ઓછી ન હોવી જોઈએ.

TEACHING KISHAN

રાજ્યમંત્રીપરિષદ ના મંત્રી ની જવાબદારી

વ્યક્તિગત રીતે જવાબદાર

- મંત્રીઓ વયક્તિગત રીતે રાજ્યપાલ ને જવાબદાર હોય છે.
- રાજ્યપાલ મંત્રીઓ ની નિમણુંક કરે છે અને રાજ્યપાલ ની મરજી સુધી તે પોતાના પદ પર રહી શકે છે.

સામુહિક રીતે જવાબદાર

- મંત્રીઓ સામુહિક રીતે વિધાનસભાને જવાબદાર હોય છે.
- વિધાનસભામાં અવિશ્વાશનો પ્રસ્તાવ અથવા બહુમતી ગુમાવે તો મંત્રીમંડળે રાજીનામુ આપવું પડે છે.

Follow us On @teaching_kishan

શપથ

- મંત્રી તરીકે ના શપથ હોતા નથી તે વિધાનમંડળ ના સભ્ય તરીકે ના શપથ લે છે.
- શપથ "રાજ્યપાલ" લેવડાવે છે.

પગાર ભથ્થા

- મંત્રીના પગાર-ભથ્થા "રાજયવિધાનમંડળ" દ્વારા નક્કી કરવામાં આવશે જે રાજ્ય સંચિત નિધિમાંથી આપવામાં આવશે.

કાર્યકાળ

- મંત્રીપરિષદ કાર્યકાળ જ્યાં સુધી મુખ્યમંત્રી પદ પર હોય ત્યાં સુધી.
- મુખ્યમંત્રી ના મુત્યુ કે રાજીનામાં પછી મંત્રીપરિસદ નું વિઘટન થઈ જાય છે.

TEACHING KISHAN

વિધાનસભા (Legislative Assemblies)

- બંધારણ ના અનુચ્છેદ 170 માં વિધાનસભાની જોગવાઈ છે .
- વિધાનસભા ને રાજ્યનું નીચલું ગૃહ , પ્રથમ ગૃહ અને "લોકપ્રિય" ગૃહ કહેવામાં આવે છે.
- વિધાનસભામાં ઓછામાં ઓછા 60 અને વધુમાં વધુ 500 સદસ્યો હોય છે.
- ગોવા , મિજોરમ અને અને સિક્કિમ માં વસ્તી આધારે અનુક્રમે 40 , 40 અને 32 વિધાનસભા સીટો છે જે અપવાદ છે અનુચ્છેદ 371 અંતર્ગત અમને વિશેષ દરજ્જો આપવામાં આવ્યો છે.
- વિધાનસભાના સભ્યોની ચૂંટણી લોકો દ્વારા પ્રત્યક્ષ રીતે કરવામાં આવે છે.

TEACHING KI

Follow us On @teaching_kishan

- ચૂંટણીમાં દરેક પ્રાદેશિત મતદાન મંડળો ને એવી રીતે વિભાજન કરવામાં આવે છે જેથી મતદાન મંડળ ની વસ્તી અને ફાળવવામાં આવેલી બેઠકોની સંખ્યા વચ્ચે શક્ય હોય ત્યાં સુધી સમાન રહે.
- બંધારણ પ્રમાણે 75000 ની વસ્તીદીઠ વધુમાં વધુ એક પ્રતિનિધિ એવું ધોરણ સ્વીકારવામાં આવેલ છે.
- 86 મોં બંધારણીય સુધારો 2001 અંતર્ગત દરેક રાજ્યમાં બેઠકની વહેંચણી 1971 ના વસ્તી ગણતરી ના આધારે કરવામાં આવેલ છે જે 2026 સુધી યથાવત રહેશે
- 87 બંધારણીય સુધારો 2003 અંતર્ગત પ્રાદેશિત મત વિસ્તારનું સીમાંકન 2001 ની વસ્તી ગણતરીના આધારે કરવામાં આવેલ છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan


Ahmedabad
Jamnagar
Rajkot
Surat
Vardodara
SC
ST

- અનુચ્છેદ 332 અંતર્ગત વિધાનસભામાં વસ્તીના આધારે અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) માટે અનામત બેઠકો રાખવામાં આવશે. જેને 104 બંધારણીય સુધારા 2019 અંતર્ગત તેને 2030 સુધી લંબાવવામાં આવી છે.
- અત્યારે ગુજરાતમાં 182 સીટ માંથી 13 સીટ SC અને 27 સીટ ST માટે અનામત છે.
- અનુચ્છેદ 333 અંતર્ગત રાજ્યપાલ દ્વારા 1 એંગ્લો ઈન્ડિયન ની વિધાનસભામાં નિમણુંક કરવામાં આવતી હતી જેને 104 મોં બંધારણીય સુધારા અંતર્ગત રદ કરવામાં આવી.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

લાયકાત

1. ભારતનો નાગરિક હોવો જોઈએ.
2. ઉમર ઓછામાં ઓછી 25 વર્ષ હોવી જોઈએ.
3. જે તે રાજ્યના વતની હોવા જોઈએ. વિધાસભાના મત વિસ્તારના મતદાર હોવું આવશ્યક છે (લોક પ્રતિનિધિત્વ અધિનિયમ 1951)
4. કેન્દ્ર કે રાજ્યમાં લાભનું પદ ધરાવતા હોવા જોઈએ નહિ.
5. અદાલત દ્વારા અસ્થિર મગજનો જાહેર ન કરેલ હોવો જોઈએ.
6. તે નાદાર ન હોવો જોઈએ.
7. સંસદ નિયમ કે કાયદા અનુસાર ગેરલાયક ઠરેલો હોય

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

વિધાનસભાનો કાર્યકાળ

1. વિધાનસભાનો કાર્યકાળ પ્રથમ બેઠક થી 5 વર્ષનો હોય છે. દર 5 વર્ષે વિધાનસભાની ચૂંટણી થાય છે.
2. રાજ્યપાલ ઈચ્છે તો 5 વર્ષ પહેલા વિધાનસભાને "વિસર્જિત" કરી શકે છે.
3. જો કટોકટી જાહેર હોય ત્યારે ચૂંટણી ને તેની મુદ્દત થી વધુમાં વધુ 1 વર્ષ લંબાવી શકાય છે.
4. પરંતુ કટોકટી પૂર્ણ થતા ચૂંટણી 6 માસમાં યોજવી ફરજીયાત છે.

શપથ

- વિધાનસભાની ચૂંટણી પછી વિજેતા ઉમેદવારોને રાજ્યપાલ વિધાનસભાના સભ્યો ના શપથ લેવડાવે છે.

TEACHING KISHAN

વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ

- અનુચ્છેદ 178 માં વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ ની નિમણુંક માટેની જોગવાઈ કરવામાં આવેલ છે.
- વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ ની પસંદગી વિધાનસભાના સભ્યોમાંથી જ ગૃહ સભ્યો દ્વારા કરવામાં આવે છે.
- અધ્યક્ષ ની હાજરીમાં ઉપાધ્યક્ષ સામાન્ય સદસ્ય જ હોય છે પરંતુ જયારે વિધાનસભાના અધ્યક્ષ ગેરહાજર હોય ત્યારે ઉપાધ્યક્ષ અધ્યક્ષ નો કાર્યભાળ સાંભળે છે

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

રાજીનામુ

- વિધાનસભાના અધ્યક્ષ "ઉપાધ્યક્ષ" ને રાજીનામુ આપે છે.
- વિધાનસભાના ઉપાધ્યક્ષ "અધ્યક્ષ" ને રાજીનામુ આપે છે.

શપથ

- વિધાનસભાના અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ ના શપથ હોતા નથી તે વિધાનસભાના સભ્ય તરીકે શપથ લે છે.

પગાર ભથ્થા

- વિધાનમંડળ દ્વારા નક્કી કરવામાં આવશે જે રાજ્યસંચિત નિધિ માંથી આપવામાં આવશે.

TEACHING KISHAN

પદ ક્યારે ખાલી પડે ?

- જયારે અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ વિધાનસભાના સભ્ય ન રહે.
- અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ રાજીનામુ આપે.
- અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ ને વિધાનસભાના સભ્યોની પૂર્ણ બહુમતી થી ઠરાવ પસાર કરી દૂર કરવામાં આવે . આવા ઠરાવ માં અધ્યક્ષ ને 14 દિવસ પહેલા નોટિસ આપી જાણ કરવાની રહેશે.
- જયારે અધ્યક્ષ ને હટાવવાનો પ્રસ્તાવ રજુ કરાયો હોય ત્યારે તે અધ્યક્ષતા કરી શકે નહિ પરંતુ કાર્યવાહીમાં ભાગ લઈ શકે અને સભ્ય તરીકે નો મત આપી શકે.
- અધ્યક્ષ સામાન્ય સ્થિતિમાં પ્રથમ વાર માં મત આપતા નથી પરંતુ સરખા મત ના કિસ્સામાં નિર્ણાયક મત આપે છે.

TEACHING KISHAN

પદ ખાલી પડે તો ?

- જયારે અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ ગેરજહાર હોય ત્યારે પેનલ માંથી કોઈ સભ્ય અથવા ગૃહ નક્કી કરે તે સભ્યને અધ્યક્ષ બનાવવામાં આવશે.
- જયારે અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ નું પદ ખાલી હોય ત્યારે રાજ્યપાલ પોતાની વિવેકબુદ્ધિ થી નક્કી કરે તે ગૃહ ના સદસ્યને કાર્યકારી અધ્યક્ષ બનાવવામાં આવે છે.
- ઉપાધ્યક્ષ નું પદ ખાલી પડે તો તેને કેટલા સમયમાં ભરવું જોઈએ એનો બંધારણ માં કોઈ ઉલ્લેખ નથી.

TEACHING KISHAN

વિધાનસભા પ્રોટેમ સ્પીકર

- વિધાનસભાની નવી ચૂંટણી પછી સૌથી વધુ અનુભવ વાળા વ્યક્તિ ને રાજ્યપાલ પ્રોટેમ સ્પીકર બનાવે છે. પ્રોટેમ સ્પીકર ને શપથ "રાજ્યપાલ" લેવડાવે છે.
- પછી પ્રોટેમ સ્પીકર બાકીના સદસ્યોને શપથ લેવડાવે છે.
- તે પ્રથમ બેઠક ની અધ્યક્ષતા કરે છે તે અધ્યક્ષ ની ચૂંટણી ની પણ અધ્યક્ષતા કરે છે.
- એક વાર અધ્યક્ષ ચૂંટાઈ જાય પછી તે સામાન્ય સદસ્ય બની જાય છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

વિધાનપરિષદ (Legislative Council)

- બંધારણ ના અનુચ્છેદ 169 માં વિધાનપરિષદની જોગવાઈ છે .
- વિધાનપરિષદ ને રાજ્યનું ઉપલું ગૃહ , દ્વિતીય ગૃહ અને " વડીલોની સભા" કહેવામાં આવે છે.
- વિધાનપરિષદ એ રાજ્યમાં ફરજીયાત ગૃહ નથી.
- કોઈ પણ રાજ્ય માં વિધાનપરિષદ રચવા કે નાબૂદ કરવા તે રાજ્યની વિધાનસભાની "કુલ સંખ્યાની બહુમતી અને હાજર રહીને મત આપનાર ની વિશિષ્ટ બહુમતી (2/3) સાથે ખરડો પસાર કરી સંસદ માં મોકલવો પડશે. સંસદ માં તે સામાન્ય બહુમતી થી પસાર થઈ જાય તો તે રાજ્યમાં વિધાનસભા ની રચના કે નાબુદી થઈ શકે છે.

TEACHING KISHAN

નોંધ : વિધાનપરિષદ રચવા કે રદ રાજ્યની વિશિષ્ઠ બહુમતી અને સંસદની સામાન્ય બહુમતી જરૂરી છે.

- અનુચ્છેદ 171 : વિધાનપરિષદ ની કુલ સંખ્યા તે રાજ્યની વિધાનસભાની કુલ સંખ્યાના 1/3 કરતા વધારે ન હોવી જોઈએ અને કોઈ પણ સ્થિતિમાં સભ્યોની સંખ્યા 40 થી ઓછી ન હોવી જોઈએ.

- અત્યારે 6 રાજ્યમાં વિધાનપરિષદ છે

  1) ઉત્તરપ્રદેશ 2) બિહાર 3) મહારાષ્ટ્ર 4) આંધ્રપ્રદેશ 5) તેલંગાણા 6) કર્ણાટક

ચૂંટણી

- પરોક્ષ રીતે થાય છે.
- સમપ્રમાણ પ્રતિનિધિત્વ અને એકલ સંક્રમણીય પદ્ધતિથી

TEACHING KISHAN

વિધાનપરિસદ ના સભ્યો

1/12

શિક્ષક મતદાનમંડળ દ્વારા ચૂંટાય છે.

(ઓછામાં ઓછા 3 વર્ષથી માધ્યમિક અને ઉચ્ચમાધ્યમિક શિક્ષણ સાથે સંકળાયેલા)

1/12

સ્થાનક ગ્રેજ્યુએટ જે મતદાન મંડળો દ્વારા ચૂંટાય છે

(3 વર્ષ પહેલા ગ્રેજ્યુએટ થયેલા હોય)

1/6

રાજ્યપાલ દ્વારા

(કલા , વિજ્ઞાન, સાહિત્ય, સમાજસેવા, સહકારી પ્રવૃત્તિ")

1/3

સ્થાનિક સંસ્થાઓ

(નગરપાલિકા , પંચાયત , જિલ્લાબોર્ડ)

1/3

વિધાનસભાના સભ્યો દ્વારા

Follow us On @teaching_kishan

લાયકાત

- ભારતનો નાગરિક હોવો જોઈએ.
- ઉમર 30 વર્ષથી વધુ હોવી જોઈએ નહિ.
- સંસદ દ્વારા નક્કી કરેલ યોગ્યતા ધરાવતો હોવો જોઈએ.

શપથ

- રાજ્યપાલ અને એમના દ્વારા નિમાયેલા વ્યક્તિ દ્વારા શપથ લેવડાવવામાં આવે છે.

કાર્યકાળ

- વિધાનપરિસદ કાયમી ગૃહ છે તેનું વિસર્જન થતું નથી.
- વિધાનપરિસદના સભ્યોનો કાર્યકાળ 6 વર્ષનો હોય છે દર 2 વર્ષે 1/3 સભ્યો નિવૃત થાય છે.

TEACHING KISHAN

વિધાનપરિષદ ના સભાપતિ અને ઉપસભાપતિ

- અનુચ્છેદ 182 માં વિધાનપરિષદના સભાપતિ અને ઉપસભાપતિ ની નિમણુંક માટેની જોગવાઈ કરવામાં આવેલ છે.
- વિધાનપરિષદના સભાપતિ અને ઉપસભાપતિ ની પસંદગી વિધાનપરિષના સભ્યોમાંથી જ ગૃહ સભ્યો દ્વારા કરવામાં આવે છે.
- અધ્યક્ષ ની હાજરીમાં ઉપાધ્યક્ષ સામાન્ય સદસ્ય જ હોય છે પરંતુ જ્યારે વિધાનપરિષદના અધ્યક્ષ ગેરહાજર હોય ત્યારે ઉપાધ્યક્ષ અધ્યક્ષ નો કાર્યભાળ સાંભળે છે

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

રાજીનામુ

- વિધાનપરિષદના સભાપતિ " ઉપસભાપતિ " ને રાજીનામુ આપે છે.
- વિધાનપરિષદના ઉપસભાપતિ " સભાપતિ " ને રાજીનામુ આપે છે.

શપથ

- વિધાનપરિષદના સભાપતિ કે ઉપસભાપતિ ના શપથ હોતા નથી તે વિધાનપરિષદના સભ્ય તરીકે શપથ લે છે.

પગાર ભથ્થા

- વિધાનમંડળ દ્વારા નક્કી કરવામાં આવશે જે રાજ્યસંચિત નિધિ માંથી આપવામાં આવશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

પદ ક્યારે ખાલી પડે ? : અનુચ્છેદ 183

- જ્યારે સભાપતિ અને ઉપસભાપતિ વિધાનપરિષદ ના સભ્ય ન રહે.
- સભાપતિ અને ઉપસભાપતિ રાજીનામુ આપે ત્યારે.
- સભાપતિ કે ઉપસભાપતિ ને વિધાનપરિષદના સભ્યોની વાસ્તવિક બહુમતી થી ઠરાવ પસાર કરી દૂર કરવામાં આવે . આવા ઠરાવ માં અધ્યક્ષ ને 14 દિવસ પહેલા નોટિસ આપી જાણ કરવાની રહેશે.
- જ્યારે સભાપતિ ને હટાવવાનો પ્રસ્તાવ રજુ કરાયો હોય ત્યારે તે અધ્યક્ષતા કરી શકે નહિ પરંતુ કાર્યવાહીમાં ભાગ લઈ શકે અને સભ્ય તરીકે નો મત આપી શકે.
- સભાપતિ સામાન્ય સ્થિતિમાં પ્રથમવાર માં મત આપતા નથી પરંતુ સરખા મત ના કિસ્સામાં નિર્ણાયક મત આપે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

પદ ખાલી પડે તો ?

- જ્યારે સભાપતિ અને ઉપસભાપતિ ગેરજહાર હોય ત્યારે ગૃહ નક્કી કરે તે સભ્યને અધ્યક્ષ બનાવવામાં આવશે.
- જ્યારે સભાપતિ અને ઉપસભાપતિ નું પદ ખાલી હોય ત્યારે રાજ્યપાલ પોતાની વિવેકબુદ્ધિ થી નક્કી કરે તે ગૃહ ના સદસ્યને કાર્યકારી સભાપતિ બનાવવામાં આવે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

વિધાનમંડળ ની કાર્યવાહી

- રાજ્યપાલ રાજ્યમંત્રી પરિષદ ની સલાહથી વિધાનમંડળનું સત્ર શરુ અને પૂર્ણ કરાવે છે. વિધાનમંડળ ના પણ કેન્દ્ર ની જેમ 3 સત્રો ભરાય છે.બે સત્ર વચ્ચે વધુમાં વધુ 6 મહિનાનો સમયગાળો હોવો જોઈએ.

અનુચ્છેદ 189 : કોરમ

- કોરમ એટલે ગૃહની કાર્યવાહી ચલાવવા જરૂરી સભ્યો. જે જેતે ગૃહના કુલ સભ્ય સંખ્યાના દસમા ભાગના (1/10) હોય છે.

TEACHING KISHAN

વિધાનમંડળમાં સામાન્ય બિલ

- સામાન્ય બિલ વિધાનસભા અને વિધાનપરિષદ બંને ગૃહમાં રજુ કરી શકાય છે.
- આ બિલ કોઈ મંત્રી કે સામાન્ય સભ્ય દ્વારા રજુ કરી શકાય છે.
- બિલ સંસદ ની જેમ વિધાનમંડળ માં પણ ત્રણ તબ્બકા (ત્રણ વાંચન) માંથી પસાર થઈ બીજા ગૃહમાં મોકલવામાં આવશે.
- બીજા ગૃહમાં પસાર કર્યા પછી તે
  1. બિલ પર સંમતિ
  2. ઈન્કાર કરી શકે
  3. સુધારા સાથે પ્રથમ ગૃહમાં મોકલી શકે ,
  4. પોતાની પાસે રાખી શકે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

- જો બિલ વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવ્યું હોય તે બિલ વિધાનપરિષદ માંથી 3 મહિનામાં પસાર ન કરવામાં આવે ત્યારે તો તે બિલને ફરીથી વિધાનસભા પસાર કરશે હવે વિધાનપરિસદ આ બિલ 1 મહિનામાં પસાર ન કરે તો તેને બંને ગૃહમાંથી પસાર થયેલું માનવામાં આવશે. આમ વિધાનસભાને આ વિશેષ અધિકાર મળેલ છે.
- આમ વિધાનપરિષદ કોઈ પણ બિલને પ્રથમ વાર 3 મહિના અને બીજી વાર 1 મહિનો આમ કુલ 4 મહિના જ રોકી શકે.
- મતભેદ થતા રાજ્યમાં વિધાનસભા અને વિધાનપરિસદ ની સંયુક્ત બેઠક ની કોઈ જોગવાઈ નથી. આમ વિધાનસભા પાસે બધી જ સત્તા રહેલી છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

- બંને ગૃહમાંથી પસાર થઈ બિલ રાજ્યપાલ પાસે જશે જેને તે ..

1. સ્વીકૃતિ આપી શકે છે અથવા નકારી શકે છે.
2. ખરડાને રોકી શકે છે.
3. ખરડાને પુનઃ વિચારણા માટે મોકલી શકે છે.
4. રાષ્ટ્રપતિની સલાહ માટે મોકલી શકે છે.

- પુનઃવિચારણા માટે મોકલેલા બિલ ફરી પાછું આવે ત્યારે રાજ્યપાલ ને ફરજીયાત સહી કરવી પડે છે.
- પરંતુ રાષ્ટ્રપતિ પાસે આવેલું રાજ્ય બિલ પર પુનઃવિચારણા થઈ પાછું આવે ત્યારે તે સહી કરવામાં બંધાયેલ નથી.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

વિધાનમંડળમાં નાણાં બિલ

- નાણાં બિલ માત્ર વિધાનસભામાં રાજ્યપાલ ની પૂર્વ મંજૂરી થી જ રજુ કરી શકાય છે . તે વિધાનપરિષદ માં રજુ કરી શકાય નહિ.
- નાણાં બિલ માત્ર મંત્રી દ્વારા જ રજુ કરી શકાય કોઈ સામાન્ય સદસ્ય દ્વારા નહિ.
- નાણાં બિલ પર વિધાનપરિષદ ની કોઈ સત્તા નહિ તે માત્ર સૂચન કરી શકે અને તેને 14 દિવસ માં વિધાનસભાને પરત કરવાનો રહેશે નહીંતર ખરડો પસાર થયેલો ગણવામાં આવશે.
- નાણાંખરડાને રાજ્યપાલ પુનઃ વિચારણા માટે મોકલી શકે નહિ.
- વિધાનસભા નાણાં બિલ પરની વિધાનપરિષદની ભલામણ નો સ્વીકાર કે અસ્વીકાર કરી શકે છે,.

TEACHING KISHAN

વિધાનસભાના વિસર્જન થતા ખરડા પર થતી અસર

- વિધાનસભામાં રજુ થયેલો ખરડો જે વિચારણા હેઠળ હોય આવા સમયે વિધાનસભાનું વિસર્જન થતા ખરડો રદ થશે.
- વિધાનસભામાંથી પસાર થઈ વિધાનપરિસદમાં વિચારણા હેઠળ હોય ત્યારે વિધાનસભાનું વિસર્જન થાય તો ખરડો રદ થાય છે.
- વિધાનપરિષદ માં રજુ કરાયેલો ખરડો વિચારણા હેઠળ હોય ત્યારે વિસર્જન થાય તો ખરડો રદ થશે નહિ.
- બંને ગૃહમાંથી પસાર થઈ રાજ્યપાલ પાસે ગયો ત્યારે વિધાનસભાનું વિસર્જન થાય તો ખરડો રદ થશે નહિ.
- બંને ગૃહમાંથી પસાર થયા પછી રાજ્યપાલે પુનઃ વિચારણા માટે મોકલોલો ખરડો રદ થશે નહિ

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

	લોકસભા	રાજ્યસભા	વિધાનસભા	વિધાનપરિષદ
નામ	નીચલું ગૃહ પ્રથમ ગૃહ	ઉપલું ગૃહ દ્વિતીય ગૃહ	નીચલું ગૃહ પ્રથમ ગૃહ	ઉપલું ગૃહ દ્વિતીય ગૃહ
અનુચ્છેદ	81	80	170	169
મહત્તમ સંખ્યા	552	250	MIN 60 , MAX 500	MIN 40 , MAX વિધાનસભાના ના 1/3
અત્યારે સંખ્યા	543	245	182 (ગુજરાત)	ગુજરાત વિધાનપરિષદ નથી.
નિમાયેલ વ્યક્તિ	-	12	-	કુલ સંખ્યાના 1/6
ચૂંટણી	પ્રત્યક્ષ	પરોક્ષ	પ્રત્યક્ષ	પરોક્ષ
કાર્યકાળ	5 વર્ષ	6 વર્ષ	5 વર્ષ	6 વર્ષ
લાયકાત	25 વર્ષ	30 વર્ષ	25 વર્ષ	30 વર્ષ
અનામત	SC , ST માટે	નથી	SC , ST માટે	નથી

Follow us On @teaching_kishan

એટર્ની જનરલ (મહાન્યાયવાદી)

- બંધારણના અનુચ્છેદ 76 માં ભારતના એટર્ની જનરલ પદની જોગવાઈ કરવામાં આવી છે.
- એટર્ની જનરલ ને દેશના મહાન્યાયવાદી અને સવોચ્ચ કાયદા અધિકારી છે.
- તે ભારતની બધી જ અદાલતમાં ભાગ લેવાનો અધિકાર ધરાવે છે.

નિમણુંક

- એટર્ની જનરલ ની નિમણુંક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.
- તે રાષ્ટ્રપતિ ને રાજીનામુ આપીને પોતાનું પદ છોડી શકે છે.
- રાષ્ટ્રપતિ સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની લાયકાત ધરાવતા વ્યક્તિને મંત્રીપરિષદ ની સલાહથી એટર્ની જનરલ બનાવે છે.

TEACHING KISHAN

લાયકાત

1. ભારતનો નાગરિક હોવો જોઈએ.
2. ઓછામાં ઓછા 5 વર્ષ સુધી હાઈકોર્ટમાં ન્યાયાધીશ રહેલ હોવા જોઈએ. અથવા
3. ઓછામાં ઓછા 10 વર્ષ હાઈકોર્ટમાં વકીલ રહેલ હોવા જોઈએ અથવા
4. રાષ્ટ્રપતિ ના માટે તે જાણીતા નામાંકિત ન્યાયમૂર્તિ હોવા જોઈએ.

કાર્યકાળ

- બંધારણમાં તેમના કાર્યકાળ અને હટાવવાનો કોઈ ઉલ્લેખ નથી.
- તેમની નિમણુંક વડાપ્રધાન ની સલાહ થી થાય છે તે રાષ્ટ્રપતિ ની મરજી સુધી પોતાનું પદ ધારણ કરી શકશે.
- સામાન્ય રીતે સરકાર બદલાય ત્યારે એટર્ની જનરલ પણ બદલાય છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

પગાર ભથ્થા

- બંધારણ માં એમના પગાર નો કોઈ ઉલ્લેખ નથી.
- એટર્ની જનરલ રાષ્ટ્રપતિ ની ઈચ્છા સુધી હોદ્દો ધારણ કરે છે તેથી એટર્ની જનરલ નો પગાર રાષ્ટ્રપતિ નક્કી કરશે.

શક્તિઓ

- એટર્ની જનરલ સંસદના કોઈ પણ ગૃહમાં અથવા સંસદની સંયુક્ત બેઠક ની કાર્યવાહીમાં ભાગ લઈ શકે , બોલી શકે છે પરંતુ મત આપવાનો અધિકાર નથી.
- તે ભારતની સર્વોચ્ચ અદાલતમાં અને રાજ્યની કોઈ પણ હાઈકોર્ટમાં પોતાની દલીલો રજુ કરી શકે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

કાર્યો

- ભારત સરકારના કાયદાથી સબંધિત બાબતોમાં સલાહ આપે છે.
- રાષ્ટ્રપતિ દ્વારા સોંપવામાં આવેલ કાયદાકીય બાબત સબંધિત કાર્યો કરશે.
- બંધારણ માં અનુચ્છેદ 143 અનુસાર જયારે રાષ્ટ્રપતિ સુપ્રીમકોર્ટ પાસે સલાહ માંગે ત્યારે તે એટર્ની જનરલ સરકાર વતી અદાલતમાં પક્ષ રજુ કરે છે.
- એટર્ની જનરલ એ સરકારના વકીલ છે તેથી ભારત સરકાર વિરુદ્ધ થયેલા તમામ કેસમાં સરકાર તરફથી સુપ્રિમ કોર્ટ કે હાઈકોર્ટમાં કેસ લડે છે.
- તે ભારત સરકાર ના વિરુદ્ધ સિવાયનો કોઈ પણ કેસ કોઈ પણ અદાલતમાં લડી શકે છે.

TEACHING KISHAN

મર્યાદા

- એટર્ની જનરલ સરકારના વકીલ હોય છે તેથી તે સરકાર ની વિરુદ્ધ કોઈ કેસ લડી શકશે નહિ , ના સલાહ આપી શકશે.
- કોઈ પણ ગુનેગાર વ્યક્તિને ભારત સરકારની પરવાનગી વગર બચાવી અથવા કેશ લડી શકશે નહિ
- સરકારની મંજૂરી વગર તે કોઈ પણ પરિષદ કે કંપનીના સલાહકારનું પદ ધારણ કરી શકશે નહિ.
- સરકાર તરફથી રજુ કરવામાં આવેલી કોઈ બાબતમાં ટિપ્પણી કરી શકશે નહિ.
- તે પોતાના ખાનગી કેસ લડી શકે છે
- તે સરકારી સેવકોની કેટેગરીમાં આવતા નથી.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

સોલિસિટર જનરલ

- એટર્ની જનરલ ને મદદ કરવામાં માટે અન્ય કાયદા અધિકારી ને રાખવામાં આવે છે જેને સોલિસિટર જનરલ કહે છે.
- સોલિસિટર જનરલ માટે બંધારણમાં કોઈ અનુચ્છેદ ફાળવવામાં આવેલ નથી.
- સોલિસિટર જનરલ એ ભારત સરકાનો બીજા ક્રમના કાયદા અધિકારી છે જેમનું મુખ્ય કાર્ય એટર્ની જનરલ ને મદદ કરવાનું છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

એડવોકેટ જનરલ (મહાધિવક્તા)

- બંધારણના અનુચ્છેદ 165 માં રાજ્ય સરકારના તરફથી કેસ લાડવા એડવોકેટ જનરલ ની નિમણુંક કરવામાં આવે છે.
- તે રાજ્યમાં સર્વોચ્ચ કાયદા અધિકારી છે.

નિમણુંક

- એડવોકેટ જનરલ ની નિમણુંક રાજ્યપાલ દ્વારા કરવામાં આવે છે.
- તે રાજ્યપાલને રાજીનામુ આપીને પોતાનું પદ છોડી શકે છે.
- રાજ્યપાલ હાઈકોર્ટના ન્યાયાધીશની લાયકાત ધરાવતા વ્યક્તિને રાજ્ય મંત્રીપરિષદ ની સલાહથી એડવોકેટ જનરલ બનાવે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

લાયકાત

1. ભારતનો નાગરિક હોવો જોઈએ.
2. ઓછામાં ઓછા 10 વર્ષ હાઈકોર્ટમાં વકીલ નો અનુભવ હોવો જોઈએ

કાર્યકાળ

- બંધારણમાં તેમના કાર્યકાળ અને હટાવવાનો કોઈ ઉલ્લેખ નથી.
- તેમની નિમણુંક રાજ્ય મંત્રીપરિષદ ની સલાહથી થાય છે તે રાજ્યપાલ ની મરજી સુધી પોતાનું પદ ધારણ કરી શકશે.
- સામાન્ય રીતે રાજ્યમાં સરકાર બદલાય ત્યારે એડવોકેટ જનરલ પણ બદલાય છે.

TEACHING KISHAN

પગાર ભથ્થા

- બંધારણ માં એમના પગાર નો કોઈ ઉલ્લેખ નથી.
- એડવોકેટ જનરલ રાજ્યપાલ ની ઈચ્છા સુધી હોદ્દો ધારણ કરે છે તેથી એડવોકેટ જનરલ નો પગાર રાજ્યપાલ નક્કી કરશે.

કાર્ય અને શક્તિઓ

1. તે રાજ્યના મુખ્ય કાયદાકીય અધિકારી છે. તેમને રાજ્યની કોઈ પણ અદાલતમાં સુનવણી કરવાનો અધિકાર છે.
2. તે રાજ્યપાલ દ્વારા રાજ્ય સરકારના કાનૂની બાબતો પર સલાહ આપે છે.
3. રાજ્યપાલ દ્વારા સોંપવામાં આવેલ કાયદાકીય બાબત સબંધિત કાર્યો કરશે.

TEACHING KISHAN

4. તે રાજ્ય વિધાનમંડળ ના બંને ગૃહની કાર્યવાહીમાં ભાગ લઈ શકે છે બોલી શકે છે પરંતુ મતદાન કરી શકતા નથી .
5. તે રાજય વિધાનમંડળ ના સભ્યો ને પ્રાપ્ત બધા જ વિશેષ અધિકારો ભોગવે છે .
6. તે રાજ્યસરકાર વિરુદ્ધ થતા કેસમાં સરકાર તરફથી કેસ લડે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

અનુચ્છેદ	વિષય
76	એટર્ની જનરલ
88	એટર્ની જનરલના સંસદ સબંધિત અધિકાર
105	એટર્ની જનરલના વિશેષ અધિકારો અને શક્તિઓ
165	રાજ્યના એડવોકેટ જનરલ
177	એડવોકેટ જનરલના વિધાનમંડળના ગૃહ સબંધિત અધિકાર
194	એડવોકેટ જનરલ ના વિશેષ અધિકારો અને શક્તિઓ

Follow us On @teaching_kishan

સુપ્રીમ કોર્ટ (સર્વોચ્ચ અદાલત)

- ભારતમાં બ્રિટિશ શાશન દરમિયાન 1773 ના રેગ્યુલેટિંગ એક્ટ (નિયામક ધારો) દ્વારા કલકત્તામાં 1774 માં એક સુપ્રીમ કોર્ટની સ્થાપના થઈ હતી જેમના 1 મુખ્ય અને 3 અન્ય ન્યાયાધીશ હતા. સૌપ્રથમ મુખ્ય ન્યાયાધીશ "એલિજા ઈમ્પેહ" હતા.
- બ્રિટિશ સમયમાં "ભારત સરકાર અધિનિયમ 1935" અંતર્ગત ભારતમાં ફેડરલ કોર્ટની સ્થાપના કરવામાં આવી હતી જે આજે સુપ્રીમ કોર્ટ કે સર્વોચ્ચ અદાલત કહેવાય છે.
- 26 જાન્યુઆરી 1950 આઝાદીના બે દિવસ પછી 28 જાન્યુઆરી 1950 ના રોજ દિલ્હી ખાતે સર્વોચ્ચ અદાલતનું ઉદ્ઘાટન "નરેંદ્ર મંડળ" દ્વારા કરવામાં આવ્યું.

TEACHING KISHAN

- ભારતના બંધારણ માં ભાગ 5 ના અનુચ્છેદ 124 થી 147 માં સર્વોચ્ચ અદાલતનું ગઠન ,પ્રક્રિયા , શક્તિઓ ની વાત કરવામાં આવેલ છે.
- સર્વોચ્ચ અદાલતના હાલની ઈમારતીની ડિજાઈનના સ્થપતિ "ગણેશ ભીખાજી ડિયોલાલિકર" હતા.
- સર્વોચ્ચ અદાલત દ્વારા જાહેર કરાયેલો કાયદો દેશ ની બધી જ અદાલત માટે બંધનકર્તા છે.માટે સર્વોચ્ચ અદાલતને બંધારણ ના વાલી કહેવામાં આવે છે.

અનુચ્છેદ 124 : ભારતમાં એક સુપ્રીમ કોર્ટ હશે.

- સુપ્રીમ કોર્ટનું ધ્યેય વાક્ય : || यतो धर्मस्ततो जय : ||

(જ્યાં ધર્મ છે , ત્યાં વિજય છે)

(Where there is Righteousness , There is Victory)

TEACHING KISHAN

- શરૂઆતમાં સુપ્રીમ કોર્ટમાં કુલ 8 ન્યાયાધીશ હતા જેમાં 1 મુખ્ય અને 7 અન્ય હતા.
- અત્યારે 2019 થી સુપ્રીમ કોર્ટમાં મહત્તમ ન્યાયાધીશો ની સંખ્યા 34 છે જેમાં 1 મુખ્ય અને 33 અન્ય છે.
- અન્ય ન્યાયધીશ ને વધારવાની કે ઘટાડવાની શક્તિ "સંસદ" પાસે છે.

લાયકાત

1. ભારતના નાગરિક હોવો જોઈએ
2. 5 વર્ષથી કે વધુ હાઈકોર્ટમાં ન્યાયાધીશ હોવા જોઈએ અથવા
   10 વર્ષ થી વધુ હાઈકોર્ટમાં વકીલાત નો અનુભવ હોવો કોઈએ અથવા
   રાષ્ટ્રપતિના નામાંકિત કોઈ પ્રતિષ્ઠિત "કાયદાશાસ્ત્રી" હોવા જોઈએ.

TEACHING KISHAN

નિમણુંક

- રાષ્ટ્રપતિ દ્વારા સર્વોચ્ચ અદાલતના મુખ્ય તેમજ અન્ય ન્યાયાધીશ ની નિમણુંક કોલેજીયન પદ્ધતિ ની ભલામણ થી કરવામાં આવશે.

1. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ ની નિમણુંક

- રાષ્ટ્રપતિ સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટ ના (જરૂર લાગે તેવા) ન્યાયાધીશ સાથે મંત્રના કરી.
- પરંપરા અનુસાર સુપ્રીમ કોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ ને મુખ્ય ન્યાયાધીશ બનાવાય છે.

2. સુપ્રીમ કોર્ટના અન્ય ન્યાયાધીશ ની નિમણુંક

- સવોચ્ચ અદાલતના ન્યાયાધીશ (ફરજીયાત) + 4 વરિષ્ઠ ન્યાયાધીશ

TEACHING KISHAN

શપથ

- સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને અન્ય ન્યાયાધીશ ને શપથ "રાષ્ટ્રપતિ" લેવડાવે છે

કાર્યકાળ

- સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ 65 વર્ષ ની ઉંમર સુધી પદ પર રહી શકે છે.
- સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને અન્ય ન્યાયાધીશ "રાષ્ટ્રપતિ" ને સંબોધીને રાજીનામુ આપે
- સંસદની વિશિષ્ઠ બહુમતી સાથે રાષ્ટ્રપતિ અમને પોતાના પદ થી દૂર કરે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

પદ પરથી દૂર કરવાની પ્રક્રિયા

કારણ : ગેરવર્તન અને અસમર્થતા

- સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ને હટાવવાનો પ્રસ્તાવ બંને ગૃહમાં લાવી શકાય છે.
  આ પ્રસ્તાવ લાવવા માટે લોકસભામાં ઓછામાં ઓછા 100 અને
  રાજ્યસભામાં ઓછામાં ઓછા 50 સભ્યોનો રાષ્ટ્રપતિ ને સંબોધીને લેખિત
  પ્રસ્તાવ જે તે ગૃહના અધ્યક્ષ ને આપવામાં આવે છે.
- લોકસભાના અધ્યક્ષ અથવા રાજ્યસભાના સભાપતિ આવા પ્રસ્તાવ નો
  સ્વીકાર કે અસ્વીકાર કરી શકે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

- જો પ્રસ્તાવ સ્વીકાર થાય તો 3 સભ્યોની સમિતિ બને છે

  1. સર્વોચ્ચ અદાલતના મુખ્ય અથવા અન્ય ન્યાયાધીશ
  2. કોઈ પણ હાઈકોર્ટના એક મુખ્ય ન્યાયાધીશ
  3. એક પ્રખ્યાત કાયદાશાસ્ત્રી

- આ સમિતિ દ્વારા જો ન્યાયાધીશ દોશી ઠરે તો સંસદમાં બને ગૃહમાં મતદાન થાય છે જેમાં ગૃહમાં કુલ સભ્ય સંખ્યાની સાદી બહુમતી અને હાજર રહીને મતદાન કરનારની વિશિષ્ઠ બહુમતી (2/3) સાથે પસાર થઈ ને રાષ્ટ્રપતિ પાસે મોકલવામાં આવે છે અને રાષ્ટ્રપતિ દ્વારા હુકમ કરવાથી તે ન્યાયાધીશ ને પદ પરથી હટાવી દેવામાં આવે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

પગાર ભથ્થા

- સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને અન્ય ન્યાયાધીશ ના પગાર સંસદ દ્વારા નક્કી કરવામાં આવે છે ત્યારે 2018 થી મુખ્ય ન્યાયાધીશ નો પગાર 2,80,000 અને અન્ય ન્યાયધીશ નો પગાર 2,50,000 પ્રતિ મહિનો છે.
- આ પગાર ભારતની સંચિત નિધિ માંથી આપવામાં આવે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

1. કાર્યકારી ન્યાયાધીશ

- અનુચ્છેદ 126 માં કાર્યકારી ન્યાયાધીશ ની નિમણુંક ની જોગવાઈ છે.

જયારે ...

1. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ નું પદ ખાલી હોય
2. અસ્થાયી રૂપથી મુખ્ય ન્યાયાધીશ ગેરહાજર હોય.
3. મુખ્ય ન્યાયાધીશ પોતાની જવાબદારીઓને પૂર્ણ કરવામાં અસમર્થ હોય

- ત્યારે રાષ્ટ્રપતિ કોઈ વરિષ્ઠ ન્યાયાધીશ ને કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ તરીકે નિમણુંક કરે છે

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

2. એડ હોક ન્યાયાધીશ (Ad Hoc judge)

- અનુચ્છેદ 127 માં એડ હોક ન્યાયાધીશ ની નિમણુંક ની જોગવાઈ છે.
- જયારે કોઈ સમયે સુપ્રીમ કોર્ટનું સત્ર ચાલુ રાખવા કે યોજવા માટે જરૂરી ન્યાયાધીશોની કોરમ ન થતી હોય ત્યારે રાષ્ટ્રપતિ ની પૂર્વ મંજુરીથી સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ નિયમાનુસાર લાયકાત ધરાવતા હાઈકોર્ટ ના ન્યાયાધીશો સાથે ચર્ચા વિચારણા કરીને ને જરૂરી મુદ્દત માટે એડ હોક ન્યાયાધીશ તરીકે સુપ્રીમ કોર્ટની બેઠકમાં હાજરી આપવાની લેખિત વિનંતી કરે છે.
- જયારે તે હાજરી આપે છે ત્યારે તેમને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ની તમામ શક્તિઓ અને અધિકારો મળે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

3. નિવૃત ન્યાયાધીશ (Retired judge)

- અનુચ્છેદ 128 માં નિવૃત ન્યાયાધીશ ની નિમણુંક ની જોગવાઈ છે
- ભારતના મુખ્ય ન્યાયાધીશ કોઈ પણ સમયે રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી લઇ કોઈ કાર્ય કે કેસ માટે .
  1. સુપ્રીમ કોર્ટના નિવૃત ન્યાયાધીશ અથવા
  2. હાઈકોર્ટના નિવૃત ન્યાયાધીશ અથવા
  3. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનાવની લાયકાત ધાવતા કોઈ પણ વ્યક્તિને

  સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે બેસવાની વિનંતી કરી શકે છે.
- તે વ્યક્તિ કાર્ય કરવા કે ન્યાયાધીશ તરીકે બેસવા માટે બંધનરૂપ નથી.
- જો તે સ્વીકારે તો મુખ્ય ન્યાયાધીશ ના પગાર મેળવવાનો નો હક રહેશે

TEACHING KISHAN

કાર્યો અને શક્તિઓ

- સુપ્રીમ કોર્ટ ને બંધારણ ની અંતિમ વ્યાખ્યા અને નાગરિકના મૂળભૂત અધિકારોનું રક્ષણની જવાબદારી હોય છે

1. મૂળ અધિકારક્ષેત્ર / આરંભિક અધિકારક્ષેત્ર
2. રીત અધિકારક્ષેત્ર
3. અપીલ અધિકારક્ષેત્ર
4. સલાહકાર અધિકારક્ષેત્ર
5. નઝીરી અદાલત / અભિલેખ અદાલત
6. ન્યાયિક સમીક્ષા શક્તિ
7. અન્ય શક્તિઓ

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

1. મૂળ અધિકારક્ષેત્ર / આરંભિક અધિકારક્ષેત્ર

- મૂળ અથવા આરંભિકક્ષેત્ર અધિકારનો અર્થ થાય છે કે અમુક એવા વિવાદિત કેસ જેની શરૂઆત માત્ર સુપ્રીમ કોર્ટ માં જ થઈ શકે છે અન્ય કોઈ પણ અદાલતમાં નહિ.
- સર્વોચ્ચ અદાલત નીચેના ત્રણ વિવાદો સબંધિત નિર્ણયો આપી શકે
  1. કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના વિવાદ
  2. રાજ્ય અને રાજ્ય વચ્ચેના વિવાદ
  3. કેન્દ્ર અને એક રાજ્ય અથવા એક રાજ્ય અને એકથી વધુ રાજ્ય વચ્ચે વિવાદ
- એમાં રાજકીય વિવાદોનો સમાવેશ થતો નથી.
- કોઈ ખાનગી વ્યક્તિ દ્વારા કેન્દ્ર કે રાજ્ય વિરુદ્ધ કેસ આમાં આવશે નહિ.

TEACHING KISHAN

- નીચેની બાબતો જે સર્વોચ્ચ અદાલતના ન્યાય ક્ષેત્ર માં આવતી નથી.

1. બંધારણ પહેલા લાગુ થયેલી સંધિ કે વિવાદ , કબૂલાત કે કરારનામું થી ઉત્પન વિવાદ
2. અનુચ્છેદ 280 અંતર્ગત નાણાપંચની ભલામણ થી ઉત્પન વિવાદ
3. કેન્દ્ર અને રાજ્ય વચ્ચે વેપાર વિવાદ
4. આંતરરાજ્ય નદી જળવિવાદ
5. કેન્દ્ર અને રાજ્ય વચ્ચે કેટલાક ખર્ચ અને પેન્શન ની વેહેચણી સબંધિત વિવાદ
6. કેન્દ્ર વિરુદ્ધ રાજ્ય દ્વારા થયેલ નુકશાન ની પ્રાપ્તિ

- મૂળ અધિકારક્ષેત્ર નો પ્રથમ દાવો 1961 માં પશ્ચિમ બંગાળ દ્વારા કેન્દ્ર પર કરવામાં આવ્યો હતો.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

2. રીત અધિકારક્ષેત્ર

- નાગરિકના મૂળભૂત અધિકારના રક્ષણ માટે સુપ્રીમ કોર્ટ દ્વારા અમુક રીત બહાર પાડવામાં આવેલ છે. જેમકે

    1. બંદી પ્રત્યક્ષીકરણ
    2. પરમાદેશ
    3. પ્રતિષેધ
    4. અધિકાર પુચ્છા
    5. ઉત્પ્રેષણ

- આ અધિકારક્ષેત્ર હાઇકોર્ટ ને પણ આપવામાં આવેલ છે માત્ર સુપ્રીમ કોર્ટ પાસે નથી,.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

3. અપીલીય ક્ષેત્રાધિકાર

- સુપ્રીમ કોર્ટ ને હાઇકોર્ટના નિર્ણય થી અસંતોસ વ્યક્તિ છેલ્લે સુપ્રીમ કોર્ટ માં પણ અપીલ કરી શકે છે.
- કોઈ પણ વ્યક્તિ હાઇકોર્ટ ના નિર્ણય વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી શકે પરંતુ એના માટે હાઇકોર્ટ નું પ્રમાણપત્ર જરૂરી છે કે કેસ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવા લાયક છે કે નહિ.
- સુપ્રીમ કોર્ટમાં હાઇકોર્ટ વિરુદ્ધ નીચેની બાબતોમાં અપીલ થઇ શકે

1. બંધારણીય બાબતો : અનુચ્છેદ 132
2. દીવાની બાબતો : અનુચ્છેદ 133
3. ફોજદારી બાબતો : અનુચ્છેદ 134

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

I. બંધારણીય બાબતો

- હાઈકોર્ટ દ્વારા આપેલી કોઈ બંધારણીય બાબતોની ખોટી વ્યાખ્યા આપવામાં આવેલ હોય ત્યારે હાઈકોર્ટ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી શકાય છે.

II. દીવાની બાબતો

- હાઈકોર્ટ દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ સામાન્ય મહત્વના કાયદાઓ અને એવા પ્રશ્નો જેનો નિર્ણય સુપ્રીમ કોર્ટ દ્વારા કરવો અનિવાર્ય છે
- પેહલા 20,000 રૂપિયા થી ઉપરના દીવાની કેસો જ સુપ્રીમ કોર્ટમાં લાવવામાં આવતા હતા પરંતુ પછી 1972 થી આ નાણાં સીમા રદ કરવામાં આવી.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

III. ફોજદારી બાબતો

- હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ સજાને પાત્ર બાબતોમાં સર્વોચ્ચ ન્યાયાલય અપીલ સાંભળે છે.

1. હાઈકોર્ટ દ્વારા કોઈ અપરાધીને નિર્દોષ છોડી મુકવામાં આવ્યો હોય અથવા મુત્યુદંડ આપવામાં આવ્યો હોય.
2. કોઈ નીચલી અદાલતનો કેસ હાઈકોર્ટ દ્વારા લઈ લેવામાં આવ્યો હોય અને અપરાધીને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવેલ હોય
3. હાઈકોર્ટ દ્વારા પ્રમાણિત કોઈ કેસ જે સુપ્રીમ કોર્ટે સાંભળવો જોઈએ..

TEACHING KISHAN

4. સલાહકારી અધિકારક્ષેત્ર

- બંધારણ ના અનુચ્છેદ 143 અંતર્ગત રાષ્ટ્રપતિ બે બાબતો પર સુપ્રીમ કોર્ટ પાસે સલાહ લઈ શકે છે.

    1. કાયદાકીય કોઈ મહત્વની સાર્વજનિક બાબતો પર
    2. 1947 થી 1950 વચ્ચે થયેલી સંધિઓ , સુલેહ પર ઉદ્ભવતા વિવાદો

- પ્રથમ કેસ માં સુપ્રીમ કોર્ટ પોતાનો અભિપ્રાય આપવા માટે ઈન્કાર પણ કરી શકે છે . પરંતુ બીજી બાબતમાં ફરજીયાત સુપ્રીમ કોર્ટ ને અભિપ્રાય આપવો પડશે.
- સુપ્રીમ કોર્ટ દ્વારા અપાયેલ કોઈ પણ સલાહ કે સૂચન ને માનવા રાષ્ટ્રપતિ બંધાયેલા નથી.

TEACHING KISHAN

5. અભિલેખ અદાલત / નઝીરી અદાલત

- અનુચ્છેદ 129 અંતર્ગત સુપ્રીમ કોર્ટ એક નઝીરી અદાલત છે.
- સુપ્રીમ કોર્ટ દ્વારા અપાયેલ કોઈ ચુકાદા ને કોઈ પણ અદાલતમાં પડકારી શકાય નહિ. તેમના ચુકાદાની અવગણના પર સજા પણ ફટકારી શકાય છે.
- તેમના ચુકાદાને પ્રકાશિત કરવામાં આવેશે અને સર્વકાલીન અભિલેખ તરીકે રાખવામાં આવશે.
- ચુકાદનો ઉપયોગ અન્ય અદાલતોમાં કાયદાકીય સંદર્ભમાં સ્વીકારવામાં આવશે જે એક દ્રષ્ટાંત તરીકે વપરાય છે.
- સુપ્રીમ કોર્ટની અવગણના કરવા પર 6 વર્ષ ની સાદી કેદ કે 2000 રૂપિયા દંડ અથવા બંને થઈ શકે છે જે દંડ આપવાનો અધિકાર સુપ્રીમ કોર્ટ ની સાથે નીચલી અદાલતને છે.

TEACHING KISHAN

6. ન્યાયિક સમીક્ષા નો અધિકાર

- અનુચ્છેદ 137 અંતર્ગત સર્વોચ્ચ અદાલત પોતાના નિર્ણયોનું પુનઃઅવલોકન કરી શકે અને જરૂર જણાય તો તેમાં આવશ્યક પરિવર્તન કરી શકે છે
- જયારે સુપ્રીમ કોર્ટને બંધારણ નું ઉલ્લંઘન થયેલું જણાય ત્યારે તે કાયદા કે નિર્ણય ને ગેરકાયદેસર કે ગેરબંધારણીય ઠરાવી શકે છે. પછી સરકાર તેને લાગુ કરી શકે નહિ.

1. બંધારણ ની સર્વોચ્ચતા જાળવી રાખવા માટે
2. સમવર્તી યાદીમાં કેન્દ્ર અને રાજ્ય વચ્ચે સમતોલ જાળવી રાખવા માટે
3. નાગરિકોના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવામાં માટે

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

7. અન્ય શક્તિઓ

1. સુપ્રીમ કોર્ટ દ્વારા રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી સબંધિત વિવાદોનો ઉકેલ લાવવામાં આવે છે જેમાં તેમનો નિર્ણય અંતિમ રહેશે.
2. સર્વોચ્ચ અદાલત દ્વારા સંઘ લોક સેવા આયોગના અધ્યક્ષ અને સભ્યોની વ્યવહાર અને આચરણ ની તાપસ કરે છે અને જો દોશી જણાય તો તે રાષ્ટ્રપતિ ને ભલામણ કરી શકે છે . રાષ્ટ્રપતિ આ ભલામણ ને માનવા બંધાયેલા છે.
3. જયારે રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ બંને પદ ખાલી હોય ત્યારે સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ રાષ્ટ્રપતિ નું પદ સંભાળે છે .

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

હાઈકોર્ટ (વડી અદાલત , ઉચ્ચ અદાલત)

- જેમ કેન્દ્ર માં સૌથી ઉપર સુપ્રીમ કોર્ટ છે જેમ દરેક રાજ્ય માં સૌથી ઉપર હાઈકોર્ટ છે.
- બંધારણ ના અનુચ્છેદ 214 અનુસાર દરેક રાજ્યમાં એક હાઈકોર્ટ હશે.
- બંધારણ ના ભાગ 6 માં અનુચ્છેદ 214 થી 231 સુધી હાઈકોર્ટની રચના , સ્વતંત્રતા , શક્તિઓ અને પ્રક્રિયાની વાત કરવામાં આવી છે.
- હાઈકોર્ટ ની સૌપ્રથમ સ્થાપના 1862 માં કલકત્તા , મુંબઈ અને મદ્રાસ માં કરવામાં આવી હતી. આગળ જતા 1866 માં અલ્હાબાદ માં હાઈકોર્ટ ની સ્થાપના થઈ.

TEACHING KISHAN

- ભારતના બંધારણ માં દરેક રાજ્ય માટે હાઈકોર્ટની જોગવાઈ છે પરંતુ 7 મોં બંધારણીય સુધારો 1956 અંતર્ગત "બે કે બે થી વધુ રાજ્ય અથવા કેન્દ્રસાશિત પ્રદેશ માટે એક જ હાઈકોર્ટ ની વ્યવસ્થા કરી શકાય છે.
- હાઈકોર્ટ નો અધિકાર ક્ષેત્ર રાજ્યની સીમા સાથે અધિકૃત હોય છે.
- અત્યારે ભારતમાં કુલ 25 હાઈકોર્ટ છે જેમાંથી 3 સંયુક્ત હાઈકોર્ટ છે અને દિલ્હી અને જમ્મુ કાશ્મીર કેન્દ્રશાષિત પ્રદેશ છે જેને પોતાની હાઈકોર્ટ છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

હાઈકોર્ટ ની સંરચના

- અનુચ્છેદ 216 અતર્ગત હાઈકોર્ટમાં એક મુખ્ય ન્યાયાધીશ અને બીજા અન્ય ન્યાયાધીશ હશે .
- અન્ય ન્યાયાધીશ ની સંખ્યા વખતો વખત રાષ્ટ્રપતિ દ્વારા નક્કી કરવામાં આવશે.આમ હાઈકોર્ટમાં કુલ ન્યાયાધીશ ની સંખ્યા નિશ્ચિત હોતી નથી અને બંધારણ માં પણ એનો કોઈ ઉલ્લેખ નથી.

લાયકાત

1. ભારતના નાગરિક હોવા જોઈએ
2. ઓછામાં ઓછા 10 વર્ષ સુધી ન્યાયિક પદ પર કામ કરેલ હોવું જોઈએ

   અથવા ઓછામાં ઓછા 10 વર્ષ હાઈકોર્ટના વકીલ તરીકે કામ કરેલ હોવું જોઈએ.

TEACHING KISHAN

ન્યાયાધીશ ની નિમણુંક

- હાઈકોર્ટ ના મુખ્ય અને અન્ય ન્યાયાધીશ ની નિમણુંક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવશે.
- જેમાં હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ ની નિમણુંક ભારતના સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને સબંધિત રાજ્યના રાજ્યપાલ ની સલાહ લીધા પછી જ કરવામાં આવશે.
- હાઈકોર્ટના અન્ય ન્યાયાધીશ ની નિમણુંક માટે ભારતના (સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ + 2 અન્ય વરિષ્ઠ ન્યાયાધીશ) ની સાથે સબંધિત રાજ્યની હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને રાજ્યપાલ ની સલાહ લેવામાં આવશે.
- બે રાજ્યો વચ્ચે એક હાઈકોર્ટ હોય તો બંને રાજ્યના રાજ્યપાલ સલાહ આપશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

કાર્યકાળ

- હાઈકોર્ટના મુખ્ય અને અન્ય ન્યાયાધીશ 62 વર્ષની ઉંમર સુધી પોતાના પદ પર રહી શકે છે.
- કાર્યકાળ પૂરો થાય એ પહેલા હાઈકોર્ટના ન્યાયાધીશ રાષ્ટ્રપતિ ને સંબોધીને રાજીનામુ આપી શકે છે .
- હાઈકોર્ટના ન્યાયધીશ ની ઉંમર લઈને કોઈ પણ વિવાદ થાય તો રાષ્ટ્રપતિ સુપ્રીમકોર્ટ ના મુખ્ય ન્યાયાધીશ સાથે ચર્ચા કરી નિર્ણય લેશે અને તે નિર્ણય અંતિમ રહેશે.
- સંસદની ભલામણ થી રાષ્ટ્રપતિ અમને પોતાના પદ પરથી દૂર પણ કરી શકે છે.
- જયારે તે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે નિમણુંક પામે અથવા અન્ય હાઈકોર્ટમાં સ્થળાંતરિત કરવામાં આવે ત્યારે તે પદ ખાલી કરે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

શપથ

- અનુચ્છેદ 219 અનુસાર હાઈકોર્ટ ના દરેક ન્યાયાધીશ ને પદગ્રહણ કરતા પહેલા તે રાજ્યના રાજ્યપાલ દ્વારા હોદ્દાના શપથ લેવડાવવામાં આવે છે.

પગાર ભથ્થા

- અનુચ્છેદ 221 માં ન્યાયાધીશના પગારની જોગવાઈ છે.
- વર્ષ 2018 થી હાઈકોર્ટના ન્યાયાધીશનો પગાર 2,50,000 અને અન્ય ન્યાયાધીશ નો પગાર 2,25,000 છે જે રાજ્યની સંચિત નિધિ માંથી આપવામાં આવશે.
- પરંતુ કાર્યકાળ પછી પેન્શન કેન્દ્રની સંચિતનિધિ માંથી આપવામાં આવશે.

TEACHING KISHAN

પદ પરથી દૂર કરવાની પ્રક્રિયા

કારણ : ગેરવર્તન અને અસમર્થતા

- હાઈકોર્ટના ન્યાયાધીશ ને હટાવવાની પ્રક્રિયા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ને હટાવવાની પ્રક્રિયા જેવી જ છે.
- હાઈકોર્ટના ન્યાયાધીશ ને હટાવવાનો પ્રસ્તાવ બંને ગૃહમાં લાવી શકાય છે. આ પ્રસ્તાવ લાવવા માટે લોકસભામાં ઓછામાં ઓછા 100 અને રાજ્યસભામાં ઓછામાં ઓછા 50 સભ્યોનો રાષ્ટ્રપતિ ને સંબોધીને લેખિત પ્રસ્તાવ જે તે ગૃહના અધ્યક્ષ ને આપવામાં આવે છે.
- લોકસભાના અધ્યક્ષ અથવા રાજ્યસભાના સભાપતિ આવા પ્રસ્તાવ નો સ્વીકાર કે અસ્વીકાર કરી શકે છે.

TEACHING KISHAN

- જો પ્રસ્તાવ સ્વીકાર થાય તો 3 સભ્યોની સમિતિ બને છે

1. સર્વોચ્ચ અદાલતના મુખ્ય અથવા અન્ય ન્યાયાધીશ
2. તે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ
3. એક પ્રખ્યાત કાયદાશાસ્ત્રી

- આ સમિતિ દ્વારા જો ન્યાયાધીશ દોશી ઠરે તો સંસદમાં બને ગૃહમાં મતદાન થાય છે જેમાં ગૃહમાં કુલ સભ્ય સંખ્યાની સાદી બહુમતી અને હાજર રહીને મતદાન કરનારની વિશિષ્ઠ બહુમતી (2/3) સાથે પસાર થઈ ને રાષ્ટ્રપતિ પાસે મોકલવામાં આવે છે અને રાષ્ટ્રપતિ દ્વારા હુકમ કરવાથી તે ન્યાયાધીશ ને પદ પરથી હટાવી દેવામાં આવે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

હાઈકોર્ટના ન્યાયધીશની બદલી

- બંધારણ ના અનુચ્છેદ 222 અનુસાર રાષ્ટ્રપતિ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ ની સલાહ અનુસાર કોઈ પણ રાજ્યની હાઈકોર્ટના ન્યાયાધીશની બદલી એક હાઈકોર્ટ માંથી બીજી હાઈકોર્ટમાં કરી શકે છે.
- 1998 માં સુપ્રીમ કોર્ટના ચુકાદા અનુસાર હાઈકોર્ટના ન્યાયાધીશ ની બદલી
  ભારતના મુખ્ય ન્યાયાધીશ + 4 વરિષ્ઠ અન્ય ન્યાયાધીશ ચર્ચા કરી રાષ્ટ્રપતિ ને
  સલાહ અપાશે સાથે સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ ને બંને સંલગ્ન વડી
  અદાલત (જ્યાંથી અને જ્યાં બદલી થનાર છે) ત્યાંના મુખ્ય ન્યાયાધીશ સાથે
  ચર્ચા કરવી પડશે
- આવી બદલી અપવાદરૂપે અથવા જાહેરહિતમાં જ અપાય છે.

TEACHING KISHAN

1. કાર્યકારી ન્યાયાધીશ

- અનુચ્છેદ 223 માં હાઈકોર્ટમાં કાર્યકારી ન્યાયાધીશ ની નિમણુંક ની જોગવાઈ છે.

જ્યારે ...

1. હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ નું પદ ખાલી હોય
2. અસ્થાયી રૂપથી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ ગેરહાજર હોય.
3. હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ પોતાની જવાબદારીઓને પૂર્ણ કરવામાં અસમર્થ હોય

- ત્યારે રાષ્ટ્રપતિ કોઈ હાઈકોર્ટના વરિષ્ઠ ન્યાયાધીશ ને કાર્યકારી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે નિમણુંક કરે છે

TEACHING KISHAN

2. વધારાના ન્યાયાધીશ

- અનુચ્છેદ 224 માં હાઇકોર્ટના વધારાના ન્યાયાધીશ ની નિમણુંક ની જોગવાઈ છે.
- જયારે હાઇકોર્ટમાં કામકાજનું ભારણ વધુ હોય ત્યારે યોગ્ય લાયકાત ધરાવતા વ્યક્તિને રાષ્ટ્રપતિ દ્વારા જે તે હાઇકોર્ટમાં કામચલાઉ ધોરણે વધારાના ન્યાયાધીશ ની વધુમાં વધુ 2 વર્ષ માટે નિયુક્ત કરે છે.

3. નિવૃત ન્યાયાધીશ (Retired judge)

- અનુચ્છેદ 224-A માં હાઇકોર્ટના નિવૃત ન્યાયાધીશ ની નિમણુંક ની જોગવાઈ છે.
- હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ રાષ્ટ્રપતિ ની પૂર્વ મંજૂરી સાથે કોઈ પણ રાજ્યના હાઇકોર્ટના નિવૃત ન્યાયાધીશ ને હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે કાર્ય કરવામાં અનુરોધ કરી શકે છે. જેમને રાષ્ટ્રપતિ નક્કી કરે તેમ પગાર મેળવશે

TEACHING KISHAN

હાઈકોર્ટના કાર્યો અને શક્તિઓ

- સુપ્રીમ કોર્ટની જેમ હાઈકોર્ટને પણ વ્યાપક અને અસરકારક સત્તાઓ આપવામાં આવેલ છે. તે રાજ્યની સર્વોચ્ચ અદાલત અને નાગરિકના મૂળભત અધિકારોનો રક્ષક છે.

1. મૂળ અધિકારક્ષેત્ર
2. રીત અધિકારક્ષેત્ર
3. અપીલ અધિકારક્ષેત્ર
4. નિરક્ષણ સબંધિત અધિકારક્ષેત્ર
5. નઝીરી અદાલત
6. ન્યાયિક સમીક્ષા શક્તિ
7. તાબા હેઠળની અદાલત પર નિયંત્રણ

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

1. મૂળ અધિકારક્ષેત્ર / આરંભિક અધિકારક્ષેત્ર

- મૂળ અથવા આરંભિકક્ષેત્ર અધિકારનો અર્થ થાય છે કે અમુક આવી બાબતો જેના માટે તમે સીધા હાઈકોર્ટ પાસે જઈ શકો

1. નાગરિકોના મૂળભત અધિકાર બાબત
2. મહેસુલ , વસિયત , જળ , છૂટાછેડા , અદાલતનું અપમાન , કંપીના કાયદા વગેરે સબંધિત.
3. સંસદ અને રાજયવિધાન મંડળ ની ચૂંટણી સબંધિત બાબતો
4. બંધારણ ની વ્યાખ્યા સબંધિત નીચલી અદાલત દ્વારા સ્થળાંતરિત બાબતો

TEACHING KISHAN

2. રીત અધિકારક્ષેત્ર

- અનુચ્છેદ 226 મુજબ હાઈકોર્ટને રીત બહાર પાડવાની અસાધારણ શક્તિ છે. હાઈકોર્ટ નાગરિકના મૂળભૂત અધિકારોના ઉલ્લંઘન પર રીત બહાર પાડી શકે છે.

1. બંદી પ્રત્યક્ષીકરણ 2. પરમાદેશ 3. પ્રતિષેધ 4. અધિકાર પુચ્છા 5. ઉત્પ્રેષણ

- સુપ્રીમ કોર્ટ માત્ર મૂળભૂત અધિકારના ઉલ્લંઘન પર જ રીત બહાર પાડી શકે છે પરંતુ હાઈકોર્ટ સામાન્ય કેસ માં પણ રીત બહાર પાડી શકે છે

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

3. અપીલીય ક્ષેત્રાધિકાર

- નીચલી અદાલત દ્વારા અપાયેલા ચુકાદા થી અસંતોષ નાગરિક હાઈકોર્ટમાં અપીલ કરી શકે છે .
- અહીં બંને દીવાની અને ફોજદારી અપીલો થઈ શકે છે.
- 5000 રૂપિયા કે તેથી વધુ ની રકમ કે સંપત્તિના મૂલ્યના દીવાની કેસ માટે તમે હોકોર્ટમાં અપીલ કરી શકો છે તેમજ તાબા હેઠળની અદાલત દ્વારા 7 વર્ષ કે તેથી વધુ સમય માટે કેદની સજા કરી હોય તેવી ફોજદારી બાબત માટે સીધા વડી અદાલતમાં અપીલ કરી શકો છો.
- જિલ્લા અદાલત કે સેન્સન કોર્ટ હાઈકોર્ટની પૂર્વ મંજુરીથી જ ખૂન ના કેસમાં અપરાધીને મૃત્યુદંડ આપી શકે છે. રાજ્ય કોર્ટમાં હાઈકોર્ટની પરવાનગી વગર કોઈ પણ અપરાધીને ફાંસી ની સજા થશે નહિ

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

4. નિરક્ષણ સબંધિત અધિકારક્ષેત્ર : અનુચ્છેદ 227

- રાજ્યની હાઈકોર્ટ પોતાના અધિકારક્ષેત્રમાં આવતી તમામ અદાલતો જેવી કે જિલ્લા અદાલત , સેન્સન અદાલત કે અન્ય નીચલી અદાલત પર નિયંત્રણ રાખે છે.
- હાઈકોર્ટ તાબા હેઠળની અદાલતો પાસેથી કાર્યવાહીની માહિતી માંગી શકે છે. કાર્યવાહી , હિસાબ , રજીસ્ટર સબંધિત કાયદા બનાવી શકે છે.
- હાઈકોર્ટ તાબા હેઠળની અદાલતના કર્મચારીના વેતન , ભથ્થા અંગે નિયમો બનાવી શકે છે .
- હાઈકોર્ટ અમને તાબા હેઠળના અદાલતના કર્મચારીની નિયુક્તિ કરે છે જેમાં તેમને લોકસેવા આયોગ ની સલાહ લઈ શકે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

5. અભિલેખ અદાલત / નઝીરી અદાલત

- અનુચ્છેદ 215 અંતર્ગત હાઈકોર્ટને અભિલેખ અદાલતના રૂપમાં સ્વીકારવામાં આવેલ છે .
- હાઈકોર્ટ દ્વારા આપેલા ચુકાદા રાજ્યની તાબા હેઠળની દરેક અદાલતમાં માનવામાં આવે છે. આ ચુકાદાને બીજી હાઈકોર્ટમાં દ્રષ્ટાંત તરીકે રજુ કરી શકાય છે
- કોઈ પણ અદાલત ને જયારે અભિલેખ નો દરજ્જો મળે ત્યારે તે અદાલત કોઈ પણ વ્યક્તિને અદાલતના અપમાન બદલ દંડ પણ કરી શકે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

6. ન્યાયિક સમીક્ષા નો અધિકાર

- સુપ્રીમ કોર્ટ ની જેમ હાઇકોર્ટ ને પણ ન્યાયિક સમીક્ષા કરવાનો અધિકાર મળેલ છે.
- હાઇકોર્ટ સંસદ અને રાજ્યિધાનમંડળ દ્વારા બનાવેલ એવા કાયદાને ગેરબંધારણીય ઠરાવી શકે જે બંધારણમાં કોઈ અનુચ્છેદની વિરુદ્ધ હોય . પરંતુ હાઇકોર્ટના આ નિર્ણય વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી શકાય છે .

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

7. તાબા હેઠળની અદાલત પર નિયંત્રણ

- હાઈકોર્ટ જિલ્લા અદાલતના ન્યાયાધીશની નિમણૂંક , પ્રમોશન કે બદલી માટે રાજ્યપાલ ને ભલામણ કરી શકે છે.
- જે રીતે સુપ્રીમ કોર્ટ દ્વારા કરવામાં આવેલી ઘોષણાને ભારતના બધાજ અદાલતને માન્ય રાખવી પડે છે તે રીતે હાઈકોર્ટ દ્વારા કરેલ ઘોષણા તે રાજ્યની દરેક અદાલતને માન્ય રાખવી જ પડે છે.
- જો હાઈકોર્ટ ને એવું લાગે કે તાબા હેઠળ ની અદાલતનો કોઈ વિચારાધીન કેશ કાયદાના ગંભીર પ્રશ્ન સબંધિત છે તો તે પોતે તે કેસ હસ્તાંતરિત કરી તેનો સંપૂર્ણ ઉકેલ લાવી શકે છે.

TEACHING KISHAN

જિલ્લા અદાલત અને સેશન્સ કોર્ટ

- રાજ્યમાં સૌથી મોટી અદાલત હાઈકોર્ટ છે અને નીચે રાજ્યમાં ઘણી તાબા હેઠળની અદાલતો આવેલ હોય છે .જેમાં જિલ્લા અદાલત , સેશન્સ કોર્ટ , અને નીચલી અદાલતો નો સમાવેશ થાય છે.
- બંધારણ ના ભાગ 6 માં અનુચ્છેદ 233 થી 237 સુધી તાબા હેઠળના ન્યાયાલયનું સંગઠન અને કોરોબારીથી સ્વતંત્રતા સુનિશ્ચિત કરવામાં આવેલ છે.
- જિલ્લા કક્ષાએ જિલ્લા ન્યાયાધીશ ના નીચે સિવિલ કેસ માટે જિલ્લા અદાલત અને ફોજદારી કેસ માટે સેશન્સ કોર્ટ હોય છે

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

સુપ્રીમ કોર્ટ
હાઈકોર્ટ
જિલ્લા ન્યાયાધીશ (સેસન્સ જજ)
જિલ્લા અદાલત
સેસન્સ કોર્ટ
ન્યાય પંચાયત
મુનસિફ અદાલત
જ્યુડીશીઅલ મેજિસ્ટ્રેટ
એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ (મામલતદાર)

જિલ્લા ન્યાયાધીશ

નિમણુંક

- જિલ્લા ન્યાયાધીશ અને મિજસ્ટ્રેટ ની નિમણુંક , પોસ્ટિંગ , પ્રમોશન રાજ્યના રાજ્યપાલ દ્વારા હાઈકોર્ટની સલાહથી કરવામાં આવે છે.

યોગ્યતા

1. કેન્દ્ર કે રાજ્ય સરકારની સેવામાં કાર્યરત ન હોવા જોઈએ.
2. ઓછામાં ઓછા 7 વર્ષનો વકીલાત નો અનુભવ હોવો જોઈએ.
3. હાઈકોર્ટ દ્વારા તેમની નિમણુંક માટેની ભલામણ કરવામાં આવેલ હોય

TEACHING KISHAN

અન્ય ન્યાયાધીશો ની નિમણુંક

- અનુચ્છેદ 234 અંતર્ગત જિલ્લા ન્યાયાધીશ સિવાય ના અન્ય ન્યાયાધીશ ની નિમણુંક રાજ્યપાલ દ્વારા રાજ્ય જાહેર સેવા આયોગ અને હાઈકોર્ટની સલાહ થી કરે છે.

કાર્યો અને શક્તિઓ

1. જિલ્લા ન્યાયાધીશ સિવિલ અને ક્રિમિનલ બંને કેસ સાંભળી શકે છે જયારે તે સિવિલ કેસ ચલાવતા હોય ત્યારે એમને જિલ્લા ન્યાયાધીશ તરીકે ઓળખવામાં આવે છે પણ જયારે તે ક્રિમિનલ કેસ ચલાવે ત્યારે અમને સેશન્સ જજ અથવા જિલ્લા મેજિસ્ટ્રેટ કહેવાય છે

TEACHING KISHAN

2. જિલ્લા ન્યાયાધીશ એમના તાબા હેઠળ આવતી નીચલી અદાલતો પર સુપરવાઈઝરી કરે છે
3. જિલ્લા ન્યાયાધીશ એ જિલ્લા લેવલ સૌથી ઉપર છે એટલે એમના નિર્ણય વિરુદ્ધ તમે હાઈકોર્ટમાં અપીલ કરી શકો છો.
4. જિલ્લા ન્યાયાધીશ આજીવન કેદ અને હાઈકોર્ટ ની પૂર્વ મંજુરીથી ફાંસીની સજા આપી શકે છે.

- જિલ્લા ન્યાયધીશ પછી બીજા લેવલે સિવિલ કેસ અને ક્રિમિનલ કેસ માટે ની અદાલત આમ બે ભાગમાં વિભાજીત થઈ જાય છે
- સિવિલ કેશ માટે જિલ્લા અદાલત અને ફોજદારી કેસ માટે સેશન્સ કોર્ટ , સેશન્સ કોર્ટના મેજિસ્ટ્રેટ 7 વર્ષ સુધીની સજા આપી શકે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

- પછી ત્રીજા લેવલે સિલિવ કેસ માટે મુનસિફ અદાલત અને ફોજદારી કેસ માટે જ્યુડિશિયલ અદાલત હોય છે.
- મુનસિફ અદાલત એ બહુજ મર્યાદિક અધિકાર ક્ષેત્રમાં સિવિલ કેસના નર્ણય લે છે જ્યારે જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ ફોજદારી કેશ માં 3 વર્ષ સુધી ની સજા ફટકારી શકે છે.
- આ સિવાય અમુક રાજ્યમાં નાના નાના ગામડામાં લેવલે જરૂરિયાત મુજબ સિવિલ અને ક્રીમનલ અદાલતો હોય છે જેના ત્યાં ગ્રામ ન્યાયાલય , ન્યાય પંચાયત , ગ્રામ કચેરી , અદાલતી પંચાયત , પંચાયત અદાલત જેવા નામ આપવામાં આવે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

કટોકટી ની જોગવાઈ

- બંધારણ ના ભાગ 18 ના અનુચ્છેદ 352 થી અનુચ્છેદ 360 માં કટોકટીની જોગવાઈ છે.
- ભારતમાં કટોકટી ની જોગવાઈ "જર્મની" ના બંધારણ માંથી લેવામાં આવેલ છે.
- કેન્દ્ર સરકાર અસામાન્ય પરિસ્થિતિમાં દેશની અખંડિતતા અને એકતા જાળવી રાખવા અથવા પરિસ્થિતિને હેન્ડલ કરવા બંધારણમાં સુધારો કર્યા વિના વિવિધ પ્રકારની કટોકટી જાહેર કરી શકે છે જેથી સંઘની વ્યવસ્થા એકાત્મક વ્યવસ્થામાં ફરવાઈ જાય છે.
- બંધારણમાં ત્રણ પ્રકારની કટોકટીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

1. અનુચ્છેદ 352 : રાષ્ટ્રીય કટોકટી
2. અનુચ્છેદ 356 : રાષ્ટ્રપતિ શાસન / રાજ્ય કટોકટી / બંધારણીય કટોકટી
3. અનુચ્છેદ 360 : નાણાકીય કટોકટી

TEACHING KISHAN

1. રાષ્ટ્રીય કટોકટી (National Emergency)

- અનુચ્છેદ 352 અંતર્ગત રાષ્ટ્રપતિ આખા દેશ કે દેશ ના કોઈ પણ ભાગમાં રાષ્ટ્રીય કટોકટી લગાવી શકે.
- આ કટોકટી જયારે બીજા દેશ દ્વારા બાહ્ય આક્રમણ અથવા સશસ્ત્ર બળવો અથવા યુદ્ધ સમયે દેશ અથવા દેશના કોઈ ભાગને સુરક્ષિત કરવા માટે લાગુ કરવામાં આવે છે.
- રાષ્ટ્રપતિ કેબિનેટ મંત્રીની લેખિત ભલામણ સિવાય આ કટોકટી ને લાગુ કરાવી શકે નહિ. તે માત્ર પ્રધાનમંત્રી ના કહેવાથી પણ કટોકટી લાગુ કરાવી શકે નહિ.

નોંધ : 42 માં બંધારણીય સુધારા અંતર્ગત કોઈ વિશેષ ભાગ પર કટોકટી લગાવવાનો અધિકાર આપવામાં આવ્યો. 44 માં બંધારણીય સુધારા અંતર્ગત "આંતરિક અશાંતિ ના સ્થાને "સશસ્ત્ર બળવો" શબ્દ દાખલ કરવામાં આવ્યો.

TEACHING KISHAN

કટોકટી લાગુ કરવાની જોગવાઈ

- મંત્રીમંડળની લેખિત સલાહ પછી રાષ્ટ્રપતિના કટોકટી જાહેર કર્યાના 1 મહિનામાં સંસદના બંને ગૃહમાંથી મંજૂરી મેળવવી જરૂરી છે. જો મંજૂરી ન મળે તો કટોકટી રદ કરવામાં આવે છે. (પહેલા સમય મર્યાદા 2 મહિના હતી પરંતુ 44 માં બંધારણીય સુધારા અંતર્ગત 1 મહિનો કરવામાં આવી)
- આ કટોકટીને અમલ કરવામાં માટે બંને ગૃહની વિશેષ બહુમતી [ગૃહની કુલ સંખ્યાનું બહુમત + હાજર રહીને મત આપનારાની વિશેષ 2/3 બહુમતી] ની જરૂર છે.
- જો આ સમયે લોકસભાનું વિસર્જન થયેલ હોય તો માત્ર રાજ્યસભાની મંજૂરી મેળવી કટોકટી લાગુ કરી શકાય. પછી લોકસભાનું ગઠન થતા પહેલી બેઠક થી 30 દિવસ માં લોકસભાની મંજૂરી લેવી પડશે.

TEACHING KISHAN

- જો સંસદના બંને ગૃહો મંજૂરી આપે તો આ કટોકટી 6 મહિના સુધી લાગુ રહશે . 6 મહિના પછી ફરીથી સંસદ ની મંજૂરી સાથે બીજા 6 મહિના લંબાવી શકાય છે આમ તેને દર 6 મહિને સંસદની મંજૂરી સાથે અનિશ્ચિત કાળ સુધી લંબાવી શકાય છે.
- 38 માં બંધારણીય સુધારા અંતર્ગત કટોકટીને ન્યાયિક સમીક્ષા થી બહાર રાખવામાં આવી હતી પરંતુ 44 બંધારણીય સુધારા અંતર્ગત કટોકટી ને ન્યાયાલય ની અંદર પડકારી શકાય છે



TEACHING KISHAN

રાષ્ટ્રીય કટોકટી ને રદ કરવી

- રાષ્ટ્રપતિ કોઈ પણ સમયે લાગુ કરેલી કટોકટી ને રદ કરી શકે છે આ માટે માટે સંસદ ની મંજૂરી ની જરૂર નથી.
- લોકસભા દ્વારા લાગુ કરેલ કટોકટી રદ કરી શકાય છે એના માટે લોકસભાના 1/10 ભાગના સદસ્યો કટોકટી રદ કરવાની અરજી અધ્યક્ષ ને આપવાની રહેશે અને અધ્યક્ષ 14 દિવસ માં એના માટે બેઠકનું આયોજન કરશે અને ગૃહની સામાન્ય બહુમતી થી કટોકટી રદ કરી શકાય છે.
- આ માટે રાજ્યસભાની મંજૂરીની જરૂર નથી.
- કટોકટી લાગુ કરવા બંને ગૃહની વિશિષ્ઠ બહુમતીની જરૂર છે

પરંતુ રદ કરવા માત્ર લોકસભાની સામાન્ય બહુમતીની જરૂર છે.

TEACHING KISHAN

મંત્રીમંડળ ની ભલામણ થી

રાષ્ટ્રીય કટોકટી : અનુચ્છેદ 352

1 મહિનામાં બંને ગૃહની વિશેસ બહુમતીથી મંજૂરી મેળવવી જરૂરી

લોકસભાના વિસર્જન સમયે 1 મહિનામાં રાજ્યસભાની મંજુરીથી કટોકટી લાગુ કરાવી શકાય પરંતુ ત્યાર બાદ લોકસભામાંથી 1 મહિનામાં મંજૂરી મેળવવી જરૂરી

મજૂરી મળેવ્યા બાદ કટોકટી 6 મહિના સુધી લાગુ રહશે. દર 6 મહિને સંસદની મંજૂરથી થી અનિશ્ચિત કાળ સુધી લાગુ કરી શકાય છે.

નોંધ : આ કટોકટી આપડે 3 વાર 1962 (ચીન યુદ્ધ) , 1971 (પાકિસ્તાન યુદ્ધ) , 1975 (ઈન્દિરા ગાંધી)

Follow us On @teaching_kishan

રાષ્ટ્રીય કટોકટી ની અસર

I. કેન્દ્ર અને રાજ્યના સબંધ પર અસર

1. કારોબારી સબંધ પર અસર

- કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકાર ને કોઈ પણ બાબત પર આદેશ કે સૂચના આપી શકે છે.
- અહીં રાજ્ય સરકાર ને સમાપ્ત નહિ કરવામાં આવતી પણ પરંતુ બધું જ સંચાલન અને નિયંત્રણ કેન્દ્ર સરકાર કરે છે.

2. ધારાકીય સબંધ પર અસર

- સંસદ ને રાજ્યયાદીના વિષયો પર કાયદા બનાવવાની સત્તા પ્રાપ્ત થાય છે. જે કટોકટીના અંત બાદ 6 મહિના સુધી અમલમાં રહેશે.
- રાષ્ટ્રપતિ રાજ્યયાદીના વિષય પર વટહુકમ બહાર પડી શકે.

TEACHING KISHAN

3. નાણાકીય સબંધ પર અસર

- કેન્દ્ર દ્વારા રાજ્યને અપાતી નાણાકીય સહાય ઘટાડી કે સમાપ્ત કરી શકાય છે.આ સુધારો કટોકટી પૂર્ણ થાય તે નાણાકીય વર્ષના અંત સુધી અમલમાં રહેશે.
- રાષ્ટ્રપતિ આવા આદેશને સંસદ સમક્ષ મુકવા ફરજીયાત છે.

II. લોકસભા અને વિધાનસભાના કાર્યકાળ પર અસર

- કટોકટી ચાલુ હોય ત્યારે સંસદના કાયદા દ્વારા લોકસભા અને વિધાનસભાના કાર્યકાળને સામાન્ય મુદ્દત 5 વર્ષ કરતા લંબાવી શકાય છે.
- પરંતુ કટોકટી સમાપ્ત થતા 6 મહિનાની અંદર લોકસભા કે વિધાનસભાની ચૂંટણી યોજવી જરૂરી છે
- પાંચમી લોકસભાને કટોકટી સમયે 2 વર્ષ લંબાવી હતી (1971 - 1977)

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

III. મૂળભૂત અધિકારો પર અસર

- અનુચ્છેદ 358 અનુસાર યુદ્ધ અને બાહ્ય આક્રમણ ના કારણે રાષ્ટ્રીય કટોકટી જાહેર થાય ત્યારે આપોઆપ અનુચ્છેદ 19 (સ્વત્રંત્રતા ના 6 અધિકારો) રદ કરવામાં આવે છે. પરંતુ 44 બંધારણીય સુધારા 1978 અંતર્ગત સશસ્ત્ર બળવાની સ્થિતિમાં અનુચ્છેદ 19 મોકૂફ થતો નથી.
- અનુચ્છેદ 359 અંતર્ગત રાષ્ટ્રીય કટોકટી દરમિયાન અનુચ્છેદ 20 (ગુના સામે રક્ષણ) અને અનુચ્છેદ 21 (શરીર અને જીવન જીવવાનો અધિકાર) સિવાયના તમામ મૂળભૂત અધિકારો સ્થગિત કરવામાં આવે છે.
- જયારે યુદ્ધ કે બાહ્ય આક્રમણ થાય છે ત્યારે રાષ્ટ્રપતિ અનુચ્છેદ 358 અથવા અનુચ્છેદ 359 અંતર્ગત મૂળભૂત અધિકારો પર રોક લગાવી શકે છે પરંતુ જયારે સશસ્ત્ર બળવો થાય ત્યારે અનુચ્છેદ 359 અંતર્ગત રોક લગાવાવમાં આવે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

- અનુચ્છેદ 359 અંતર્ગત રાષ્ટ્રપતિ ઘોષણા કરી સ્પષ્ટતા કરે છે કે કેટલા મૂળભૂત અધિકાર રદ કરવામાં આવ્યા છે .
- અનુચ્છેદ 358 કે અનુચ્છેદ 359 અંતર્ગત બનાવેલા કટોકટી સબંધિત કાયદાઓને બંધારણીય જોગવાઈ અનુસાર દેશની કોઈ પણ અદાલતમાં પડકારી શકાય નહિ. (અનુચ્છેદ 20 અને 21 સિવાય)



TEACHING KISHAN

2. રાજ્ય કટોકટી / બંધારણીય કટોકટી / રાષ્ટ્રપતિ શાસન

- દરેક રાજ્ય બંધારણ ની જોગવાઈ અનુસાર ચાલવી જરૂરી છે જો કોઈ રાજ્યની સરકાર બંધારણ નો ભાગ કરી પોતાની મનમાની કરે તો અનુચ્છેદ 356 અંતર્ગત ત્યાં રાષ્ટ્રપતિ શાસન લગાવી તે રાજ્યના સરકારની બધી સત્તાઓ છીનવી વહીવટ તે રાજ્યના રાજ્યપાલ (કેન્દ્ર દ્વારા) ચલાવવામાં આવે છે

- આ સ્થિતિ "રાષ્ટ્રપતિ શાસન" તરીકે જાણીતું છે તેને રાજ્ય કટોકટી કે બંધારણીય કટોકટી તરીકે પણ ઓળખવામાં આવે છે.
- અનુચ્છેદ 355 : બાહ્ય આક્રમણ અને આંતરિક અશાંતિ ની સ્થિતિમાં રાજ્યની સુરક્ષા કરવાની જવાબદારી કેન્દ્ર સરકારની છે.

TEACHING KISHAN

- આ કટોકટી ની ઘોષણા અનુચ્છેદ 356 અને અનુચ્છેદ 365 અંતર્ગત કરી શકાય છે.
- અનુચ્છેદ 356 : જયારે રાષ્ટ્રપતિ ને એવું લાગે કે કોઈ રાજ્યની સરકાર બંધારણની જોગવાઈ અનુસાર ચાલતી નથી તે સમયે રાજ્યપાલની ભલામણ કે ભલામણ વિના તે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરે છે.
- અનુચ્છેદ 365 : જયારે કેન્દ્ર દ્વારા આપવામાં આવેલા નિર્દેશોનું પાલન કરવામાં અથવા નિર્દેશોને લાગુ કરવામાં કોઈ રાજ્યની સરકાર નિષ્ફળ જાય ત્યારે રાષ્ટ્રપતિ ઘોષણા કરે છે કે રાજ્ય બંધારણીય જોગવાઈ મુજબ કેન્દ્રના દિશા-નિર્દેશોનું પાલન કરવામાં નિષ્ફળ છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

કટોકટી લાગુ કરવાની જોગવાઈ

- રાજ્ય કટોકટી જાહેર થયાના 2 મહિનાની અંદર સંસદના બંને ગૃહોમાંથી મંજૂરી મેળવવી જરૂરી છે નહીતો રાજ્ય કટોકટી નો અમલ રદ થશે.
- રાજ્ય કટોકટી ને સંસદમાં મંજૂરી મેળવવા બંને ગૃહની સામાન્ય બહુમતી (હાજર રહીને મત આપનારની 50% + 1) મેળવવાની રહેશે.
- બંને ગૃહમાંથી મંજૂરી મેળવ્યા બાદ કટોકટી 6 મહિના સુધી અમલમાં રહશે
- પરંતુ કોઈ પણ રાજ્યમાં વધુમાં વધુ 3 વર્ષ સુધી રાજ્ય કટોકટી લંબાવી શકાય. જેમાં સંસદમાં દર 6 મહિને મંજૂરી લેવી પડશે.

TEACHING KISHAN

- જો આ સમયે લોકસભાનું વિસર્જન થયેલ હોય તો 2 મહિનામાં રાજ્યસભાની સામાન્ય બહુમતી થી મેળવી કટોકટી લાગુ કરી શકાય. પછી લોકસભાનું ગઠન થતા પહેલી બેઠક થી 30 દિવસ માં લોકસભાની મંજૂરી લેવી પડશે.
- 44 માં બંધારણીય સુધારા 1978 અંતર્ગત કોઈ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન 1 વર્ષ થી વધુ ત્યારે જ લંબાવી જયારે ...

1. આખા દેશમાં કે કોઈ રાજ્ય કે રાજ્યના ભાગમાં રાષ્ટ્રીય કટોકટી જાહેર હોય.
2. ચૂંટણી પંચે પ્રમાણિત કરેલ હોય કે તે રાજ્યમાં કોઈ મુશ્કેલીના કારણે વિધાનસભાની સામાન્ય ચૂંટણીનું આયોજન થઈ શકે તેમ નથી.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

રાજ્યપાલની ભલામણ કે ભલામણ વિના

રાજ્ય કટોકટી : અનુચ્છેદ 356

નોંધ : આ કટોકટી ગુજરાતમાં 5 વાર 1971 , 1974 , 1976 , 1980 , 1996 લાગુ કરાઈ હતી

2 મહિનામાં બંને ગૃહની સામાન્ય બહુમતીથી મંજૂરી મેળવવી જરૂરી

લોકસભાના વિસર્જન સમયે 2 મહિનામાં રાજ્યસભાની મંજુરીથી કટોકટી લાગુ કરાવી શકાય પરંતુ ત્યાર બાદ લોકસભામાંથી 1 મહિનામાં મંજૂરી મેળવવી જરૂરી

મજૂરી મળેવ્યા બાદ કટોકટી 6 મહિના સુધી લાગુ રહશે. દર 6 મહિને સંસદની મંજૂરથી થી માત્ર 3 વર્ષ સુધી લંબાવી શકાય છે.

Follow us On @teaching_kishan

રાજ્ય કટોકટી ની અસર

1. જયારે કોઈ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ થાય ત્યારે તે રાજ્યના મુખ્યમંત્રી અને મંત્રીમંડળ પાસેથી બધીજ સત્તા છીનવી લેવામાં આવે છે અને તે રાજ્યની બધી જ સત્તા રાજ્યપાલ ને મળે છે.
2. રાજ્યના રાજ્યપાલ , રાષ્ટ્રપતિ વતી રાજ્ય મુખ્ય સચિવ અથવા રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત સલાહકારોની મદદથી રાજ્ય વહીવટ ચલાવશે.
3. રાષ્ટ્રપતિ તે રાજ્યની વિધાનમંડળ ની સત્તાઓ સંસદ ને સોંપશે અને રાજ્યના ખરડા અને બજેટ સંસદ પસાર કરશે. પરંતુ જયારે રાષ્ટ્રપતિ શાસન પૂર્ણ થાય ત્યારે વિધાનમંડળ સંસદ દ્વારા બનાવેલ કાયદામાં સુધારો કે રદ કરી શકે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

4. રાષ્ટ્રપતિ તે રાજ્યના વિધાનમંડળ વિસર્જિત અથવા સસ્પેન્ડ કરે છે (કટોકટીની સંસદ માંથી મંજૂરી મળે પછી જ)
5. રાષ્ટ્રપતિ સાશન થી ત્યાંની હાઈકોર્ટ અને ન્યાયપ્રક્રિયાને અસર કરતી નથી.

રાજ્ય કટોકટી ને રદ કરવી

- કટોકટીના અમલ સમયે ગમે ત્યારે રાષ્ટ્રપતિ ઘોષણા કરી કટોકટી ને રદ કરી શકે છે આ માટે સંસદની મંજૂરી જરૂરી નથી.
- 44 માં બંધારણીય સુધારા અંતર્ગત રાષ્ટ્રપતિ શાસન ની ન્યાયિક સમીક્ષા અથવા અદાલતમાં પડકારી શકાય છે.

TEACHING KISHAN

3. નાણાકીય કટોકટી (Financial Emergency)

- અનુચ્છેદ 360 અંતર્ગત જ્યારે રાષ્ટ્રપતિ ને એવું લાગે કે દેશ કે દેશના કોઈ ભાગમાં નાણાકીય સ્થિરતા જોખમમાં મુકાઈ છે એવી પરિસ્થિતિમાં નાણાકીય કટોકટી જાહેર કરે છે
- રાષ્ટ્રપતિ દ્વારા જાહર કરેલ નાણાકીય કટોકટીનું ક્યારેય ન્યાયિક પુનઃ અવલોકન (ન્યાયિક સમીક્ષા) કરી શકાય છે (44 બંધારણીય સુધારા 1978)

TEACHING KISHAN

કટોકટી લાગુ કરવાની જોગવાઈ

- નાણાકીય કટોકટી જાહેર થયાના 2 મહિનાની અંદર સંસદના બંને ગૃહોમાંથી મંજૂરી મેળવવી જરૂરી છે નહીતો નાણાકીય કટોકટી નો અમલ રદ થશે.
- નાણાકીય કટોકટી ને સંસદમાં મંજૂરી મેળવવા બંને ગૃહની સામાન્ય બહુમતી (હાજર રહીને મત આપનારની 50% + 1) મેળવવાની રહેશે.
- જો આ સમયે લોકસભાનું વિસર્જન થયેલ હોય તો 2 મહિનામાં રાજ્યસભાની સામાન્ય બહુમતી થી મેળવી કટોકટી લાગુ કરી શકાય. પછી લોકસભાનું ગઠન થતા પહેલી બેઠક થી 30 દિવસ માં લોકસભાની મંજૂરી લેવી પડશે.

TEACHING KISHAN

- એક વાર બંને ગૃહની મંજૂરી મેળવ્યા બાદ નાણાકીય કટોકટીમાં દર 6 મહિને મંજૂરી લેવાની જરૂર નથી તે અનિશ્ચિતકાળ માટે લાગુ થઈ જાય છે.
- અત્યાર સુધી દેશમાં એક પણ વાર નાણાકીય કટોકટી જાહેર કરવામાં આવી નથી.

નાણાકીય કટોકટી ને રદ કરવી

- કટોકટીના અમલ સમયે ગમે ત્યારે રાષ્ટ્રપતિ ઘોષણા કરી કટોકટી ને રદ કરી શકે છે આ માટે સંસદની મંજૂરી જરૂરી નથી.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

નાણાકીય કટોકટી : અનુચ્છેદ 360

નોંધ : અત્યાર સુધી દેશમાં એક પણ વાર નાણાકીય કટોકટી જાહેર કરવામાં આવી નથી.

2 મહિનામાં બંને ગૃહની સામાન્ય બહુમતીથી મંજૂરી મેળવવી જરૂરી

લોકસભાના વિસર્જન સમયે 2 મહિનામાં રાજ્યસભાની મંજુરીથી કટોકટી લાગુ કરાવી શકાય પરંતુ ત્યાર બાદ લોકસભામાંથી 1 મહિનામાં મંજૂરી મેળવવી જરૂરી

બંને ગૃહની મંજૂરી મળેવ્યા બાદ નાણાકીય કટોકટી અનિશ્ચિત કાળ સુધી ચાલુ રહશે . દર 6 મહિને સંસદની મંજૂરી ની જરૂર નથી.

Follow us On @teaching_kishan

રાજ્ય કટોકટી ની અસર

1. કેન્દ્રની કારોબારી સત્તાનું વિસ્તરણ કરે છે તે કોઈ પણ રાજ્યની નાણાકીય સમૃદ્ધિ નું નિરીક્ષણ કરી જરૂરી નિર્દેશો આપી શકે છે.
2. રાષ્ટ્રપતિ નાણાકીય કટોકટી દરમિયાન સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટ ના ન્યાયાધીશ સહીત જાહેર સેવામાં જોડાયેલા કેન્દ્ર સરકારના કોઈ પણ વર્ગના કર્મચારીના પગાર-ભથ્થા ઘટાડવા માટેના નિર્દેશ કરી શકે છે. આ ઉપરાંત રાજ્યના કોઈ પણ વર્ગના કર્મચારીના પગાર ભથ્થા ઘટાડવા માટેના નિર્દેશો પણ કરી શકે છે
3. રાષ્ટ્રપતિ રાજયવિધાનમંડળ દ્વારા પસાર કરાયેલ નાણાકીય ખરડાઓને પોતાની વિચારણા માટે રાખવાની જોગવાઈ કરી શકે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

અનુચ્છેદ	વિષય
352	રાષ્ટ્રીય કટોકટી ની જોગવાઈ
353	રાષ્ટ્રીય કટોકટી જાહેરાતની અસર
354	કટોકટી જાહેર હોય ત્યારે આવકની વહેંચણી સબંધિત જોગવાઈ
355	યુદ્ધ કે બાહ્ય આક્રમણ સમયે રાજ્યોનું રક્ષણ કરવાની કેન્દ્ર ની ફરજ
356	રાજ્ય કટોકટી / રાષ્ટ્રપતિ શાસન
357	રાજ્ય કટોકટી અંતર્ગત ધારાકીય સત્તાનો ઉપયોગ
358	કટોકટી દરમ્યાન અનુચ્છેદ 19 ની મોકૂફી
359	કટોકટી દરમિયાન મૂળભૂત અધિકારોની મોકૂફી
360	નાણાકીય કટોકટી

Follow us On @teaching_kishan

રાષ્ટ્રીય કટોકટી	રાજ્ય કટોકટી	નાણાકીય કટોકટી
અનુચ્છેદ 352	અનુચ્છેદ 356	અનુચ્છેદ 360
યુદ્ધ , બાહ્ય આક્રમણ કે સશસ્ત્ર બળવો	કોઈ રાજ્ય બંધારણ અનુસાર કાર્ય ન કરે	દેશમાં કે કોઈ પ્રદેશમાં નાણાકીય સ્થિરતા જોખમાય
1 મહિનામાં બંને ગૃહમાંથી મજૂરી જરૂરી	2 મહિનામાં બંને ગૃહમાંથી મજૂરી જરૂરી	2 મહિનામાં બંને ગૃહમાંથી મજૂરી જરૂરી
ગૃહની વિશિષ્ઠ બહુમતી	ગૃહની સામાન્ય બહુમતી	ગૃહની સામાન્ય બહુમતી
દર 6 મહિને સંસદની મંજૂરીથી અનિશ્ચિત કાળ સુધી	દર 6 મહિને સંસદની મંજૂરીથી વધુમાં વધુ 3 વર્ષ કાળ સુધી	મજૂરી મેળવ્યા બાદ અનિશ્ચિત કાળ સુધી . દર 6 મહિને મંજૂરી જરૂર નથી.
અત્યાર સુધી 3 વાર	અત્યાર સુધી ૧૦૦ વાર દેશમાં , 5 વાર (ગુજરાત),	એક પણ વાર નહિ

Follow us On @teaching_kishan

બંધારણીય સંસ્થાઓ

- જે સંસ્થાની રચના અંગે ભારતીય બંધારણ ના કોઈ અનુચ્છેદ માં જોગવાઈ કરવામાં આવી હોય તથા જેની રચના માટે રાષ્ટ્રપતિને સક્ષમ બનાવવામાં આવ્યા હોય તેવી સંસ્થાને "બંધારણીય સંસ્થા“ કહેવાય છે.
- બંધારણીય સંસ્થાના સદસ્યો ની નિમણુંક "રાષ્ટ્રપતિ" દ્વારા કરવામાં આવે છે.
- આ સંસ્થાના દરેક રિપોર્ટને સંસદના બંને ગૃહમાં મોકલવામાં આવે છે.
- આ સંસ્થાને તેમના કાર્યકાળ દરમિયાન હોદ્દાની સુરક્ષા આપવામાં આવે છે અને અમને બંધારણીય જોગવાઈ અનુસાર જ હોદ્દા પરથી દૂર કરી શકાય છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

બંધારણીય સંસ્થાઓ

1. નિયંત્રક અને મહાલેખા પરીક્ષક CAG : અનુચ્છેદ 148
2. ચૂંટણી પંચ : અનુચ્છેદ 324
3. નાણાપંચ : અનુચ્છેદ 280
4. સંઘ લોક સેવા આયોગ : અનુચ્છેદ 315
5. રાજ્ય લોક સેવા આયોગ : અનુચ્છેદ 315
6. રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ : અનુચ્છેદ 338
7. રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગ : અનુચ્છેદ 338 A
8. રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગ : અનુચ્છેદ 388 B

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

CAG (નિયંત્રક અને મહાલેખા પરીક્ષક)

- CAG : Comptroller and Auditor General Of India
- અનુચ્છેદ 148 અંતર્ગત ભારતના "નિયંત્રક અને મહાલેખા પરીક્ષક" ની વાત કરવામાં આવી છે.
- બંધારણ ના ઘડવૈયાઓએ ભારતની સંચિત નિધિમાંથી ખર્ચ કરવામાં આવતા લોકનાણાં પર નિયંત્રણ રાખવા તેમજ હિસાબ રાખવા એક સ્વતત્રં "CAG " નામની બંધારણીય સંસ્થા બનાવેલ છે.
- તે ભારતીય ઓડિટ અને એકાઉન્ટ્સ વિભાગના વડા છે.
- ડો બાબાસાહેબ આંબેડકર ના મત અનુસાર "CAG ભારતના બંધારણ સૌથી અગત્યના અધિકારી છે"
- CAG નું પદ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશના સમકક્ષ છે.

TEACHING KISHAN

- તેમને લોકના ધનના રક્ષક કહેવામાં આવે છે.
- CAG માત્ર સંસદને જવાબદાર છે CAG ને જાહેર હિસાબ સમિતિના "આંખ અને કાન" કહેવામાં આવે છે.
- તે સંસદની જાહેર હિસાબ સમિતિમાં "મિત્ર" , "ફિલસૂફ" તેમજ "માર્ગદર્શક" ના રૂપમાં કાર્ય કરે છે.

નિમણુંક

- તેમની નિમણુંક "રાષ્ટ્રપતિ" દ્વારા કરવામાં આવે છે.

શપથ

- CAG ને શપથ રાષ્ટ્રપતિ લેવડાવે છે.

TEACHING KISHAN

કાર્યકાળ

- CAG નો કાર્યકાળ 6 વર્ષ કે 65 વર્ષ ની ઉંમર બંને માંથી જે વહેલું પૂરું થાય ત્યાં સુધી
- CAG ને પોતાના કાર્યકાળ દરમિયાન બંધારણીય પ્રક્રિયાથી પદ પરથી હટાવી શકાય છે.
- તે પોતાના કાર્યકાળ દરમિયાન "રાષ્ટ્રપતિ" ને સંબોધીને રાજીનામુ પણ આપી શકે છે.

પગાર ભથ્થા

- CAG ના પગાર સંસદ દ્વારા નક્કી કરવામાં આવે છે પરંતુ એમના પગાર માટે સંસદમાં મતદાન થતું નથી . તેમનો પગાર સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સમાન (અત્યારે 2,50,000) આપવામાં આવે છે.
- CAG નો પગાર "ભારતની સંચિત નિધિ" માંથી આપવામાં આવે છે.

TEACHING KISHAN

CAG ને હટાવવાની પ્રક્રિયા

કારણ : ગેરવર્તન અને અસમર્થતા

- સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ ને હટાવવાની જે પ્રક્રિયા છે એજ પ્રક્રિયાથી CAG ને પોતાના પદ પરથી દૂર કરી શકાય છે.
- CAG ને હટાવવાની પ્રક્રિયા કોઈ પણ ગૃહમાં કરી શકાય છે.
- તેમને હટાવવા બંને ગૃહની વિશિષ્ઠ બહુમતી ની જરૂર છે.
- CAG ને 14 દિવસ અગાઉ નોટિસ આપ્યા પછી જ ગૃહમાં હટાવવાની પ્રક્રિયા શરુ કરી શકાય છે.
- તેઓ નિવૃત થયા પછી રાજ્ય કે કેન્દ્ર સરકારના કોઈ પણ પદ પર કાર્ય કરી શકતા નથી.

TEACHING KISHAN

CAG ના કાર્ય અને શક્તિઓ

- બંધારણ અનુચ્છેદ 148 માં CAG ના કાર્યોનો સંક્ષિપ્ત ઉલ્લેખ છે પરંતુ સંસદીય અધિનિયમ 1971 માં વિસ્તૃત ઉલ્લેખ કરવામાં આવ્યો છે.
- કેન્દ્ર , રાજ્ય અને વિધાનસભા ધરાવતા કેન્દ્રશાસિત પ્રદેશની સંચિત નિધિ (એકત્રિત ફંડ) માંથી કરવામાં આવતા તમામ ખર્ચ સંબંધી હિસાબોનું ઓડિટ CAG દ્વારા કરવામાં આવશે.
- CAG પોતાનો રિપોર્ટ બનાવી કેન્દ્ર નો રિપોર્ટ રાષ્ટ્રપતિ અને રાજ્યનો રિપોર્ટ જે તે રાજ્યના રાજ્યપાલને આપશે.
- રાષ્ટ્રપતિ આ રિપોર્ટને સંસદ (અનુચ્છેદ 151) અને રાજ્યપાલ વિધાનસભામાં સત્રના છેલ્લા દિવસે રજુ કરશે .

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

- કેન્દ્ર અને રાજ્ય પાસેથી અનુદાન (ગ્રાન્ટ) મળતું હોય તેવી તમામ સંસ્થાનું ઓડિટ કરશે.
- તે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના કોઈ પણ વિભાગ દ્વારા રાખેલા તમામ વેપાર , ઉત્પાદન, નફા કે નુકશાન , બેલેન્સ સીટ વગેરેનું ઓડિટ કરે છે.
- તે કેન્દ્ર અને રાજ્ય સરકારના આકસ્મીત નિધિ અને જાહેર હિસાબ (લોક લેખા નિધિ) માંથી થયેલા ખર્ચનું પરીક્ષણ કરે છે.
- એવા તમામ નિગમોના ખર્ચની તાપસ કરશે જેની કાયદા દ્વારા CAG ને પરવાનગી મળી હોય.
- ગુપ્ત સેવા બાબતે થયેલા ખર્ચના હિસાબોનું ઓડિટ તથા હિસાબ તેઓ માંગી શકે નહિ. તેમાં જવાબદાર અધિકારીના પ્રમાણપત્ર દ્વારા સંતોષ માનવો પડશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

- અનુચ્છેદ 150 : CAG એ કેન્દ્ર અને રાજ્ય ના હિસાબ રાખવામાં આવતા ફોર્મના પ્રિસ્ક્રિપશન અંગે રાષ્ટ્રપતિ ને સલાહ આપે છે.
- CAG દ્વારા ત્રણ પ્રકારના રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે
    1. જાહેર હિસાબો પર ઓડિટ રિપોર્ટ
    2. નાણાકીય ખાતા પર ઓડિટ રિપોર્ટ
    3. વિનિમય ખાતા પર ઓડિટ ટીપોર્ટ
- 1976 થી કેન્દ્ર સરકારના હિસોબોનું સંપાદન કરવામાંથી મુક્તિ આપવામાં આવી અર્થાત માત્ર ઓડિટ (ચકાસણી) કરશે પરંતુ રાજ્ય સરકાના હિસાબોનું સંકલન અને ઓડિટ બંને કરે છે

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

CAG ની મર્યાદા

- ભારતમાં CAG નું કાર્ય ખર્ચ થયા બાદ ખર્ચની ચકાસણી (ઓડિટ) કરવાનું છે.
- AIR india , ONGC વગેરે જેવી સરકારી સંસ્થાના જાહેર સાહસોના હિસાબોનું ઓડિટ CAG દ્વારા સંપૂર્ણ રીતે થાય છે જ્યારે RBI , LIC , SBI જેવી સંસ્થાના હિસાબોનું ઓડિટ ખાનગી ઓડિટરો દ્વારા થાય જેમાં CAG હસ્તક્ષેપ કરતા નથી.

- બ્રિટન : CAG ની મંજુરીથી જ કારોબારી પૈસા ઉપાડી શકે છે.

TEACHING KISHAN

CGA (કંટ્રોલર જનરલ ઓફ એકાઉંટ્સ)

- CGA : Controller General of Accounts
- CAG નું કાર્ય હિસાબો તપાસવું (ઓડિટ) કરવાનું છે તેવી જ રીતે CGA નું કાર્ય હિસાબો કરવાનું છે.
- CGA ની નિમણુંક ભારત સરકાર દ્વારા કરવામાં આવે છે .
- CGA એ બિન બંધારણીય પદ છે.

TEACHING KISHAN

નાણાં પંચ / નાણાં આયોગ / વિત્ત આયોગ (Finance Commission)

- બંધારણ ના ભાગ 12 ના અનુચ્છેદ 280 અનુસાર રાષ્ટ્રપતિ દર પાંચ વર્ષે અથવા તે પહેલા જરૂર જણાય ત્યારે નાણાપંચ ની રચના કરે છે.
- નાણાં પાંચમા 5 સભ્યો હોય છે જેમાં 1 અધ્યક્ષ અને 4 અન્ય સભ્યો હોય છે.
- રાષ્ટ્રપતિ દ્વારા હુકમથી સ્પષ્ટ કરેલ સમયગાળા માટે તે હોદ્દો ધરાવે છે અને તે ફરીથી નિમણુંક થઈ શકે છે.
- નાણાપંચ એક અર્ધન્યાયિક સંસ્થા અને સલાહકારી સંસ્થા તરીકે મહત્વની ભૂમિકા ભજવે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

લાયકાત

- બંધારણે ભારતના નાણાપંચના સભ્યોની લાયકાત નક્કી કરવાનો અધિકાર "સંસદ" ને આપેલ છે.
- સંસદ દ્વારા નક્કી કાર્ય મુજબ નાણાપંચના અધ્યક્ષ જાહેર બાબતોનો વર્ષોનો અનુભવી હોવો જોઈએ.
- અન્ય 4 સભ્યો ની લાયકાત
  1. હાઈકોર્ટના ન્યાયાધીશ હોવા જોઈએ અથવા ન્યાયાધીશ બનવાની લાયકાત ધરાવતા હોવા જોઈએ.
  2. સરકારના નાણાં અને હિસાબોનું વિશેષ જ્ઞાન ધરાવનાર
  3. અનુભવી અર્થશાસ્ત્રી હોય
  4. વહીવટ અને નાણાકીય બાબતોનો અનુભવી હોય

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

કાર્યો અને શક્તિઓ

- નાણાં પંચનું મુખ્ય કાર્ય કેન્દ્ર અને રાજ્ય વચ્ચે કર ની શુદ્ધ આવકની વહેંચણી અને નાણાકીય બાબતોની સમીક્ષા કરવાનું છે.
- કેન્દ્ર દ્વારા રાજ્યોને મળતું અનુદાન જે ભારતની સંચિત નિધિ માંથી આપવામાં આવે છે તે અંગે રાષ્ટ્રપતિ ને સલાહ આપશે.
- રાજ્ય નાણાપંચ દ્વારા કરવામાં આવેલ ભલામણોના આધારે રાજ્યની પંચાયતો અને નગરપાલિકાઓને સંસાધન ની પૂરતી કરવામાં રાજ્યની સંચિત નિધિ માં વૃદ્ધિ કરવા માટેના પગલાં સબંધિત.
- રાજ્ય - રાજ્ય વચ્ચે કરોની શુદ્ધ આવકની વહેંચણી કરવી.

TEACHING KISHAN

નાણાપંચની સલાહની ભૂમિકા

- નાણાપંચ દ્વારા કરવામાં આવેલી ભલામણ માત્ર સલાહકારી પ્રકૃતિની છે તેથી તે સરકારને બંધનકર્તા નથી.
- રાજ્યોને અનુદાન આપવા અંગેનો અંતિમ નિર્ણય કેન્દ્ર સરકાર પર છે.
- ચોથા નાણાપંચના અધ્યક્ષ ડો પી.વી.રાજમન્નાર દ્વારા કરવામાં આવ્યું કે "નાણાપંચ એક બંધારણીય અને અર્ધન્યાયિક સંસ્થા હોવાથી અનિવાર્ય કારણો ન હોય ત્યાં સુધી તેની ભલામણો ને ભારત સરકાર દ્વારા નકારી કઢાવી જોઈએ નહિ.
- નાણાપંચ ભારતમાં નાણાકીય સંઘીયનું સંતુલન ચક્ર જાળવી રાખવામાં આવી છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

વર્તમાન નાણાંપંચ

- પ્રથમ નાણાપંચ ની રચના ડો કે.સી નિયોગ ની અધ્યક્ષતામાં 1951 માં કરવામાં આવી હતી જેનો અમલ 1952 - 1957 સુધી કરવામાં આવ્યો હતો.
- અત્યારે 15th નાણાપંચ ચાલે છે જેના અધ્યક્ષ નંદકિશોર સિંધ (N K સિંધ) છે

- સચિવ : અરવિંદ મહેતા
- રચના : 2017
- રિપોર્ટ : 2018
- સમય : 2021 - 2026
- સભ્યો : શક્તિકાંત દાસ , અનુપ સિંહ , અશોક લાહિરી , રમેશ ચંદ્ર

TEACHING KISHAN

રાજ્ય નાણાપંચ (State Finance Commission)

- 73 બંધારણીય સુધારો 1992 અંતર્ગત નવા ઉમેરાયેલા ભાગ 9 ના અનુચ્છેદ 243 - I માં રાજ્ય નાણાપંચ ની જોગવાઈ કરવામાં આવી છે.
- ગુજરાતમાં નાણાપંચ ની શરૂઆત 1994 માં કરવામાં આવી.
- અત્યારે ગુજરાતમાં ત્રીજું નાણાપંચ કાર્યરત છે જેના અધ્યક્ષ ડો ભરત ગરીવાલા છે.

નિમણુંક

- રાજ્ય નાણાપંચ ની નિમણુંક તે રાજ્યના "રાજ્યપાલ" દ્વારા કરવામાં આવે છે.

TEACHING KISHAN

કાર્યો અને શક્તિઓ

- રાજ્ય નાણાપંચ તે રાજ્યની સ્થાનિક સંસ્થાઓ સાથેના નાણાકીય સબંધ માં જરૂરી ભલામણ કરે છે.
- તે પંચાયતોની નાણાકીય સ્થિતિ સુધારવા જરૂરી પગલાં લેશે.
- રાજ્ય અને પંચાયતો વચ્ચે વહેંચી શકાય તેવા કર , શુલ્ક , ટોલ અને ફી ની શુદ્ધ આવકની વહેંચણી સબંધિત બાબતો.
- રાજ્યની સંચિત નિધિ માંથી પંચાયતોને અનુદાન આપવા સબંધિત બાબતો

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

અનુચ્છેદ	વિષય
280	નાણાંપંચ ની જોગવાઈ
281	નાણાપંચ રાષ્ટ્રપતિ ને પોતાનો રિપોર્ટ આપે છે જે સંસદના બંને ગૃહમાં રજુ કરવામાં આવે છે . સરકાર આ રિપોર્ટમાં કરેલી ભલામણ ને માનવ બાધ્ય નથી પણ ભલામણ ને ન માનવના કારણો સરકારને સંસદ સમક્ષ રજુ કરવામાં પડશે.
243-I	રાજ્ય નાણાપંચ ની જોગવાઈ

Follow us On @teaching_kishan

ચૂંટણી પંચ (Election Commission)

- બંધારણના ભાગ 15 માં અનુચ્છેદ 324 થી અનુચ્છેદ 329 માં ચૂંટણી પંચ અને તેને સબંધિત જોગવાઈઓ કરવામાં આવી છે.
- ચૂંટણી પંચ એક કાયમી અને સ્વતંત્ર સંસ્થા છે જે ભારતના બંધારણ માં ઉલ્લેખિત જોગવાઈ અનુસાર દેશમાં સ્વતંત્ર અને નિરપેક્ષ રીતે ચૂંટણી કરાવશે.
- ભારતમાં ચૂંટણી પંચ ની સ્થાપના "25 જાન્યુઆરી 1950" ના રોજ થઈ હતી.
- વર્ષ 2011 થી દર વર્ષે 25 જાન્યુઆરીએ "રાષ્ટ્રીય મતદાતા દિવસ" (national Voters day) તરીકે ઉજવવામાં આવે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

- અનુચ્છેદ 324 માં ચૂંટણી પંચ ની જોગવાઈ છે જે અંતર્ગત ચૂંટણી પંચ રાષ્ટ્રપતિ , ઉપરાષ્ટ્રપતિ , લોકસભા અને રાજ્યસભાના સભ્યો અને રાજ્યની વિધાનસભા અને વિધાન પરિષદ ના સભ્યો ની ચૂંટણી કરાવશે.

સંરચના

- અનુચ્છેદ 324 (2) અંતર્ગત ચૂંટણી પંચ માં એક મુખ્ય ચૂંટણી કમિશ્નર અને રાષ્ટ્રપતિ નક્કી કરે એટલા વખતો વખત નક્કી કરે એટલા અન્ય ચૂંટણી કમિશ્નર હશે.
- વર્તમાન માં ચૂંટણી પંચમ ત્રણ સદશ્યો છે જેમાં એક મુખ્ય ચૂંટણી કમિશ્નર અને બે અન્ય ચૂંટણી કમિશ્નર છે.

TEACHING KISHAN

- અનુચ્છેદ 324 (3) મુખ્ય ચૂંટણી કમિશનર ચૂંટણી પંચના અધ્યક્ષ તરીકે કાર્ય કરે છે.
- અનુચ્છેદ 324 (4) રાષ્ટ્રપતિ ચૂંટણી પંચ ની સલાહથી જરૂર લાગે એટલા પ્રાદેશિક કમિશ્નરોની નિયુક્તિ કરી શકશે.

લાયકાત

- બંધારણ માં કોઈ યોગ્યતા દર્શાવેલ નથી.

નિમણુંક

- ચૂંટણી પંચના સભ્યોની નિમણુંક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે અને રાજ્ય ચૂંટણી કમિશ્નરોની નિમણુંક રાષ્ટ્રપતિ ચૂંટણી પંચની સલાહથી કરશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

પગાર ભથ્થા

- ચૂંટણી પંચના દરેક સદસ્ય ને (મુખ્ય અને અન્ય બંને) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ સમાન પગાર ભથ્થા (2,50,000) આપવામાં આવશે .
- સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ નો પગાર ભારતની સંચિત નિધિમાંથી આપવામાં આવે છે ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવેલ ખર્ચ ભારતની સંચિત નિધિ પર લેવામાં આવતો નથી. એના માટે સંસદમાં મતદાન થાય છે.

રાજીનામુ

- કોઈ પણ ચૂંટણી કમિશ્નર રાષ્ટ્રપતિ ને સંબોધીને રાજીનામુ આપી શકે છે.

TEACHING KISHAN

કાર્યકાળ

- સામાન્ય રીતે ચૂંટણી કમિશ્નરો નો કાર્યકાળ 6 વર્ષ અને 65 વર્ષ ઉંમર બંને માંથી જે પહેલા પૂર્ણ થાય ત્યાં સુધી હોદ્દા પર રહી શકે છે.

પદ પરથી હટાવવાની પ્રક્રિયા

કારણ : ગેરવર્તન અને અસમર્થતા

- સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ ને હટાવવાની પ્રક્રિયા જેવી જ પ્રક્રિયા થી મુખ્ય ચૂંટણી કમિશ્નર ને હટાવી શકાય.
- (બંને ગૃહોની વિશિષ્ઠ બહુમતી (2/3) + ગૃહના કુલ સભ્યો ના 50% + 1)
- અન્ય ચૂંટણી કમિશ્નર અને પ્રાદેશિક ચૂંટણી કમિશ્નર ને રાષ્ટ્રપતિ મુખ્ય ચૂંટણી કમિશ્નર ની સલાહથી હટાવી શકે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

કાર્યો અને શક્તિઓ

- ચૂંટણી પંચ દરેક રાજ્યની વિધાનસભા , સંસદ , રાષ્ટ્રપતિ , ઉપરાષ્ટ્રપતિ ની ચૂંટણી કરાવે છે જે સબંધિત એમના કાર્યને ત્રણ ભાગમાં વહેંચી શકાય.

  1. વહીવટી
  2. સલાહકારી
  3. અર્ધન્યાયિક

- ચૂંટણી પંચ નું મુખ્ય કાર્ય તેમના દ્વારા લેવાતી દરેક ચૂંટણીઓ સબંધિત તમામ વ્યવસ્થાઓ કરવાનું છે આ માટે ચૂંટણી પંચ નિયમો "Conduct of Election Rule 1961 અનુસાર બનાવે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

1. ચૂંટણીના મત વિસ્તારનું સીમાંકન કરવું

- દર 10 વર્ષે વસ્તી ગણતરી પછી વસ્તીના આધારે મત વિસ્તારનું સીમાંકન કરવાનું મહત્વપૂર્ણ કાર્ય ચૂંટણી પંચ કરે છે.
- ચૂંટણી પણ આ કાર્ય માટે "સીમાંકન પંચ અથવા પરિસીમન આયોગ" ની રચના કરે છે
- આ સીમાંકન આયોગમાં મુખ્ય ચૂંટણી કમિશ્નર , સર્વોચ્ચ કે ઉચ્ચ ન્યાયાલયના નિવૃત ન્યાયાધીશ તથા જે તે રાજ્યના મુખ્ય ચૂંટણી કમિશ્નર ને રાખવામાં આવે છે.
- આ સીમાંકન આયોગ નો નિર્ણય અંતિમ રહેશે જેની વિરુદ્ધ કોર્ટમાં અપીલ થઈ શકતી નથી .

TEACHINGKISHAN

2. ચૂંટણીની તારીખો નક્કી કરવી

- બંધારણ માં અનુચ્છેદ 324 અંતર્ગત ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી ની તારીખ નક્કી કરવાનો વિશેષઅધિકાર રહેલો છે.
- ચૂંટણી પંચ સંસદ અને રાજ્યની વિધાનમંડળોની સહમતીથી ચૂંટણી નો કાર્યક્રમ નક્કી કરી શકે છે.
- ચૂંટણી પંચ ચૂંટણી ની તારીખ ની જાહેરાત કેન્દ્રમાં રાષ્ટ્રપતિ અને રાજ્યમાં રાજ્યપાલ ની મંજુરીથી જાહેરનામા માં પ્રગટ કરશે.
- રાષ્ટ્રપતિ શાસન લાગુ હોય તેવા રાજ્યમાં 1 વર્ષ પછી ચૂંટણી કરવી કે નહિ તે ચૂંટણી પંચ નક્કી કરે છે.

TEACHING KISHAN

3. મતદારોની યાદી તૈયાર કરવી

- લોકસભા અને વિધાનસભાની ચૂંટણી પહેલા ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી તૈયાર કરવામાં આવે છે પછી જ ચૂંટણી પ્રક્રિયા થાય છે.
- તેનો મુખ્ય ઉદેશ્ય એ છે કે કોઈ એવો વ્યક્તિ મતાધિકાર થી વંચિત રહી જવો ન જોઈએ જે મતાધિકાર ની યોગ્યતા ધરાવે છે.
- ઉમેદવાર તરીકે નામ નોંધાવનાર વ્યક્તિ અને ઉમેદવાર ના નામનો પ્રસ્તાવ મુકનાર વ્યક્તિ મતવિસ્તાર નો મતદાર છે કે નહિ તે ચકાસે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

4. રાજકીય પક્ષોને માન્યતા આપવી

- ચૂંટણી પંચ દ્વારા "જન પ્રતિનિધિત્વ અધિનિયમ 1951 " અનુસાર રાજકીય પક્ષોને માન્યતા આપવાની જોગવાઈ છે.
- દરેક રાજકીય પક્ષનું એક વિશેષ ચિહ્ન હોય છે જે ચિહ્નન સમગ્ર ભારતમાં ઉપયોગ કરે છે આવા ચિહ્નો ને ચૂંટણી પંચ માન્યતા આપી શકે અથવા રદ પણ કરી શકે છે.

5. અર્ધન્યાયિક કાર્ય

- સંસદ સભ્યોની ગેરલાયકાત અંગે "રાષ્ટ્રપતિ" અને વિધાનમંડળોના સભ્યોની ગેરલાયકાત અને "રાજ્યપાલ" ને સલાહ આપે છે.
- રાજકીય પાર્ટીના ચિહ્ન સબંધિત વિવાદોનું સમાધાન કરે છે.

TEACHING KISHAN

6. અન્ય કાર્યો

- ચૂંટણીને લગતી પિટિશન અંગે સરકારને જરૂરી સલાહ આપવી.
- રાજકીય પક્ષોને આકાશવાણી અને TV દ્વારા ચૂંટણી પ્રચારની સુવિધા આપવી.
- રાષ્ટ્રપતિ , ઉપરાષ્ટ્રપતિ , સંસદ અને વિધાનમંડળોના સભ્યોની ચૂંટણીઓનું નિયંત્રણ અને નિર્દેશન કરવું.
- ચૂંટણી ની આચાર સંહિતા તૈયાર કરવી.
- ચૂંટણી ના પ્રચાર માટે અમુક રકમ નક્કી કરવી જે તે મતવિસ્તારના મતદારોની સંખ્યા પર આધાર રાખે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

રાજ્ય ચૂંટણી પંચ (State Election Commission)

- 73 બંધારણીય સુધારો 1992 અંતર્ગત પંચાયતોની ચૂંટણી કરવા અને તે અંગે મતદાર યાદી તૈયાર કરવા માટે ભાગ 9 અનુચ્છેદ 243-K મુજબ રાજ્ય ચૂંટણી પંચ ની જોગવાઈ કરવામાં આવી.
- 74 બંધારણીય સુધારો 1992 અંતર્ગત નગરપાલિકાની ચૂંટણી કરવા સબંધિત સત્તાઓ રાજ્ય ચૂંટણી પંચ ને આપવામાં આવી.
- રાજ્ય ચૂંટણી કમિશ્નર ને પોતાના પદ થી દૂર કરવાની પ્રક્રિયા હાઈકોર્ટના ન્યાયાધીશ સમાન હોય છે.
- રાજ્યચૂંટણી પંચ એક જ સભ્યનું બનેલું હોય છે જેની નિમણુંક રાજ્યપાલ દ્વારા કરવામાં આવે છે.તેમનો કાર્યકાળ પણ રાજ્યપાલ દ્વારા નક્કી કરવામાં આવે છે .

TEACHING KISHAN

અનુચ્છેદ 325 : કોઈ પણ વ્યક્તિ ધર્મ , જાતિ, જ્ઞાતિ કે લિંગભેદના કારણે મતદારયાદીમાં નામનો સમાવેશ કરવામાં ગેરલાયક ઠરાવવામાં આવશે નહિ.

અનુચ્છેદ 326 : લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ પુખ્ત મતાધિકાર ધોરણે થશે.

મત આપવા ઓછામાં ઓછી ઉંમર 18 વર્ષ જોઈએ

(61 બંધારણીય સુધારા 1988 અંતર્ગત 21 થી 18 વર્ષ કરાઈ)

અનુચ્છેદ 329 : ચૂંટણી બાબતોમાં અદાલતની દરમિયાનગીરી પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો.

Follow us On @teaching_kishan

જાહેર સેવા આયોગ

- "લોર્ડ કોર્નવૉલિશ" ને ભારતમાં સિવિલ સેવાના જન્મદાતા કહેવામાં આવે છે.
- ઈ.સ 1854 માં લોર્ડ મેકોલેની અધ્યક્ષતામાં "ભારતીય લોકસેવા કમિટી" ની રચના કરવામાં આવી.
- આગળ જતા ભારત સરકાર અધિનિયમ 1919 અંતર્ગત ભારત સરકાર દ્વારા 1 અધ્યક્ષ અને 4 સભ્યની "જાહેર સેવા આયોગની" સ્થાપના કરવામાં આવી.
- ઈ.સ 1950 આઝાદી પછી "સંઘ લોક સેવા આયોગ" ની સ્થાપના કરવામાં આવી.
- સંઘ લોકસેવા આયોગ ના પ્રથમ ભારતીય અધ્યક્ષ "એચ.કે .કૃપલાણી" હતા.

TEACHING KISHAN

સંઘ જાહેર સેવા આયોગ (UPSC)

- UPSC : Union Public Service Commission
- ભારતના બંધારણ માં ભાગ 14 માં અનુચ્છેદ 315 થી અનુચ્છેદ 323 માં સંઘ જાહેર સેવા આયોગની શક્તિ , કાર્ય , સ્વતત્રતા , સભ્યોની નિમણુંક ની જોગવાઈ કરવામાં આવી છે.

- અનુચ્છેદ 315 : કેન્દ્ર માં એક જાહેર સેવા આયોગ અને દરેક રાજ્યમાં એક જાહેર સેવા આયોગ રહેશે.
- 2 કે તેથી વધુ રાજ્યોની વિધાનમંડળો તેમના માટે સંયુક્ત જાહેર સેવા આયોગ ની માંગણી કરે તો સંસદ દ્વારા કાયદો પસાર કરી સંયુક્ત જાહેર સેવા આયોગની સ્થાપના કરી શકાય છે.

TEACHING KISHAN

નિમણુંક

- સંઘ જાહેર સેવા આયોગ ના સભ્યો અને અધ્યક્ષ ની નિમણુંક "રાષ્ટ્રપતિ" દ્વારા કરવામાં આવશે.
- આ આયોગ માં સભ્યો ની સંખ્યા રાષ્ટ્રપતિ નક્કી કરે છે સામાન્ય રીતે અધ્યક્ષ સાથે 9 થી 11 સભ્યો હોય છે.

લાયકાત

- બંધારણ માં એમની યોગ્યતા ને લઈ કોઈ બાબત ઉલ્લેખિત નથી
- પરંતુ એક વાત સૂચવવામાં આવેલ છે કે આ આયોગ ના અડધા સભ્યો ભારત સરકારમાં અથવા કોઈ પણ રાજ્ય સરકાર માં ઓછામાં ઓછા 10 વર્ષનો અનુભવ હોવો જોઈએ.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

કાર્યકાળ

- અધ્યક્ષ અને સભ્યો પોતે હોદ્દો ગ્રહણ કાર્યના 6 વર્ષ કે 65 વર્ષ ઉંમર બંને માંથી જે વહેલું પૂરું થાય ત્યાં સુધી પદ પર રહી શકશે.
- સંઘ લોકસેવા આયોગના અધ્યક્ષ કે સભ્યો "રાષ્ટ્રપતિ" ને રાજીનામુ આપી પદ છોડી શકે છે.
- તેમના કાર્યકાળ પહેલા તેમને બંધારણ માં દર્શાવેલ પ્રક્રિયા પ્રમાણે અમને હોદ્દા પરથી દૂર કરી શકાય છે.

પગાર ભથ્થા

- તેમને પગાર- ભથ્થા ભારતની સંચિત નિધિ માંથી આપવામાં આવે છે.

જેના પર સંસદ દ્વારા મતદાન થતું નથી.

TEACHING KISHAN

પદ પરથી હટાવવાની પ્રક્રિયા : અનુચ્છેદ 317

કારણ : નાદાર થઈ ગયા છે , અસમર્થ , ગેરવર્તન , કાર્યકાળ દરમિયાન લાભનું પદ

- સૌપ્રથમ રાષ્ટ્રપતિ તાપસ માટે નો મામલો સુપ્રીમ કોર્ટ માં મોકલે છે.
- સુપ્રીમ કોર્ટ એની તપાસ કરી હટાવવાના કારણ પર સમર્થન કે સલાહ આપે છે.
- જો સુપ્રીમ કોર્ટ દ્વારા અપાયેલી સલાહ કે સમર્થન ફરજીયાત પણે રાષ્ટ્રપતિ ને માનવી પડશે અને તેના આધારે રાષ્ટ્રપતિ તે ચેરમેન કે સભ્ય ને દૂર કરે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

- અનુચ્છેદ 319 જાહેર સેવા આયોગના અધ્યક્ષ કે સભ્યો નિવૃત થયા પછી ફરીથી તે પદ નિમણુંક થઇ શકે નહિ.
- સંઘ જાહેર સેવા આયોગના સભ્યો અને રાજ્ય જાહેર સેવા આયોગના સભ્યો અધ્યક્ષ તરીકે નિમણુંક થવાને પાત્ર ધરાવે છે.
- તે નિવૃત થયા પછી સંઘ સરકાર કે રાજ્ય સરકાર માં સરકારી નોકરી કે અન્ય નોકરી કરવા પાત્ર નથી.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

કાર્યો અને શક્તિઓ : અનુચ્છેદ 320

1. અખિલ ભારતીય સેવાઓ અને કેન્દ્રીય સેવાઓની ભરતીનું આયોજન કરવું.

અખિલ ભારતીય સેવાઓ	કેન્દ્રીય સેવાઓ
1. ભારતીય પોલીસ સેવા (IPS) 2. ભારતીય વહીવટી સેવા (IAS) 3. ભારતીય વન સેવા (IFS)	1. ભારતીય મહેસુલી સેવા 2. ભારતીય વિદેશ સેવા 3. ભારતીય ટપાલ સેવા 4. રેલવે હિસાબી સેવા 5. ભરતીય ટ્રાફિક સેવા 6. ભરતીય માહિતી સેવા 7. ભારતીય આર્થિક સેવા 8. ભારતીય હિસાબી સેવા 9. કેન્દ્રીય ન્યાયિક સેવા 10. કેન્દ્રીય ઈજનેરી સેવા

HAN

Follow us On @teaching_kishan

2. જો કોઈ બે રાજ્ય સંયુક્ત જાહેર સેવા આયોગની રચના કરવા ઈચ્છે તો એ બાબતે સહાયતા કરે છે.
3. ભરતીની પધ્ધતિ , સેવા માં નિમણુંક , એક સેવા માંથી બીજી સેવામાં સ્થળાંતર , બઢતી બાબતો પર સલાહ આપે છે.
4. સંઘ જાહેર સેવા આયોગ પોતાનો રિપોર્ટ દર વર્ષે રાષ્ટ્રપતિ ને આપશે અને રાષ્ટ્રપતિ આ રિપોર્ટ ને સંસદમાં રજુ કરશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

રાજ્ય જાહેર સેવા આયોગ (SPSC)

- SPSC : State Public Service Commission
- ભારતના અનુચ્છેદ 315 માં મુજબ દરેક રાજ્યમાં એક જાહેર સેવા આયોગ રહેશે. જેમકે ગુજરાતમાં GPSC , મહારાષ્ટ્રમાં MPSC , મધ્યપ્રદેશ માં MpPSC .

નિમણુંક

- અનુચ્છેદ 316 : રાજ્યપાલ દ્વારા જેતે રાજ્યના રાજ્ય જાહેર સેવા આયોગના સભ્યો અને અધ્યક્ષ ની નિમણુંક કરવામાં આવશે.
- રાજ્યપાલ દ્વારા જ રાજ્ય જાહેર સેવા આયોગના સભ્યોની સંખ્યા નક્કી કરવામાં આવે છે.

TEACHING KISHAN

લાયકાત

- રાજ્ય લોક સેવા આયોગના અડધા સદશ્યો ભારત સરકાર અને અડધા રાજ્ય સરકામાં ઓછામાં ઓછો 10 વર્ષ સુધી કામ કરવાનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.

કાર્યકાળ

- અધ્યક્ષ અને સભ્યો પોતે હોદ્દો ગ્રહણ કાર્યના 6 વર્ષ કે 62 વર્ષ ઉંમર બંને માંથી જે વહેલું પૂરું થાય ત્યાં સુધી પદ પર રહી શકશે.
- રાજ્ય લોક સેવા આયોગના અધ્યક્ષ કે સભ્યો " રાજ્યપાલ " ને રાજીનામુ આપી પદ છોડી શકે છે.
- તેમના કાર્યકાળ પહેલા તેમને બંધારણ માં દર્શાવેલ પ્રક્રિયા પ્રમાણે અમને હોદ્દા પરથી દૂર કરી શકાય છે.

TEACHING KISHAN

પદ પરથી હટાવવાની પ્રક્રિયા

કારણ : નાદાર થઈ ગયા છે , અસમર્થ , ગેરવર્તન , કાર્યકાળ દરમિયાન લાભનું પદ

- બંધારણ માં ઉલ્લેખિત બાબતો અનુસાર રાષ્ટ્રપતિ રાજ્ય જાહેર સેવા આયોગના અધ્યક્ષ અને સભ્ય ને પોતાના પદ પરથી દૂર કરી શકે છે.

પગાર ભથ્થા

- તેમને પગાર- ભથ્થા રાજ્યની સંચિત નિધિ માંથી આપવામાં આવે છે.

જેના પર રાજ્યવિધાનમંડળ દ્વારા મતદાન થતું નથી.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

- અનુચ્છેદ 319 જાહેર સેવા આયોગના અધ્યક્ષ કે સભ્યો નિવૃત થયા પછી ફરીથી તે પદ નિમણુંક થઈ શકે નહિ.
- રાજ્ય જાહેર સેવા આયોગના સભ્યો નિવૃત થયા બાદ રાજ્ય જાહેર સેવા આયોગના અધ્યક્ષ , કેન્દ્ર જાહેર સેવા આયોગ ના અધ્યક્ષ કે સભ્ય અને અન્ય રાજ્ય ની જાહેર સેવા આયોગના અધ્યક્ષ બની શકે છે.
- તે નિવૃત થયા પછી સંઘ સરકાર કે રાજ્ય સરકાર માં સરકારી નોકરી કે અન્ય નોકરી કરવા પાત્ર નથી.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

કાર્યો અને શક્તિઓ : અનુચ્છેદ 320

1. રાજ્ય જાહેર સેવા આયોગની ભરતીનું આયોજન કરવું.
2. ભરતીની પધ્ધતિ , સેવા માં નિમણુંક , એક સેવા માંથી બીજી સેવામાં સ્થળાંતર , બઢતી બાબતો પર રાજ્ય સરકારને સલાહ આપે છે.
3. રાજ્ય જાહેર સેવા આયોગ પોતાનો રિપોર્ટ દર વર્ષે રાજ્યપાલ ને આપશે અને રાજ્યપાલ આ રિપોર્ટ ને રાજયવિધાનમંડળમાં રજુ કરશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

સંયુક્ત રાજ્ય જાહેર સેવા આયોગ (JSPSC)

- JSPSC : Joint State Public Service Commission
- જયારે કોઈ રાજ્યમાંથી નવું રાજ્ય નિર્માણ પામે છે ત્યારે કોઈ પણ 2 નાના રાજ્યો માટે જરૂરિયાત હોય તો આ પમાણે સંયુક્ત રાજ્ય જાહેર સેવા આયોગ નું નિર્માણ કરી શકાય છે જેમકે હાલમાં આંધ્રપ્રદેશ અને તેલંગાણા વચ્ચે સંયુક્ત રાજ્ય જાહેર સેવા આયોગ છે.

- આ રીતે સંયુક્ત રાજ્ય જાહેર સેવા આયોગ રાજ્યની વિધાનમંડળ ના કહેવાથી સંસદ દ્વારા કરવામાં આવે છે. આમ સંયુક્ત રાજ્ય જાહેર સેવા આયોગ એ કાનૂની સંસ્થા છે બંધારણીય સંસ્થા નથી .

TEACHING KISHAN

- સંયુક્ત રાજ્ય જાહેર સેવા આયોગના અધ્યક્ષ અને સભ્ય ની નિમણુંક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે .
- તેમનો કાર્યકાળ 6 વર્ષ અને 62 વર્ષે ઉંમર જે વહેલું પૂરું થાય ત્યાં સુધી.
- તે રાષ્ટ્રપતિ ને સંબોધીને રાજીનામુ આપશે.
- દર વર્ષે રાજ્ય જાહેર સેવા આયોગ પોતાનો અહેવાલ જે તે રાજ્યના રાજ્યપાલ ને આપશે જેને રાજ્યપાલ વિધાનમંડળ માં મુકશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

અનુચ્છેદ	વિષય
315	સંઘ જાહેર સેવા આયોગ અને રાજ્ય જાહેર સેવા આયોગ
316	સભ્યો ની નિમણુંક અને હોદ્દાની મુદ્દત
317	જાહેર સેવા આયોગના સભ્યો ને હોદ્દા થી દૂર કરવાની પ્રક્રિયા
318	આયોગ ના સભ્યો અને કર્મચારીની સેવા શરતો વિષે ખાસ નિયમની સત્તા
319	આયોગના સભ્યો ના નિવૃત પછી હોદ્દા ધરાવવા પર પ્રતિબંધ
320	જાહેર સેવા આયોગના કાર્યો
321	જાહેર સેવા આયોગના કાર્યોના વિસ્તાર કરવાની સત્તા
322	જાહેર સેવા આયોગના ખર્ચ
323	જાહેર સેવા આયોગના અહેવાલો

Follow us On @teaching_kishan

અમુક વર્ગો માટે રાષ્ટ્રીય આયોગ

- બંધારણ માં અનુસૂચિત જાતિ , જનજાતિ અને અન્ય પછાત વર્ગો ને ઉપર લાવવા અને એમની સમસ્યાનું નિવારણ લાવવા રાષ્ટ્રીય આયોગ ની જોગવાઈ કરવામાં આવી છે.

    1. અનુચ્છેદ 338 : રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ
    2. અનુચ્છેદ 338 A : રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગ
    3. અનુચ્છેદ 338 B : રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગ

- રાષ્ટ્રીય મહિલા આયોગ , રાષ્ટ્રીય લઘુમતી પંચ , રાષ્ટ્રીય પછાત વર્ગ માટે નો પંચ , રાષ્ટ્રીય માનવાધિકાર પંચ અને બાલ અધિકાર સુરક્ષા રાષ્ટ્રીય પંચ જેવી સંસ્થાને બંધારણીય દરજ્જો મળ્યો નથી

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ (NCSC) : 338

- NCSC : National Commission for Scheduled Caste
- ભારતના બંધારણ ના ભાગ 16 માં અનુચ્છેદ 338 અંતર્ગત રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ ની જોગવાઈ કરવામાં આવેલ છે.
- શરૂઆત માં આ અનુસૂચિત જાતિ અને જનજાતિ બંને આયોગ સમાન હતા જેમાં એક અધિકારીના નિમણુંક ની જોગવાઈ હતી
- 65 બંધારણીય સુધારો 1990 માં એક વિશેષ અધિકારી ના સ્થાને બહુસભ્ય રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ અને જનજાતિ આયોગ ની સ્થાપના કરવામાં આવી.

TEACHING KISHAN

- 89 માં બંધારણીય સુધારા 2003 દ્વારા બંને આયોગ ને અલગ કરવામાં આવ્યા જેમાં અનુચ્છેદ 338 અંતર્ગત રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ અને અનુચ્છેદ 338-A અંતર્ગત રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગ. જે 2004 માં અલગ અલગ અસ્તિત્વમાં આવ્યા.

નિમણુંક

- રાષ્ટ્રપતિ દ્વારા અધ્યક્ષ અને સભ્યોની નિમણુંક કરવામાં આવે છે. જેમાં 1 અધ્યક્ષ , 1 ઉપાધ્યક્ષ અને 3 સભ્યો હોય છે.

કાર્યકાળ

- બંધારણ માં તેનો કોઈ નિશ્ચિત ઉલ્લેખ નથી.
- આયોગના સભ્યો નો કાર્યકાળ રાષ્ટ્રપતિ દ્વારા નક્કી કરવામાં આવે છે

TEACHING KISHAN

કાર્યો અને શક્તિઓ

1. રાષ્ટ્રપતિ ના નિર્દેશ અનુસાર અનુસૂચિત જાતિ ના રક્ષણ , સલામતી , કલ્યાણ , આધુનિકરણ સબંધિત અને કાનૂની સલામતી સબંધિત દેખરેખ અને મૂલ્યાંકન કરે છે.
2. અનુસૂચિત જાતિ ના અધિકારો અને સલામતીના પગલામાં વંચિત રાખવા સબંધિત ફરિયાદો ની તાપસ કરવી
3. અનુસૂચિત જાતિ ના સામાજિત અને આર્થિક વિકાસની યોજના પ્રક્રિયામાં ભાગ લે છે સલાહ આપે છે અને મૂલ્યાંકન કરે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

4. દર વર્ષે અનુસૂચિત જાતિ ના સલામતીના પગલાંની કામગીરીનો અહેવાલ રાષ્ટ્રપતિ ને રજુ કરશે. રાષ્ટ્રપતિ આ અહેવાલ ને સંસદ સમક્ષ રજુ કરે છે. રિપોર્ટ માં રજુ કરેલ ભલામણ નો અસ્વીકાર કરવામાં સરકાર ને કારણો આપવા પડશે.
5. રાષ્ટ્રપતિ કોઈ રાજ્ય ને લગતી બાબતો નો અહેવાલ તે રાજ્યના રાજ્યપાલ પાસે મોકલે છે જે રાજ્યપાલ દ્વારા તે રાજ્યની વિધાનમંડળ માં મોકલાય છે.

6. તે આયોગ સામે થયેલ અન્યાય કે અન્ય બાબતોમાં તાપસ કરે ત્યારે તેમને દીવાની ન્યાયાલયની શક્તિઓ પ્રાપ્ત થાય છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગ (NCST) : 338-A

- NCST : National Commission for Scheduled Tribes
- ભારતના બંધારણ ના ભાગ 16 માં અનુચ્છેદ 338-A અંતર્ગત રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગ ની જોગવાઈ કરવામાં આવેલ છે.
- 2004 માં અલગ રાષ્ટ્રીય અનુસચિત જનજાતિ આયોગ અને રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ અસ્થિત્વમાં આવ્યા.

નિમણુંક

- રાષ્ટ્રપતિ દ્વારા અધ્યક્ષ અને સભ્યોની નિમણુંક કરવામાં આવે છે. જેમાં 1 અધ્યક્ષ , 1 ઉપાધ્યક્ષ અને 3 સભ્યો હોય છે.

TEACHING KISHAN

કાર્યકાળ

- બંધારણ માં તેનો કોઈ નિશ્ચિત ઉલ્લેખ નથી.
- આયોગના સભ્યો નો કાર્યકાળ રાષ્ટ્રપતિ દ્વારા નક્કી કરવામાં આવે છે

કાર્યો અને શક્તિઓ

1. રાષ્ટ્રપતિ ના નિર્દેશ અનુસાર અનુસૂચિત જનજાતિ ના રક્ષણ , સલામતી , કલ્યાણ , આધુનિકરણ સબંધિત અને કાનૂની સલામતી સબંધિત દેખરેખ અને મૂલ્યાંકન કરે છે.
2. અનુસૂચિત જનજાતિ ના અધિકારો અને સલામતીના પગલામાં વંચિત રાખવા સબંધિત ફરિયાદો ની તાપસ કરવી

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

3. દર વર્ષે અનુસૂચિત જનજાતિ ના સલામતીના પગલાંની કામગીરીનો અહેવાલ રાષ્ટ્રપતિ ને રજુ કરશે. રાષ્ટ્રપતિ આ અહેવાલ ને સંસદ સમક્ષ રજુ કરે છે. રિપોર્ટ માં રજુ કરેલ ભલામણ નો અસ્વીકાર કરવામાં સરકાર ને કારણો આપવા પડશે.
4. રાષ્ટ્રપતિ કોઈ રાજ્ય ને લગતી બાબતો નો અહેવાલ તે રાજ્યના રાજ્યપાલ પાસે મોકલે છે જે રાજ્યપાલ દ્વારા તે રાજ્યની વિધાનમંડળ માં મોકલાય છે.

5. તે આયોગ સામે થયેલ અન્યાય કે અન્ય બાબતોમાં તાપસ કરે ત્યારે તેમને દીવાની ન્યાયાલયની શક્તિઓ પ્રાપ્ત થાય છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

પછાત વર્ગની સ્થિતિ તપાસવા માટે આયોગ

- બંધારણમાં અનુચ્છેદ 340 માં પછાત વર્ગની સ્થિતિ તપાસવા માટે આયોગની નિમણુંક અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.
- ભારતના રાજ્યોની અંદર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો ની સ્થિતિ તપાસવા , તેમેની પડતી મુશ્કેલી ને જાણી તેને દૂર કરવા , રાજ્ય દ્વારા લેવા જોઈતા પગલાં વિષે અને અમને ઉપર લાવવા જરૂરી અનુદાન ની ભલામણ કરવા રાષ્ટ્રપતિ હુકમ કરી યોગ્ય લાગે તેવા વ્યક્તિઓનું નીમેલું આયોગ બનાવશે.
- આ આયોગ દર વર્ષે રાષ્ટ્રપતિ ને રિપોર્ટ કરશે અને રાષ્ટ્રપતિ તેને સંસદમાં ચર્ચા માટે મુકશે .

TEACHING KISHAN

- રાષ્ટ્રપતિ દ્વારા બે વખત પછાત વર્ગ આયોગ ની રચના કરવામાં આવી છે.

  1. સૌપ્રથમ વાર કાકાસાહેબ કાલેલકરની અધ્યક્ષતામાં : 1953
  2. બીજીવાર બી.પી .મંડળ ની અધ્યક્ષતામાં : 1977

- મંડળ ની ભલામણ ના આધારે 1990 માં વી .પી સિંહ ની સરકાર પછાત વર્ગ માટે સરકારી નોકરીમાં 27 % અનામત જાહેર કર્યું. જેથી સમગ્ર દેશમાં વિરોધ થયો અને કેસ સુપ્રીમ કોર્ટ પાસે ગયો.

- સર્વોચ્ચ અદાલતે પછાત વર્ગના બે ભાગ પડી . માત્ર નોન ક્રીમીલેયર ને જ 27 % અનામત આપવાનું જાહેર કર્યું.(અત્યારે 8 લાખ કે વધુ ની અવાક ધરાવતા પછત વર્ગો ક્રીમીલેયર માં આવશે)

TEACHING KISHAN

રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગ (NCBC) : 338-B

- સંસદ દ્વારા ઈ.સ 1993 માં કાયદો પસાર કરી "રાષ્ટ્રીય પછાત વર્ગની" રચના કરવામાં આવી. જે એક કાયદાકીય સંસ્થા હતી . પરંતુ બંધારણીય દરજ્જો મળ્યો ન હતો.
- પરંતુ 123 મુ બિલ સંસદમાં રજુ થાય છે અને 102 મોં બંધારણીય સુધારો 2018 માં રાષ્ટ્રપતિ દ્વારા ભાગ 16 ના અનુચ્છેદ 338-B અંતર્ગત "રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગ" ને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો.
- અનુચ્છેદ 338 B અંતર્ગત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગની રચના કરવામાં આવશે.

TEACHING KISHAN

નિમણુંક

- રાષ્ટ્રપતિ દ્વારા અધ્યક્ષ અને સભ્યોની નિમણુંક કરવામાં આવે છે. જેમાં 5 સભ્યો હશે.
  - અધ્યક્ષ : સર્વોચ્ચ અદાલતના અથવા હાઈકોર્ટના ન્યાયાધીશ
  - સભ્યો : એક સમાજશાસ્ત્રી , એક ભારત સરકારના સચિવ સ્તરના અધિકારી , પછાત વર્ગો સબંધિત જાણકારી ધરાવતા બે સભ્યો.

કાર્યકાળ

- બંધારણ માં તેનો કોઈ નિશ્ચિત ઉલ્લેખ નથી.
- આયોગના સભ્યો નો કાર્યકાળ રાષ્ટ્રપતિ દ્વારા નક્કી કરવામાં આવે છે
- વર્તમાન રાષ્ટ્રપતિ દ્વારા તેમનો કાર્યકાળ 3 વર્ષ નક્કી કરવામાં આવ્યો છે.

TEACHING KISHAN

કર્યો અને શક્તિઓ

1. કોઈ પણ વર્ગને પછાત વર્ગમાં સામેલ કરવામાં તેમજ દૂર કરવા માટે સરકારને પ્રસ્તાવ મોકલવો.
2. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના રક્ષણ સબંધિત કાર્યોનું અન્વેષણ કરવું , દેખરેખ રાખવી , મૂલ્યાંકન કરવું.
3. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોના અધિકારો અને રક્ષણ થી વંચિત ફરિયાદોની તપાસ કરવી
4. સરકાર ની પછાત વર્ગોના સામાજિક અને આર્થિક વિકાસની યોજનામાં ભાગ લેવો , સલાહ આપવી અને તેમની પ્રગતિનું મૂલ્યાંકન કરવું.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

5. આ આયોગ દ્વારા દર વર્ષે રિપોર્ટ રાષ્ટ્રપતિ ને સોંપશે . રાષ્ટ્રપતિ તેને સંસદમાં મોકલશે. રાજ્ય સબંધિત કોઈ બાબત હોય તો જે તે રાજ્યના રાજ્યપાલ ને મોકલશે જે પોતાના રાજ્યની વિધાનમંડમાં રજુ કરશે .
6. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના સંરક્ષણ , કલ્યાણ , વિકાસ અને ઉન્નતિના કર્યો માટે રાષ્ટ્રપતિ સંસદ દ્વારા બનાવેલ કાયદાઓને આધીન છે.
7. પછાત વર્ગ સબંધિત કોઈ ફરિયાદની તપાસ માટે આયોગ પાસે દીવાની ન્યાયાલયને સમાન સત્તા છે.

TEACHINGKISHAN

Follow us On @teaching_kishan

- 102 માં બંધારણીય સુધારા 2018 અંતર્ગત અનુચ્છેદ 342-A પણ જોડવામાં આવ્યો.
- અનુચ્છેદ 342-A : સંસદ કાયદા બનાવી કોઈ પણ વર્ગને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં જોડી શકે છે. અને બહાર પણ કરી શકે છે.
- રાષ્ટ્રપતિ કોઈ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશમાં હાજર સૂચના દ્વારા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ જાહેર કરી શકે પણ તે રાજ્યના રાજ્યપાલ સાથે પરામર્શ કર્યા પછી.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

ગૈર -બંધારણીય સંસ્થાઓ

- જે સંસ્થાની રચના સંસદના કોઈ કાયદા દ્વારા અથવા કારોબારીના આદેશ અનુસાર કરવામાં આવેલ હોય જેનો બંધારણમાં કોઈ ઉલ્લેખ નથી જેવી સંસ્થાઓને "ગેરબંધારણીય સંસ્થો" કહે છે
- ગેરબંધારણીય સંસ્થાના 2 ભાગ પડી શકાય

1. વૈધાનિક / કાનૂની સંસ્થાઓ : એવી સંસ્થાઓ જેને સંસદ કે વિધાનમંડળ માંથી કાયદો પસાર કરી બનાવવામાં આવેલ છે આવી સંસ્થા ની રચના વિશેષ કાર્ય માટે કરવામાં આવેલ છે.
2. બિન વૈધાનિક / કારોબારી સંસ્થાઓ : કેન્દ્ર કે રાજ્યની કારોબારીના આદેશ દ્વારા (સંસદમાંથી કાયદો પસાર કાર્ય વગર) જે સંસ્થાની રચના કરવામાં આવે તો તેને કારોબારી સંસ્થા કહેવાય

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

વૈધાનિક / કાનૂની સંસ્થાઓ

1. રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ

- વૈધાનિક સંસ્થા / કાનૂની સંસ્થા છે.
- કાયદો : માનવાધિકાર સંરક્ષણ અધિનિયમ 1993
- સ્થાપના : 12 ઓક્ટોમ્બર 1993
- મુખ્યલય : નવી દિલ્હી

TEACHING KISHAN

➢ માનવાધિકાર સંરક્ષણ અધિનિયમ 2019 (સુધારો) મુજબ આ આયોગમાં 1 અધ્યક્ષ + 5 કાયમી સભ્યો હશે. + 7 હોદ્દાનું રૂએ સભ્યો

- અધ્યક્ષ : સર્વોચ્ચ અદાલતના નિવૃત મુખ્ય ન્યાયધીશ અથવા અન્ય ન્યાયાધીશ
- સભ્યો :

  ૧) સર્વોચ્ચ અદાલતના વર્તમાન કે નિવૃત ન્યાયાધીશ

  ૨) હાઈકોર્ટના વર્તમાન અથવા નિવૃત મુખ્ય ન્યાયાધીશ

  ૩) ત્રણ સભ્યો માનવાધિકાર વિશેનું જ્ઞાન તથા અનુભવ ધરાવતા જેમાં એક મહિલા સભ્ય હોવી આવશ્યક છે
- આ આયોગમાં અધ્યક્ષ અને સભ્યો ની નિમણુંક "રાષ્ટ્રપતિ" દ્વારા 6 સભ્યોની સમિતિની ભલામણ ના આધારે કરવામાં આવે છે.
- જેમાં વડાપ્રધાન (અધ્યક્ષ) , લોકસભાના અધ્યક્ષ , રાજ્યસભાના ઉપસભાપતિ , સંસદના બંને ગૃહના વિપક્ષના નેતા , ગૃહમંત્રી હોય છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

- હોદ્દાની રૂએ 7 સભ્યો હોય છે. સભ્યો :

1. રાષ્ટ્રીય લઘુમતી આયોગના અધ્યક્ષ
2. રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગના અધ્યક્ષ
3. રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષ
4. રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ
5. રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગ ના અધ્યક્ષ
6. રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ ના અધ્યક્ષ
7. દિવ્યાંગજ માટેના મુખ્ય કમિશ્નર

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

કાર્યકાળ

- અધ્યક્ષ અને સભ્યો ની મુદ્દત 3 વર્ષ કે 70 વર્ષ બે માંથી જે પહેલા પૂર્ણ થાય તે.
- મુદ્દત પુરી થયા પછી ફરીથી આ આયોગમાં પુનઃ નિમણુંક થઈ શકે છે. પરંતુ બીજા કોઈ સરકારી પદ પર નિમણુંક પામી શકતા નથી.
- રાષ્ટ્રપતિ અધ્યક્ષ અને સભ્યો ને દૂર કરવાની સત્તા ધરાવે છે.

કાર્યો અને સત્તાઓ

1. માનવ અધિકારનું રક્ષણ કરવા માટે સરકારનું ધ્યાન દોરવું.
2. માનવ અધિકારને સબંધિત વિભિન્ન આંતરાષ્ટ્રીય સમજૂતીઓના અમલીકરણ માટે ભલામણ કરવી.
3. જેલમાં કેદીઓની પરિસ્થિતિની તાપસ કરી તેની માનવીય પરિસ્થિતિમાં સુધારો કરવા માટે ભલામણ કરવી.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

રાજ્ય માનવાધિકાર આયોગ

- વૈધાનિક સંસ્થા / કાનૂની સંસ્થા છે.
- કાયદો : માનવાધિકાર સંરક્ષણ અધિનિયમ 1993
- સ્થાપના : 12 જુલાઈ 2006
- મુખ્યલય : ગાંધીનગર

- 1 અધ્યક્ષ + 2 સભ્યો હોય છે.
- અધ્યક્ષ : હાઈકોર્ટ ના નિવૃત મુખ્ય અથવા અન્ય નાયાધીશ
- સભ્યો : એક સભ્ય વર્તમાન હાઈકોર્ટ ન્યાયાધીશ અથવા નિવૃત ન્યાયાધીશ અથવા
  7 વર્ષ સુધી જિલ્લા ન્યાયાધીશ રહ્યા હોય

  બીજો સભ્ય માનવ અધિકારનો અનુભવી કે વિશેષ જ્ઞાન ધરાવનાર

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

- રાજ્ય માનવાધિકાર આયોગમાં અધ્યક્ષ અને સભ્યો ની નિમણુંક રાજ્યપાલ દ્વારા 4 સભ્યોની બનેલી સમિતિ ની ભલામણ દ્વારા કરવામાં આવે છે.
- સમિતિમાં અધ્યક્ષ : મુખ્યમંત્રી , વિધાનસભાના અધ્યક્ષ , ગૃહવિભાગના જવાબદારી મંત્રી , વિધાનસભાના વિપક્ષના નેતા

- કાર્યકાળ : 3 વર્ષ અથવા 70 વર્ષ ઉમર
- નિવૃત પછી ફરીથી આ આયોગમાં નિમણુંક પામી શકે પરંતુ અન્ય સરકારી પદ મેળવી શકે નહિ.

TEACHING KISHAN

2. કેન્દ્રીય તકેદારી આયોગ

- વૈધાનિક સંસ્થા / કાનૂની સંસ્થા છે.
- કાયદો : ઈ.સ 1964 , કે.સંથાનમ સમિતિની ભલામણ થી
- સ્થાપના : સપ્ટેમ્બર 2003 (કાયદાકીય દરજ્જો) ,
  2004 (નિયુક્તિ એજન્સી રૂપે અધિકૃત)
- મુખ્યલય : નવી દિલ્હી
- હેતુ : કેન્દ્ર સરકારમાં ભ્રષ્ટાચાર રોકવા માટેની એક મુખ્ય સંસ્થા છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

રચના

- એક મુખ્ય કમિશ્નર અને વધુમાં વધુ 2 અન્ય કમિશનર હશે જેની નિમણુંક રાષ્ટ્રપતિ ૩ સભ્યો ની બનેલી સમિતિની ભલામણ દ્વારા કરવામાં આવશે.
- સમિતિ : વડાપ્રધાન (અધ્યક્ષ) , ગૃહમંત્રી , લોકસભાના વિપક્ષના નેતા

કાર્યકાળ

- અધ્યક્ષ અને સભ્યો ની મુદ્દત 4 વર્ષ અને 65 વર્ષ જે વહેલા પૂરું થાય ત્યાં સુધી.
- મુદત પછી અન્ય સરકારી નોકરી કરી શકતા નથી.

TEACHING KISHAN

કાર્યો અને સત્તાઓ

- સરકારી અધિકારી વિરુદ્ધ ભ્રષ્ટાચાર ની ફરિયાદો સ્વીકારી તેની તાપસ કરશે. પરંતુ અહીં મંત્રીઓ અને સંસદના સભ્યોને બાકાત રાખવામાં આવ્યા છે.
- ભ્રષ્ટાચાર રોકવા માટે "વિગ આઈ (Vig Eye)" નામનું પોર્ટલ શરુ કરવામાં આવ્યું છે જેના દ્વારા ભ્રષ્ટાચારની ફરિયાદોનું નિવારણ કરવામાં આવશે.
- તે દર વર્ષે રિપોર્ટ રાષ્ટ્રપતિ ને મોકલે છે જેને રાષ્ટ્રપતિ સંસદમાં રજુ કરે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

કાર્યક્ષેત્ર : નીચેના અધિકારી વિરુદ્ધ તાપસ કરી શકે

1. અખિલ ભારતીય સેવાના સદશ્યો (IAS , IPS , IFS)
2. સરકારી બેન્કના સ્કેલ 5 થી ઉપરના અધિકારી
3. RBI , NABARD ના ગ્રેડ D થી ઉપરના અધિકારી
4. સરકારી ક્ષેત્રના બોઈડના મુખ્ય કાર્યકારી અથવા તેની ઉપરના અન્ય અધિકારી
5. સાધારણ વીમા કંપનીના પ્રબંધક અને તેની ઉપરના અધિકારી

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

3. કેન્દ્રીય સૂચના આયોગ

- વૈધાનિક સંસ્થા / કાનૂની સંસ્થા છે.
- કાયદો : માહિતી અધિકાર અધિનિયમ 2005
- મુખ્યલય : નવી દિલ્હી

રચના

- એક મુખ્ય કમિશ્નર અને વધુમાં વધુ 10 અન્ય સભ્યો હશે જેની નિમણુંક રાષ્ટ્રપતિ 3 સભ્યો ની બનેલી સમિતિની ભલામણ દ્વારા કરવામાં આવશે.
- સમિતિ : વડાપ્રધાન (અધ્યક્ષ) , કેબિનેટ મંત્રી , લોકસભાના વિપક્ષના નેતા

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

કાર્યકાળ

- કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરેલા વર્ષ (હાલમાં 3 વર્ષ) અથવા 65 વર્ષ જે વહેલા પૂરું થાય ત્યાં સુધી.

લાયકાત અને શરતો

- તે સંસદ કે કોઈ પણ રાજ્યના વિધાનમંડળ ના સભ્ય હોવા જોઈએ નહિ. સાથે તે કોઈ પણ રાજનૈતિક પક્ષ સબંધિત લાભનું પદ ધરાવતા હોવા જોઈએ નહિ.
- વેતન ભથ્થા "કેબિનેટ સચિવ" સમાન હશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

કાર્યો અને સત્તાઓ

1. જો કોઈ અરજદારે માંગેલી માહિતી બાબતમાં અરજદારને અસંતોષ હોય તો તે બદલ આ આયોગમાં અપીલ અથવા ફરિયાદ કરી શકે છે આયોગ આવી ફરિયાદોનું નીવાકરણ કરશે.
2. કેન્દ્રીય સૂચના આયોગ પાસે "દીવાની ન્યાયાલય" સમકક્ષ સત્તાઓ હશે. તે અંતર્ગત કોઈ દસ્તાવેજ ની તપાસ કે કોઈ વ્યક્તિને આયોગ સમક્ષ હાજર થવાનું કહી શકે છે.
3. તે કોઈ પણ સરકારી કચેરી કે કર્મચારીને આયોગ સમક્ષ સાર્વજનિક દસ્તાવેજો રજુ કરવાનું કહી શકે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

રાજ્ય સૂચના આયોગ

- વૈધાનિક સંસ્થા / કાનૂની સંસ્થા છે.
- કાયદો : માહિતી અધિકાર અધિનિયમ 2005

રચના

- 1 મુખ્ય કમિશ્નર અને વધુમાં વધુ 10 અન્ય સભ્યો હશે જેની નિમણુંક રાજ્યપાલ 3 સભ્યો ની બનેલી સમિતિની ભલામણ દ્વારા કરવામાં આવશે.
- સમિતિ : મુખ્યમંત્રી (અધ્યક્ષ) , રાજ્ય કેબિનેટ મંત્રી , વિધાનસભાના વિપક્ષના નેતા

TEACHING KISHAN

કાર્યકાળ

- કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરેલા વર્ષ અથવા 65 વર્ષ જે વહેલા પૂરું થાય ત્યાં સુધી.

લાયકાત અને શરતો

- તે સંસદ કે કોઈ પણ રાજ્યના વિધાનમંડળ ના સભ્ય હોવા જોઈએ નહિ. સાથે તે કોઈ પણ રાજનૈતિક પક્ષ સબંધિત લાભનું પદ ધરાવતા હોવા જોઈએ નહિ.
- વેતન ભથ્થા "સચિવ" સમાન હશે.

TEACHING KISHAN

4. રાષ્ટ્રીય તપાસ એજન્સી (National Investigation Agency)

- કાયદો : નેશનલ ઈન્વેસ્ટિગેશન અધિનિયમ 2008
- સ્થાપના : 2009 (મુંબઈ માં થયેલા 26/11 આતંકી હુમલા પછી)
- મુખ્યલય : નવી દિલ્હી
- મંત્રાલય : કેન્દ્રીય ગૃહ મંત્રાલય
- પ્રથમ ડિરેક્ટર જનરલ : રાધા વિનોદ રજુ
- વર્તમાન ડિરેક્ટર જનરલ : કુલદીપ સિંહ
- શાખા : હૈદરાબાદ , મુંબઈ , ગુવાહાટી , કોચી , લખનૌ , કલકત્તા , રાયપુર , જમ્મુ , રાંચી , ઈમ્ફાલ , ચંદીગઢ , ચેન્નાઈ

TEACHING KISHAN

કાર્યો અને શક્તિઓ

1. કેન્દ્ર અને રાજ્ય સરકારની અન્ય તપાસ એજન્સીઓને સહયોગ કરવો.
2. ભારતમાં આતંકી ગતિવિધિઓને રોકવા અને તેવી ઘટના બને તો એની તપાસ કરવી.
3. NIA કોઈ પણ રાજ્યમાં મંજૂરી વગર તે રાજ્યમાં આતંકવાદ સબંધિત ગતિવિધિઓની તપાસ કરે છે.
4. NIA ના અધિકારીઓને દેશ વિદેશમાં થતા આતંકી હુમલાની તપાસ માટે વિશિષ્ટ અધિકારો પ્રાપ્ત છે તથા તેમને પોલીસ ના જેવી જ સત્તા પ્રાપ્ત છે.
5. NIA ભારત સાથે સંકળાયેલા હોય તેવા વિદેશમાં થયેલા અપરાધોની તપાસ પણ આંતરરાષ્ટ્રીય કરારો અને કાયદાને ધ્યાન માં રાખીને કરશે.
6. NIA હવે આતંકવાદ , સાઈબર ક્રાઈમ , માનવ તસ્કરી , બનાવતી ચલણ , ડ્રૂસ, હથિયારો વગેરેની તપાસ કરી શકશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

5. રાષ્ટ્રીય મહિલા આયોગ (National Commission For Women)

- વૈધાનિક સંસ્થા / કાનૂની સંસ્થા છે.
- કાયદો : રાષ્ટ્રીય મહિલા આયોગ અધિનિયમ 1990
- સ્થાપના : જાન્યુઆરી 1992
- હેતુ : : મહિલા ઉપર થતા અત્યાચારોની ફરિયાદોને લગતી બાબતો તથા સરકારને મહિલા સબંધિત નીતિગત બાબતોમાં સલાહ આપે છે.
- આ આયોગમાં એક અધ્યક્ષ અને પાંચ અન્ય સભ્યો હશે જેમાં એક સભ્ય અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિ નો હોવો જોઈએ.
- કાર્યકાળ 3 વર્ષ નો રહેશે.

TEACHING KISHAN

- કેન્દ્ર સરકાર દ્વારા ગરિમાવાન અને આદર્શવાદી વ્યક્તિઓની સભ્યો અને અધ્યક્ષ તરીકે નિમણુંક કરવામાં આવે છે.જે વ્યક્તિ મહિલાના હિતમાં સમર્પિત હોય તેને અધ્યક્ષ બનાવવામાં આવે છે.

કાર્યો અને શક્તિઓ

1. બંધારણ કે અન્ય કાયદા દ્વારા મહિલાઓને આપવામાં આવેલા અધિકારોની સુરક્ષા સુનિશ્ચિત કરવી.
2. સરકારને મહિલાઓના સંબંધમાં કોઈ પણ બાબત પર તેઓની વિશિષ્ટ સમસ્યાને અનુલક્ષીને રિપોર્ટ આપવો.
3. મહિલાઓ પ્રત્યે થતા ભેદભાવ અને અત્યાચારથી થતી સમસ્યાઓ તથા પરિસ્થિતિના સંબંધમાં વિશિષ્ટ અધ્યયન અથવા તપાસ માટેની વ્યવસ્થા કરવી

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

6. બાળ અધિકાર સંરક્ષણ માટે રાષ્ટ્રીય આયોગ
(National Commission For Protection of Child Rights : NCPCR)

- વૈધાનિક સંસ્થા / કાનૂની સંસ્થા છે.
- કાયદો : બાળ અધિકાર સંરક્ષણ કાનૂન 2005
- સ્થાપના : 2007
- હેતુ : : ભારતમાં બાળ અધિકારનું રક્ષણ અને પ્રચાર કરવાનું છે.

- 1 અધ્યક્ષ અને 6 સભ્યો હશે. જેમાં ઓછામાં ઓછી બે મહિલા હશે .
- અધ્યક્ષ ની વયમર્યાદા 65 વર્ષ અને સભ્યોની વયમર્યાદા 60 વર્ષ ની છે.
- કાર્યકાળ : 3 વર્ષ (એક જ વાર નિયુક્તિ થઈ શકે)
- નિમણુંક : કેન્દ્ર સરકાર દ્વારા

TEACHING KISHAN

7. રાષ્ટ્રીય લઘુમતી આયોગ (National Commission For Minorities)

- વૈધાનિક સંસ્થા / કાનૂની સંસ્થા છે.
- કાયદો : રાષ્ટ્રીય લઘુમતી આયોગ અધિનિયમ 1992
- સ્થાપના : 1993
- હેતુ : : 5 ધાર્મિક સમુદાય મુશ્લીમ , શીખ , ઈસાઈ , બૌદ્ધ અને પારસી) ના હિતોનું રક્ષણ કરવું.

- 1 અધ્યક્ષ , 1 ઉપાધ્યક્ષ અને 5 સભ્યો હશે. (બધા લગુમતી સમુદાય ના સભ્યો હશે.)
- કાર્યકાળ : 3 વર્ષ
- નિમણુંક : રાષ્ટ્રપતિ
- મુખ્ય કામ : સંસદ અને રાજયવિધાનમંડળો દ્વારા બંધારણમાં વર્ણવેલ અધિનિયમો મુજબ લગુમતી સમુદાયના હિતોનું રક્ષણ કરવાનું છે.

TEACHING KISHAN

8. રાષ્ટ્રીય આપત્તિ પ્રબંધક સત્તામંડળ
(National Disaster Management Authority : NDMA)

- વૈધાનિક સંસ્થા / કાનૂની સંસ્થા છે.
- કાયદો : ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ 2005
- સ્થાપના : 9 જાન્યુઆરી 2006
- હેતુ : : NDMA ની સ્થાપના કુદરતી અને માનવસર્જિત આપત્તિઓના વ્યવસ્થાપન માટે કરવામાં આવી હતી..

TEACHING KISHAN

રચના

- NDMA ના એક અધ્યક્ષ અને વધુમાં વધુ 9 સભ્યો હશે.
- અધ્યક્ષ : હોદ્દની રૂએ પ્રધાનમંત્રી પોતે હશે.
- સભ્યો : સભ્યો ની નિમણુંક અધ્યક્ષ દ્વારા કરવામાં આવે છે. જેમાં થી ઉપાધ્યક્ષ બનાવવામાં આવે છે જેમનો દરજ્જો કેબિનેટ સમકક્ષ હોય છે અને સભ્યો નો દરજ્જો રાજ્યમંત્રી સમકક્ષ હોય છે.
- કાર્યકાળ 5 વર્ષ નો રહશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

કાર્યો અને શક્તિઓ

1. રાષ્ટ્રીય સ્તરે આપત્તિ વ્યવસ્થાપનને લગતી નીતિઓ અને યોજનાઓ તૈયાર કરવી.
2. કોઈ આકસ્મીત ઘટના બને ત્યારે સ્થાનિક પ્રશાસન ને ઝડપથી તેની માહિતી મળી રહે તે માટેની વ્યવસ્થા સુનિશ્ચિત કરવી.
3. આ હેતુથી NDMA દ્વારા BSNL સાથે મળીને NDMS (National Disaster Management Services) સેવા શરુ કરવામાં આવી છે
4. NDMA ભારતના સૌથી વધુ પૂરગ્રસ્ત એવા 30 જિલ્લામાં આપત્તિઓના ત્વરિત પ્રભાવિત આપવા માટે "આપણા મિત્ર" યોજના ચલાવે છે જેના અંતર્ગત સ્વયંસેવકોને તાલીમ આપવામાં આવે છે.

TEACHING KISHAN

સ્ટેટ આપત્તિ પ્રબંધક સત્તામંડળ
(State Disaster Management Authority : SDMA)

- રાજ્ય સ્તરે આપત્તિ વ્યવસ્થાપનને લગતી નીતિઓ અને યોજનાઓ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથરીટી (SDMS) બનાવે છે. દરેક રાજ્યમાં એક SDMA હોવું જોઈએ.
- SDMA ના એક અધ્યક્ષ અને 8 સભ્યો હશે.
- અધ્યક્ષ : હોદ્દની રૂએ મુખ્યમંત્રી પોતે હશે.
- સભ્યો : સભ્યો ની નિમણુંક અધ્યક્ષ દ્વારા કરવામાં આવે છે. જેમાં થી ઉપાધ્યક્ષ બનાવવામાં આવે છે

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

- ગુજરાત સરકારનો મહેસુલ વિભાગ ગુજરાત સ્ટેટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી ની કામગીરી સંભાળે છે.
- ગુજરાત એ પ્રથમ રાજ્ય છે જેને સ્ટેટે આપત્તિ સત્તામંડળ ની 2003 માં સ્થાપના કરી. (કચ્છ માં આવેલ 2001 ના ભૂકંપ બાદ)
- ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજિકલ રિસર્ચ સેન્ટરની સ્થાપના ગુજરાત સરકારના "સાયન્સ એન્ડ ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટ" વિભાગ હેઠળ કરવામાં આવી છે.

- દરેક રાજ્યમાં જિલ્લા મેનેજમેન્ટ ઓથોરિટી ની સ્થાપના કરવામાં આવી જેમાં એક અધ્યક્ષ અને 7 સભ્યો હોય છે અધ્યક્ષ કલેક્ટર અથવા ડેપ્યુટી કમિશ્નર હોય છે.

GSDMA

TEACHING KISHAN

9 . કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ (Cetral Pollution Control Board)

- સ્થાપના : 1974
- કાયદો : જળ પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ એક્ટ 1974

10 . ભારતીય ખાદ્ય સંરક્ષણ અને ધોરણ અધિકાર

- સ્થાપના : 2008
- કાયદો : ફૂડ સેફ્ટી અને સ્ટાન્ડર્ડ એક્ટ 2006

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

બિન વૈધાનિક / કારોબારી સંસ્થા

1. કેન્દ્રીય તપાસ બ્યુરો (CBI : Central Bureau of Investigation)

- સ્થાપના : 1963 (સંથાનમ આયોગની ભલામણ થી ગ્રહમંત્રાલયના આદેશ દ્વારા)
- કાયદો : કાયદાકીય સંસ્થા નથી કારોબારી સંસ્થા છે. . દિલ્હી સ્પેશ્યલ પોલીસ એસ્ટાબ્લીસમેન્ટ એક્ટ 1946 અંતર્ગત શક્તિઓ મળેલ છે .
- CBI તાલીમ કેન્દ્ર : : નવી દિલ્હી
- CBI અકાદમી : ગાજિયાબાદ (ઉત્તરપ્રદેશ)
- આદર્શ વાક્ય : ઉધમ , નિષ્પક્ષતા અને પ્રામાણિકતા

TEACHING KISHAN

- CBI માં એક ડિરેક્ટર હોય જે જેની નિમણુંક કેન્દ્ર સરકાર દ્વારા સમિતિની ભલામણથી થાય છે.
- સમિતિ : પ્રધાનમંત્રી , લોકસભાના વિપક્ષના નેતા , સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અથવા એમના દ્વારા નિમાયેલા સુપ્રીમ કોર્ટના અન્ય ન્યાયાધીશ
- CBI ના સંગઠનો

1. ભ્રષ્ટાચાર નિરોધક શાખા
2. આર્થિક અપરાધ શાખા
3. વિશેષ અપરાધ શાખા
4. નીતિગત તથા આંતરાષ્ટ્રીય પોલીસ સહકાર શાખા
5. વહીવટી શાખા
6. અભિયોગ શાખા
7. કેન્દ્રીય ફોરેન્સિક વિજ્ઞાન પ્રયોગશાળા

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

કાર્યો અને શક્તિઓ

1. દેશના બંધારણ તથા કાયદાની રક્ષા કરવી અને તેના માટે ઊંડી તપાસ કરીને ગુનાઓને નિષ્ફળ બનાવવા.
2. કેન્દ્ર સરકારમાં કોઈ પણ કર્મચારી વિરુદ્ધ ભ્રષ્ટાચાર , લાંચ, અને ગેરવર્તન ના કેસોની તપાસ કરવી.
3. કેન્દ્ર અને રાજ્ય વહીવટમાં ભ્રષ્ટાચાર રોકવા તથા ઈમાનદારી બનાવી રાખવાનું.
4. રાજ્યસરકારની દરખાસ્ત પર જાહેર હિતને લગતા કોઈ કેસની તપાસ કરવી.
5. ભ્રષ્ટાચાર રોકવા લોકપાલ અને CVC (કેન્દ્રીય તકેદારી આયોગ) ને મદદ કરે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

2. NITI આયોગ (National Institution for Transforming India)

- સ્થાપના : 1 જાન્યુઆરી 2015 (કેન્દ્રીય કારોબારી પ્રસ્તાવ દ્વારા "આયોજન પંચ" ના સ્થાને)
- કાયદો : કાયદાકીય સંસ્થા નથી કારોબારી સંસ્થા છે.
- હેતુ : : કેન્દ્ર અને રાજ્ય વચ્ચે સંઘાત્મક સંબંધોને વધુ મજબૂત કરવા માટે યોજના આયોગના સ્થાને નીતિ આયોગની રચના કરવામાં આવી.
- મુખ્યાલય : નવી દિલ્હી
- અધ્યક્ષ : પ્રધાનમંત્રી હોદ્દાની રૂ એ

TEACHING KISHAN

રચના

1. અધ્યક્ષ : પ્રધાનમંત્રી
2. ઉપાધ્યક્ષ : સચિવ કક્ષાના મંત્રી (વડાપ્રધાન દ્વારા નિમણુંક)
3. CEO : IAS અધિકારી (સચિવ કક્ષાનો હોદ્દો ધરાવતો હોવો જોઈએ)
4. સભ્યો : દરેક રાજ્યના મુખ્યમંત્રી અને કેન્દ્રશાસિત પ્રદેશના ઉપરાજ્યપાલ
5. હોદ્દની રૂએ 4 કેન્દ્રીય મંત્રી : ગૃહમંત્રી , નાણામંત્રી , સંરક્ષણમંત્રી , કૃષિ મંત્રી
6. 3 કાયમી સભ્યો : જે તે વિષયના વિશેષજ્ઞ
7. 3 આમંત્રિત મહેમાનો : નીતિ આયોગના કાર્યક્ષેત્ર સબંધિત વિશેષ જ્ઞાન ધરાવતા વ્યક્તિને પ્રધાનમંત્રી આમંત્રિત કરે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

કાર્યો અને શક્તિઓ

1. આંતરાજ્ય પરિષદના આધારે સંઘ અને રાજ્ય વચ્ચે પરસ્પર સહકારિકતા સાધશે.
2. લાંબાગાળાની યોજના બનાવી અને તેના અમલીકરનું કામ કહેશે.
3. ગ્રામીણ સ્તર પર વિશ્વસનીય યોજના તૈયાર કરવા તંત્રને વિક્સિત કરવું.
4. સમાજના એવા વર્ગો પર ધ્યાન આપવું જે આર્થિક પ્રગતિ માટે પ્રયાપ્ત લાભથી વંચિત રાખવામાં આવ્યા છે.
4. રાષ્ટ્રીય , આતરરાષ્ટ્રીય વિશેષજ્ઞો , ડોક્ટરો અને અન્ય સહયોગી સમુદાયના માધ્યમથી જ્ઞાન , નવનિતા અને ઉદ્યમશીલતા પ્રણાલી બનાવવી.
5. ટેકનોલોજીને વધુ વિકસિત કરતા કાર્યક્રમો અને પ્રોગ્રામોનો વિકાસ કરવા ક્ષમતા નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરવું.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

3. રાષ્ટ્રીય વિકાસ પરિષદ (National Development Council)

- સ્થાપના : 6 ઓગસ્ટ 1952 ("આયોજન પંચ" ની સલાહ્કારી સંસ્થા)
- હેતુ : : યોજના પંચ (હાલ નીતિ આયોગને) ને મદદ કરવા અને રાષ્ટ્રીય યોજના બનાવવા માટે દિશા નિર્દેશો નક્કી કરવા..
- મુખ્યાલય : નવી દિલ્હી
- અધ્યક્ષ : પ્રધાનમંત્રી હોદ્દાની રૂ એ
- સભ્યો : બધા જ કેબિનેટ મંત્રીઓ

TEACHING KISHAN

અન્ય નિયમનકારી સંસ્થાઓ

1. ભારતીય દુરસંચાર નિયમન પ્રાધિકરણ
(TRAI : Telecom Regulatory Authority of India)

- સ્થાપના : 1997
- કાયદો : TRAI act 1997
- હેતુ : ભારતીય ટેલિકોમ સેવાઓના વિકાશ અને તેનું નિયમન કરવું

2. ભારતીય પ્રતિભૂતિ અને વિનિમય બોર્ડ
(SEBI : Securities and Exchange Board of India)

- સ્થાપના : 1988
- કાયદો : SEBI act 1992
- HQ : મુંબઈ

TEACHING KISHAN

લોકપાલ અને લોકાયુક્ત

- ભારતના સામાન્ય નાગરિકને ભ્રષ્ટાચારના કારણે પડતી મુશ્કેલીઓને દૂર કરવા માટે બનાવેલી ગૈર બંધારણીય સંસ્થા કેન્દ્રમાં લોકપાલ અને રાજ્યમાં લોકાયુક્ત કરીકે ઓળખાય છે .
- ભારતમાં લોકપાલનો સૌપ્રથમ ઉપયોગ તત્કાલીન સંસદ સભ્ય "લક્ષ્મીમલ સિંઘવી" દ્વારા કરવામાં આવ્યો હતો.આગળ જતા મોરારજી દેસાઈની અધ્યક્ષતામાં રચાયેલી "વહીવટી સુધારા આયોગે" (1966 - 1970) લોકપાલ અને લોકાયુક્તની નિમણુંક કરવાની ભલામણ કરી.
- ઈ.સ 1968 થી ભારતના લોકપાલ અને લોકાયુક્ત બનાવવા માટેના બિલ સંસદમાં 10 વખત રજુ થઈ ચુક્યા છે.
- આખરે "લોકપાલ અને લોકાયુક્ત બિલ 2013" સંસદના બંને ગૃહ માંથી મંજૂરી મળ્યા બાદ 1 જાન્યુઆરી 2014 ના રોજ રાષ્ટ્રપતિની મંજૂરી મળતા કાયદો બન્યો.

TEACHING KISHAN

લોકપાલ

- હેતુ : લોકપાલ એ કેન્દ્રના ઉચ્ચ અધિકારીઓ દ્વારા કરવામાં આવતા ભ્રષ્ટાચારની ફરિયાદ સાંભળવા તેમજ તેના પર કાર્યવાહી કરવા માટે બનાવેલ છે.
- ધ્યેય વાક્ય : मा गृधः कस्यस्विद्धनम (કોઈની સંપત્તિની લાલચ કરવી નહિ)
- આ ધ્યેય વાક્ય "ઈશોપનિષદ" ના પ્રથમ શ્લોકના એક ભાગમાંથી લેવામાં આવ્યું છે
- મુખ્યાલય : નવી દિલ્હી

- પ્રથમ લોકપાલ : પિનાકી ચંદ્ર ઘોષ (March 2019)
- અત્યારે લોકપાલ : પ્રદીપ કુમાર મોહંતી (May 2022)

TEACHING KISHAN

સભ્યો

- લોકપાલ કુલ 9 સભ્યોનું બનેલું છે જેમાં એક અધ્યક્ષ અને 8 સદસ્યો હોય છે.
- આ 8 સભ્યોમાં 4 જ્યુડિશિયલ અને 4 નોન જ્યુડિશિયલ સદસ્યોની નિમણુંક કરવામાં આવે છે.
- લોકપાલના સદસ્યો માંથી 50% સદસ્યો અનુસૂચિત જાતિ , અનુસૂચિત જનજાતિ , પછાત વર્ગ , લગુમતી વર્ગ અને મહિલા હોવા જોઈએ.

નિમણુંક

- લોકપાલ અને તેના સભ્યો ની નિમણુંક રાષ્ટ્રપતિ દ્વારા સિલેક્શન કમિટીની ભલામણ અનુસાર કરવામાં આવે છે.

TEACHING KISHAN

સિલેક્શન કમિટી

1. ભારતના વડાપ્રધાન (અધ્યક્ષ)
2. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અથવા એમના દ્વારા નીમેલા સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ ન્યાયાધીશ
3. લોકસભાના વિપક્ષના નેતા
4. લોકસભાના સ્પીકર (અધ્યક્ષ)
5. કાયદાશાસ્ત્રી જેને ઉપરોક્ત ચાર સભ્યોની સલાહ અનુસાર રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્તિ કરવામાં આવે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

લાયકાત

- અધ્યક્ષ અને સભ્યોની ઓછી ઉંમર 45 વર્ષ હોવી જોઈએ.
- અધ્યક્ષ : ભારતના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ હોય અથવા સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ રહ્યા હોય અથવા સમાજ માટે ઉત્કૃષ્ટ કાર્ય કરનાર પ્રતિષ્ઠિત વ્યક્તિ હોવા જોઈએ કે જેમને ભ્રષ્ટાચાર નીતિ , જાહેર વહીવટ , ફાઇનાન્સ , ઈન્સ્યોરન્સ , બેન્કિંગ , કે મેનેજમેન્ટ માં ઓછામાં ઓછા 25 વર્ષોનો અનુભવ હોય
- જુયુડીશિયલ સદસ્યો : સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ રહ્યા હોય અથવા હાઈકોર્ટના ન્યાયાધીશ રહ્યા હોય.
- નોન જ્યુડિશિયલ સભ્યો : લોકપ્રશાસન , ભ્રષ્ટાચાર વિરોધી નીતિ , તકેદારી અને વ્યવસ્થા ક્ષેત્રે મહત્તમ 25 વર્ષનો અનુભવ

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

શપથ

- લોકપાલના અધ્યક્ષને "રાષ્ટ્રપતિ" દ્વારા શપથ લેવડાવવામાં આવે છે.
- લોકપાલના સભ્યોને લોકપાલના અધ્યક્ષ દ્વારા શપથ લેવડાવવામાં આવે છે.

કાર્યકાળ

- તેમનો કાર્યકાળ 5 વર્ષ કે 70 વર્ષ બંને માંથી જે પહેલા થાય ત્યાં સુધીનો રહેશે.

પગાર

- લોકપાલના અધ્યક્ષ નો પગાર સુપ્રીમકોર્ટના મુખ્ય ન્યાયાધીશ જેટલો અને સભ્યો નો પગાર સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જેટલો હોય છે.
- પગાર ભારતની સંચિત નિધિમાંથી આપવામાં આવે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

લોકપાલને હોદ્દા પરથી દૂર કરવાની પ્રક્રિયા

- રાષ્ટ્રપતિ લોકપાલ ના અધ્યક્ષ કે સભ્યો દ્વારા થયેલા ગુના સામે સુપ્રીમ કોર્ટ તાપસ કરે છે અને સુપ્રીમ કોર્ટ તાપસ ના અંતે લોકપાલના અધ્યક્ષ કે સભ્યો ને પોતાના પદ થી દૂર કરી શકે છે.
- આવો પ્રસ્તાવ લાવવા માટે સંસદ ના બંને ગૃહના ભેગા 100 સભ્યો નું સમર્થન અનિવાર્ય છે.

લોકપાલના અધ્યક્ષનું મૃત્યુ થાય તો

- લોકપાલના અધ્યક્ષનું મુત્યુ થાય કે રાજીનામુ આપે તો રાષ્ટ્રપતિ લોકપાલના અન્ય સદસ્યોમાંથી વરિષ્ઠ સદસ્યને કાર્યકારી અધ્યક્ષ બનાવે છે.

TEACHING KISHAN

લોકપાલ અને લોકાયુક્ત અધિનિયમ 2013 અંતર્ગત જોગવાઈ

1. અધિનિયમ લાગુ થયાના 1 વર્ષની અંદર દરેક રાજ્યની વિધાનસભા દ્વારા લોકાયુક્તની નિમણુંક કરવાની રહેશે.
2. લોકપાલના તપાસ કાર્યક્ષેત્ર અંતર્ગત વડાપ્રધાન , કેબિનેટ મંત્રી , સંસદના સભ્યો , કેંદ્રસરકારના તમામ અધિકારીઓ અને કર્મચારીઓનો સમાવેશ થશે.
3. વડાપ્રધાન ના આતરરાષ્ટ્રીય સબંધો , સુરક્ષા , જાહેર વ્યવસ્થા , અણુઉર્જા , અવકાશ સાથે સબંધિત બાબતો લોકપાલના કાર્યક્ષેત્રની બહાર રહેશે.
4. સંસદના સભ્યો દ્વારા સંસદમાં કહેલ બાબતો અને મત પણ લોકપાલના અધિકાર ક્ષેત્રની બહાર રહેશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

5. નિયમ અનુસાર જે સંગઠનો કેન્દ્ર પાસેથી 1 કરોડ કે વધારે સરકારી અનુદાન અથવા 10 લાખથી વધારે રૂપિયા મેળવતી સંસ્થાઓ લોકપાલના તપાસ કારક્ષેત્રની અંદર આવશે.
6. જૂઠી , ખોટી કે હેરાન કરવાના તાત્પાર્યથી કરવામાં આવેલી ફરિયાદો પાર ફરિયાદીને વધુમાં વધુ 1 વર્ષ ની અથવા 1 લાખ સુધીનો દંડ થઈ શકે છે.
5. લોકપાલ જો કેસ CBI ને આપ્યો છે તો CBI ના તપાસ અધિકારી ની બદલી લોકપાલની મંજૂરી વિના થઈ શકે નહિ.
8. લોકપાલની "ઈંકવાયરી વિંગ" ને સિવિલ કોર્ટની સત્તા આપવામાં આવેલ છે
9. લોકપાલ ભ્રષ્ટાચારના આરોપમાં જોડાયેલા જાહેર સેવકની બદલી , અથવા સસ્પેન્ડ કરવાની ભલામણ કરી શકે છે..

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

લોકપાલ અને લોકાયુક્ત અધિનિયમ 2016 (સુધારો)

1. આ બિલ સંસદમાં જુલાઈ 2016 માં પસાર કરવામાં આવ્યું .
2. આ અંતર્ગત 2013 ના અધિનિયમ ની કલમ 44 માં સુધારો કર્યો કે સરકારી સેવામાં જોડાતા દરેક જાહેર સેવકોના પદ ગ્રહણ કાર્યના 30 દિવસની અંદર બધીજ સંપત્તિ , દેવાદારી , લેણદારી ની માહિતી આપવાની રહશે.
3. ટ્રસ્ટીઓ અને બોર્ડના સભ્યોને 1 કરોડથી વધુનું સરકારી ભંડોળ અથવા 10 લાખથી વધુનું વિદેશી ભંડોળ પ્રાપ્ત થાય છે તો આ કિસ્સામાં તેમની સંપત્તિ અમુક સમય અંતરાલમાં જાહેર કરવાની રહશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

લોકાયુક્ત

- જે રીતે કેન્દ્ર સરકારમાં ભ્રષ્ટાચાર રોકવા લોકપાલ છે એ રીતે દરેક રાજ્યની સરકારમાં ભ્રષ્ટાચાર રોકવા લોકાયુક્ત ની નિમણુંક કરવામાં આવે છે.
- ભારતમાં સૌપ્રથમ લોકાયુક્ત માટેનો કાયદો બનાવનાર રાજ્ય ઓડિશા (1970) હતું પરંતુ ત્યાં લોકાયુક્ત ની નિમણુંક 1983 માં કરવામાં આવી હતી.
- ભારતમાં સૌપ્રથમ લોકાયુક્તની નિમણુંક ઈ.સ 1971 માં મહારાષ્ટ્રમાં કરવામાં આવી હતી.
- લોકાયુક્તના કાર્યક્ષેત્રમાં મુખ્યમંત્રી , રાજ્ય કેબિનેટ મંત્રી, વિધાનસભાના સભ્યો તેમજ બધાજ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓનો સમાવેશ થાય છે.

TEACHING KISHAN

- ભારતમાં લોકાયુક્તનો કાયદો બનાવનાર ગુજરાત 11 મુ રાજ્ય છે જેને 1986 માં ગુજરાત વિધાનસભામાંથી લોકાયુક્ત કાયદો પસાર કર્યો અને પ્રથમ લોકાયુક્ત ની નિમણુંક 1988 માં કરવામાં આવી.
    - ગુજરાતના પ્રથમ લોકાયુક્ત : ડી . એચ શુક્લ (1988 – 1993)
    - ગુજરાતના વર્તમાન લોકાયુક્ત : રાજેશ એચ શુક્લા (2020 - 2025)
- દરેક રાજ્યમાં લોકાયુક્ત ની રચના સરખી નથી. રાજસ્થાન , કર્ણાટક , મહારાષ્ટ્ર જેવા રાજ્યમાં લોકાયુક્ત ની સાથે ઉપલોકાયુક્ત પણ બનાવવામાં આવ્યા . જયારે બિહાર , ઉત્તર પ્રદેશમાં માં માત્ર લોકાયુક્ત જ છે.

TEACHING KISHAN

લોકાયુક્ત આયોગ અધિનિયમ 2013 જોગવાઈ

- લોકાયુક્તમાં 5 સભ્યો રહેશે જેમાં એક લોકાયુક્ત અને 4 ઉપલોકાયુક્ત રહેશે.
- મુખ્ય લોકાયુક્ત તરીકે સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટના નિવૃત ન્યાયાધીશ રહેશે.
- ઉપલોકાયુક્તમાં 2 સભ્યો ન્યાયિક ક્ષેત્રમાંથી જે હાઈકોર્ટના નિવૃત ન્યાયધીશ હશે.
- બાકીના 2 સભ્યો વહીવટી અર્થાત રાજ્ય સચિવ સ્તર ના અધિકારીઓ (IAS) ની નિમણુંક કરવામાં આવશે.
- મુખ્ય લોકાયુક્ત અને 4 ઉપલોકાયુક્તની નિમણુંક રાજ્યપાલ દ્વારા મુખ્યમંત્રીની અધ્યક્ષતાવાળી સમિતિની ભલામણ અનુસાર કરવામાં આવશે. રાજીનામુ પણ રાજ્યપાલને સંબોધીને આપશે.

TEACHING KISHAN

- સમિતિ માં 6 સભ્યો હશે .

1. મુખ્યમંત્રી (અધ્યક્ષ)
2. વિધાનસભાના અધ્યક્ષ
3. વિધાનસભાના વિપક્ષના નેતા
4. મંત્રી (મુખ્યમંત્રી નક્કી કરે તે)
5. રાજ્ય તકેદારી આયોગ ના અધ્યક્ષ
6. હાઈકોર્ટના એક ન્યાયાધીશ

કાર્યકાળ

- લોકાયુક્તનો કાર્યકાળ 5 વર્ષ કે 72 વર્ષ જે વહેલા પૂરો થાય ત્યાં સુધી

TEACHING KISHAN

લોકાયુક્ત ના કાર્ય અને શક્તિઓ

1. તે મુખ્યમંત્રી સહીત તમામ મંત્રીઓ સામે ફરિયાદ લઇ તપાસ કરી શકે છે.
2. તે સરકારના તમામ વર્ગના અધિકારીઓ અને કર્મચારીઓ , સ્થાનિક સત્તામંડળો , યુનિવર્સીટી , બોર્ડ અથવા કોર્પોરેશન નો સમાવેશ લોકાયુક્તના કાર્યક્ષેત્રમાં આવશે.
3. લોકાયુક્તની સંપૂર્ણ તપાસ ખાનગી કરવામાં આવશે આ બાબતે મીડિયા પર સંપૂર્ણ પ્રતિબંધ છે.
4. લોકાયુક્તમાં 5 વર્ષથી વધારે જૂની ફરિયાદોની તપાસ કરી શકશે નહિ.
5. ખોટી ફરિયાદ કરનાર પર શિક્ષાત્મકાંતક પગલાં લેવામાં આવશે.
6. લોકાયુક્તના રિપોર્ટ અનુસાર રાજ્ય મંત્રીમંડળ ચોક્કસ સમયમર્યાદાના પગલાં લેશે

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

રાજભાષા

- ભારતની આઝાદી પહેલા "રાજભાષા" શબ્દનો ઉલ્લેખ જોવા મળતો નથી.
- સૌપ્રથમ 1949 માં "શ્રી રાજગોપાલાચારી" એ ભારતીય બંધારણ સભામાં "નેશનલ લેંગ્વેજ" અને "સ્ટેટ લેંગ્વેજ" શબ્દનો પ્રયોગ કર્યો. જેનો ઉપદેશ હતો કે રાષ્ટ્રીય ભાષા અને રાજભાષા માં તફાવત રહે .
- ભારતીય સંવિધાન સભાની કાર્યવાહીનું હિન્દી રૂપાંતરણ માં સ્ટેટ લેંગ્વેજ નું ભાષાંતરણ "રાજભાષા" કરવામાં આવ્યું છે.
- આ સંદર્ભમાં રાજભાષાનો અર્થ રાજા (શાસક) અથવા રાજ્ય (સરકાર) દ્વારા અધિકૃત ભાષા જે બંધારણ દ્વારા સરકારી કામકાજ પ્રસાશન , સંસદ અને વિધાનમંડળ તથા ન્યાયતંત્ર માટે માન્ય ભાષા.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

બંધારણીય જોગવાઈ

- ભારતના બંધારણ માં ભાગ 17 ના અનુચ્છેદ 343 થી અનુચ્છેદ 351 માં રાજભાષા સબંધિત જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત અનુસૂચિ 8 માં બંધારણ માન્ય ભાષાની જોગવાઈ કરવામાં આવી છે.
- અત્યારે ભારતના બંધારણ માં 22 ભાષાઓને રાજભાષાના રૂપમાં માન્યતા પ્રાપ્ત છે.

1. અસમિયા
2. બંગાળી
3. ગુજરાતી
4. હિન્દી
5. કન્નડ
6. કાશ્મીરી
7. મલયાલમ
8. મરાઠી
9. ઉડિયા
10. પંજાબી
11. સંસ્કૃત
12. તમિલ
13. તેલુગુ
14. ઉર્દુ
15. સિંધી
16. કોંકણી
17. મણિપુરી
18. નેપાળી
19. મૈથિલી
20. બોડો
21. સંથાલી
22. ડોંગરી

TEACHING KISHAN

અનુચ્છેદ 343 : રાજભાષા ની જોગવાઈ

- સંઘની સત્તાવાર ભાષા હિન્દી તથા લિપ દેવનાગરી રહેશે.
- બંધારણ લાગુ થયા પહેલા જે હેતુથી અંગ્રેજી ભાષાનો ઉપયોગ થતો હતો તે હેતુ માટે સંવિધાન લાગુ થયા પછી 15 વર્ષ સુધી અંગ્રેજી ભાષાનો ઉપયોગ રહશે. પરંતુ સંસદે રાજભાષા અધિનિયમ 1963 પસાર કરી સરકારી કાર્યોમાં અંગ્રેજી ભાષાનો ઉપયોગ અનિશ્ચિત કાળ સૂચિ ચાલુ રાખ્યો
- સંસદ કાયદો બનાવી ને જોગવાઈ ન કરે ત્યાં સુધી સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટની ભાષા અંગ્રેજી રહેશે.તથા સંસદ અને વિધાનમંડળ ના કાયદા પણ અંગ્રેજીમાં રહેશે.
- આ સમયગાળામાં રાષ્ટ્રપતિ અંગ્રેજીની સાથે હિન્દી ભાષાને પણ અધિકૃત કરી શકે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 344 : ભાષા આયોગ

- અનુચ્છેદ 344 અનુસાર રાષ્ટ્રપતિ બંધારણ લાગુ થયાના 5 વર્ષ પછી અને ત્યારબાદ 10 વર્ષ બાદ હુકમ દ્વારા ભાષા આયોગની રચના કરવામાં આવશે.
- આ આયોગ રાષ્ટ્રપતિ ને ભાષા સબંધિત કેટલાક વિષયોમાં સલાહ આપશે.
- આ ભાષા આયોગમાં એક અધ્યક્ષ અને અનુસૂચિ 8 પ્રમાણે તજજ્ઞોનો સમાવેશ થશે.
- આ આયોગ પોતાનો અહેવાલ રાષ્ટ્રપતિ ને સોંપશે.
- પ્રથમ ભાષાપંચ : 1955 માં બી .જી ખેરની અધ્યક્ષતામાં

TEACHINGKISHAN

Follow us On @teaching_kishan

ભાષા આયોગના કાર્યો

1. સંઘના સત્તાવાર કાર્યો માટે હિંદી ભાષાનો વધુ ઉપયોગ અને અંગ્રેજી ભાષાના ઉપયોગ પર પ્રતિબંધ
2. સંઘ અને રાજ્ય વચ્ચે સંદેશા વ્યવહારની ભાષા
3. આ યોગના અહેવાલની તાપસ માટે એક સમિતિ બનાવવામાં આવશે જેમાં 30 સદસ્યો હશે જેમાં 20 લોકસભાના અને 10 રાજ્યસભાના સદસ્યો હશે .

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

રાજભાષની જોગવાઈ 4 બાબતોમાં વહેંચાયેલી છે.

- પ્રાદેશિક ભાષા
- સંઘની ભાષા
- SC અને HC ની ભાષા
- ભાષા સબંધિત વિશેષ જોગવાઈ

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

પ્રાદેશિક ભાષા (રાજ્યોની રાજભાષા)

- અનુચ્છેદ 345 અંતર્ગત રાજ્યના વિધાનમંડળ દ્વારા રાજ્યમાં વપરાતી એક અથવા એક થી વધુ ભાષાઓ અથવા હિંદીને રાજભાષા તરીકે સ્વીકારી શકાય છે.પરંતુ જ્યાં સુધી આમ ન થાય ત્યાં સુધી રાજ્ય માટે રાજભાષા અંગ્રેજી રહેશે.
- મોટાભાગના રાજ્યો એ પોતાની પ્રાદેશિક ભાષાને રાજભાષા સ્વીકારી છે અને જરૂરી નથી કે રાજ્યની રાજભાષા અનુસૂચિ 8 અંતર્ગત દર્શાવેલી જ ભાષા હોય.
- કેન્દ્ર - રાજ્ય વચ્ચે કે રાજ્ય-રાજ્ય વચ્ચે પત્રવ્યવહાર અંગ્રેજી ભાષામાં થશે તેમ છતાં બે રાજ્યો કે તેથી વધુ રાજ્યો તેમના વચ્ચે હિન્દીને પત્રવ્યવહારની ભાષા તરીકે રાખી શકે છે.

TEACHING KISHAN

ન્યાયતંત્ર અને કાયદાની ની ભાષા

- અનુચ્છેદ 348 : જ્યાં સુધી સંસદ વ્યવસ્થા ના કરે ત્યાં સુધી સર્વોચ્ચ અદાલત અને ઉચ્ચ અદાલતની તમામ કામગીરી અંગ્રેજી ભાષામાં થશે.
- છતાં કોઈ રાજ્યના રાજ્યપાલ દ્વારા રાષ્ટ્રપતિ ની પૂર્વમંજૂરી સાથે વડી અદાલતની કાર્યવાહી હિન્દી અથવા તે રાજ્યની પ્રાદેશિક ભાષામાં કરી શકે પરંતુ આ ભાષા હાઈકોર્ટના ચુકાદા , હુકમો કે જાહેરનામાને લાગુ નથી પડતી.
- રાજ્ય વિધાનમંડળ રાજ્યના કાયદા , અધિનિયમો , વટહુકમો , આદેશો , નિયમો વગેરે માટે અંગ્રેજી સિવાયની કોઈ ભાષા વાપરી શકે છે પરંતુ તેમના અંગ્રેજી ભાષાંતર પણ જાહેર કરવાના રહશે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

ભાષાકીય રીતે લઘુમતિઓનું હિત

- દરેક વ્યક્તિ સંઘ કે રાજ્યના કોઈ પણ અધિકારી કે સત્તામંડળ સમક્ષ પોતાની ઈચ્છા મુજબની કોઈ પણ ભાષામાં રજૂઆત કરી શકે છે.
- ભાષાકીય રીતે લઘુમતી સમુદાયોના બાળકોને શિક્ષણની પ્રાથમિક કક્ષાએ તેમની માતૃભાષામાં શિક્ષણ મળી રહે એની વ્યવસ્થા કરાવી. આ માટે રાષ્ટ્રપતિ દ્વારા રાજ્યને જરૂર જણાય તેવા આદેશો આપી શકે છે .
- આ ઉપરાંત ભાષાકીય લઘુમતીઓ માટે એક ખાસ અધિકારી રહેશે જેમની નિમણુંક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવશે . આ અધિકારી રાષ્ટ્રપતિ ના આદેશ અનુસાર અહેવાલ તૈયાર કરે છે. જેને રાષ્ટ્રપતિ સંસદમાં મૂકે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

શાસ્ત્રીય ભાષા

- ભારત સરકારે વર્ષ 2004 માં શાસ્ત્રીય ભાષાની એક શ્રેણી જાહેર કરવાની શરૂઆત કરી.
  1. આ ભાષા ઓછામાં ઓછી 1500 વર્ષ જૂની હોવી જોઈએ.
  2. તેનું સાહિત્ય પ્રાચીન હોવું જોઈએ.
  3. 1500 થી 2000 વર્ષ જુના ગ્રંથોમાં એનો ઈતિહાસ લખાયેલો હોવો જોઈએ તેમજ પેઢી દર પેઢી વક્તાઓ દ્વારા તેની સંભાળ લેવામાં આવી હોય.
  4. આ ભાષા અન્ય સમુદાય પાસેથી ઉધાર લેવામાં ન આવી હોય
- આ રીતે 2004 માં સૌપ્રથમ વખત શાસ્ત્રીય ભાષાનો દરજ્જો મેળવનાર "તમિલ" ભાષા હતી.
- અત્યારે 6 ભાષાને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો મળ્યો છે.

TEACHING KISHAN

1) 2004 : તમિલ 2) 2005 : સંસકૃત 3) 2008 : તેલુગુ 4) 2008 : કન્નડ

5) 2013 : મલયાલમ 6) 2014 : ઉડિયા

શાસ્ત્રીય ભાષાનો દરજ્જો મળવાથી થતા લાભ

1. જે ભાષાને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો મળ્યો હોય તે ભાષાનો વ્યાપ વધારવા માટેના કેન્દ્રો સ્થાપવા માટે નાણાકીય સહાય કરવામાં આવશે.
2. આ ઉપરાંત વિશ્વ વિદ્યાલયો પણ અનુદાન આયોગ ને વિનંતી કરે છે કે કેન્દ્રીય વિશ્વવિદ્યાલયમાં શાસ્ત્રીય ભાષાના અધ્યન માટે નિશ્ચિત સંખ્યામાં પીઠ સ્થાપવા માટે મદદ કરે જેના દ્વારા શાસ્ત્રીય ભાષાના વિદ્વાનો તૈયાર કરી શકાય.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

ત્રિભાષા ફોર્મ્યુલા

- વૈજ્ઞાનિક ડો કસ્તુરી રંગનની અધ્યક્ષતા વાળી સમિતિએ તૈયાર કરેલ રાષ્ટ્રીય શિક્ષા નીતિ 2019 હેઠળ ત્રિભાષા ફોર્મ્યુલા સ્વીકારવાની ભલામણ કરવામાં આવી.

1. **પ્રથમ ભાષા :** આ ભાષા માતૃભાષા કે પ્રાદેશિક ભાષા હોય
2. **દ્વિતીય ભાષા :** હિન્દી ભાષી રાજ્યમાં અંગ્રેજી અથવા અન્ય આધુનિક ભાષા હશે અથવા હિન્દી ભાષી રાજ્ય સિવાયના રાજ્યમાં હિન્દી અથવા અંગ્રેજી હશે.
3. **તૃતીય ભાષા :** હિન્દી ભાષી રાજ્યોમાં અંગ્રેજી અથવા અન્ય આધુનિક ભાષા ફરજીયાત ભાષા રહેશે અથવા હિન્દી સિવાયના રાજ્યમાં અંગ્રેજી અથવા ભારતીય આધુનિક ભાષા ફરજીયાત રહેશે.

TEACHING KISHAN

પક્ષપલટા વિરોધી ધારો

- જયારે કોઈ ગૃહની ચૂંટણી બાદ ચૂંટણીમાં વિજય બનેલ સભ્ય જયારે સત્તા ની લાલચ , રાજનૈતિક લાભ અથવા આર્થિક સુવિધા માટે એક રાજકીય પક્ષ માંથી બીજા પક્ષ માં જતા રહે છે આ ઘટનાને પક્ષપલટો કહે છે.
- આવા સભ્યોના પક્ષ બદલવાના કારણે રાજનૈતિક અસ્થિરતા ની સાથે પોતાના પક્ષ તેમજ પોતાના મતવિસ્તારની જનતાને કે જેમને વિશ્વાસ મુક્યો હતો તેની સાથે દગો કરતા હોય તેવું જણાઈ રહ્યું હતું.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

- આથી રાજીવગાંધીની સરકાર દરમિયાન 52 મોં બંધારણીય સુધારો 1985 માં પક્ષપલટા બદલ ગેરલાયક ઠરાવવાની જોગવાઈ કરવામાં આવી આ કાયદો "પક્ષાંતર વિરોધી કાયદો" તરીકે ઓળખાય છે.
- આ કાયદાની બંધારણમાં અનુચ્છેદ 102 (2) અને અનુસૂચિ 10 માં જોગવાઈ કરવામાં આવી છે.
- સંસદ અને વિધાનમંડળ માં ત્રણ પ્રકારના સદસ્યો હોય છે
    1. રાજકીય પક્ષ સાથે જોડાયેલા સભ્યો
    2. અપક્ષ સભ્યો
    3. નિમણુંક પામેલા સભ્યો
- પક્ષાંતર વિરોધી કાયદો સંસદ (લોકસભા અને રાજ્યસભા) અને વિધાનમંડળ (વિધાનસભા અને વિધાનપરિષદ) ના બંને ગૃહોના વર્તમાન સભ્યોને લાગુ પડે છે

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

ચૂંટાયેલા સભ્યોની ગેરલાયકાતો

રાજકીય પક્ષના સભ્ય

- કોઈ રાજકીય પક્ષમાંથી ચૂંટાયા બાદ સ્વેચ્છાએ પોતાના સભ્ય પદનો ત્યાગ કરે તો સભ્યપદ રદ થશે
- જે પક્ષ તરફથી ચૂંટાયાબાદ તે પક્ષના નિર્ણય વિરુદ્ધ મત કરે અને આ કૃત્ય બદલ 15 દિવસમાં માફી ન માંગે તો સભ્ય પદ રદ કરવામાં આવશે

અપક્ષ સભ્ય માટે

- અપક્ષમાંથી ચૂંટાયેલ સભ્ય જ્યારે કોઈ પક્ષ સાથે જોડાણ કરે તો સભ્ય પદ રદ કરવામાં આવશે

નિમણુંક પામેલા સભ્યો

- કોઈ ગૃહમાં નિમણુંક પામેલ સભ્ય નિમણુંક ના 6 માસ બાદ જો કોઈ પક્ષ સાથે જોડાય તો સભ્ય પદ રદ કરવામાં આવશે.

Follow us On @teaching_kishan

પક્ષનું વિભાજન અને વિલય

વિભાજન (SPLIT)

- જો કોઈ પક્ષના 1/3 સભ્યો પક્ષના આદેશના વિરુદ્ધમાં મતદાન કરે અથવા મતદાન પ્રક્રિયાથી દૂર રહે અથવા કોઈ નવો રાજકીય પક્ષ સ્થાપે તો તેને વિભાજન કહેવાય છે.
- આ રીતે વિભાજન દ્વારા કોઈ સદસ્ય પક્ષાંતર ધારા અંતર્ગત ગેરલાયક ઠરશે નહિ.

વિલય (MERGER)

- જો પક્ષના 2/3 કે તેનાથી વધુ સભ્યો કોઈ અન્ય રાજકીય પક્ષમાં જોડાય જાય તો તેને વિલય કહેવાય
- વિલય દ્વારા પણ કોઈ સદસ્ય પક્ષાંતર ધારા અંતર્ગત ગેરલાયક બનતો નથી.

Fol _kishan

ગેરલાયકાતમાંથી મુક્તિ

1.ગૃહના અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાવું

- જયારે કોઈ સભ્ય ગૃહના અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાય છે ત્યારેબાદ તે નિષ્પક્ષ પણે કાર્ય કરી શકે તે માટે પોતાના રાજકીય પક્ષનું સભ્યપદ છોડી દે છે તો પક્ષાંતર ધારા અંતર્ગત એમનું પદ રદ થશે નહિ.
- અહીં અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ પોતાના કાર્યકાળ પછી ફરીથી પોતાના રાજકીય પક્ષમાં જોડાઈ શકે છે.

2. અન્ય પક્ષ સાથે જોડાણ

- જયારે કોઈ સભ્ય પોતાનો રાજકીય પક્ષ છોડીને અન્ય પક્ષ સાથે જોડાય છે અને આવા જોડાણ ને જો તે રાજકીય પક્ષના 2/3 સભ્યો સમર્થન આપે તો તે સભ્યનું સભ્યપદ રદ નહી થાય.

TEACHING KISHAN

સદસ્યની અયોગ્યતાનો નિર્ણય

- પક્ષાંતર ધારા અંતર્ગત કોઈ સભ્ય ગેરલાયક છે કે નહિ તેનો અંતિમ નિર્ણય .
  - લોકસભામાં : લોકસભાના અધ્યક્ષ
  - રાજ્યસભામાં : રાજ્યસભાના અધ્યક્ષ
  - વિધાનસભામાં : વિધાનસભાના અધ્યક્ષ
  - વિધાનપરિષદમાં : વિધાનપરિષદના અધ્યક્ષ
  - ગૃહના અધ્યક્ષ વિરુદ્ધ : તે હેતુ માટે ચૂંટેલા તે ગૃહના સભ્ય દ્વારા
- શરૂઆતમાં આ અંગેનો અંતિમ નિર્ણય અધ્યક્ષ નો રહેલો હતો જેને અદાલતમાં પડકારી શકતો ન હતો પરંતુ 1993 ના "કીહોતા હોલોહન કેસ" ના સુપ્રીમ કોર્ટ ના નિર્ણય અનુસાર તેની ન્યાયિક સમીક્ષા થઈ શકે છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

પક્ષાંતર વિરોધી ધારાના ફાયદા અને ગેરફાયદા

ફાયદા	ગેરફાયદા
1. આ અધિનિયમ સદસ્યોની પક્ષપલ્ટા પ્રવૃત્તિ પર રોક લગાવે છે જેથી રાજનૈતિક સ્થિરતા જોવા મળે છે.	1. આ અધિનિયમ સદસ્યોની સ્વતંત્રતા પર રોક લગાવે છે જેનાથી વ્યક્તિના વિચારીને ઉદ્ભવમાં અસ્થિરતા જોવા મળે છે.
2. આ અધિનિયમ રાજનૈતિક દળોને બંધારણીય ઓળખાણ આપવાનો પ્રયત્ન કરે છે.	2. આ અધિનિયમ અપક્ષ અને પક્ષમાં રહેલા સદસ્ય વચ્ચે ભેદભાવ ઉભો કરે છે.
3. સંસદ અને વિધાનમંડળમાં રાજનૈતિક સ્તરે ભ્રષ્ટાચાર પર રોક લગાવે છે.	3. આ અધિનયમ સદસ્ય દ્વારા સંસદ કે વિધાનમંડળ ની બહાર કરેલા કાર્ય પર રોક લગાવી શકતો નથી.

વહીવટી ટ્રીબ્યુનલ (Administrative Tribunal)

- અર્થ : વહીવટી ટ્રિબ્યુનલ એટલે કેન્દ્ર અથવા રાજ્ય સરકારના સરકારી માળખા અંતર્ગત વહીવટી અધિકારોના કર્યો અને સત્તાઓ સંદર્ભે ઉદ્ભવતા વિવાદોના નિરાકરણ માટેની સત્તા અધિકરણ.
- વહીવટી ટ્રિબ્યૂનલો એ અર્ધ ન્યાયિક સંસ્થા છે.
- મૂળ બંધારણ માં વહીવટી ટ્રીબ્યુનલ ની કોઈ જોગવાઈ નથી. પરંતુ 42 મોં બંધારણીય સુધારો 1976 અંતર્ગત બંધારણમાં ભાગ 14 (A) ઉમેરવામાં આવ્યો અને આ ભાગમાં બે અનુચ્છેદ ઉમેરાયા અંનુચ્છેદ 323 (A) અને અનુચ્છેદ 323 (B)

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 323 (A) : કેન્દ્રીય વહીવટી ટ્રીબ્યુનલ ની સ્થાપનાની જોગવાઈ : CAT

- સંસદ દ્વારા કેન્દ્રીય વહીવટી ટ્રીબ્યુનલ ની સ્થાપના 1 નવેમ્બર 1985 ના રોજ કરવામાં આવી હતી.
- કેન્દ્રીય વહીવટી ટ્રીબ્યુનલ ની મુખ્ય શાખા "દિલ્હી" માં છે અને સિવાય અન્ય 16 શાખાઓ છે જેમાંથી ગુજરાતના અમદવાદમાં એક શાખા આવેલી છે.
- CAT કેન્દ્રમાં તથા રાજ્યોના સત્તામંડળો , અન્ય સરકારી અધિકારીની ભરતી તથા સેવા શરતો પર વાદ-વિવાદ નું નિર્ણયન કરી શકે છે.
- આ ઉપરાંત સંસદ દ્વારા HC તેમજ નીચલી અદાલતના વિવાદીત મુદ્દા પર નિર્ણય લેવા માટેના કેસને પણ વહીવટી ટ્રિબ્યૂનલને સોંપી શકે છે.
  પરંતુ SC માં ચાલતા અપીલીય કેશ ને સોંપી શકાય નહિ.

TEACHING KISHAN

- CAT ના અધિકાર ક્ષેત્રમાં અખિલ ભારતીય સેવાઓ , કેન્દ્રીય જાહેર સેવાઓ , કેન્દ્ર હેઠળના જાહેર હોદ્દાઓ અને સંરક્ષણ સેવાના કર્મચારીનો સમાવેશ થાય છે. પરંતુ આર્મી ,સંસદ કર્મચારી , SC ના અધિકારીઓ ને આવરી લેવામાં આવતા નથી.
- વર્તમાનમાં CAT માં 1 અધ્યક્ષ અને 16 ઉપાધ્યક્ષ અને 49 સભ્યો છે.
- નિમણુંક : રાષ્ટ્રપતિ દ્વારા (સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ દ્વારા નિમાયેલા કાર્યરત ન્યાયાધીશ ની અધ્યક્ષતા માં બનેલી સમિતિની ભલામણ ના આધારે + કેબિનેટ નિમણુંક સમિતિની મંજૂરી પછી)

TEACHING KISHAN

અનુચ્છેદ 323 (B) : રાજ્ય વહીવટી ટ્રીબ્યુનલ ની સ્થાપનાની જોગવાઈ : SAT

- સંસદ અને રાજ્ય વિધાનમંડળ પોતાના અધિકાર ક્ષેત્રમાં કાયદો પસાર કરી સબંધિત ટ્રિબ્યૂનલોનું ગઠન કરી શકે છે
- અત્યાર સુધી 9 રાજ્યમાં રાજ્ય વહીવટી ટ્રીબ્યુનલની સ્થાપના કરાઈ છે; આંધ્રપ્રદેશ , હિમનચાલ પ્રદેશ , ઓડિસા , કર્ણાટક , મધ્યપ્રદેશ , મહારાષ્ટ્ર , તામિલનાડુ , પશ્ચિમ બંગાળ , કેરળ
- બે રાજ્યોની સંયુક્ત વહીવટી ટ્રીબ્યુનલની રચના કરાવી શકાય છે
- નિમણુંક : રાષ્ટ્રપતિ (તે રાજ્યના રાજ્યપાલની સલાહ પછી)
- CAT અને SAT માં અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ HC ના વર્તમાન અથવા નિવૃત ન્યાયાધીશ હોય છે.

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

કાર્યકાળ

- CAT અને SAT ના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ નો કાર્યકાળ 5 વર્ષ અથવા 65 વર્ષ ઉમર જે વહેલા પૂરું થાય ત્યાં સુધીનો.
- સભ્યોનો કાર્યકાળ 5 વર્ષ કે 62 વર્ષ ઉમર બંને માંથી જે વહેલા પૂરું થાય ત્યાં સુધીનો રહેશે

TEACHING KISHAN

કર્યો અને સત્તાઓ

1. તે સરકારી કર્મચારીઓને નોકરીમાં ભરતી તથા સેવા શરતોને લગતા વિવાદોમાં ઝડપી અને ઓછા ખર્ચે ન્યાય અપાવે છે.
2. CAT એ કુદરતી ન્યાયના સિદ્ધાંતો પર કાર્ય કરે છે.
3. CAT ને પોતાની કાર્યવાહીમાં "સિવિલ પ્રોસિજર કોડ 1908" નું પાલન કરવાનું રહેતું નથી.
4. CAT માં અરજદાર માત્ર 50 Rs ની ફી ભરી અરજી કરી શકે છે. અહીં અરજદાર પોતે અથવા વકીલના માધ્યમથી અરજી કરી શકે છે.
5. પહેલા CAT ના નિર્ણય વિરુદ્ધ માત્ર SC માં જ અરજી થઈ શકતી હતી HC માં નહિ. પરંતુ 1997 માં ચંદ્રકુમાર કેસમાં SC એ જણાવ્યું કે ન્યાયિક સમીક્ષા એ બંધારણ ની મૂળ રચના છે આથી CAT ના નિર્ણય વિરુદ્ધ HC માં થશે

TEACHING KISHAN

323 A	323 B
1. 323A અંતર્ગર સંસદ દ્વારા કેન્દ્રીય ટ્રીબ્યુનલ ની રચના કરવામાં આવશે.	1. 323B અંતર્ગર સંસદ અથવા રાજયવિધાન મંડળ દ્વારા અન્ય ટ્રિબ્યૂનલોની રચના કરવામાં આવશે.
2. લોકસેવા સબંધિત બાબતોનો જ સમાવેશ થાય છે.	2. કર , વિદેશી મુદ્રા , ભૂમિ સુધારા , સંસદ અને રાજયવિધાનમંડળ ની ચૂંટણી , ઔદ્યોગિક અને શ્રમ , ભાડા અને ભાડુતી હકો , વગેરેનો સમાવેશ થશે.
3. 323 A અંતર્ગર એક કેન્દ્રમાં , દરેક રાજ્યમાં એક અથવા 2 રાજ્યો વચ્ચે એક ટ્રીબ્યુનલ રચવામાં આવતી.	3. 323 B પ્રમાણે ટ્રિબ્યૂનલોની રચના પદાનુક્રમ પ્રમાણે રચના કરવામાં આવશે

Follow us On @teaching_kishan

અગત્યના અનુચ્છેદ

યાદ રાખવાની ટ્રીક સાથે

TEACHING KISHAN

Follow us On @teaching_kishan

અગત્યના અનુચ્છેદ

ભાગ ૦1	
અનુચ્છેદ 01	ભારત એક રાજ્યનો બનેલો સંઘ છે
અનુચ્છેદ 02	બાહ્ય રાજ્યનો ભારતમાં પ્રવેશ અને રચના
અનુચ્છેદ 03	નવા રાજ્યનું નિર્માણ, ક્ષેત્ર, સીમા અને નામો માં પરિવર્તન

ભાગ ૦2	
અનુચ્છેદ 05	નાગરિકતા
અનુચ્છેદ 08	વિદેશમાં રહેતા ભારતીયને નાગરિકતા
અનુચ્છેદ 09	બીજા દેશની નાગરિકતાના સ્વીકાર પર ભારતની નાગરિકતા રદ

Follow us On @teaching_kishan

ભાગ 03 : મૂળભૂત અધિકારો

અનુચ્છેદ 12	રાજ્યની વ્યાખ્યા
અનુચ્છેદ 14	કાયદા સમક્ષ સમાનતા, કાયદાનું રક્ષણ
અનુચ્છેદ 17	"અસ્પૃશ્યતાને" ને નાબૂદ કરો
અનુચ્છેદ 18	ઉપાધિ નાબૂદ
અનુચ્છેદ 19 (a to g)	સ્વત્રંત્તાનો ઉલ્લેખ
અનુચ્છેદ 21	જીવન જીવવાનો અધિકાર
અનુચ્છેદ 21(A)	6 થી 14 વર્ષના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ
અનુચ્છેદ 22	ધડપકડ અને અટકાયત સામે રક્ષણ
અનુચ્છેદ 24	બાળમજૂરી (14 વર્ષથી નાના બાળકો)
અનુચ્છેદ 29	લઘુમતિઓના હિતોનું રક્ષણ
અનુચ્છેદ 32	બંધારણીય ઈલાજોનો અધિકાર

Follow us On @teaching_kishan

ભાગ 04 : રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

અનુચ્છેદ 39-A	સમાન ન્યાય અને મફત કાનૂની સહાય
અનુચ્છેદ 40	ગ્રામપંચાયત ની રચના
અનુચ્છેદ 43 B	સહકારી મંડળીઓ
અનુચ્છેદ 44	નાગરિકો માટે સરખો દીવાની કાયદો
અનુચ્છેદ 45	6 વર્ષ થી ઓછી વયના બાળકો માટે શિક્ષણ
અનુચ્છેદ 48	ખેતી અને પશુપાલન ની વ્યવસ્થા
અનુચ્છેદ 50	કારોબારી ને ન્યાયતંત્રથી અલગ રાખવાની જોગવાઈ

અનુચ્છેદ 51(A)	મૂળભૂત ફરજો

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 52 : રાષ્ટ્રપતિ	+ 101	અનુચ્છેદ 153 : રાજ્યપાલ
અનુચ્છેદ 54 : રાષ્ટ્રપતિ ની ચૂંટણી	+ 101	અનુચ્છેદ 155 : રાજ્યપાલ ની નિમણુંક
અનુચ્છેદ 55 : રાષ્ટ્રપતિ ચૂંટણીની રીત		
અનુચ્છેદ 61 : મહાભિયોગ પ્રક્રિયા		
અનુચ્છેદ 63 : ઉપરાષ્ટ્રપતિ		
અનુચ્છેદ 64 : ઉપરાષ્ટ્રપતિ પદની રૂએ રાજ્યસભાના સભાપતિ		
અનુચ્છેદ 72 : રાષ્ટ્રપતિ મુત્યુદંડ માફ કરી શકે	+ 89	અનુચ્છેદ 161 : રાજ્યપાલ સજા ઓછી કરી શકે
અનુચ્છેદ 111 : રાષ્ટ્રપતિ નો વિટો પાવર	+ 89	અનુચ્છેદ 200: રાજ્યપાલ નો વિટો પાવર

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 74: કેન્દ્ર મંત્રીપરિષદ ની જોગવાઈ	+89	અનુચ્છેદ 163: રાજ્ય મંત્રીપરિષદ ની જોગવાઈ
અનુચ્છેદ 75: કેન્દ્ર મંત્રીપરિષદ ની નિમણુંક (વડાપ્રધાન)	+ 89	અનુચ્છેદ 164: રાજ્ય મંત્રીપરિષદ ની નિમણુંક (મુખ્યમંત્રી)
અનુચ્છેદ 76 : એટર્ની જનરલ	+89	અનુચ્છેદ 165 : એડવોકેટ જનરલ
અનુચ્છેદ 79 : સંસદ	+89	અનુચ્છેદ 168 : રાજ્ય વિધાનમંડળ
અનુચ્છેદ 80 : રાજ્યસભા	+91	અનુચ્છેદ 171 : વિધાનપરિષદ
અનુચ્છેદ 81 : લોકસભા	+89	અનુચ્છેદ 170 : વિધાનસભા
		અનુચ્છેદ 169 :વિધાનપરિસદની રચના અને નાબુદી
અનુચ્છેદ 86 : રાષ્ટ્રપતિ નું ગૃહમાં સંબોધન	+89	અનુચ્છેદ 175 : રાજ્યપાલનું ગૃહમાં સંબોધન

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 89 : રાજ્યસભાના સભાપતિ અને ઉપસભાપતિ	+ 89	અનુચ્છેદ 178 : વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ
અનુચ્છેદ 93 : લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ	+ 89	અનુચ્છેદ 182 : વિધાનપરિષદના સભાપતિ અને ઉપસભાપતિ
અનુચ્છેદ 100: કેન્દ્રીય ગૃહમાં કોરમ	+ 89	અનુચ્છેદ 189: રાજ્ય ગૃહમાં કોરમ
અનુચ્છેદ 110 : નાણાં ખરડો	+ 89	અનુચ્છેદ 199 : રાજ્ય નાણાં ખરડો
અનુચ્છેદ 111 : રાષ્ટ્રપતિ ખરડાને અનુમતિ (વિટો પાવર)	+ 89	અનુચ્છેદ 200 : રાજ્યપાલ ખરડાને અનુમતિ (વિટો પાવર)
		અનુચ્છેદ 201 :રાજ્યપાલ ખરડાને રાષ્ટ્રપતિ માટે અનામત
અનુચ્છેદ 112 : કેન્દ્રીય બજેટ	+90	અનુચ્છેદ 202 : રાજ્ય બજેટ
અનુચ્છેદ 114 : વિનિયોગ ખરડો	+90	અનુચ્છેદ 204 : રાજ્ય વિનિયોગ ખરડો
અનુચ્છેદ 116 : લેખાનુદાન	+90	અનુચ્છેદ 206: રાજ્ય લેખાનુદાન

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 123 : રાષ્ટ્રપતિ નો વટહુકમ	☺	અનુચ્છેદ 213 : રાજ્યપાલનો વટહુકમ
અનુચ્છેદ 124 : સુપ્રીમ કોર્ટ	☺	અનુચ્છેદ 214 : હાઈકોર્ટ
અનુચ્છેદ 139 : સુપ્રીમકોર્ટ ને રીત બહાર પાડવાની સત્તા		અનુચ્છેદ 226 : હાઈકોર્ટને રીત બહાર પાડવાની સત્તા
અનુચ્છેદ 143 : રાષ્ટ્રપતિ સુપ્રીમ કોર્ટની સલાહ લઈ શકે		
અનુચ્છેદ 108 : બંને ગૃહની સંયુક્ત બેઠક		
અનુચ્છેદ 148 : CAG		

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 266 (1)	: કેન્દ્ર અને રાજ્યની સંચિત નિધિ
અનુચ્છેદ 266 (2)	: જાહેર હિસાબો
અનુચ્છેદ 267	: આકસ્મીત નિધિ

અનુચ્છેદ 352	: રાષ્ટ્રીય કટોકટી
અનુચ્છેદ 356	: બંધારણીય કટોકટી / રાજ્ય કટોકટી / રાષ્ટ્રપતિ શાસન
અનુચ્છેદ 360	: નાણાકીય કટોકટી

અનુચ્છેદ 243(A) to 243(O)	: પંચાયત
અનુચ્છેદ 243(P) to 243(ZG)	: નગરપાલિકા
અનુચ્છેદ 243(ZH) to 243(ZT)	: સહકારી મંડળી

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 330 : લોકસભાના SC ST નું અનામત
અનુચ્છેદ 331 : લોકસભાના એંગ્લો ઈન્ડિયન ની નિમણુંક
અનુચ્છેદ 332 : વિધાનસભામાં SC ST નું અનામત
અનુચ્છેદ 332 : વિધાનસભામાં એંગ્લો ઈન્ડિયન ની નિમણુંક

અનુચ્છેદ 341 : અનુસૂચિત જતીઓ
અનુચ્છેદ 342 : અનુસૂચિત જનજાતિઓ
અનુચ્છેદ 342 (A) : સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ

અનુચ્છેદ 338 : રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ
અનુચ્છેદ 338 (A) : રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગ
અનુચ્છેદ 338 (B) : રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગ

Follow us On @teaching_kishan

અનુચ્છેદ 250	: કટોકટી સમયે રાજ્યયાદી પર કાયદા બનાવવાની સંસદની સત્તા
અનુચ્છેદ 263	: આંતરરાજ્ય પરિષદ અંગે જોગવાઈ
અનુચ્છેદ 280	: નાણાપંચ
અનુચ્છેદ 330 A	: કાયદા ની સત્તા સિવાય વ્યક્તિને મિલકત થી વંચિત કરવામાં આવશે નહિ.
અનુચ્છેદ 312	: અખિલ ભારતીય સેવાઓ
અનુચ્છેદ 315	: સંઘ અને રાજ્યોના જાહેર સેવા આયોગ
અનુચ્છેદ 324	: ચૂંટણી પંચ
અનુચ્છેદ 343	: રાજભાષા
અનુચ્છેદ 368	: બંધારણમાં સુધારો કરવાની સંસદની સત્તા
અનુચ્છેદ 323 A , 323 B	: વહીવટી ટ્રીબ્યુનલ
અનુચ્છેદ 370	: જમ્મુ કાશ્મીર વિશેષ દરજ્જો

Follow us On @teaching_kishan

Thank You..!!